# ચૂંદડી

## ગૂર્જર લગ્ન-ગીતો

[2 ભાગ]

ભાગ 1

આવૃત્તિ : પહેલી, બીજી 1928, ત્રીજી 1932, ચોથી 1940, પાંચમી 1946,
છઠ્ઠી 1954, પુનર્મુદ્રણ 1958, 1972, 2005

ભાગ 2

આવૃત્તિ : પહેલી 1928, બીજી 1933, ત્રીજી 1945, ચોથી 1948
પુનર્મુદ્રણ 1958, 1972

બેઉ ભાગની સંયુક્ત આવૃત્તિ 1991

સમગ્ર મેઘાણી સાહિત્યના ગ્રંથ 'લોકગીત સંચય'માં 2014

# નિવેદન

## ભાગ 1

[આવૃત્તિ પહેલી]

**સ**વા બે વર્ષ ઉપર, 'રઢિયાળી રાત' (ભાગ 2)ના નિવેદનમાં અપાયેલું વચન આજે પાળી શકાય છે, તે બદલ પ્રભુના ગુણ ગાઉં છું. લોકગીતોમાં ઘણું ચડિયાતું સ્થાન રોકતો લગ્નગીતોનો પ્રદેશ બની શક્યું તેટલા શુદ્ધ સ્વરૂપમાં, અસલી તાલશબ્દને વફાદાર રહીને, અહીં રજૂ કરી શકાયો છે. એમાંથી ભાવનાઓ ઉકેલવાનું કામ મેં મારી પોતાની જવાબદારી ઉપર કરેલું છે. જેઓને મારી દરમિયાનગીરી ન ગમે તેમણે સુખેથી કેવળ પાઠ-સંગ્રહ જ વાંચી કાઢવો. ગીતોમાં તો મેં મારો એક અક્ષર પણ નથી ઉમેર્યો.

આ સંગ્રહમાં મને ઘણી મોટી સહાય સૌ૦ બહેન જયાકુમારી તથા સ્વ૦ બહેન વસંતકુમારી દાણીની મળી છે. તેમાંના એક બહેનનો તો મારે અંતરીક્ષમાં જ આભાર માનવો પડશે એવું મેં નહોતું ધાર્યું. તે સિવાય મેં અન્ય ગીત-સંગ્રહોની પણ છૂટથી સહાય લીધી છે: તે સહુનો ઋણી છું.

રાંદલનાં, સીમન્તનાં વગેરે જે ગીતો બાકી રહ્યાં છે તે બીજા સંગ્રહની યોજનામાં આપી શકાશે.

પદ્યસંગ્રહમાં હવે છેલ્લો વારો ભજનનો અને ચારણી છંદોનો આવે છે. બંનેની વ્યવસ્થિત યોજના ચાલુ છે. ભજનોનો તો મહાસાગર જ ઘૂઘવી રહ્યો છે. એ લોક-ધન તો અજોડ જ છે; અને આંગ્લ કવિ સર વૉલ્ટર સ્કૉટે સંગ્રહેલ 'ધ બોર્ડર મિન્સ્ટ્રેલ્સી'ની માફક આપણે પણ સૌરાષ્ટ્રના સીમાન્ત-સંગ્રામો વિશે રચાયેલાં અનેક ચારણી ગીતો-છંદો પ્રગટ કરી સોરઠી ઇતિહાસના કોઈ ભાવિ ઇતિહાસકારના હાથમાં સાચા ઇતિહાસની થોડીક નવી સામગ્રી ધરી દઈશું એવી મારી શ્રદ્ધા છે.

મારા એ કાર્યમાં હું સહુ સૌરાષ્ટ્રપ્રેમીઓનો સહકાર યાચું છું.

ચૈત્ર સુદ 1, 1984 [1928] ઝ૦ મે૦

[આવૃત્તિ બીજી]

કૌમાર અને લગ્નજીવન: એ બે શું પરસ્પર વિરોધી અવસ્થાઓ છે? કે એકનો બીજીને રૂપે સ્વયંભૂ વિકાસ છે? 'ચૂંદડીના રંગો'માં યોજાયેલું દિવસ-રાત્રિનું રૂપક એને વિરોધાભાસી ગણતું હોય તેવી ભ્રાંતિ પડે છે.

મિત્રો ખરું કહે છે કે 'કૌમાર' એ કળી છે. ને લગ્નજીવન તો એમાંથી વિકસતું પુષ્પ છે: એકલ દશાના અંતરના નિરંતર **'एकोऽहं बहुस्याम्'**ની ગુપ્ત આકાંક્ષા રમે છે – વૃક્ષરૂપે પ્રગટવાની આકાંક્ષા બીજના હૃદયમાં ભરી છે તે પ્રમાણે: માટે દિવસ–રાત્રિના દ્વંદ્વની ઉપમા

એને બંધબેસતી થતી નથી.

સાચી વાત છે. વિરોધનો તો માત્ર આભાસ જ છે. મેં યોજેલું રૂપક એને પ્રકૃતિગત વિરોધી દશાઓનું મનાવતું હોય તો તેમાં મારો ભાષાદોષ હશે. એકલદશામાંથી યુગલદશામાં જવાના પ્રવેશ દ્વારા પર જે વિરોધનું વાતાવરણ – શંકાઓ, ભ્રાંતિઓ, ચિંતાઓ અથવા તો સ્વાર્થની કઠોર, કડક લાગણીઓને રૂપે – છવાઈ રહેલું હોય છે. તેને જ મેં વિરોધાભાસ નામે ઓળખાવેલ છે. લગ્નસાહિત્ય તથા લગ્નવિધિઓ એ વિરોધાભાસી મનોદશાને જોડનારા સંધ્યા-રંગો સમાન છે, એટલો જ મારા લખાણનો ભાવ છે. એટલે મારું રૂપક તો કેવળ એ ગીતો તથા વિધિઓ પૂરતું જ છે.

'ચૂંદડી'ના ત્વરિત સત્કાર માટે સહુ ભાઈબહેનોનો આભાર માનું છું. નવી આવૃત્તિમાં સુધારાવધારા સૂચવનાર સૌ૦ વિજયાબહેન દુર્લભજી પરીખનો આભાર માનું છું.

એ બહેન તરફથી, ચલાળાવાળાં શ્રી મણિબહેન તરફથી, તેમ જ બીજાં જે જે ભાઈ-બહેનો તરફથી રાજપૂત, કાઠી, ચારણી, મારવાડી વગેરે રસાળ લગ્ન-ગીતોનું મને દાન મળ્યું છે તે બધાંનો 'ચૂંદડી' (ભાગ બીજો) ટૂંકમાં જ બહાર ધરીશ.

ઝ૦ મે૦

અધિક માસ, પૂર્ણિમા, સં૦ 1984 [સન 1928]

[આવૃત્તિ ચોથી]

આજે ઘણાં વર્ષે આ ચોથું સંસ્કરણ કરવા બેસતાં માહિતી મળે છે કે ત્રણ આવૃત્તિની એકંદર સાત હજાર પ્રતોનો પ્રજાએ ઉપાડ કર્યો છે, છતાં હજુ 'ચૂંદડી'ની માગ ચાલુ જ છે. લગ્ન-ગીતોની એ લોકપ્રિયતા બતાવે છે. ભાવના તેમજ રચના, બેઉને હિસાબે લગ્નગીતોમાં જે વૈવિધ્યવંતો કાવ્યરસ છે તેના થકી જ 'ચૂંદડી'એ લોકહૃદય પર આટલી પકડ જાળવી છે એમ હું માનું છું. ઉપરાંત લગ્નના અવસરે આ નવા યુગમાં પણ ભેટસોગાદ આપવાનું મહાત્મ્ય બહુ જ વધી ગયું છે. લગ્નગીતોનો સંગ્રહ ભેટને માટે વધારે પસંદગી પામે છે, કારણ કે બીજું કોઈ સાહિત્ય પરણનારાં યુવાન-યુવતીઓની ઊંચીં નીચી તમામ કક્ષાઓના ઊર્મિતંત્રને સ્પર્શે તેવું આપણી પાસે ઓછું છે.

'ચૂંદડી'નો તો આ પહેલો ભાગ છે. તે પછી તરતમાં ભાગ બીજો પ્રગટ થયેલો, તેની પણ બે આવૃત્તિઓ ખતમ થઈ ગઈ છે. તેમાં પણ બ્યાશી જેટલાં, કાવ્યદૃષ્ટિએ ને સંસ્કૃતિની દૃષ્ટિએ, સુંદર ગીતો છે. બન્ને ખંડોમાં મળીને એકંદરે બસો કૃતિઓને બચાવી લેતા આ બેઉ સંગ્રહો આપણા સમાજજીવનનો ઇતિહાસ ઉકેલવા બેસનારાઓને સારી પેઠે સહાયકર્તા થઈ પડે તેવા છે. બીજા ખંડમાં તો મેં પોતે જ તુલનાદૃષ્ટિએ આંતરપ્રાંતીય લગ્ન-ગીતોની ચર્ચા કરી છે.

નવી નવી થતી જતી આ ગીતોની આવૃત્તિઓ મારી એક માન્યતાને મજબૂત કરતી જ આવે છે કે, લોકસાહિત્ય એ ચિરંજીવી સાહિત્ય છે, એનો રસ અમર છે.

ઝ૦ મે૦

26-1-1940

## ભાગ 2

લગ્ન-ગીતોનો આ બીજો સંગ્રહ છે. એમાં મને સહાય દેનારાં બહેનો-ભાઈઓનો અત્રે પ્રગટ ઋણસ્વીકાર કરું છું. ચારણી ગીતો એની સાચી મીઠી હલકે ગાઈ સંભળાવનારાં ચલાળાવાળાં પ્રેમલ બહેન ગં૦ સ્વ૦ મણિબહેન છે તથા ચમારડી ગામના ચારણબંધુ શિવદાનજીભાઈ છે; કાઠી ગીતો પોતાને કંઠેથી કાઢી આપનાર હડાળા દરબારશ્રી વાજસૂર વાળાના કુટુંબનાં માતા-બહેનો છે અને લખી મોકલનારા મારા કાઠી-મિત્ર હાથીભાઈ વાંક છે; રજપૂત ગીતો તથા મિશ્ર ગીતો પૈકી કેટલાંક લાક્ષણિક ગીતો સંપૂર્ણ વિવેકથી વીણી વીણી મને શ્રમપૂર્વક સંઘરાવનારા તે ગણિત અને જ્યોતિષના પ્રખર અભ્યાસી છતાં લોકવિદ્યાના ચતુર રસજ્ઞ ભાઈશ્રી જગજીવન બધેકાજી ભાવનગરવાળા છે. પારસી ગીતો છેક નવસારીથી મેળવી આપનાર વિદ્યાર્થિની બહેન શિરીનબહેન છે. 'ખાંયણાં' માટે સૂરતવાળા સ્નેહી ઈશ્વરલાલ વીમાવાળાનો ઋણી છું.

આટલી ઝીણવટથી ઋણ કબૂલવામાં હું આ સહાયકોના સૌજન્યની સાદી નોંધ લેવા ઉપરાંત કશું જ અધિક કરતો નથી. વારંવારની આ નામોની ટીપ આપવા પાછળ માત્ર શિષ્ટાચાર નથી, પણ ગીતો કેટલી મુશ્કેલીથી સાંપડે છે તેનો ઇતિહાસ સૂચવતો થોડો ધ્વનિ છે. એ મુશ્કેલીઓનો ઇતિહાસ તો ઘણો લાંબો છે. અને આ સંગ્રહોનાં સંપાદનોમાં જેટલે અંશે વિવેકની ચાળણી ઝીણી રખાય છે, તેટલે અંશે વિટંબણાઓ વધે એ દેખીતું જ છે. અક્કેક ગીતના પણ સાચા પાઠ ચાળવા પહેલાં ઘણા કૂચાનો ઢગલો ખડકવો પડે છે, એટલે જ અક્કેક ગીત આપનાર ભાઈ અથવા બહેનને પણ હું અવગણી શકતો નથી. અવગણું તો ખોટી રીતે જશ ખાટી જવાનો અપરાધી બનું.

આ સંગ્રહ માહેલાં મારવાડી ગીતો (કે જે ખરી રીતે તો ગુર્જર ગીતો જ છે) રાત્રિએ રાત્રિએ ગાઈને શાંતિપૂર્વક મને એ ભાષાનો પરિચિત થવા દેનારી એ ભાવનગરવાસી મારવાડી મજૂરણ બહેનોનો પાડ કેમ ભૂલું? તેઓની ગાવાની હલક વિલક્ષણ હોવાથી આપણે ભ્રમમાં રહીએ છીએ કે તેઓનાં ગીતોમાં તો કેવળ સ્વર-શબ્દના ગોટાળા જ છે. થોડા શ્રમપૂર્વકના સમાગમ પછી એ ગીતોનું સૌંદર્ય પ્રગટ થતાં આપણે કરેલો ઉપહાસ આપણને પોતાને જ ડંખે છે. રંક શ્રમજીવીઓની કને, એના અંતરના ઊંડાણમાં એની જન્મભોમમાંથી ભેળી આણેલી કેવી સુખકર અને સંસ્કારવંત ગાથાઓ ભરેલી હોય છે! દિવસભર મૂડીદારોના રેંકડા ખેંચીને રાત્રિએ ઘેર આવી એ પેટગુજારા ખાતર દેશવટો વેઠનારાં સ્ત્રીપુરુષો આ ગીતો ગાતાં પોતાના વતનની માટી, વતનનાં ઝાડ, પાન, આકાશ, ઋતુઓ અને સંસ્કારો સાથે કેવો જીવંત સ્પર્શ ને કેવા પ્રેમની પુલક અનુભવી કાઢે છે, તેનું આપણને પૂરું ભાન નથી. નાની મારવાડનાં ખેતરોમાં ઊભાં રહી ઝરમર વરસતી વાદળીઓનાં અમૃત ઝીલતાં ઝીલતાં આ બહેનોએ જે ઋતુગીતો ગાયાં છે, તે પણ તેઓએ મને સંઘરાવ્યાં છે. એ ગીતો ગાતાં ગાતાં તેઓનાં હૈયાંમાં ઊભરી આવતી સ્વભોમ-સ્મૃતિઓનો હું થોડે અંશે સાક્ષી છું. એ સ્મૃતિની વેદના કેટલી મધુર, કેટલી કરુણ ને કેટલી વિચારપ્રેરક છે! આજનો જનસમાજ એ શ્રમજીવીઓના કલાસાહિત્યની અંદરથી કેવળ મનોરંજન જ પીશે કે સમાજનિર્માણની ચેતવણી આપતો કોઈ અવાજ ઉકેલશે?

લગ્ન-ગીતોના સંઘરાનો આટલેથી છેડો આવતો નથી. આમાં આપેલા તે તો કેવળ નમૂના જ છે અને નમૂના તરીકે પણ અધૂરા છે. બાબરિયા મેર, મહિયા, વાઘેર આદિ ઘણી જાતિઓમાં તેમજ કચ્છ પ્રદેશનાં વિશિષ્ટ સંસ્કાર આલેખતાં ગીતો હજુ અણઅડક્યાં પડ્યાં છે. વાચક આ સંગ્રહ પરથી જોઈ શકશે કે આ બધી વિશિષ્ટતાઓ, થોડીઘણી પુનરુક્તિ સહન કરીને પણ, સંઘરવાલાયક જ છે. ઉપરાંત ગુજરાતી ભાષાના સીમાડા કેટલા પહોળા

ને કેટલા નવરંગી છે, તે દેખાડવાનું અભિમાન પણ છોડી શકાતું નથી. એટલે ત્રીજો સંગ્રહ દેવો રહે છે. બેશક, સૌરાષ્ટ્ર બહારના ગુજરાતના સંગ્રહો તો ત્યાંનાં જ ઉત્સાહી ભાઈબહેનો કરે એ માગી લઉં છું.

તુલનાત્મક અભ્યાસની દૃષ્ટિ તો યથાશક્તિ કામ કર્યે જ જતી હોઈને અન્ય પ્રાંતોનાં ગીતોની તપાસ ચાલુ રાખવી પડે છે. 'પંજાબી ગીતો'માંથી આંહીં કરેલું દોહન એ વાતનું સાક્ષી છે.

'લગ્નગીતોનાં પાઠાન્તરો' શીર્ષકવાળો મારો 'કૌમુદી'માં પ્રગટ થયેલો લેખ આંહીં 'લોકગીતોની પ્રવાહિતા' એ નામે આપેલા લેખમાં દાખલ કરી દીધો છે.

સંપાદક

રાણપુર: 15-4-1929

# ચૂંદડીના રંગો

## લગ્નનાં લોકગીતો[1]

*['ચૂંદડી' (ભાગ 1)નો પ્રવેશક: 1928]*

### દિન–રાત્રિની મિલન-સખી

દિવસ મટીને રાત્રિ આવે છે. રાત્રિ વીતીને દિવસ ઊગે છે. રોજે રોજનો, રોજ બબ્બે વખતનો એ ફેરફાર છે. જળ ત્યાં થળ અને થળ ત્યાં જળ કરનાર કોઈ ભૂમિકમ્પ જેવો એ ફેરફાર છે. બન્ને પરસ્પરનાં કટ્ટાં વિરોધી: એકની પ્રકૃતિ પ્રકાશમય, તપનશીલ અને ચૈતન્યદાયી: અન્યની પ્રકૃતિ ઘન અંધકારમય, શીતવાહી ને નિશ્ચેતનામાં સુવાડનારી: છતાં બન્નેનું સવાર-સાંજ બદલાવું કેવું સ્વાભાવિક લાગે છે! બે શત્રુઓ પરસ્પરની ગરદન વાઢતા હોવાને બદલે બે પ્રેમીજનો પરસ્પરનું ગાઢ-પ્રગાઢ મિલન સાધતા હોવાનું શું એ ઉત્સવ-દૃશ્ય નથી બની જતું? એકનાં જ્વાલાઝરતાં કિરણોને બીજીના શીતળતા વર્ષતા તારલા તદ્દન સ્વાભાવિક જ કાં લાગે? એકના સર્વદર્શી અજવાળાને બદલે અન્યનો સર્વગોપન અંધારપછેડો પણ કેટલો બધો સ્વાભાવિક ને સુસંગત લાગે છે!

આવું પ્રચંડ પરિવર્તન, ને છતાં એને લગારેય આંચકો ન મળે : આવો બળવાન પ્રત્યાઘાત છતાં તેનો જરીકેય અવાજ ન સંભળાય; આવો વિરાટ પલટો, છતાં જગતના કરોડો જીવ જરાયે ચોંક્યા વિના તેને આધીન બને છે; એમાં સુખી લહેરો અનુભવે છે; એમાં વિશ્રામ અને સ્ફૂર્તિ પામે છે. એ શા માટે? એટલા માટે કે એ પરિવર્તનનો આંચકો ન લાગવા દેનારી મૃદુલ એક કાલ-તનયા ત્યાં વચ્ચે આવીને પોતાનાં કોમલ અંગો આડાં ધરે છે. એનું નામ ઉષા–સંધ્યા. કલહઘેલા માવતર વચ્ચે ઊભી રહેનારી કો ડાહી દીકરી સરખી એ બહુરંગી ઉષા–સંધ્યા દિવસ–રાત્રિના વિગ્રહને પોતાની ચૂંદડી આડે સંતાડી રાખે છે. ધીરે ધીરે, ધીરે ધીરે ધીરે જાણે દિવસની પાંખો સંકેલાઈને રાત્રિરૂપી માળામાં છુપાય છે. ધીરે ધીરે, ધીરે ધીરે ધીરે જાણે બાળક માતાની મીઠી ગોદમાં લપાય છે. ધીરે ધીરે ધીરે જાણે પ્રિયતમ પ્રિયાના ભુજપાશમાં સમાય છે. ધીરેથી જાણે એક પીગળીને અન્યમાં ઓતપ્રોત થાય છે. એ જાણે યુદ્ધ નથી, મિલન છે; પરિવર્તન નથી, ઐકાત્મ્ય છે; જય–પરાજય નથી, અન્યોન્ય આધીનતા છે; મૃત્યુ નથી, પ્રાણમાં પ્રાણનું નિમજ્જન છે; આંચકો નથી, આલિંગન છે. અને એ અસ્વાભાવિકને સ્વાભાવિક બનાવનાર, એ અસંગતની સંગતિ યોજનાર, એ દારુણને કરુણામય કરી મૂકનાર કેવળ અધ-પા કલાકની

ઉષા-સંધ્યા જ છે. દિવસ રાત્રિ, ઉભયના રંગોને ધારણ કરીને એ મિલન-સખી આભને આરે ઊભી રહે છે. એણે અબજો પુનરાવર્તન પછી પણ ઉદય-સંધ્યાની રમ્યતાને જૂનીપુરાણી થઈ જવા દીધી નથી. નિત્ય નિત્ય નૂતનત્વ અને નિગૂઢત્વની કોઈ નવરંગી ચૂંદડી ઓઢીને પોતાના ઝલકતા પાલવ ઉરાડતી એ ઉષા-સંધ્યા રોજરોજની અજાણી બની આભ-ધરતીને અમીરસ પાયા જ કરે છે. થાક એને લાગ્યો જ નથી. અબજ વર્ષે પણ થાક એને લાગતો નથી. થોડી વાર આપણે એ ચૂંદડીનું ધ્યાન ધરીએ. એ ચૂંદડીના રંગો આંખો વાટે ભરી ભરી પીએ. પછી એ ચૂંદડીના સોહાગ ફોરતી કોઈ બીજી ચૂંદડી પૃથ્વી પર ક્યાંયે હોય તો તેને શોધી કાઢીએ.

## માનવાત્માની મિલન-સખી

એકલ દશા ને યુગલદશા: માનવજીવનની એ પણ બંને વિરોધી દશાઓ: દિવસ અને રાત્રિ જેવી: વિચારીએ તો ભયંકર વિગ્રહ-તત્પર બે વિરોધીઓ જેવી ગણાય. બન્ને દશાનાં સ્વભાવ ને સ્વરૂપ કેટલાં બધાં જૂજવાં! બંનેના મેળને અવકાશ જ ક્યાં છે? આજનો એકલ વિહારી, ઉન્મત્ત કે કઠોર વ્રતધારી કુમાર આવતી કાલે પરગૃહની કોઈ અજાણી કુમારી સાથે પરણી જઈ જુગલવિહારી બને એ શું પ્રકૃતિના ભુવનમાં પ્રચંડ આંચકો નથી? જેમ કુદરતમાં, તેમ જીવનમાં પણ આંહીં દટ્ટણ તો બીજે પટ્ટણ, આંહીં જળ તો બીજે થળ, આંહીં માયા તો બીજે મિટ્ટી બનાવી મૂકનાર એ ઘટના નથી? ત્યાગમાંથી ઉપભોગમાં લસરાવતું એ મહાન વાવાઝોડું છે. અનેક આત્માઓની ચાહના ત્યજાવીને એક જ માનવી પર આખું અંતઃકરણ ઢોળાવનાર એ એક વિકટ દશાન્તર છે. નર્યું લગ્ન એ એક કેવું જોખમકારક પરિવર્તન છે. એ નવા મિલને ઘણા જૂના ગાઢતર સ્નેહસંબંધોને રદ કરાવ્યા છે. એણે સંયમ ભુલાવી લાલસાના દોર છૂટા મેલાવ્યા છે. એણે સમતા છોડાવી મદોન્મત્તતા જન્માવેલ છે. એ પરિવર્તને ઘણું જૂનું ભાંગીને નવું સરજાવેલું છે. એ એનો સ્વભાવ છે છતાં એને દિવસ-રાત્રિના પલટા સમાન કોમળ, નિઃશબ્દ ને મધુર બનાવનાર કોઈ ઉષા-સંધ્યા ક્યાં હશે? હશે તો કેવી હશે ? કેવી હોવી જોઈએ ? લોકોએ કેવી એની કલ્પના કરી છે? એ ચૂંદડીના ભાતીગળ પાલવડા પોતાની ફોરમો ઢાળતાં ક્યાં ક્યાં ને કેવી રીતે ફરકી ગયા છે?

કેટકેટલી આળપંપાળને અંતે બે પંખીના પ્રાણમાં પ્રેમ પ્રગટે છે! કેટકેટલી કુશંકાઓ અને ભીતિઓ ટળી ગયા પછી જ બે ઢોર પણ પરસ્પર હેવાયાં બને છે! માનવી તો એ સહુથી વધુ ગૂંચવણોથી ભરેલો જીવ: એને તો મિત્ર બનતાં પહેલાં પણ કેટલી અશ્રદ્ધા, ચિંતા ને ધાસ્તીમાંથી વટવું પડે છે! એથી, એ સહુથી વિકટ મનસંયોગ તો નર અને નારીનાં બે પ્રાણપંખીના સમજવા. અને એ જીવનનાં જોડાણોને કાજે નિરનિરાળા સમાજે, નોખંનોખા જુગમાં નિરનિરાળી યુક્તિ-પ્રયુક્તિઓ યોજેલી દીસે છે. આજે જાણે કે યુગ બેસે છે સંવનનનો. આજે સ્નેહ-સાહિત્યનું વાચન અને ચોબાજુની સ્નેહ-સૃષ્ટિનું નિરીક્ષણ યુવક-

યુવતીના અંતરમાં બેલડ-દશાની ક્ષુધા જન્માવે છે, અને મોહવશ આંખો જેટલો કાંઈક વિવેક વાપરવા આપે તેટલો વાપરીને પોતાના પસંદ કરેલ પાત્રની સાથે સંવનનની રીતિએ મનમેળ ઉપજાવવા દેવાના ઈલાજો આજે નક્કી થયા છે. ધીરે ધીરે કે ત્વરિત ગતિએ, વિવેકની પાળો વચ્ચે સમતાથી વહેતી સરિતાની માફક અથવા તો ઊર્મિના પ્રબલ મારપછાડા રોકનારી કોઈ કિનારીઓ વિનાને વિકલ પંથે એક જીવન બીજા જીવનમાં ઠલવાઈ જાય છે. પ્રેમના પત્રો, કવિતાની રચનાઓ, પરસ્પર પાઠવવામાં આવતી ભેટો, પ્રતિબંધરહિત મેળાપો, સહનિવાસો, સગાંવહાલાં ને સ્નેહીજનો તરફથી સોગાદો, મધુરજનીના બેલડી-વિહારો વગેરે વગેરે રંગો ને ભાતોથી ભભકે છે આજની જીવન-ચૂંદડી. એ રંગો કાચા છે કે પાકા? એ ભાત રહેશે કે રોળાઈ જશે? નિર્ણય હજુ થયો નથી.

## સમતોલતા

પરંતુ એવી કોઈ જીવન-ચૂંદડી જૂના કાળમાં હતી કે નહિ? આજકાલ અરક્ષિત અને પછાત વર્ગમાં ખપતા સમુદાયને એવી કોઈ ચૂંદડીનું સ્મરણ છે કે નહિ? એના માનવ-મિલનો શું કેવળ કલા-વિહીન, પ્રાણવિહીન, રંગવિહીન, મિલનો હતાં, કે કોઈ કસુંબલ ચૂંદડીની સુવાસો પણ ત્યાં મહેકતી હતી કદી? એવું કંઈક હતું ને હજુ અવશેષરૂપે જીવે છે. એ જીવે છે પ્રાચીન લોકલગ્ન-વિધિરૂપે; લોકોનાં લગ્ન-ગીતોના સમગ્ર એક ઝૂમખારૂપે.

લોકસમુદાયે પોતાની સંતતિની કૌમાર અને વિવાહિત દશાની વચ્ચે આખી એક લગ્ન-રીત અને લગ્નકાવ્યનું સાહિત્ય ઉત્પન્ન કરીને પોતાને સૂઝ્યું તેવું સર્વદેશીય ભાવના-મિલન સાધવાનો યત્ન કર્યો હતો. કુટુમ્બનો પ્રેમી અને કડક બ્રહ્મચારી દશાનો પાલનહાર લોક-યુવક અથવા યુવતી, ધીરેધીરે, દિવસ–રજનીના મિલન જેટલાં જ ધીરે ધીરે, નિઃશબ્દે, વિણ-આઘાતે, વિનાકંપ્યે દંપતી-જીવનની સામી પરિસ્થિતિમાં સરી જતાં, બન્ને અવસ્થાઓનું માધુર્ય મિલાવી મિલાવીને પીવા લાગતાં. કંઈ નહિ તો એવી મિલાવટનો આશય તો આ ઝીણવટભરી રસપ્રણાલીની પાછળ ઊભેલો હતો. બે સામસામાં છાબડાં વચ્ચે સમતુલાની દોરી બાંધવાનો એ પ્રયત્ન હતો. ઉપભોગની સાથે વિશુદ્ધિને, યુગલજીવનની સાથે કુટુંબ-સંસારને, શૃંગારની સાથે કરુણતાને, ગાંભીર્યની સાથે પરિહાસને અને વિલાસની સાથે માંગલ્યને ભારોભાર બનાવી જોડવાની કોઈ જુક્તિરૂપે પ્રજાએ આ પ્રણાલી યોજી હશે એવું માનવા મન લલચાય છે. જીવન-ચૂંદડીના એવા સપ્તરંગી શણગાર લોકસાહિત્યમાં આજની ઘડી સુધી સચવાયા છે, તે બતાવવાનો પ્રયાસ આજે આપણે આ લેખમાં કરશું.

## લગ્નની વિકટતા

કોઈ પણ સમાજના સંસ્કારનું માપ કાઢવું હોય તો એની નિપજાવેલી લગ્ન-ક્રિયાની ને એના રચેલા લગ્ન-સાહિત્યની સામે દૃષ્ટિ કરી લેવી: જીવનની વાટ ભુલાવે તેવું ગંભીર વનરાવન આ લગ્ન છે. ત્યાં માનવીની સન્મુખ વિલાસ ઊભેલ છે. સંયમ ત્યાં શેણે સાંભરે?

ત્યાં સુરા ભભકે છે – ફૂલોની ધીરી મીઠી સુવાસ ત્યાં કોને ગમે? યૌવન મદોન્મત્ત બની ઘેનમાં ઘેરાતી આંખે ઊભેલું હોય, ત્યાં નરમાશ અને નયનોની નિર્મલતા શે રહી શકે? વિવાહ અને વિષયભોગ વચ્ચે ક્યાં ઝાઝું અંતર છે? પ્રત્યેક સમાજ પોતાના તમામ ઉત્સવો કરતાં આ લગ્નોત્સવને અવસરે ઉઘાડો પડી જાય છે. એને સહજમાં સહજ તે વેળા મસ્ત બનવું, બહેકવું, તોફાને ચડવું, રંગીલારસીલા થવું ને ભાન ભૂલવું ગમે છે. પાંચેય ઇંદ્રિયો તે કાળે મોં ફાડીને 'લાવો! લાવો! લાવો!'ની ચીસો પાડે છે. મોહિની ને મંગલતા વચ્ચે મેળ રાખવા ત્યાં દુષ્કર થઈ પડે છે. સંતોષ અને સંયમ વચ્ચે ત્યાં સંગતતા રાખવી મુશ્કિલ નથી શું? શાસ્ત્રોનું બલ ત્યાં સદાકાળ ચાલતું નથી. શાસ્ત્રો તો ચોકીદાર પેઠે કડક આજ્ઞા જ ફરમાવી શકે છે. મહાત્માઓના સદ્‌બોધ ત્યાં સંભળાતા નથી. એની રસહીનતા ને કઠિનતા કોઈને પચતી નથી. શાસ્ત્રો ને મહાત્માઓ પહોંચી શકે તે કરતાં ઘણી વધુ વિશાળ આંતર-સૃષ્ટિ એ સમયે હિલોળે ચડી જાય છે. ધર્મવચનોથી વાર્યા ન રહે તેવા વિકટ ભાવોનો ત્યાં ખળભળાટ મચે છે.

## એકીકરણની જુક્તિ

માટે જ ત્યાં લોક-સમુદાયે નવીન જ જુક્તિ નિપજાવી કાઢી. એ કટ્ટાકટ્ટીની જીવન-દશામાં જૂજવા જૂજવા તમામ માનવ-ધર્મોનો મધુર મેળ યોજવા આપણા રસિક પૂર્વજોએ આપણી લગ્નસંસ્થા ને લગ્ન-કવિતાની ફૂલવાડી ઉગાડી દીધી. એ ફૂલવાડીની વચ્ચે કર્તવ્યભાનમાં દેવાલય ચણ્યાં. ફૂલોને રખે ચૂંટીએ તે કાજે મંગળતારૂપી માલણની ચોકી મેલી. કાવ્યદેવીએ પંપાળી પંપાળી પોતાના કોમલ કરસ્પર્શે જાણે કે પરણનાર બેલડીનો વિશુદ્ધ રસસમાગમ યોજવા યત્ન કર્યો હોય. એ લગ્નમાં ઉતાવળ નહોતી, પરણીને પરબારાં સર્વ સ્વજનોથી દૂર કોઈ ચોર વા બંડખોરની માફક એકલ વિલાસ માણવા નાસી જવાની એ વિધિમાં જગ્યા નહોતી. ધીરે ધીરે એ કુમાર–કુમારીનાં અંતઃકરણોને એક દુનિયામાંથી અન્ય દુનિયામાં ઉપાડી જવાની એ સ્નેહ-નૌકા રચાયેલી હતી. ત્યાં ખાનપાનના સમારંભો સામે વર–કન્યાના ઉપવાસ પણ છે; વસ્ત્રાભૂષણના ઠાઠમાઠ સામે શ્વેત પાનેતરના વલ્કલ-શા સાધુવેશ પણ છે; ત્યાં તેલસિંચન, સુગંધી પીઠીનાં મર્દન, અને સુખકારી સ્નાન છે, તો આદિત્ય–રાંદલ સરીખાં તેજસ્વી અને પરિશુદ્ધ દેવયુગલની સાક્ષી પણ હાજર ઊભેલી કલ્પાઈ છે; ત્યાં માનવમેદનીની હાજરી છે, તો તે સઘળી મેદનીની વચ્ચે જ વર–વધૂના પ્રથમ પ્રેમલ હસ્તમેળાપ પણ છે; એક બાજુ સમાજની લાજ-મરજાદ છે, તો બીજી બાજુ હાથેવાળા વાટે પરસ્પર દેહ-વીજળીના ચાલતા મધુર સંચાર પણ છે. દૂધેભરી થાળીમાં બન્ને હાથ કોડીની રમતો રમી રહ્યા હોય તો તે સામે ગોત્રીજ દેવીની પાપ-ડારતી જ્યોત પણ બળતી રખાયેલી હોય છે; સહુનાં દેખતાં વર–વધૂનું પહેલી જ વારનું સહભોજન પણ ત્યાં જ છે. તે સામે અગ્નિદેવની ચોકી પણ ત્યાં જ ઊભી હોય છે.

પતિની સાથે ચાલ્યા જવાના ઉલ્લાસની સાથોસાથ જ પિતા-માતાથી જુદા પડવાના મર્મવેધક પ્રસંગો પણ ત્યાં જ ખડા છે. પુરોહિતના ધર્મ-મંગલ મંત્રોચ્ચારની જોડાજોડ જ સગાંવહાલાંના મીઠા પરિહાસ ત્યાં ચાલે છે: શરીર-વૈભવની વચ્ચે ધર્મના મંગલ ઘંટારવ ત્યાં સતત બજતા સંભળાય છે. વિવાહિત જીવનના વિહાર-સરોવરમાંથી પાણી ઝાલક મારીને બહાર ન વહ્યાં જાય તે માટે ચોપાસ કર્તવ્યની પાળ બંધાઈ જાય છે.

## લગ્નગીતોની સર્વદેશીયતા

એમાંથી જ કવિતા ઊઠી છે. ને કવિતા લગ્નમાંથી ન જાગે તો પછી બીજે ક્યાંથી જાગે? સર્વ કાવ્યોનું મહાકાવ્ય તે લગ્ન : સર્વ રસનું સાચું ઝરણ ને જીવનના સર્વ રુધિરની ધોરી નસ તે આ લગ્નઃ એમાંથી કવિતા જાગી પણ એ તો સરિતા જેવી જાગી. કોઈ એકાદ બગીચાના નાના નળ જેવી એ નહોતીઃ એકાદ કોઈ ભણેલગણેલ કે પ્રેમની પોપટિયા વાણી ગોખેલ યુગલને સંતોષવા અથવા દેખાડો કરવા માટેની એ ‘રસ’ શબ્દના અતિરેકે ઊભરાતી કવિતા નહોતી; એ તો નાનાંમોટાં ને ઊંચાંનીચાં તમામ ખેતરોમાં રેલી જનારી સર્વસ્પર્શી કાવ્ય-સરિતારૂપે જ રેલી હતી. એ કવિતાએ તો રાયથી રંક સુધી તમામ વરકન્યાને એક જ સરખી રીતે લાગુ પડી મનધાર્યા મનોભાવ જગાવે તેવાં શબ્દચિત્રો આલેખ્યાં. એ કવિતામાં તો માતા–પિતા, ભાઈ–બહેન, સાળા–બનેવી વગેરે સર્વ કુટુંબીઓને સ્થાન મળ્યું.

એ એની એક પ્રકારની સર્વદેશીયતાઃ બીજી સર્વદેશીયતા એના ભાવ-મિશ્રણની – કહો કે ભાવોના એકીકરણની. એટએટલી કુલમરજાદમાં મુકાયેલા એ સમાજજીવનની વચ્ચે થઈને પણ સંવનનનો ઝીણો એક જ ધારો, અખંડિત સૂર ચાલ્યો આવે છે. છૂટાંછવાયાં, જુદી જુદી વિધિઓ વખતે ગવાતાં એ ગીતો મોટે ભાગે તો ખુદ વિધિનો કાંઈ અર્થ ઉઘાડો કરવાને બદલે જાણે કે છાનાંમાનાં વરવધૂના જ પ્રેમાલાપની અથવા સંદેશાની, સાંત્વનની અથવા સમુલ્લાસની વાણી ઉચ્ચારે છે. જાણે કે કવિતા પોતે કોઈ પ્રેમસખીનો પાઠ ભજવતી, છૂપી છૂપી, અન્ય પ્રસંગોની ઓથે રહીને વરવધૂના મનમેળના પ્રયાસો આદરે છે.

## આખી કથા

એ પ્રેમસખી થનારી કવિતાનું સ્વરૂપ કેવું છે? એના આખા પ્રયાસની વિલક્ષણતા શી છે? આ પુસ્તકમાં એનું સ્વરૂપ કંઈક રીતે નક્કી કરવામાં આવ્યું છે. છૂટાંછવાયાં. પ્રાસંગિક વા અપ્રાસંગિક, ગાવામાં આવતાં એ સવાસો જેટલાં ગીતોમાં જાણે કોઈ ગુપ્ત સંકલના વહેતી માલૂમ પડે છે. જાણે કે કોઈ બે વર–કન્યાનાં ભાવનાલગ્નની સળંગ એક વાર્તા વર્ણવાય છે. બે યુવાન સ્ત્રી–પુરુષ જીવનમાં પ્રથમ વાર –

*દૂધે તે ભરી તલાવડી, મોતીડે બાંધી પાળ,*
*ઈસવર ધોવે ધોતિયાં, પારવતી પાણીડાં જાય.*

એ સ્થિતિમાં કોઈ જળાશયને તીરે મળ્યાં, પરસ્પર મન ઠર્યાં અને

હળવા તે ધોજો, ઈસવર, ધોતિયાં, છંટાશે મારાં ચીર,
અમ ઘેર દાદોજી રિસાળવા, દેશે માતા મોરી ગાળ.

એવા લગાર ફફડાટ પરથી –

નહિ તારો દાદોજી રિસાળવા, નહિ દેશે માતા તારી ગાળ
આપણા બેઉ મળી પરણશું, વૈશાખ મહિના માંય.

એવા પરસ્પર પરણવાના કોલ દેવાય. ત્યાંથી માંડી કન્યાએ જળેભરી આંખડીએ ચિંતાતુર પિતા પાસે –

એક ઊંચો તે વર નો જોજો રે દાદા!
ઊંચો તે નત્ય નેવાં ભાંગશે!
એક નીચો તે વર નો જોજો રે દાદા !
નીચો તે નત્ય ઠેબે આવશે!
એક કાળો તે વર નો જોજો રે દાદા !
કાળો તે કુટુંબ લજાવશે !
એક ગોરો તે વર નો જોજો રે દાદા!
ગોરો તે આપ વખાણશે!
એક કડ્ય રે પાતળિયો ને મુખ શામળિયો
તે મારી સૈયરે વખાણિયો !

એવા પોતાની પસંદગીના મધ્યમ કોટિના પુરુષ સાથે પરણવાની આકાંક્ષા બતાવી; પુરુષે પણ ઘેર જઈ –

લાંબી લાંબી તે સરવરિયાની પાળ
એ રે પાળે રે મોતી નીપજે

મોતી તે લાધ્યું .....ભાઈ વર હાથ
ઘેરે રે આવીને ઝઘડો માંડિયો
દાદા દાદા મોરા મુજને પરણાવ
મુજને પરણ્યાની દાદા હોંશ જો

એવી રઢ્ય લીધી: બન્નેનાં પિતામાતાએ અનુમતિ દીધી. વેવિશાળ થયાં, ગળિયા ગોળ વહેંચાયા, લગ્ન માટે –

ઘડીએ ઘડીએ લાડણ વહુ કાગળ મોકલે
રાયવર, વેલેરો આવ
સુંદર વર, વેલેરો આવ
તારાં ઘડિયાં લગન રાયવર વહી જશે.

એમ કન્યાએ પોતે જ પોતાના સુંદર વરને વહેલા ઝટ આવવા માટે ઘડીએ ઘડીએ કાગળો

મોકલ્યા. વરે પણ વિનોદ કરીને સામા –

હું તો કચરાની ચોરીએ નહિ પરણું
ઘડીએ ન વહેલો પરણીશ
ઘડીએ ન મોડો પરણીશ
હમણાં હમણાં ત્રાંબાની ચોરી નીપજે

અથવા તો –

ચૈતર વૈશાખના તડકા રે પડશે
ધોરી બળદના પગ રે તળવાશે
ગોરા જાનૈયા રજે ભરાશે
ગોરી જાનડીઓ શામળી થાશે
ભાઈ રે ...ભાઈનાં ફૂલડાં કરમાશે

એવા ઊર્મિભર્યા ઉત્તરો પાઠવ્યા. પંદર દિવસ સુધી પરોઢે પરોઢે મીઠાં મંગલ પ્રભાતિયાં સાંભળતો, કાગાનીંદરમાં સુમિષ્ટ સ્વપ્નાં જોતો, હેમવરણી પીઠીનાં મર્દન લેતો, મેઘવરણા વાઘા પહેરી કેસરભીનાં છાંટણાં વડે શોભતો, ઘોડીને પાગડે પગ દઈ કન્યાને નોતરે જવા નીકળતો પુરુષ –

કિયે ગામ ગડ્યાં રે નિશાન
કિયા ગામને પાદર, મોરી, રાજવણ
તંબૂ તાણિયા રે!

એવા ડેરા તંબૂ નાખીને સાસરવાસી ગામને પાદર મુકામ કરે છે. લેલર માંડવેથી 'ચોળ ચૂંદડી'માં સજ્જ થયેલી વધૂ જોઈ રહી છે કે

આવે આવે રે વાસુદેવનો નંદ
પૂનમ કેરો ચંદ
દીવા કેરી જ્યોત
વિવા કેરી વરધ
કે વર આવ્યે અંજવાળાં રે

એવાં અજવાળાં પાથરતો પોતાની જીવન-પૂર્ણિમાના ચંદ્ર-શો, જીવનદીપની જ્યોત-શો વર આવે છે. એટલેથી સંતોષ ન પામતાં

ઊંચા ઊંચા મોલ મારે ઘર રે વીવાતા
એથી ઊંચેરા ગઢના કાંગરા રે
કાંગરે ચડીને બેની ...બા જોશે
કેટલેક આવે વરરાજિયા રે

કન્યા કાંગરે ચડીને નિહાળે છે: દાદાજીની મેડીએ, કાકાની મેડીએ, નિકટ ને નિકટ આવતી આવતી નિહાળે છે: અન્ય સગાંની સંસારી આંખો વર રાજિયા, વર રૂપલા, વર

લાડકા, વર હોંસીલા વગેરે કહી વખાણે છે, પણ પોતે તો –

દાદા, અમે જોયા ચતુરસુજાણ
છત્રીસ વાજાં વાગિયાં

– એ રામ-સીતાના મનોભાવથી રંગાતો પોંખાવા આવે છે. અને

ઢોલ ઢમકયાં ને વરવહુના હાથ મળ્યા
જાણે ઈસવર–પારવતીના સાથ મળ્યા

જગત્પિતા અને જગદમ્બાની જોડલીનું સ્મરણ કરાવતો એ હસ્તમિલાપ: આવતી કાલે માવતરથી વિખૂટાં પડવાનું છે એ વાતના અફસોસમાં પુત્રીની –

અમે રે લીલા વનની ચરકલડી
ઊડી જાશું પરદેશ જો
આજ રે દાદાજીના દેશમાં
કાલે જાશું પરદેશ જો!
એક તે પાન દાદા તોડિયું
દાદા નો દેજો ગાળ જો!

એવી ઓશિયાળી, દયામણી મનોદશા: પિતા પાસે પહેરામણી માગતી પુત્રીનું –

સંપત હોય તો દેજો, દાદા મોરા
હાથ જોડી ઊભા રે'જો !
હાથ જોડી ઊભા રે'જો, દાદા મોરા
જીભડિયે જરા લેજો !

એવું રુદનભીનું કથન: ઘૂંઘટની અંદર છાના વિલાપ કરતી પ્રિયાને

આછેરું કંકુડું ઘોળ્યે રે લાડી
આછેરી પીળ્ય કઢાવું!

તારા બાપનાં ઝૂંપડાં મેલ્ય રે લાડી
દાદાજીના મોલ દેખાડું!

એવાં સ્વામી તરફથી અપાતાં પ્રલોભનો: અથવા એથી પણ અધિક

મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં રે
મેં તો કાચનાં જડિયાં કમાડ રે હો લાડડી!
હજી રે સમજ મારી કોયલડી

એવાં, આ વિવાહ પરત્વેનાં પોતાનાં વસમાં વીતકોનો ચિતાર દેતાં મર્મગામી આશ્વાસન: તે પછી વિદાય થતી પુત્રીને સ્વજનો તરફથી

ડેલી વળામણ મારા દાદાજી, દીકરી ડાયલાં થાજો!
હૈડે તે જડજો સોના સાંકળાં, મનડાં વાળીને રે'જો!
સસરાનો સરડક ઘૂમટો, સાસુને પાયે તે પડજો!
જેઠ દેખી ઝીણાં બોલજો, જેઠાણી વાદ ન વદજો!
નાનો દેરીડો તે લાડકો, એનાં હસ્યાં રે ખમજો!
નાની નણંદ જાશે સાસરે, એનાં માથડાં ગૂંથજો!
માથા ગૂંથીને લેજો મીઠડાં, બેનને સાસરે વળાવજો!

– એવી કરુણાર્દ્ર શિખામણોઃ એવી શિખામણો પામીને વધૂ પતિને ઘેર પહોંચી. પિયરના વિરહની વેદના શમી ગઈ. દંપતી-જીવનના પ્રથમ પૂર્ણોદયની પહેલી રાત્રિએ –

હાં હાં રે હમલી, લીલી ડાંડીનો ઝમરખ દીવડો

– એવો ઝમરખ દીવડો લઈને નવવધૂ રૂમઝૂમતા મેડીએ ચડ્યાં. પ્રશ્ન પુછાય છે કે –

વગર તેડ્યાં ગોરી શીદ આવ્યાં!

છલ છલ શૃંગાર-નીતરતો ઉત્તર મળે છેઃ નિર્મળ શૃંગારની લહરીઓ વાય છેઃ

આછી પછેડી ઓઢવા આવ્યાં!

– પ્રિયતમના સ્નેહની એવી આછી પછેડી ઓઢી લઈ, સુખનિદ્રામાં પોઢેલી કુલવધૂએ ગહન મીઠાં સ્વપ્નો દીઠાં, સ્વામીએ સમસ્યાભર્યા સુંદર અર્થો બેસાડ્યાઃ કુલવધૂએ પોતાના એવા ચતુરસુજાણ સ્વામીની શરણાગતિ પુકારીઃ

હું તો મારગડાની ભૂલી રાજ બંદલા!
મને મારગડો દેખાડો રાજ બંદલા!

એક વાર એ મારગડો – એ કર્તવ્યનો પંથ – ભુલાયો પણ બતાવવામાં આવ્યોઃ

શ્રી પરભાતને પો'ર કૌશલ્યાએ દાતણ માગિયાં
માગ્યાં વાર બે વાર, સીતાજીએ શબ્દ ન સાંભળ્યો.

મોહવશ મનોદશામાં અન્યમનસ્ક બનેલી વહુવારુએ માગણી ન સાંભળી. ચિત્ત કેવળ ઉપભોગની લહેરમાં ડોલતું હશે! કર્તવ્ય ચુકાયું ને સ્વામીદેવે એ 'મારગડાની ભૂલી' સ્ત્રીને માર્ગ દેખાડ્યોઃ

મારા નાનેરા લખમણ વીર, ગંગાને કાંઠે ઘર કરો!
ત્યાં કાંઈ રાખોને સીતાજી નાર, માતા વચન શીદ લોપિયું!

એ નિષ્ઠુર કર્તવ્ય કરતાં પણ પોતાની અનન્ય પ્રીતિનું કરુણાર્દ્ર વચનઃ

ગોરી તમે મારા હૈયાનો હાર, માતા-વચન કેમ લોપિયું!
રાખીશ રાખીશ માસ છ માસ, છઠ્ઠે માસે તે તેડાં મોકલું!

એમ સહદુઃખી બનીને સજા દેવાની, સીતાપતિનું સ્મરણ કરાવતી કર્તવ્ય-ભાવના

પ્રગટ થાય છે. અને આખરે લગ્ન-જીવનનું શ્રેષ્ઠ ફળ પોતાના ઉદરમાં ધારણ કરીને પિયર પળતી પત્નીનું છેલ્લું દશ્ય: જાણે માવતરઘરની કુંજની કોયલ આવી.

*કાળી-શી કોયલ શબ્દે સોહામણી*
*આવે રે કોયલ આપણા દેશમાં*

એવી સોહામણી કોયલને સખીઓએ સમસ્યાયુક્ત પ્રશ્ન પૂછ્યો:

*કેમ કરી કોયલ એ વન વાસ્યાં?*
*કેમ કરી સૂડો રાણો રીઝવ્યો!*

ઉત્તર પણ મોઘમ જ મળ્યો:

*આંબા આંબલિયે એ વન વસ્યાં ને*
*ટૌકલે સૂડો રાણો રીઝવ્યો!*

પછી સ્પષ્ટ પૂછ્યું:

*કેમ કરીને બેનીબાએ ઘર વાસ્યાં?*
*કેમ કરી નાહોલિયો રીઝવ્યો?*

અને લગ્ન-જીવનની લોક-કલ્પેલી મનોરથસિદ્ધિ દાખવતો જવાબ નીકળ્યો કે

*દીકરા દીકરીએ એ ઘર વાસ્યાં*
*નેણલે નાહોલિયો રીઝવ્યો!*

સંતતિ-જનન અને નયનનીતરતી પ્રીતિ: એ બે જીવન-સાફલ્યનાં અંગો: અથવા

*ઓરડા-ઓસરિયે એ ઘર વાસ્યાં*
*છોરુડે નાહોલિયો રીઝવ્યો!*

લગ્ન તો જનનને કાજે: જગત્પિતા સમીપની એ લોક-કલ્પેલી અમુલખ ભેટ: સૃજનના મહિમાની એ સાર્થકતા: લગ્નના આશયની એ અસલ મનાયેલી પૂર્ણાહુતિ: આજે, અલબત્ત, એ ભાવના આદર્શભ્રષ્ટ થઈ લેખાય, કેમ કે, યુગપલટો એ માગી રહ્યો છે.

એક જ યુગલની જીવન-યાત્રાનું જાણે વૃત્તાન્ત કહેતી કહેતી કવિતા આટલી આટલી ભૂમિકાઓ ઓળંગાવતી આપણને આંહીં સુધી લઈ આવે છે. લગ્નગીતોની એ સંકલનાબદ્ધ યોજના આ લેખમાં સંપાદકની પોતાની જ જવાબદારી પર ગ્રહણ કરવામાં આવી છે. લોકધોરણે નક્કી થયેલા સ્નેહ-લગ્નનો સળંગ ઇતિહાસ એમાં પ્રતિબિમ્બિત થયેલો જોઈ શકાશે.

## લોકગીતનું વાસ્તવ

આવું ભાવનાલગ્ન લોકજીવનમાં ક્યાંયે પ્રવર્તતું હતું ખરું, કે કેવળ કાવ્યમાં જ એનાં ભભકાભર્યાં ચિત્રો ખડાં કરી, લોકસમુદાય પોતાના ઊલટેરા અસંતોષભર્યા જીવનમાં એક

જાતની ઊણપ હતી તેને પૂરી લેતો? લોકજીવનમાં શું હતું કે શું નહોતું તે પ્રશ્ન આપણે સમાજશાસ્ત્ર અને સમાજ-ઇતિહાસના અભ્યાસીને માટે જ રાખી મૂકીએ. અમુક યુગના પ્રજાજીવનનો ઇતિહાસ ઉકેલવા માટે તે સમયે સૃજાયેલું સાહિત્ય સાક્ષીરૂપે વપરાય છે તેટલું આપણે જાણીએ છીએ. સાહિત્યને સામાજિક જીવનનું પ્રતિબિમ્બ લેખવાનો શિરસ્તો લાંબા સમયથી ચાલ્યો આવે છે. અને આપણે આટલું ઉમેરી પણ શકીએ કે અન્ય સાહિત્યના સર્જનમાં તો સમાજનું ચિત્ર ઝીલવાની મુખ્ય દૃષ્ટિ એ સાહિત્યના સર્જકની હોતી નથી. એ પોતાની એકલાની, અથવા અમુક ટૂંકા સમુદાયની જ જીવનકથા વા કલ્પના હોઈ શકે, પરંતુ લોકસાહિત્ય તો એના સ્વભાવે ને લક્ષણે કરીને સર્વ દેશોમાં સમાજજીવનના જ સૂરો કાઢતું – એનાં જ ચિત્રો ખેંચતું – મનાયું છે. કોઈ ગહન કલ્પનાશક્તિ નહીં, કોઈ સાચા કે મિથ્યા કાવ્યપુંજમાંથી આનંદ લઈ લેવાની એકાકી રસવૃત્તિ જ નહીં, પણ સમાજજીવનનું ઊર્મિજનક વાસ્તવ જ આ લોકસાહિત્યનું પ્રથમ પ્રેરક હોય છે. એટલે જેમ સાસુ-વહુ કે સ્ત્રી-પુરુષની કરુણાજનક કલહ-ઘટનાઓ આલેખતાં ગીતો પરથી આપણે તે યુગના ગૃહક્લેશનાં અનુમાનો પર જઈએ છીએ, તેમ ન્યાયને ખાતર આપણે આ 'લગ્નગીતો' જેવા સંસ્કારી સાહિત્યની પાછળ પણ કોઈક એવું રમ્ય વાસ્તવ હોવાનું કબૂલ રાખવું ઘટે છે. એ ન્યાયતુલા આપણને એવી માન્યતા પર દોરે છે કે લોકદૃષ્ટિમાં કોઈ સાચેસાચ બનેલા ભાવના-લગ્નની જ આ ગીતોમાં તસવીર પાડવામાં આવી છે, ને એ લગ્નચિત્ર કેવળ કોઈ કલ્પનાવિહારી કવિનું નિપજાવેલું અવાસ્તવિક ચિત્ર નથી.

## સ્નેહલગ્નની સંભાવના

પરંતુ તે તો આપણે સમાજ-ઇતિહાસના સંશોધકોને સોંપીએ. ઘડીભર માની લઈએ કે લોકજીવનમાં આવા ઉન્નત બનાવો બનવા અસંભવિત છે! વર-કન્યાની સ્વતંત્ર પસંદગીની તો વાત ત્યાં શી હોઈ શકે? લાકડે માંકડું જોડી દેનારાં માબાપો તે વળી પોતાના સંતાનોની સ્વયંવર-પ્રથામાં પોતાની સંમતિ કદી નોંધાવે? પોતાના પતિની પસંદગી વિશે કન્યા પોતાના બાપને સલાહ આપે, પોતાના સ્વામીને પરણવા આવવાની કંકોત્રી લખે, એ તે શું સંભવિત વાતો છે? સ્નેહલગ્નના છેલ્લામાં છેલ્લા શોધાયેલા નવા યુગના આદર્શો તો પશ્ચિમમાંથી આવેલા છે, અથવા એ લગ્નભાવના તો કવિ ન્હાનાલાલને ખાતે જમા થવી જોઈએ, તેને બદલે તમે આ યશ એ અંધકારમય મધ્યયુગનાં અડબૂત માનવીઓને અર્પણ કરતા શરમાતા નથી? આ ટાયલાંમાંથી આવી સત્ય ઘટનાઓ ઉકેલવા જતાં શું તમે તમારી નરી પુરાણપ્રિય ઘેલછાનું જ પ્રદર્શન કરતાં નથી? વગેરે મહેણાંના હુમલા લાવનારાઓની સામે વાદમાં ન ઊતરતાં એ પ્રશ્ન એના ખાસ અભ્યાસીઓને સોંપીએ.

## સાચો સંકેત

છતાં એક વાત તો ઊભી જ રહે છે: પ્રશ્ન ઊઠે છે કે તો પછી શા હેતુથી સ્નેહલગ્નનાં પ્રબળ આંદોલન જગાવનારાં આવાં ગીતો રચવામાં આવ્યાં? રચ્યા પછી એને એક સાહિત્ય ભેટ તરીકે કોઈ થોડાંઘણાં રસિકજનોના રસ-ડોલનને કાજે અલાયદાં રાખી મૂકવાને બદલે પ્રત્યેક વર્ષે કે છ માસે, રાયથી રંક સુધી પ્રત્યેક કુટુંબના લગ્ન-પ્રસંગે ગાઈ શકે તેવી પ્રત્યેક સ્ત્રીના કંઠે, બરાબર હોઈ હેતુપૂર્વકની યોજના હોય એવે સ્વરૂપે શા માટે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં? એ પ્રથા પાછળ કોઈ ગંભીર સંકેત તો હશે? હોવો જોઈએ: કાં તો –

1. ગીતોમાં મુકાયેલી ભાવના પોતે જ લગ્નનો આદર્શ હોય. એટલે પછી લગ્નકાળે વાસ્તવિક પરિસ્થિતિ ગમે તેટલી ચાલતી હોય છતાં ગવાય તો આદર્શોની જ ગાથા: એટલે કે તે સમુદાય આવા મર્યાદામય સ્નેહલગ્નને આદર્શરૂપે આરાધતો હતો. અથવા તો –

2. માનસશાસ્ત્રની કોઈ મજબૂત વ્યવહારદૃષ્ટિ આ ગીતોની સાચવણ પાછળ ઊભી હતી: કેવી રીતે? એ રીતે કે પરણનાર સ્ત્રી પુરુષને, પરણતાં પરણતાં એ પંદર-વીસ દિવસો દરમિયાન, સ્નેહલગ્નની, સંવનનની, કરુણાર્દ્રતાની, કુટુંબ-ઋણની, વાત્સલ્યની – એવી એવી જેટલી બની શકે તેટલી ભૂમિકામાંથી માનસિક રીતે પસાર કરાવી જવાં જોઈએ, કે જેને પરિણામે ખરી રીતે તો પોતાની સંમતિ વિના કેવળ વડીલોના નિર્ણયને આધીન બનીને જોડાતાં છતાં એ યુગલ એ પંદર-વીસ દિવસની લગ્ન-સૃષ્ટિમાંથી એ ગીતોની જ ઉન્મુક્ત ઊર્મિઓનો અનુભવ કરી કાઢે અને પરસ્પર મોહિત બનીને જ મુક્ત મને પરણતાં હોય તેવો આંતરિક મીઠો ઉમળકો માણી શકે. પરિણામે શું ફાયદો મળે? મનમાં સંકોચ, અન્યોન્ય અજાણપણાના ઉચાટ, સામસામા અણગમાના સંશયો, પારકાના નિર્ણયનું દબાણ ઈત્યાદિ બોજા અંતઃકરણ પરથી સરી પડે, કાવ્યદેવી જાણે કોઈ જીવંત પ્રેમસખીનો પાઠ ભજવતી પરસ્પર બે અજાણ્યાં હૈયાંનો મેળાપ કરાવે, નેત્રોમાં અમૃત આંજે, હૃદયમાં મોહિની છાંટે, રોમેરોમમાં પ્રીતિનો આવેશ પ્રજ્જ્વલાવે, ને છતાં મરજાદ, મંગલતા, વિશુદ્ધિ, દેવસાક્ષી, ધર્મ વગેરે વગેરે ન મૂકવા દે; દિવસ–રાત્રિનું નિઃશબ્દ સુંદર સંમિલન નિપજાવે. એવો કંઈક હેતુ હશે?

## કરમાતી વાડી

એમ શા માટે ન હોય? ઘણા સમય સુધી એ ફળીભૂત પણ થયો હશે. લોકસાહિત્યના બીજા બધા રોપ કરતાં આ લગ્ન-ગીત રૂપી આસોપાલવનાં મૂળ ઊંડાંઊંડાં, સહુથી ઊંડાં રોપાયાં હશે. નહિ તો આજ સુધી પણ એ વૃક્ષ પોતાનાં ડાળ–પાંદડાં સમેત આજના યુગની ખારી બનેલી ભૂમિમાં ખડું ન રહ્યું હોત.

બેશક આજે એ વૃક્ષને નવો ફાળ આવતો બંધ થયો છે. નવી ટશરો ફૂટતી નથી. નવી કૂંણી કૂંપળો બેસતી નથી. એ આંબે તાજા મૉર નીકળતા નથી અને જૂનાં જે ડાળપાંદડાં

છે તે પણ કરમાઈને સૂકાવા લાગ્યાં છે. એની લીલી મીઠપ જતી રહી છે. આજે તો કેવળ રૂઢિની જડ પોષવાને કારણે જૂનાં ગીતો દિવસ–રાત આરડીને કંટાળેલી સ્ત્રીઓ પોતાનાં ગળાંને સોજા ચડાવે છે. જૂનાં લગ્નની બધી રીતિઓ અને વિધિઓ જેમ જટિલ જણાય છે, જૂનાં લૂગડાંના ઢગલા ને અલંકારોના થથેરા જેમ બોજારૂપ બની ગયા છે, જૂનાં સ્નેહ-મમતા જેમ આજે શિષ્ટાચાર અને દંભમાં પરિણમ્યાં છે, તેમ આ ગીતોની એક વાર મંદ મધુર મહેકતી ફૂલવાડી પણ આજે ઉજ્જડ અવસ્થાએ ઊતરી ગઈ છે. ગાનારાં એક જ સામટાં ગળાં ભરડીને ગાય છે. એક ગાય ને અન્ય સહુ ઝીલે તે પદ્ધતિમાંથી મળતી વિશ્રાંતિને અને એમાં સ્વયંભૂ ઉદ્‌ભવતી ઊર્મિને આ લગ્નગીતો ગાવાની પ્રથામાં અવકાશ નથી. એના અર્થો સમજવાની તો શું, પણ સ્પષ્ટપણે શુદ્ધ–અશુદ્ધ શબ્દ-રચના તપાસવાની પણ કોઈને ખેવના નથી. પુરુષો તો પ્રકૃતિથી જ સ્ત્રીઓના સાહિત્ય તરફ બેદરકાર રહ્યા, એટલે તેઓ ભાગ્યે જ એ ગીતોના મર્મ તપાસવા થંભ્યા છે. પુરુષોના મનમાં એવી ભ્રમણા પેસી ગઈ છે કે આ વેવલી સ્ત્રીઓ ભેગી મળી કેવળ વડી–પાપડનાં ટાયલાં જોડકણાં અથવા મશ્કરીનાં બેમરજાદ ફટાણાં જ ગાય છે!

### ફટાણાં

નિર્મળાં મીઠાં નીરની એક નદી અનેક ગામોને પાદરથી ચાલી જાય છે. પણ ગામનાં બધાં ગામલોકો એકસમાન રસવૃત્તિનાં નથી હોતાં. કોઈએ એ પ્રવાહને કાંઠે આંબાવાડિયાં ને ફૂલવાડીઓ ઉઝેર્યાં, તો કોઈએ એના પટની અંદર ચીભડાંના વાડા ઉગાડી પાણીએ રૂંધી રાખ્યું. કોઈએ રૂપાળા ઘાટ-આરા ચણાવી એની પાળે દેવાલયો બાંધ્યાં, તો કોઈ માછીમારોનાં ગામડાંએ પાણી ગંધવી માર્યું. કોઈએ પ્રભાતનું પૂજાનાં પુષ્પો અથવા ઘીના દીવા એ પ્રવાહમાં તરતા મેલ્યા, તો કોઈએ પોતાની ગંદકીની ગટરો જ એમાં ઠાલવી દીધી.

લોકગીતોની – લોકસાહિત્યની પણ – આવી એક સરિતા જ વહે છે. લોકકાવ્યો રચવાનું કે લોકવાર્તા યોજવાનું સંસ્કાર-ઝરણું અસલથી જુદા જુદા યુગો વાટે જુદી જુદી જનતાનાં જીવન સોંસરવું થઈને ચાલ્યું જાય છે. કોઈ એકાદ વ્યક્તિ, એકાદ સમુદાય કે એકાદ સમયનાં રચેલાં એ ગીતો–વાતો નથી. કાવ્યરચનાની તાકાત અને વૃત્તિ, અલબત્ત, સહુ સમુદાયોમાં હતી; કાવ્યોર્મિને જાગ્રત કરનારા અવસરો પણ સહુને માટે ચાલ્યા આવતા. પછી તો એ અવસર મળતાં જે સમુદાયની જેવી અભિરુચિ હતી તેવી કાવ્યરચના એણે નિપજાવી કાઢીને પરંપરાની ગીત-સરિતામાં વહેતી મૂકી દીધી. એટલે રસવૃત્તિ હીન થતી ગઈ હશે તેમ તેમ પરિહાસ પણ ઊતરતો ગયો હશે. એમાંથી પ્રથમ જરા બુદ્ધિશાળી માર્મિક વિનોદગીતો જન્મ્યાં હશે. પછી વળી વધુ સ્થૂળ, ઓછો માર્મિક ને વધુ કુરુચિમય હાસ્યરસ પેદા થયો હશે. અને પછી, છેક જ અધમતામાં અને અશ્લીલતામાં એ પરિણમ્યો

હશે. પરિહાસ, નર્મરસ, માર્મિકતા, વિનોદપ્રિયતા એ બધાં તો બેશક જનસ્વભાવનાં જ અંગો છે. સાહિત્યમાં એ પ્રકૃતિએ તો મોટો ફાળો આપેલ છે. એ વગર સાહિત્ય એકપક્ષી અને ફિક્કું જ થઈ પડત. અને લોકગીત એ લોકપ્રકૃતિનું નિખાલસ પ્રતિબિંબ હોવાથી એ પરિહાસ ગીતોમાં ઊતર્યા વગર રહી જ ન શકે. એટલે પ્રથમ તો એમાં અત્યંત નિર્દોષ નિર્મળ નર્મરસ જ ઝલક્યો હશે. દાખલા તરીકે –

*પે'લી પીઠી ચડશે રે જિયાવરને*
*ઊતરતી ચડશે રે ઓલી છોડીને.*

અથવા બનેવી કે વેવાઈનો વિનોદ કરવાની આપણી કુદરતી વૃત્તિ પ્રમાણે –

*વચ્ચે રે મારે બેનડ બાઈની વેલ્યું*
*કે માફા ઝળકે મશરૂ તણા.*
*વાંસે રે મારે ભટ્ટજી પુરબિયા*
*કે કમર બાંધીને ખાસડ ખડખડે.*

એ મુજબ, લગ્ન પર આવેલ બહેનના પતિનું ટીખળ કરવાની સહજ વૃત્તિ જરા વધુ ઘાટા રંગો પૂરીને એક ચિત્ર જન્માવે છે:

*આલા લીલૂડા વાંસ વઢાવો રે*
*તેની નાની-શી ટોપલી ગૂંથાવો રે*
*ટોપલી આપો એની બેનીબા વર હાથ રે*
*ગોલો વેચી-સાટીને ઘેર આવ્યો રે*
*ઓરડે ઊભાં બેનીબા લેખાં લે છે રે*
*તમને આવડલી વાર ક્યાં લાગી રે!*

*તમારા દાદાને ઘેર હતા વિવા રે*
*અરધી રાતનાં દળણાં દળાવ્યાં રે*

*પાછલી રાતનાં પાણીડાં ભરાવ્યાં રે*
*સૂરજ ઊગ્યે દાતણિયાં નખાવ્યાં રે*
*પો'ર દી ચડ્યો ને છોરુડાં પખવાળ્યાં રે*
*અમને આવડલી વાર ત્યાં લાગી રે!*

આટલે સુધી તો વિનોદ જાડો છતાં નિર્દોષ છે. પ્રકૃતિગત છે. જીવનમાં એ જ વસ્તુ જુદે જુદે સ્વરૂપે સર્વત્ર દર્શન દે છે. પરંતુ તેથી આગળ ચાલતાં જે દુર્ગંધ મારતો પ્રદેશ આવે છે, તે ફટાણાંનો પ્રદેશ. એમાં કુસંસ્કાર છે, મર્મ નથી:

*તારી તે માની લાડડી*
*તારાં લૂગડાં ઉતારે છે કોણ રે*
*ઊડણ ભૂંડણ ભૂંકતી*
*જાણી શેઢાની શિયાળ રે!*

અથવા એથી વધુ કુરુચિમય

*લાડી લાડો જમે રે કંસાર, લાડીની માડી ટળવળે રે*
*દીકરી મને આંગળી ચટાડ, કંસાર કેવો ગળ્યો લાગે રે*
*માડી, તું તો પરણી છે કે નહિ, કંસાર નવ સાંભરે રે !*

આવી હીન રુચિનું મોજું સર્વત્ર આવ્યું હશે. સૂરતી ગીતોમાં પણ

*વેવાણ ઊતરની તું હેઠી રે, તારા પેટે પડી છે બેટી રે*
*તારા ચૂલા પછાડી ગારો રે, તને દીકરી જણ્યાનો વારો રે*
*તું તો દીકરી જણી જણી થાકી રે, આંબાની કેરી પેઠે પાકી રે*

એટલું જ બસ નથી. કન્યાની વિદાય જેવા મર્મવેધક પ્રસંગે જો આવું ફટાણું ગવાય તો તો એ બહુ ઘાતકી કહેવાય:

*તારાં ઢીંગલા પોતિયાં લેને લાડી ચાલ હવે વહેલી*
*મારું સાજન ખોટી થાય રે લાડી ચાલ હવે વહેલી*
*તારો ભાઈ ભઠિયારો રે લાડી ચાલ હવે વહેલી*
*તારી બેન ચેણ રે વાડી ચાલ હવે વહેલી*
*તારી માશી માછેણ રે લાડી ચાલ હવે વહેલી*
*તારી કાકી કોલણ રે લાડી ચાલ હવે વહેલી*

[સૂરતી લગ્નગીત]

આવાં ફટાણાં જ્યારે ગામડામાં લગ્ન વખતે માંડવા નીચે જ સામસામા રહીને બન્ને પક્ષની સ્ત્રીઓ ગાય છે, ત્યારે એ સામસામી ગાળાગાળી અને વઢવાડનું જ રૂપ ધરે છે. અનેક કુરૂઢિ માંહેલી એ એક કુરૂઢિ છે. એ ક્યારે પેસી ગઈ તે શોધવું સહેલું નથી. રસ-સાહિત્યમાં એને સ્થાન નથી. સંગ્રહ તરીકે જે પુસ્તક તૈયાર થતું હોય, તેમાં તો સર્વદેશીયતાની દષ્ટિએ આવાં ફટાણાં પણ સંઘરી લેવાં જ જોઈએ.

## લગ્નગીતોનું સંગીત

વનવાસી પશુપંખીઓના અને વનસ્પતિના દેહ ઉપર જેમ રંગોની વિલક્ષણ ભુલભુલામણી છે, કયો રંગ પ્રધાનપણે છે એટલું જ જેમ એ વિષયમાં બોલી શકાય છે, તેમ આ લગ્નગીતોમાં પણ જૂજવા રાગોની કોઈ સ્વયંભૂ મિલાવટ છે. તેમાં પ્રધાન સૂરો સારંગના છે. અને સૂરોના શાસ્ત્રવેત્તા સમજાવે છે કે સારંગ એટલે ઉષાનો સૂર: એ ગરમી પ્રગટાવે છે, હૂંફ આપે છે. ચેતનાનું પ્રેરણ કરે છે. સારંગ રાગની આ શાસ્ત્રભાખી પ્રકૃતિ. સાચી વાત: લગ્નગીતોમાં એ રાગનું પ્રધાનપદ સાર્થક છે. જીવનની ગુપ્તતમ ઉષ્મા બન્ને પરણનારાં યુવાન-યુવતીના પ્રાણમાં જાગ્રત કરવી એ મુખ્ય ઉદ્દેશ જેમ ગીતના શબ્દોનો છે, તેમ રાગનો પણ હોવો જ જોઈએ. અને સારંગ તો બન્ને જાતની આંતરિક ઉષ્મા જગાડે છે: આનંદની ને શોકની. જાણકારો કહે છે કે મારવાડીઓના મૃત્યુ પરના વિલાપોમાં

પણ સારંગના જ સૂરો ભરેલા છે. એનો અર્થ એ છે કે સારંગ કોઈ છકેલો માતેલો રાગ નથી. એ તો ગંભીર ભાવોથી ભરેલી ઉષ્માનો આપનાર છે. એ હર્ષશોકના મિશ્ર આવેશ સૃજનાર સારંગનું લગ્નગીતોમાં અત્યંત ઉચિત સ્થાન છે. એ ઊર્મિઓને બહેકાવતો નથી, તેમ બુઝાવી પણ દેતો નથી. એ તો ધીરી ધીરી કરુણાભરી, ગંભીરતાભરી, ઉષ્મા સીંચે છે. સોરઠી લોકજીવનમાં શાસ્ત્રીય સંગીત પદ્ધતિનો પ્રચાર ક્યાંયે હતો એવું દેખાતું નથી. તેમ આ ગીતો કોઈ ગવૈયાઓએ આપેલા સૂરો પરથી જ રચાયાં હોવાની કશી સાબિતી નથી. એટલે ગીતો ને ગીતોના રાગો પણ જો સ્વયંભૂ જન્મ્યાં હોય તો સારંગનો આવિર્ભાવ કેવળ સ્ફુરણાગત જ હોવો જોઈએ. લોકના ગળામાંથી નહિ, પણ પ્રાણમાંથી જ સારંગ આપોઆપ બહાર નીકળ્યો હશે. એ વાત પણ સ્વયંસ્ફુરિત સંગીતના આખા વિષય પર કોઈ સંગીતકારને આકર્ષી જનારી થઈ પડશે.

## ગાવાની શૈલી

સૂરો એક જ સરખા છે. ગીતો પણ લગભગ ઘણીખરી કોમો માટે સર્વસામાન્ય જ છે. બેશક, કોમ કોમ પરત્વે કાંઈક પાઠાન્તરો થતાં હશે. કોમોની ખાસ પ્રકૃતિ પણ કંઈક નિશાનીઓ મૂકતી હશે. દાખલા તરીકે:

*લાંબી તે લાંબી સરવરિયાની પાળ*
*આ...હે...એ રે પાળે મોતી નીપજે!*
*મોતી તે લાધ્યું ...ભાઈ વર હાથ*
*આ...હે...ઘેર આવીને ઝઘડો માંડિયો.*

એ ગીતમાં કોઈ મોતી વણનાર, એટલે કે વૈશ્ય પ્રકૃતિના પુરુષની છબી આવી. એટલે એ વાણિજ્યપ્રધાન કોમમાં ગવાતી પંક્તિઓ દીસે છે. હવે એ જ ગીતનું પાઠાન્તર:

*લીલુડી ઘોડી પાતળિયો અસવાર*
*આ... હે.. ચૌદ રતનનો વીરને ચાબખો.*
*ઘોડી તે બાંધી આંબલિયાની ડાળ*
*આ...હે...ચાબખડો વળગાડ્યો આંબા ડાળખી.*

તે પછી તો બન્ને ગીતોમાં

*દાદા તે મોરા, મુજને પરણાવ*
*આ... હે... મુજને પરણ્યાની હોંશ ઘણી*

એ જ પંક્તિ આવે છે. આપણે ભેદ સમજી શકીએ છીએ. બીજામાં રાજપૂતીનો ભાવ પ્રદીપ્ત થાય છે.

એ જ રીતે જે જે ગીતોમાં ધાર્મિકતા, પવિત્રતા, દેવોનું આહ્વાન વગેરે આવે તે ગીતોની પ્રથમ ઉત્પત્તિ બ્રાહ્મણ જેવી જાતિમાં જ થયેલી માની શકાય. વધુ પ્રમાણમાં એ

ગીતો ત્યાં જ ગવાય. વૈશ્ય જાતિઓને હીરા, સોનારૂપા વગેરેના ભાવો વધુ સ્પર્શે. અને ક્ષત્રિયોને?

*તરવાર સરખી ઊજળી રે ઢોલા!*
*તરવાર ભેટ્યમાં બિરાજે રે વાલીડા વીરને!*
*એવી રે હોય તો પરણજો રે ઢોલા!*
*નીકર ફરીને પરણાવું રે વાલીડા વીર ને!*

*

*તજ સરખી તીખી રે ઢોલા!*
*તજ મુખમાં બિરાજે રે વાલીડા વીરને!*
*એવી રે હોય તો પરણજો રે ઢોલા!*
*નીકર ફરીને પરણાવું રે વાલીડા વીરને!*

આ રાજપૂત ગીતઃ એ પોતાની કન્યામાં તરવારની તેજસ્વિતા, વટની તજ સરખી તીખાશ વગેરેની અપેક્ષા રાખે છે, અને એક પસંદ ન પડી તો બીજી તરત પરણવાની લગ્નપ્રથા સૂચવે છે. અથવા રાજપૂતીની બીજી પણ કેટલીક છાપો પડેલી જુઓઃ

*માલણ ગૂંથે જાવંતરીના ફૂલ રે*
*માળીડો ગૂંથે વીંઝણો રે*

*

*ઠાકોર પોઢ્યા પિત્તળિયે પલંગ રે*
*વહુ ...બા ઢોળે વીંઝણો રે*

અથવા

*કિયે ગામ ગડ્યાં રે નિશાન*
*કિયા ગામને પાદર મોરી રાજવણ!*
*તંબૂ તાણિયા રે.*

આ બધી રાજપૂત ભાવોની સરવાણીઓ વહે છે. જેમ શબ્દોમાં એ જાતિગત સંસ્કારો તેમ જ સ્વરોમાં. એટલે કે ગાવાની શૈલીમાં. બ્રાહ્મણ-વૈશ્યની સ્ત્રીઓને ગાતાં સાંભળો, તો સાદાસીધા, કાંઈ ખાસ ઊર્મિ ન જગાડનારા સૂરો કાને પડશે. કણબણો ગાતી હોય ત્યારે એમના વ્યવસાયની, રીતભાતોની ને સંસ્કારોની સ્થૂળતા, કાંઈક મારવાડી ગાણાંને સ્મરાવે તેવા ત્વરિત આરોહ-અવરોહમાં અને સાંકડા-પહોળા ઉચ્ચારોની ધમધમતી ઉતાવળમાં પ્રગટ થાય છે. પરંતુ હવે સંભારોઃ કોઈ વેલડામાં બેઠેલી પાંચ કાઠિયાણીઓને ચારણીઓને અથવા ખવાસણોને ગાતી સાંભળોઃ ધીરે ધીરે સંપૂર્ણ સ્વસ્થતાથી શરૂ થતા, જાણે અનંત કાળ સુધી પૂરાં નહિ જ થાય તેવાં અખંડિત આંદોલનોની ધારા રચીને ચાલુ રહેતા અને કશીયે ત્વરા ન હોય તેવી ખામોશીથી, સંધ્યાના આરા તરફ વળતાં

સૂર્યકિરણોની માફક ધીરે ધીરે મધુર સમાપ્તિમાં વિલીન થતા એ સૂરોને સંભારો:

*તરવાર સરખી ઊજળી રે ઢોલા!*
*તરવાર ભેટ્યમાં બિરાજે રે વાલીડા વીરને!*

અથવા પેલા, ચાર-પાંચ ગાઉના સીમાડાને છલોછલ ભરી દેતા પ્રશાંત જાજરમાન, ઓજસભર્યા,

*મોર, જાજે ઉગમણે દેશ*
*મોર, જાજે આથમણે દેશ*
*વળતો જાજે રે વેવાયુંને માંડવડે હો રાજ!*

એ સ્વરોને યાદ કરો. અથવા પરણવા આવનાર ક્ષત્રિયનું મદભર્યું, મલપતું સ્વાગત-ગીત

*મો'લ પધારો રાજ!*
*મો'લ પધારો રાજ!*
*તમે સોનાની શરણાયે મો'લ પધારો રાજ!*

એના સ્વરોને યાદ કરો. અથવા ગામને પાદરથી નીકળતી રાજપૂત જાન સાથે એકલી વાગતી શરણાઈના પ્રલંબિત સૂરો સંભારો: સમજાઈ જશે કે રાજપૂતી સ્વરોમાં કયા સંસ્કાર નીતરે છે, અંતઃકરણની સ્વસ્થતા, વીર જાતિનું પ્રશાન્ત ગૌરવ, જાજરમાન વ્યક્તિત્વ અને વિશાળ સીમાપ્રદેશ પર રાજ કરવાની અભિલાષા: એ સંસ્કારોમાંથી આવું સ્વસ્થતાભર્યું સંગીત જન્મે છે.

આ બધા સંસ્કારોનું એકીકરણ લગ્ન-ગીતોમાં થઈ ચૂકેલું હતું. જ્ઞાતિઓનાં ગીતો જુદાં નથી રહ્યાં. સહુએ પોતપોતાની વિશિષ્ટતા સાચવીને પણ એ બધી ગીત-લક્ષ્મીને સહિયારી કરી કાઢી છે. વાડા કે પંથો તેમાં રહ્યાં નથી. ગીતો વાટે સોંસરવા નીકળી જશું એટલે સમજાશે કે એ મિલાવટ કેવી મધુર બનેલ છે. લોકસાહિત્યમાં જે 'ડેમોક્રસી' (લોકતંત્ર)નું તત્ત્વ છે તે આ છે ને આવે કંઈક રૂપે દેખાયા કરે છે.

# વિવિધતામાં એકતા

## લગ્નનાં લોકગીતો [2]

398.2
MEG

*['ચૂંદડી' (ભાગ 2)નો પ્રવેશક: 1929]*

વિવિધતામાં વહેતી એકતા-ધારા અને એકતાની અંદર રમણ કરતી વિવિધતા: એ છે લોકસંસ્કારનું વિશિષ્ટ લક્ષણ. લોકજીવનના ચણતરકામને ટકાવી રાખનાર એ ચૂનાનો રસ છે. એ રસે ઘણી ઘણી ઊંડી અને પહોળી ચિરાડો પૂર્યા કરી છે. એણે અન્યોન્ય જાતિ-સંસ્કારોની વચ્ચે મધુરો મેળ નિપજાવવામાં મદદ કરી છે. ઘણી ઘણી નદીઓનાં નીર ઠલવાઈને એક સંગમ-તીર્થ રચાય છે, અને સંગમબિંદુ પર ભેળા થતા પ્રવાહો એટલી ધીમાશથી, શાંતિથી તેમજ બહોળાશપૂર્વક ઓતપ્રોત બનતા હોય છે કે જોનારને એના મિલનનો 'ઘર! ઘર!' અવાજ નથી સંભળાતો, કે નથી એના જૂજવા રંગો કળાતા. એ જ એની વિલક્ષણતા છે. મેળાપ – પછી તે માનવી-હૃદયનો હોય કે કુદરતી પંચભૂત પ્રવાહોનો હોય – પણ એ મેળાપ જો સાચો, સર્વાંગી, બિન્દુએ બિન્દુનો મેળાપ હોય તો તે મોટેથી બોલતો નથી, પણ મૂંગો મૂંગો મેળ લઈ લે છે.

આ બીજા લેખમાં જુદી જુદી કોમોનાં લગ્નગીતો બતાવીને ખાસ હેતુ એ 'એકતાનું વૈવિધ્ય અને વૈવિધ્યની એકતા' બતાવવાનો છે. ચારણ-ગીતો, કાઠી ગીતો, શિષ્ટ વર્ણોનાં ગણાતાં ગીતો, મારવાડી ગીતો, ગુજરાતી ખાયણાં-ગીતો અને પંજાબી ગીતો: સર્વની વાનગી રૂપે જ આ સંઘરાયા છે. અને એ પ્રત્યેકની વિશિષ્ટ છાપ આપણી લોકસંસ્કૃતિ પર પડેલી છે તે ઉકેલીએ.

789569

### ક્ષત્રિય ગીતોનું સંગીત

Rs 300/-

એ કાઠી–રજપૂત અને ચારણી ગીતોમાંથી દ્રવતું સંગીત કોઈ પણ સાચા સંગીત-ભક્તને માટે અભ્યાસનો વિષય થઈ પડશે. આ સંગીતના સૂરો કોણે યોજ્યા? ક્યારે યોજ્યા? કઈ ભૂમિ પર એ સરજાયા? કઈ અન્ય આર્ય કે અનાર્ય જાતિ સાથે એનું સામ્ય જડે છે? એવી કોઈ તલસ્પર્શી તપાસ પરથી આ સોરઠી કોમોના પરિભ્રમણના ઇતિહાસ પર કશું અજવાળું પડે છે કે નહિ? એના વસવાટનાં સ્થલાંતર, સમયાન્તર, સંસ્કાર-પરિવર્તન વગેરે વિશે આ રમણીઓના કંઠમાં કોઈ ઐતિહાસિક ઈશારો પડ્યો છે કે નહિ? અને કંઈ નહિ તો વર્તમાનયુગના સંગીતોદ્ધારમાં એ કંઠ-સ્વરોને ક્યાંયે સ્થાન છે કે નહિ?

શા માટે આ સૂરો શ્રોતા વર્ગને હલમલાવે છે? શા માટે એ હજારો નારી-કંઠમાં આપોઆપ સિંચાઈ જાય છે? શા માટે કશી શિક્ષણશાળા અથવા તો ઉસ્તાદી તાલીમ અથવા તો સ્વર-પદ્ધતિ વિના સદીએ સદીએ ને સ્થલે સ્થલે એ વહેણ વણરુંધ્યાં વહેતાં જ રહ્યાં છે? આ પ્રશ્નો ઝીણી તપાસ માગે છે.

**ક્ષત્રિય ગીતોનો વિશિષ્ટ રસ**

પશુ અને ખેતી જેના જીવનનાં આધાર છે, કુદરત જેની ચિરસંગિની છે, આંખો જેની હંમેશા પ્રકૃતિલીલામાં રમે છે, અને શોભા-શણગાર પણ જેના ઘરનાં મહેલ-મોલાત અથવા ભરચક રાચરચીલામાં હોવા કરતાં સવિશેષ તો નિસર્ગના જૂજવા રંગો કે દશ્યમાં છે, તેને જીવનમાં ગદ્યમય ('પ્રોઝેઈક') બનવું શે પાલવે? એ છેક જ ગદ્યમય અવસ્થામાં પણ કાવ્યનાં આંદોલનો અનુભવી રહે. લગ્નાવસર ઊજવવો છેઃ અનાજની પ્રથમ આવશ્યકતાઃ ઘઉં–મગ ને અડદ–ચણા જો ખેતરમાં નીપજે તો જ વિવાહ મંડાયઃ વિષય સાદો છે છતાં લગ્નગીતોમાં ગવાયો.

બીજી કોમોએ ગાયો સાદી રીતેઃ

*કાઠા તે ઘઉંની રોટલી, માહીં ગળગળિયો કંસાર*
*ભેગાં બેસી ભોજન કરે જો પૂજ્યા હોય મોરાર.*

પરંતુ કાઠી-રજપૂતોએ જુદી રીતે ગાયુંઃ

*વાદળડી રે વરસે, મેરામણ રેલે છેલે;*
*વાદળડીને વરસ્યે ઘઉંડા નીપજે*
*મે'રામણને રેલ્યે ઘઉંડા નીપજે.*

પહેલામાં 'પૂજ્યા હોય મોરાર'ની ધર્મ-ભાવનાઃ બીજામાં કેવળ 'વાદળડી વરસે, મેરામણ રેલે છેલે'. પૂજન નહિ, પણ મસ્ત રસોલ્લાસ અને મુક્ત રેલમછેલ.

પરણનાર પુરુષનું વર્ણન લઈએઃ અન્ય કોમોએ આલેખી પ્રશાંત પવિત્ર, ધર્મસંસ્કારી મુદ્રાઃ

*આવે આવે રે વાસુદેવનો નંદ*
*પૂનમ કેરો ચંદ*
*દીવા કેરી જ્યોત*
*વિવા કેરી વરધ*
*કે વર આવ્યે અજવાળાં રે*

અને આ વિક્રમપૂજક, સૂર્યપૂજક જાતિઓએ જુદેરી જ જમાવટ કરીઃ

*નવશાજીનાં રૂપ સરૂપ*
*જાણે રે વ્રજવાસી સૂરજ ઊગિયો જી, માણારાજ!*

બાપાભાનો બોલેવો' સરૂપ,
જાણે રે મોલુંમાં ભમરો ગુંજિયો જી, માણારાજ!
ડોલરિયાનો હાલેવો' સરૂપ,
જાણે. રે હંસો જી હેમર હાલિયો જી, માણારાજ!

અને એવા નરને જોવા માટે જવાની લાગણી અન્ય કોમની માફક –

હું તો હાથમાં તે લેશ ફૂલ છાબડી રે,
હું તો માળીડાની મશે જોવા જાશ રે –
હું તો હાથમાં તે લેશ લાલ લાકડી રે,
હું તો ગોવાળીની મશે જોવા જાશ રે –

અથવા તો –

હળવાં તે ધોજો, ઈસવર, ધોતિયાં, છંટાશે મારાં ચીર,
અમ ઘેર દાદોજી રિસાળવા, દેશે માતા મોરી ગાળ.

— એવા સંયમ, સંકોચ, ભય દાખવતા સૂરોમાં નથી વ્યક્ત થઈ. પણ 'એક ઘા ને બે કટકા'નો યુદ્ધ-મંત્ર ભણેલી આ લડાયક કોમોએ તો પ્રેમના આંગણામાં પણ રણાંગણની તાલાવેલી અપનાવી:

ગઈ'તી ગઈ'તી ભરવાને નીર
કેસરિયે વાઘે રે નટવર દીઠડા જી, માણારાજ!
બેડું મેલ્યું સરવરિયાની પાળ,
ઈંઢોણી વળગાડી આંબા કેરી ડાળખી જી, માણારાજ!
દડવડી દીધી મેં તો દોટ,
લાજડલી લોપીને લીધાં હરિનાં મીઠડાં જી, માણારાજ!

દેખ્યા, બેડું હેઠે મેલ્યું, દોટ દીધી. લજ્જા છાંડી, પ્રીતમનાં મીઠડાં લીધાં: એ બ્રહ્માનંદ ચારણ સાધુનું રચેલું: સ્વામીપંથીઓ ગાય છે મંદિરમાં, અને તે પણ પ્રભુભક્તિ કાજે: પણ ચારણોએ તો એને વિવાહ-ગીત કરી લઈ કન્યાની સ્નેહોર્મિ ઉછળાવવાનું વાહન બનાવ્યું. એ એની ખાસિયત. 'લાજલડી લોપીને.....'

એ કોમોનો વનરાજ તો છે 'તંગલ ત્રોડાવાળો', 'ભારે બેડીવાળો', 'ફૂલ ફેંટાવાળો', 'મોતિયુંવાળો ને કલંગીવાળો', 'ડોલરિયો', 'કેસરિયો', 'નેજાળો' ને 'છોગાળો', 'મોતીજડી એની મોજડી' અને 'હીરે જડ્યાં હથિયાર': એની તો છે 'સૂરજની અણસાર'. (કારણ કે કાઠી જાતિના ઈષ્ટદેવ સૂરજ છે. કાઠીનું બિરુદ જ છે સૂરજના પોતરા!) એ જમાઈ રાણો જ્યારે 'ઘુઘરિયાળા ઘોડા પર' ચડીને પરણવા પધારે છે ત્યારે

1 બોલેવો=બોલવું; હાલેવો : હાલવું (ચાલવું); અર્થાત્ બોલવા તથા ચાલવાની છટા.

*પાવલીઓ રણકે ને ડુંગર ડોલે!*

એના તલવાર-પટા પર ચોડેલી પાવલીઓના રણઝણાટે ડુંગરા ગાજેઃ અને એની ચાલ્ય છે હળવીઃ

*મણિયલ હળવો હળવો હાલ્ય!*

એનાં ડગલાં છે ટૂંકાં ટૂંકાં –

*મોતીએ જડી તારી મોજડી, તારાં હીરે જડ્યાં હથિયાર,*
*વર સોમલિયા! પોરે પગલું ભર્ય!*
*વર કેસરિયા! ડોઢ્યે ડગલું ભર્ય!*

અને એ સુરા-પ્રેમી કેફી કોમને તો સૌંદર્યનું પણ ઘેન જ ગાવું ગમે : રૂપનું પાન કરતાં એ રસિકને ઝીણાં ઝોલાં આવે છેઃ

*આઠ કૂવા રે નવ પાવઠા, એની પાણિયારે નહિ પાર*
*મોંઘી બાઈને રૂપે જમાઈ ઝીણાં ઝોલાં ખાય*

અને જેના સૌંદર્યમાં એવી સુરા ભરેલી છે તે મોંઘી બાઈ – તે કન્યા કેવે શબ્દે આલેખાય? મરઘાનેણી, દાડમદંતી અને થોડાબોલી, પિયરપૂરી, મોસાળ-મોંઘી, અંતરભીની અને રંગભીનીઃ ચોટાળી, કડલાળી ને ચૂડાળી, વરની આંખ વખણાય તો કન્યાની પાંસોડલી (કમ્મરનાં પડખાં) વખણાયઃ એ જ્યારે વરને નિમંત્રે છે ત્યારે –

*રાયવર! વે'લેરો આવ*
*સુંદર વર! વે'લેરો આવ*
*તારાં ઘડિયાં લગન રાયવર વહી જશે.*

એવા સૌમ્ય અને આર્દ્ર શબ્દે વા સ્વરે નહિ, પણ ચકચૂર શબ્દે – ઘુઘરિયાળો ઝાંપલો વરરાજા!

*રમતા આવો રે હું વારી જાઉં!*
*ડોલરિયા! વે'લેરા પધારો માણારાજ!*
*પાતળિયા! ચોંપેથી પધારો માણારાજ!*

એવા 'રમતા રમતા આવો'નું રૂપ બાંધે છે. અને એવી રમણીને વીર વર વરવા બદલ કેવી વિજોગની રાતો ખેંચવાની હોય છે! રાતનાં રૂપ એની આંખે કેવાં લાગવાં ઘટે! જુઓ –

*અગર ચંદણની રાત*
*ચાંદા પૂનમની રાત*
*ચાંદલિયો કારે રે ઊગશે! તારોડિયો કારે રે ઊગશે!*

ઊંડા ઊંડા, લાંબા લાંબા, વિશાળ આકાશમાં જાણે ઘાટું લીંપણ કરતાં હોય તેવા

વિજોગનાં કારમાં લંબાણ સૂચવતા સ્વરો:

*અગર ચંદણની રાત*
*ચાંદા પૂનમની રાત*

કેવી રાત! અજવાળી રાત: જાણે અગર ચંદન છાંટેલી: 'ચંદન છાંટી ચોક સમાર્યો વ્યોમનો' એ ન્હાનાલાલની નવતર કલ્પનાનાં ઊંડેરાં મૂળ દેખાડતી પંક્તિ: એવી અજવાળી માઝમ રાત્રિએ કોઈ એકલ ગોખે બેઠેલી નવવધૂ પોતાના 'જીવન-ચાંદલિયા'ને સંભારે છે:

*ચાંદલિયો કારે રે આવશે!*

ચંદ્રસંગે રમતી રાત્રિ જાણે ગહન શબ્દે પૂછે છે:

*નાની વહુ! તોરલો શામ*
*મોંઘી વહુ ! તોરલો કંથ*
*કેસરિયો કારે રે આવશે! નેજાળો કારે રે આવશે!*

રજપૂતાણી ઉત્તર વાળે છે: એ તો યુદ્ધે ગયો છે: પરણીને તરત જ:

*ગ્યા છે રજપૂતે સાથ*
*ગ્યા છે રાઠોડે સાથ*
*દીવડિયો ઊગ્યે રે આવશે! તારોડિયો ઊગ્યે રે આવશે!*

પ્રભાતે આવશે. રાત્રિ તો જાણે વણચાંદલિયે જ વીતશે. આ ક્ષત્રી-સંસ્કારના સ્વરો: સાચા જીવન-સ્વરો. પરણતી કન્યાના અંતરમાં એવા કઠિન લગ્નસંસારની તૈયારી સિંચાય છે. માથું હાથમાં લઈ ફરનારાઓની ઘરનારીઓનો આ રસ-મંત્ર હતો: 'કારે રે આવશે!'

એટલે જ જેના વિજોગ લાંબા હતા અને મિલન જેનાં ઓછાં હતાં. અથવા અચોક્કસ હતાં, તેઓની પ્રીતિએ 'સ્વામીને શું શું કરી રાખું!'ના સબલ શબ્દો કાઢ્યા:

*મારુ! તુંને હાર માંયલો હીરો કરી રાખું રે!*
*મારુ! તુંને મનડાનું માદળિયું કરી રાખું રે!*
*મારુ! તુંને ઉનાળાનો આંબો કરી રાખું રે!*
*મારુ! તુંને ચોમાસાનો ચંપો કરી રાખું રે!*
*મારુ! તુંને શિયાળાની સીરખ કરી રાખું રે!*
*મારુ! તુંને ખમ્માજી! ખમ્માજી! કરી રાખું રે!*

લાક્ષણિક કલ્પનાઓ: પુરુષને કેવો પ્રિય કરી નાખે છે: 'મનડાનું માદળિયું' ખાસ જોરદાર છે: માદળિયું અથવા તાવીજ હમેશાં મંત્રયુક્ત હોઈ અમંગલતા ટાળીને રક્ષા કરનારું મનાય. અને વનવાસીઓની દૃષ્ટિમાં તો ત્રણેય મોસમોની પ્રિયમાં પ્રિય ચીજો તે આંબો, ચંપો અને ઠંડી ખાળતી સીરખ (બનાત) જ હોય ને! એનું નામ 'રેસિ (racy) ઑફ ધ સોઈલ' – સ્વભૂમિને ભાવતો કલ્પના-છોડ: પરભોમ પાસેથી ભાડે લીધેલ યા ચોરેલ નહિ.

એટલે એ સ્વભોમના ('ઈન્ડીજિનસ') સંસ્કારે નિજ લાગણીનું જોર વ્યક્ત કરવા માટે સોરઠમાં એક જુદેરી જ શૈલી શોધી. એ શૈલીને મૂળ આધાર તો મળ્યો દીસે છે 'અન્યોક્તિ' નામના સંસ્કૃત અલંકારનો. પણ પછી તેની ખિલાવટ થઈ. પ્રથમ પહેલાં તો પોતાના ભાવ કોઈ પશુપક્ષી અથવા વૃક્ષ ઉપર ઉતારવો:

*લાંબી ડોકે કુંજડ રાણી!*
*અને તારાં મધદરિયે મનડાં મોહ્યાં રે કુંજડ રાણી!*

પછી એ 'મનડાં મોહ્યાં'ના ભાવને ઘનીભૂત કરવા માટે ઉત્તરોત્તર અનેક જોડલાં ગોતીને આગળ વધે છે:

*કાળી પાંખે કોયલ રાણી!*
*અને તારાં મધદરિયે મનડાં મોહ્યાં રે કોયલ રાણી!*

પછી 'લીલી પાંખે પોપટ રાણા તારાં પાંજરડે મનડાં મોહ્યાં': એટલો ઘાટો એ ભાવ ઘૂંટાયો. પછી એ પિવાડ્યો વર-વધૂને:

*રાતે ચૂડે... વહુ રાણી!*
*ને તારાં .... ગામ મનડાં મોહ્યાં હો ...વહુ રાણી!*
*રાતે રેટે .....ભાઈ રાણા!*
*અને તારાં લાડડીએ મનડાં મોહ્યાં હો ....ભાઈ રાણા!*

મમત્વની જમાવટ કરનારી એવી જુક્તિ તો અનેક ગીતોમાં જોવાય છે:

*પોપટડી રે તોરલો કંથ*
*કાં રે પોપટ દુબળો?*

એનો જવાબ જાણે પોપટી વાળે છે કે –

*દિ'વારે રે વનફળ વેડવા જાય*
*રાતે પોપટ પાંજરે.*

એમ 'હાથણલી તોરલો કંથ કાં રે હાથી દૂબળો?' તો કહે કે "દિ'વારે દરબાર ઝૂલવા જાય, રાતે હાથી સાંકળે": એ ઘેરી ભાવના ઊતરી વર-વહુ પર: 'નાની વહુ તોરલો કંથ, કાં રે કેસરિયો દૂબળો?' જવાબ જડે છે કે "દિ'વારે ઘોડલાં ખેલવવા જાય, રાતે રમે સોગઠે!"

પરણતા પુરુષની માતાની ગમગીની બતાવવા માટે પણ એ જ રચનાનો અંગીકાર થયો. ઉપર જેવો શૃંગાર રસ દીપ્યો તેવો જ કરુણરસ આંહીં દીપે છે –

*તું કાં રે આંબલિયા અણોસરો!*
*કે તારી વસમલી ડાળ*
*કે તુંને પંખીડે દુવેગિયો*
*કે તુંને કોણે દીધી ગાળ!*

નથી મને પંખીડે દુવેગિયો
નથી મને દીધેલી ગાળ!
મારાં આંબુ ને જાંબુ રોષ ચાલ્યાં
તે વિણ શોભા ન પામીએ :

એ જ શૈલીએ સરોવરની ઉદાસી કલ્પી: અને પછી વર-માતાનું અંતર સમજાવ્યું:

તું કાં રે ...બાળ અણસોરી!
કે તારી વસમલી ચાલ!
કે તારે પિયુડે દુવેગિયાં
કે તુંને કોણે દીધી ગાળ!

*

મારાં સાસુ ને સસરો રોષ ચાલ્યાં
તે વિણ શોભા ન પામીએ.

### મેળવણીનું માધુર્ય

પરંતુ રજપૂત ગીત અને વણિક ગીત એવા સીમાડા બહુ વાર ટકતા નથી. સાથે સાથે જોડાયેલા સાગરોનાં નીર તો અણદીઠ્યાં અને અણબોલ્યાં એકબીજામાં આવે છે અને જાય છે, કારણ કે વ્યવસાયો જ્યારે એક હતા ને વ્યવહારો જ્યારે ઘનિષ્ઠ હતા ત્યારે રસદૃષ્ટિ પણ એક બનતી. જે વાણિયા અને નાગરો ક્ષાત્ર કોમોનાં જ કારભારાં કરતા, ભેળા ધિંગાણે પણ ચડતા, તેનાં બૈરાં એ જ ક્ષાત્ર નારીઓના રસથી પ્રેરાઈને આવાં ગીતો ગાય એમાં આશ્ચર્ય નહોતું:

ગોરાં નાની વહુ તે નાના ભાઈને વીનવે,
તારાં ....ગામની સીમડી દેખાડ, રાયજાદા રે
લાલ છેડો લટકાં કરે.

ત્યારે વરરાજાનું વચન કેવું નીકળ્યું ?

તમે આઘેરાં ઓઢો ગોરી ઓઢણાં,
મારા છોગલાને છાંયે ચાલી આવ રાયજાદી રે
લાલ છેડો લટકાં કરે.

આંહીં સીમ નીરખવા માટે નવવધૂની ઉત્કંઠા: વડીલોની મરજાદ માટે જરા ઓઢણું નમતું ઓઢવાનું સૂચન: અને તાપમાંથી બચવા માટે વરના છોગાને છાંયે ચાલવાની વહુને મીઠી શિખામણ: એ બધું રાજપૂત તત્ત્વ છે, કે વણિક તત્ત્વ કે નાગર તત્ત્વ? એ તો છે સોરઠી રસતત્ત્વ. એમાં મેળવણી છે સમગ્ર કોમના સંસ્કારોની.

એવી જ રીતે વરને વ્યંગમાં, ધ્વનિમાં, ઈશારે જે સાચી રસજ્ઞતા શિખવાતી હતી તે જુઓ: ક્ષાત્ર કોમોમાં ઉલટાવી ઉલટાવીને એને કહેવામાં આવતું કે –

આજ રે કાચી કેરીની સોરમ લ્યો રે
કેસરિયા રાયવર ઊભલા રે'જો!
લવિંગે ને લેર્યાં રાયવર
ફૂલડે ને ફોર્યાં રાયવર ઊભલા રે'જો!

કાચી કેરીની તો કેવળ સુગંધ જ લેજો. કાચી વયની પત્નીનો દેહ ચૂંથશો નહિ.

એ જ ગવાયું નાગરમાં:

માઝામાં રે'જો, રાયવર! માઝામાં રે'જો!
આંબાની ડાળ્યે બેઠી કોયલ બોલે,
કાચી કેરીમાં રસ નોયે પરધાન, રાયવર!
માઝામાં રે'જો!

મર્યાદામાં રહેજો. વિવેક લોપતા નહિ. આજે વિવાહરૂપી મદજનક જીવન-પ્રસંગે –

વીરા, તમે દારૂડો પીઓ તો અમિયલ રે'જો, માણારાજ!

*

વીરા, તમે વાડ્યે વળગેલી વેલી આંગણે રોપો, માણારાજ!

*

વીરા, તમે ફૂલેલાં ફૂલડાંની સોરમ લેજો, માણારાજ!

મદછક ન બનજે, અમિયલ રહેજે, પિયરરૂપી વાડ્યે વળગેલી કન્યા-વેલડીને તારે આંગણે ઉઝેરજે, પણ એનાં યૌવન-ફૂલો ખીલે ત્યારે સુગંધ લેજે! એવા વિવેકના સૂર અહીં તહીં વેરાયેલા પડ્યા છે.

## અપહરણના સૂર

આવા રસનીતરતા સંસ્કારોની સાથોસાથ અપહરણની જૂની પ્રથા પણ છપાઈ ગઈ છે. ઊંચી કોમો ગાય છે કે –

આજ અમે ઈડરિયો ગઢ જીત્યા રે આનંદભર્યાં!
આજ અમે ....વેવાઈને રોતા દીઠ્યા રે આનંદભર્યાં!

અથવા તો –

જીત્યા જીત્યા રે મારા સસરાની બેટી
બીજું તે જીત્યા સાયર સાસરું રે, વરલાડડા!

– કન્યાનું અપહરણ એ કરવાનો સંસ્કાર અધિક જોરથી રજપૂતોમાં ગવાયો:

દાદા ....ભા દાદા ઓરેરા આવો
.....ગામડિયાનો ગઢડો કેમ કરી લેશું!
ધમળા ધોડાવશું, રૂપૈયા રેલાવશું
લાડડી સોતો ગઢ ચડી ચોટ લેશું.

આવી શ્યામ ભાત પડે એ સ્વાભાવિક જ છે. લોકલગ્ન એટલે કોઈ પણ જાતનું શુદ્ધ શાસ્ત્રીય લગ્ન નહિ, પણ આઠેય જાતનાં ગણાવેલાં, ઊંચ, મધ્યમ અને કનિષ્ઠ લગ્નોના અનેક સંસ્કારોના સમન્વયને પરિણામે પ્રચલિત થયેલું લગ્ન. એટલે જ કન્યાનું અપહરણ અને કન્યાની તાબેદાર તરીકેની ભૂમિકા જ્યાં ને ત્યાં આ ગીતોમાં ડોકિયાં કરે છે. નવાઈ તો એ છે કે આ અધમ લગ્ન-પ્રથાના સૂરો લગ્ન-ગીતોના આટલા જબ્બર પુંજની અંદર છેક ઓછા છે. મારવાડી અને પારસી ગીતોમાં પણ તપાસશું તો પ્રધાન ભાવના દંપતીના પ્રણયની અને પરસ્પર અનુમતિ-વરની જ તરવરે છે. જ્યાં જોઈએ ત્યાં વિવેક અને સૌહાર્દ જ ગુંજે છે. એ પરથી તો અનુમાન થાય છે કે જનતાએ પોતાના વારંવારનાં સંસ્કાર--પરિવર્તનો વચ્ચે પોતાના પ્રાણને તો ઊંચેરો જ લેવા યત્ન કર્યો છે. સુગંધ સાચવી શકાઈ ત્યાં સુધી દુર્ગંધથી દૂર નીકળવા જ જનતા મથેલી છે. નહિ તો આવા સુગંધભર્યા કાવ્ય--ઓડકાર અખાજનો આહાર કરનારને આવે જ નહિ.

# લોકગીતોની પ્રવાહિતા

*['ચૂંદડી' (ભાગ 2)નો બીજો પ્રવેશક : 1929]*

**લો**કસાહિત્યનું મોટામાં મોટું બળ તે એની સાર્વજનિકતા છે. એ સાર્વજનિકતા જન્મે છે એની પ્રવાહિતામાંથી. યુરોપનું એક લોકગીત દસ-દસ ને પંદર-પંદર પાઠાન્તરો દ્વારા ત્યાંના દેશદેશની ભાષામાં ઊતરી ગયું છે. આપણા ગુજરાતમાં પણ અક્કેક લગ્નગીતે પ્રાંતે પ્રાંતે ભમીને ભિન્ન ભિન્ન પાઠાન્તરો જન્માવ્યાં છે. આપણે પ્રજાજીવનમાં 'રિધમ' (તાલબદ્ધતા) માગીએ છીએ. આપણો અંતરતમ પ્રાણ એક તાલે ધબકતો નથી. પણ એકસૂરીલા આંતરજીવનની સામગ્રી તો આપણું લોકસાહિત્ય પૂરી પાડે છે. એકનું એક ગીત, એકની એક જ કલ્પના, સ્વર અને શબ્દોના વૈવિધ્ય વડે વિભૂષિત બનીને પ્રાંતે પ્રાંતમાં પોતાના પડઘા જગાવે, અને કંઈક શતકો સુધી એ પડઘા શમે જ નહિ, એ દૃશ્ય આપણા ઊંડા બળની સાક્ષી પૂરે છે. એવું કહેવાય છે કે આજે 'ડેડ સી' (મૃત સમુદ્ર) પોતાનાં નીરમાં એટલી બધી કડક ખારાશ ધારણ કરી બેઠો છે કે એમાં જીવનને સ્થાન નથી – નાનું-શું જંતુ પણ એમાં જીવતું નથી. આવડી બધી કડકાઈનું, આટલી બધી અક્કડ પ્રકૃતિનું એક કારણ એ મનાય છે કે મૃત સમુદ્રને પોતાની છોળો બહાર રેલાવવાનું કશું 'આઉટલેટ' (દ્વાર) નથી. એના પ્રવાહો શી રીતે વહે? આડે ઊભા છે પહાડોના ખડકો. મૃત સમુદ્રને ખડકો રૂંધે છે. એના જીવનને ગૂંગળાવી મારે છે. એની કડકાઈનું અભિમાન બેશક પોષાય છે, એનું વ્યક્તિત્વ આજે જગતના સર્વે સમુદ્રોથી હરગિજ જુદું છે. પરંતુ એ વ્યક્તિત્વમાં ગૌરવ તો છે કેવળ મૃત્યુનું, જીવનનું નહિ.

એ જ દશા થાય છે પ્રવાહહીન સાહિત્યની. લોકસાહિત્ય એ સ્થિતિમાંથી મુક્ત રહી શક્યું છે કેમ કે પોતાના વ્યક્તિત્વને ભોગે પણ પ્રવાહીપણાનું તત્ત્વ એણે જાળવી રાખ્યું છે. એ કોઈ ઉત્તમ ચિત્રકારના ચિત્ર જેવું નથી, પણ ગામને પાદર ઊભેલા પાળિયા જેવું છે. ચિત્રકાર પોતાના ચિત્રનો માલિક હોવાથી, પોતાના ચિતરામણમાં એક રેખા કે બે બિન્દુનો પણ ફેરફાર કરવા કોઈને નહિ આપે, જ્યારે પાળિયા ઉપર તો સહુ ગામલોકો પોતાને મનગમતાં સિંદૂર-ચિતરામણો આલેખી શકશે.

લોકગીતોમાં તો કોઈ કર્તાની છાપ ન હોવાથી માલિકીની કડકાઈ નથી, પણ સાર્વજનિકતાની કુમાશ છે. જેને ઊર્મિ ઊઠે તે એમાં નવા રંગો ઉમેરે, નવી રેખાઓ આંકે. પાઠાન્તરોની પ્રચુરતાનો આખો મર્મ એ છે. એણે સહુને ભાવે તેવી છેકભૂંસ ને રંગપુરવણી

કરવા દીધી છે. ઘણે વખતે આ છૂટમાં નધણિયાતાપણાના દોષને લીધે વિકૃતિ નીપજી હશે, પરંતુ તે છતાં એના પ્રવાહીપણાને એણે સજીવન તો બરાબર રાખ્યું છે. એ સજીવપણું કેટલું વ્યાપક છે, તેની થોડીક સમીક્ષા આજે કરશું.

પ્રવાહી સાહિત્યની વિશિષ્ટતા જ આ છે: સમસ્તતાનું – ઊંચનીચ અને ગરીબ-ધનવાન તમામનું એ સહિયારું ધન હોઈ, એ સાહિત્યને સહુ કોઈ પોતાની પીંછી લગાવી પોતાના અંતરતમ પ્રાણમાં જૂજવા રંગો પૂરે, અને એક જ રેખાના ફેરફાર વડે આખો ભાવ પલટી નાખે, નવું જ સૌંદર્ય નિપજાવે: જેમ કે, કાઠિયાવાડનાં લગ્નગીત માંહેનું –

*ઊંચા ઊંચા રે દાદે ગઢ રે ચણાવ્યા*
*ગઢ રે સરીખા ગોખ મેલિયા,*
*ગઢડે ચડીને બાઈનો દાદોજી જોવે,*
*કન્યા ગોરાં ને રાયવર શામળા!*
*એના ઓરતડા મ કરજો, દાદા,*
*દ્વારકામાં રણછોડરાય શામળા!*

– એ ગીત ગુજરાતની કોઈ કાવ્યરસિક ગુજરાતણના લગાર જ સ્પર્શ થકી વિશેષ કાવ્યમય બન્યું:

*ઊંચાં મેડી ને ગોખ જાળિયાં,*
*ત્યાં બેસી કન્યાના દાદાજી કહે રે!*
*દીકરી ગોરાં ને રાયવર શામળા!*
*દાદાજી મોરા! હૈયે ન ધરશો,*
*તડકાને તેજે રાયવર શામળા!*

'તડકાને તેજે રાયવર શામળા!' નવીન જ ઊર્મિ: શામળા રંગની હકીકત જ જૂઠી પડી ગઈ. અથવા કાઠી-ગીત લઈએ –

*મેડીને મોલ બેઠાં મોંઘીબા બોલે,*
*કાં રે દાદાજી! વર શામળો?*
*છેટેથી આવ્યો રજે ભરાણો*
*રજનો ભરાણો રાયવર શામળો.*

— એ ફેરફાર થઈ શક્યો, તેનું કારણ લોકસાહિત્યની પ્રવાહિતા. વહેતું ઝરણું પોતાના માર્ગમાં જેમ આકાશ, વૃક્ષ અને પશુપંખી તમામના રંગો આકારો ઝીલે તેમ લોકસાહિત્યે ભિન્ન ભિન્ન આત્માની ઊર્મિઓ પોતાના પ્રવાહમાં ઝબકોળી લીધી.

એવા જ નજીવા ફેરફાર વડે આપણે કોઈ નવી જ કલ્પનાની લહેર અનુભવીએ છીએ, અને લોકકલ્પનાની સમૃદ્ધિનું સાચું માપ કાઢી શકાય છે. વિદાય વેળાના ગીતમાં –

દાદાને આંગણે આંબલો,
આંબલો ઘોર ગંભીર જો!
એક તે પાન, દાદા, તોડિયું
દાદા! ગાળ નો દેજો જો!

એને બદલે બીજું પાઠાન્તર પ્રગટ થયું:

ડાળ મરડીને દાતણ મેં કર્યું
દાદા! ગાળ મ દેશો રે!

એ 'ડાળ મરડીને દાતણ મેં કર્યું'ની કરુણતા 'એક તે પાન, દાદા, તોડિયું' કરતાં રમ્ય રીતે જુદી પડે છે. ડાળ મરડવાની ક્રિયામાંથી કન્યાનું નિર્દોષ અને તોફાની છતાં ઓશિયાળું બાલસ્વરૂપ નિષ્પન્ન થાય છે.

ભાવ અને કલ્પના એક જ રહેવા દઈ, થોડા થોડા શબ્દના ફેરફાર વડે લોકોએ પોતપોતાનાં વિશિષ્ટ વ્યક્તિત્વવાળાં ભાતીગળ પાઠાન્તરો જન્માવ્યાં: દૃષ્ટાંતો લઈએ:

કાઠિયાવાડી:

વાડીમાં રોપાવ્યો રૂડો કેવડો રે,
ફરતી વવરાવી નાગર વેલ્ય
વેલ્યે વળુંભ્યો રૂડો કેવડો રે
કિયા ભાઈનો મોભી રૂડો કેવડો રે
કિયા વેવાઈની નમણી નાગર વેલ્ય. – વાડીમાં૦

બીજું કાઠિયાવાડી:

કિયે ગામ ગડચાં રે નિશાન
કિયા ગામને પાદર મોરી રાજવણ! તંબૂ તાણિયા રે.
કિયા ભાઈ કેરો રે મોર
કઈ વહુ સુવાસણ મોરી રાજવણ! ઢળકતી ઢેલડી રે

એમાં કોઈક પ્રશ્નોરી રસિકાની એક પીંછી ફરી ગઈ:

મોરને માથે છે મોડ
ઢેલડીને માથે મોરી રાજવણ! નવરંગ ચૂંદડી રે.
મલપતો આવે છે મોર
ઢળકતી આવે છે મોરી રાજવણ! રૂડી ઢેલડી રે.

પ્રશ્નોરા:

દાદા! વર જોજો કાંઈ વાડી માયલો મોર રે!
કન્યા ઢળકતી ઢેલડી રે!
વીરા! વર જોજો કાઈ આષાઢીલો મેઘ રે!
કન્યા ઝબૂકણ વીજળી રે.

સૂરતી:

ઠાકોર, તમે ઠાકોર તમે આષાઢીલા મેઘ,
ત્યારે અમે વાદળ કેરી વીજળી રે.
આપણ બન્ને તે વરસવા જોગ,
ત્યારે ગગન દીસે રળિયામણું રે.
ઠાકોર તમે, ઠાકોર તમે વનના મોરલા,
ત્યારે અમે તે વન કેરી ઢેલડી રે.
આપણ બન્ને, આપણ બન્ને તે ટહુકવા જોગ,
ત્યારે વન દીસે રળિયામણાં રે.

એ રીતે વેલ્ય અને વેલ્યે વળુંભ્યો કેવડો: મલપતો મોર અને ઢળકતી ઢેલડી: ચંપાનો છોડ ને ચંપાફૂલની પાંખડી: આષાઢીલો મેઘ ને ઝબૂકણ વીજળી: દેરા માયલો દેવ ને દેરાસર-પૂતળી: સરોવરના હંસ અને સરવર-હંસલી: આટલાં જોડલાંની નિરનિરાળી ઉપમાઓ, નોખે નોખે ઢાળે ને તાલે યોજીને ભિન્ન ભિન્ન પ્રદેશનાં ગુજરાતીઓએ રાષ્ટ્રીય અભેદને વિવિધતાથી મઢી લીધો. ભાતભાતનાં વેણીપુષ્પોને વીંધી સોંસરવા ચાલ્યા જતા દોરા સરીખો એક જ ભાવ આ ગીતોમાં પરોવાઈ રહ્યો.

પ્રદેશગત પ્રકૃતિ અનુસાર તાલ ફરે, સંગીતરસ જુદો પડે: જેવું કે –

ઘડીએ ઘડીએ લાડણ વહુ કાગળ મોકલે,
રાયવર વે'લેરો આવ!
સુંદરવર વે'લેરો આવ!
તારાં ઘડિયાં લગ્ન રાયવર વહી જશે.
હું પાંદડાંને તોરણ નહિ પરણું,
ઘડી એક વે'લો પરણીશ!
ઘડીયે ન મોડો પરણીશ!

હમણાં હમણાં નાળિયેરી તોરણ નીપજે.

એ કાઠિયાવાડી તાલ સૂર: કોણ જાણે શી રીતે, એવા ઝૂલતા અને પ્રલંબાયમાન તાલ સૂર પ્રશ્નોરી બહેનોને બંધ ન બેઠા, એટલે એમણે એમાં થોડો ફેરફાર કરી લીધો:

ઝટો ઝટ રે વહુ કાગળ મોકલે,
રાયવર વે'લેરો આવ!
સુંદર વર વે'લેરો આવ!
તારાં ઘડિયાં લગન તે રાયવર આવિયાં.

એ જ ગીત પ્રવાસે ચડી ગુજરાતમાં ગયું, ચરોતરમાં પેઠું, અને ત્યાં એના કલેવરનું પરિવર્તન જરાક વિશેષ પ્રમાણમાં થઈ ગયું:

લાડણી તે લખી રે કાગળ મોકલે,
મોટાંના! વહેલા પધારજો – ઘડિયાં લગન લાડી લઈ રહી.
આવીશ પણ આસોને તોરણે નહિ પરણું,
ઘડી એક રહીને પરણીશ, જો મોતીનાં તોરણ નીપજે.

કાગળ લખી મોકલવાની કન્યા-ઊર્મિ કંઈક એટલી બધી પ્રબલ, એટલી આકર્ષક બની હશે કે એનાં તો વિધવિધ કેટલાંયે ગીતો રચાયાં: સૌરાષ્ટ્રમાં એ ઊર્મિએ જાણે કોઈ પાતળી કટિવાળી કાઠિયાણી જેવું શબ્દ-કલેવર ધારણ કર્યું:

લગન બાજોઠડી ને મોતીડે જડિયા
કુંવારી કન્યાએ કાગળ લખી રે મોકલિયા
વેગે વે'લેરો આવે ચોરાશીના જાયા!
આડા છે દરિયા ને સમદર ભરિયા
તે વચ્ચે વહાણ છિપાવે વરરાજા!
વહાણે બેસીને વહેલા આવો વરરાજા!
ચૈતર વૈશાખના તડકા રે પડશે,
ધોરી બળદિયાના પગ રે તળવાશે,
ગોરા જાનૈયા રજે ભરાશે,
ગોરી જાનડિયું શામળી થાશે,
ભાઈ રે વરરાજાનાં ફૂલડાં કરમાશે!

હવે બીજો કાગળ ઉકેલીએ પ્રશ્નોરી રસિકાનો:

લાડડી તે લખી કાગળ મોકલે રસવરણાં રે
રાયાંવર! વેગે પધારો, લાડણ રસવરણાં રે!
હું કેમ આવું એકલો રસવરણાં રે,
મારો દાદોજી શીખ ન દે રે લાડણ રસવરણાં રે!
તમારા દાદાજી સહિત પધારો લાડણ રસવરણાં રે!

ગુજરાતણે વળી જુદું જ પત્ર-લેખન કર્યું:

સલૂણી સંદેશા મોકલે રે,
રાયવર! વે'લા પધારે રેજા ખંડના રે!
હું કેમ આવું, લાડી, એકલો રે!

દાદાજી દુભાય કે રેજા ખંડના રે!
તમારા દાદાને આપું હાથીડા રે
અંબાડી સાથે પધારો રેજા ખંડના રે!

સૂરતી કન્યાએ વળી એ જ ભાવને પોતાના મનપસંદ સ્વાંગ પહેરાવ્યાઃ

કન્યા લાડણી તે લખી કાગળ મોકલે રે, સુણો બનડાજી!
વરણાગિયા તું વર વહેલો આવ, ચત્રભુજ બનડાજી!
કન્યા! હું કેમ આવીશ એકલો રે, સુણ બનડાજી!
મારી દાતણ વિનાની વરજાન, ચત્રભુજ બનડાજી!

આમાં 'બનડાજી' શબ્દ મારવાડી સાહિત્યની અસર બતાવે છે. પણ આ 'વરણાગિયા વર'ની કલ્પના ક્યાંથી આવી પડી? બીજે એક પ્રસંગે કન્યાની પસંદગીના ગીતમાં પણ–

કુંવારી ચડી રે કમાડ
સુંદર વરને નીરખવા રે.
દાદા મોરા, એ વર પરણાવ!
એ વર છે વે'વારિયો રે.

એ 'વેવારિયો' શબ્દ 'વરણાગિયો' બનીને કયે ઠેકાણે પતન પામ્યો હશે? ગુજરાતમાં કેટલેક સ્થળે 'વરણાગિયો' ગવાય છેઃ

લાડકડી ચડી રે કમાડ
સુંદર વરને નીરખવા રે.
દાદાજી, મુજને પરણાવો!
એ વર છે વરણાગિયો રે.

આ આખુંયે ગુજરાતી ગીત સોરઠી ગીતની સાથે લગભગ શબ્દશઃ મળતું છતાં, 'વેવારિયા'માંથી 'વરણાગિયો' જેવું મોટું પરિવર્તન શી રીતે ઘૂસી ગયું? 'વરણાગિયાપણા'નાં ધોરણો વરની પસંદગી માટે કદાપિ કોઈ કન્યાએ વાપરેલાં નથી. કદાચ એ કેવળ ભાષાપ્રયોગનો અકસ્માત જ થઈ ગયો હશે, ને પછી અંધ પરંપરાએ 'વરણાગિયો' જ ગાયા કર્યું હશે એમ જણાય છે. સૂરતી ગીત તો વળી 'વેવારિયો' ને 'વરણાગિયો' બન્નેને ત્યજી

બાપુજી મુજને પરણાવ :
મેં ન્યાળ્યો નિશાળિયો રે.

એમ 'નિશાળિયો' પ્રયોગ કરે છે.

એ જ ગીતમાં અસલની ઓજસવંતી શબ્દ-રચના ગુજરાતમાં જઈ કંઈક કોમળ બની લાગે છે. અસલી પંક્તિઓમાં તો છે આ રીતેઃ કન્યા પોતાના પિતાને કહે છે કે મારી પસંદગીનો યુવાન આવા આવા ગુણો ધરાવે છે –

*ભણતો'તો ભટની નિશાળે*
*અક્ષરે મારાં મન મોહ્યાં રે*
*ઝીલતો'તો સરોવરની પાળે.*
*ચોટલે મારાં મન મોહ્યાં રે.*
*રમતો'તો બવળી બજારે.*
*દડૂલે મારાં મન મોહ્યાં રે.*

એને બદલાવી ગુજરાતે ગાયું કે –

*નિશાળે ભણતેલા દીઠા*
*અક્ષરે મારાં દિલ વસ્યાં રે.*
*સોના ગેડીએ રમતેલા દીઠા*
*દડૂલે મારાં દિલ વસ્યાં.*

પંક્તિઓ પોતાની મેળે જ બોલી ઊઠતી લાગે છે કે સૌરાષ્ટ્રીય શબ્દ-રચનાનાં અસલી જોમ, ઝડઝમક અને મરોડ આ ગુર્જર પરિવર્તનમાં ગુમ થાય છે. તેને સ્થાને નરી કુમાશ બિરાજે છે. એ દૃષ્ટિએ પણ સ્થૂલ પલટામાંથી પરિણમેલા સૂક્ષ્મ સ્વર-પલટા ને શબ્દ-પલટા તપાસતા જશું તો જે જમીનોમાં ગીતોના રોપ ફરતા ગયા તે જમીન વિશેનો ગુણનિર્ણય પણ થઈ શકશે.

'વેવારિયા' તેમ જ 'વરણાગિયો'ને મળતા આવતા અન્ય પ્રસંગો પણ તપાસીએ: ગુજરાતમાં ગવાય છે કે –

*પાટણ રંગી રાયની ચૂંદડી*
*મારા નખમાં સમાય તેવી ચૂંદડી લાડકવાઈ!*
*ઓઢોને રાયજાદી ચૂંદડી!*
*નહિ રે ઓઢું રે રાયવર! ચૂંદડી.*
*મારાં માતાજી દેખે પિતાજી દેખે*
*નહિ રે ઓઢું રે રાયવર! ચૂંદડી.*

ત્યારે વરરાજાનો જવાબ ગવાય છે –

*તમારા પિતાના તેડ્યા અમે આવિયા;*
*તમારાં માતાની લજ્જા લોપો, લાડકવાઈ!*
*ઓઢોને રાયજાદી ચૂંદડી!*

આંહીં વડીલોની લજ્જા લોપીને પણ સ્વીકાર કરવાનો ભાવ લોકગીતોમાં અતિ ઉગ્ર લાગે છે. એ શબ્દ ફેરફાર આકસ્મિક છે કે સમાજની અંદર એક વખત સાચોસાચ આવેલા કોઈ ઉગ્ર મનોભાવનો જ પડછાયો છે, એ પ્રશ્ન આપણને મૂંઝવે છે. સૌરાષ્ટ્રમાં ગવાતા ગીતનો ભાવ ઘણો પ્રશાંત, મંગળ અને મર્યાદામય છે:

મારા નખના પરવાળા જેવી ચૂંદડી
મારી ચૂંદડીનો રંગ રાતો હો લાડડી!
ઓઢોને, સાહેબજાદી, ચૂંદડી
હું તો કેમ કરી ઓઢું રે
સાયબા, ચૂંદડી
મારી દાદાજી દેખે,
માતાજી દેખે...

તમારા દાદાનાં તેડ્યા અમે આવશું,
તમારી માતાનાં મન મો'શે હો લાડડી!
ઓઢોને લાડકવાઈ! ચૂંદડી

*

તમારા વીરાના તેડ્યા અમે આવશું,
તમારી ભાભીના ગુણ ગાશું હો લાડડી. – ઓઢોને૦

અત્યાર સુધીના તમામ સંગ્રહોમાં હવે વેળાસર એક સુધારો થઈ જવો જોઈએ: તે એ કે પ્રત્યેક ગીતનાં તમામ પાઠાન્તરો તપાસી, બેશક પોતાના ગીતના ઢાળ-તાલનું નિરાળું વ્યક્તિત્વ અખંડિત રહેવા દઈને પણ તેનું અધૂરાપણું તો પૂરું કરી જ દેવું ઘટે છે: જેમ કે વડનગરા નાગર-ગીતોના સ્વ. સૌ. બાળા ભોળાનાથે કરેલા સંગ્રહમાં

પાગડલે પગ દઈ ચડો જિયાવર,
બેની તે છેડા સાહી રહ્યાં,

મૂકો મૂકો બેની છેડા અમારા!
તમારા કર અમે આપશું.

એટલેથી જ ગીત સમાપ્ત કરી દેવાયું છે. તેમાં સૌરાષ્ટ્રી ગીતની બાકીની પંક્તિઓ ઉમેરાઈ જવાથી એ ગીતનું સ્વરૂપ અખંડ બને છે:

નાના રે પણથી જેણે લાડ લડાવ્યાં
તેના તે ગુણ કેમ ભૂલશું!

એ જ પ્રમાણે અન્ય સ્વજનોને સંબોધાયેલી પંક્તિઓ પણ ઉમેરાઈ જાય તો તે જ્ઞાતિની બહેનો અખંડ આખાં ગીતો ગાતી થઈ જશે.

એવાં ખંડિત સ્વરૂપનો બીજો વધુ વિકૃત નમૂનો કન્યાને વળાવતી વેળાનાં ગીતોનો છે. સૂરતમાં જઈને એ ગીત આવી અવદશાને પામ્યું:

માંડવે ફટક અજવાળાં રે દીવડી ક્યાં ગઈ રે!
આવ્યો હતો નગર ધુતારો કે લાખેણી લાડી લઈ ગયો રે!
આવ્યો હતો સૂરત શહેરનો ચોર કે લાખેણી લાડી લઈ ગયો રે!

હવે તપાસ કરતાં આ ગીતનું અસલી નિર્મલ સ્વરૂપ જૂનાં બે સૌરાષ્ટ્રી ગીતોમાંથી

જડી આવે છે:

*વળી વળી દાદા પૂછે વાત*
*માંડવ કેમ અણોહરો રે!*
*દીવડો તે હતો બેનીબાને હાથ*
*મેલીને ચાલ્યાં સાસરે રે!*

એક એ ગીત ભાંગ્યું, ને બીજું ભાંગ્યું આ ગીત:

*એક આવ્યો'તો પરદેશી પોપટો,*
*બેની રમતાં'તાં માંડવ હેઠ, ધુતારો ધૂતી ગયો!*
*બેને મેલ્યાં ઢીંગલ મેલ્યાં પોતિયાં,*
*બેને મેલ્યો સૈયરીઓનો સાથ, ધુતારો ધૂતી ગયો!*

આ બન્ને ગીતોની વિકૃત મિલાવટમાંથી પેલું નવું ગીત રચાયું. તેને બદલે બન્નેનું સરલ નિર્મલ સ્વરૂપ અને બન્નેના પ્રવાહી ઢાળ-તાલ આખા ગુજરાતમાં વ્યાપક કાં ન બનાવી લેવાય?

વરરાજાનાં વર્ણન કરવામાં પણ જનતાએ જુદે જુદે સ્થળે પોતાની રુચિનાં પ્રતિબિમ્બો પાડીને લગ્નગીતોના પ્રવાહ બહુરંગી બનાવ્યો છે: સોરઠિયાણીઓ ગાય છે:

*મેઘવરણા વાઘા વરરાજા*
*કેસરભીનાં વરને છાંટણાં*
*સીમડીએ કેમ જાશો વરરાજા!*
*સીમડીએ ગોવાળીડો રોકશે.*
*ગોવાળીડાને રૂડી રીત જ દેશું*
*પછી રે લાખેણી લાડી પરણશું!*

એને વડનગરા નાગરી ન્યાતમાં આવો પલટો મળ્યો –

*તારી ચંપકવરણી ચાલ લાડીવર!*
*કેસરવરણાં છાંટણાં!*
*તમે ચૌટડે નવ જાશો લાડીવર!*
*ચૌટાના શેઠિયા હઠ કરે.*
*અમે ચૌટાના શેઠિયાને દાણ દઈને*
*કુંવારી કન્યાને પરણશું.*

આ બન્ને પાઠોમાં આપણે નિષ્પક્ષ વિવેક વાપરીને જોઈએ: આપણને પહેલો પાઠ વધુ સરલ, પ્રવાહી ને સુગ્રાહ્ય જણાશે. બીજામાં તાણીતૂંસીને પંક્તિ પૂરી કરવા જેવું જણાય છે. પાઠાન્તરો જ્યારે આટલાં સમાન હોય ત્યારે તો આપણી સ્મરણશક્તિને, રસવૃત્તિને તેમ જ શ્રવણેન્દ્રિયને સહેલું થઈ પડે તેવું એક જ ગીત આખી ગુજરાતમાં સ્વીકાર પામી શકે તેવી ભલામણો થવી જોઈએ.

## મારવાડી ગીતો

આવી રીતે પ્રવાસે ચડેલાં ગીતો ગુજરાતમાં જ ગયાં એમ નથી. ગુજરાતના સીમાડા ઓળંગી, પાલનપુરની પેલી બાજુની નાની મારવાડમાં પણ નિવાસ કરી બેઠાં છે. અથવા ખરી વાત તો એ હોવી જોઈએ કે સૌરાષ્ટ્રની ઘણી ઘણી કોમો મારવાડ પરથી જ આંહીં આવીને વસેલી હોવાથી ત્યાંનાં જ ગીતો આંહીં આવીને વસ્યાં હોય. કેટલાંક તો શબ્દશઃ એ-નાં એ જ રહ્યાં છે. ફક્ત મારવાડી વ્યાકરણની નજીવી છાંટ છે અને સૂરો જુદા રહેલા છે. આ રહ્યું –

*આંગણે ઢાળો રે બાજોઠી*
*ફરતી મેલો રે કંકાવટી.*
*તેડાવો જોશીડારો બેટો*
*આજ મારે લખવી રે કંકોતરી.*
*બાંધો મારે રાવતા ભાઈ રે છેડે*
*જાવું મારે આણંદીબારે સાસરે.*
*વીર! હું તો છોરુડે વળૂંભી*
*આંગણે આયો વીર નો ઓળખ્યો.*

આ આખુંયે ગીત કાઠિયાવાડમાં પંક્તિએ પંક્તિ ગવાય છે. પણ શબ્દનો મરોડ સોરઠી ગીતમાં સંપૂર્ણતાએ પહોંચ્યો છે. એ જ પ્રમાણે આ સોરઠી ગીત –

*સૂડલા કોયલડીને વીનવે રે :*
*આવી રૂડી આંબલિયાની ડાળ*
*સરોવરિયાની પાળ*
*મેલીને કોયલ ક્યાં ગ્યાં'તાં રે!*
*શીળાં ...ભાઈનાં માયરાં રે,*
*તીયાં રૂડા માંડવા નખાય*
*રૂડી કન્યા પરણાય*
*જોવાને અમે ત્યાં ગ્યા'તાં રે.*

એ જ ગીત મારવાડ તરફ આમ ગવાય છે:

*સૂડલો પૂછે રે કોયલડી,*
*આવી રૂડી આંબલિયારી ડાળ*
*મેલી રે શીદ ચાલ્યાં :*
*રૂપાભાઈએ વિવા આદર્યો*
*કંકુડારો હુવો રે સકાળ*
*જોવા રે અમે સાંચર્યાં :*
*નાળિયેરરો હુવો રે સકાળ*
*જોવા રે અમે સાંચર્યાં :*

એ જ રીતે સોરઠી ગીત –

મોર, તારી સોનાની ચાંચ
મોર, તારી રૂપાની પાંખ
સોનાની ચાંચે રે મોરલો મોતી ચરવા જાય.

એ ગીતને મારુ લોકો આ રીતે ગાય છે –

મોર, થારી સોનારી પાંખ
રે મોર, થારી સોનારી પાંખ!
સાવ રે સોનારા મોર, થારે પાંખડા.
કોટે ને કરકરિયાળો વાઢલો હો!
વેવાઈ મારા સૂતો હોય તો જાગ

તમારો તેડાવ્યો રાયવર આવ્યો, માણારાજ

લાડી, થારો બાવોજી દેખાડ
અમારો બાવોજી જાડે માંડવે હો!
અમારો બાવોજી દોઢે દાયરે હો!

આવા ફેરફારો સહિત એ પ્રચલિત છે. અને બીજાં ગીતો એવાં છે કે જેમની ઉત્પત્તિ તદ્દન સ્વતંત્ર હોવા છતાં પણ આપણને એમાં આપણા જ ભાવોનું નવે સ્વરૂપે દર્શન થાય છે.

આપણે કન્યાના વિદાયકાળનાં બે-ત્રણ ગીતોમાં વરનું કન્યા પ્રતિનું વિનવણીભર્યું, પ્રેમ છલકતું, કરુણ સંબોધન ગાઈએ છીએ:

(1) આછેરું કંકુડું ઘોળ્યે રે લાડી
આછલી પીળ્ય કઢાવું.
તારી માતાના ખોળલા મેલ્ય રે લાડી
....બા સાસુ દેખાડું.

(2) મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં રે
મેં તો કાચનાં જડિયાં કમાડ રે હો લાડડી!
હજી રે સમજ મારી કોયલડી!

આવા જ ભાવ ઝીલતાં મારુ ગીતો તપાસીએ:

(1) ઝાલી રે રાણી! હાલો ને આપણે દેશ કે
આંબા રે પાકા રસ ઢળે!
સોઢા રે રાણા! મેં કેમ હાલું થારે[1] દેશ કે
બાવાજી[2] વોણું નહિ ગમે.
બાવોજી રે થારા આળજંજાળ કે
સાચો સગપણ દોય જણાં!

---

[1] તારે. [2] પિતા.

(2) બનડી[1]! થારે સાસરેજી ડોલર[2] બાંધિયો
બનડી! હીંડારે[3] ઉમાટે વેલી આવ રે

મારા હરિયા વનરી કોયલડી!
લાડી! આંબા પાક્યા ને કેરી રસ ઢળે
લાડી! જામફળનો વડો રે સવાદ
મારી હરિયા વનરી કોયલડી!
લાડી! છોડો માતારી ચટુ આંગળી
લાડી! છોડો બાવાજીવાળો હેત
મારી હરિયા વનરી કોયલડી!
(3) મેં તો થારા જીવન વની[4]! કારણીએ,
મેં તો છોડ્યાં બાવાજીવાળાં[5] હેત
હાલોને વની! વાઁગા[6] મેં.

એ આપણા સોરઠી સૂરો સાથે કેવું મળે છે:

મેં તો દાદા મોરાને દૂભવ્યા રે
તારા આછા ઘૂંઘટડાને કારણ હો લાડડી!
હજી રે સમજ મારી કોયલડી!

અને લગ્નની સંધ્યાએ પોતાની વાટ જોઈને એકીટશે માર્ગ પર નીરખી રહેલી 'મરઘાનેણી'ને જાણે મારુ દેશનો 'વનો' (વર) દૂર દૂરથી સમાચાર દેવરાવે છે કે આવું છું!

આવાશાં મારી મરઘાનેણી!
આવાશાં હો રે!
રે ઘોડારી ઘમસાણે
હાથી ઝુલેતા, નાળેરાં દેતાં
આવાશાં હો રે!
આવાશાં મારી પિયર-પૂરી!
આવાશાં હો રે!

આવું છું, ઓ મારી મૃગનયની! હું આવું છું. આ ઘોડેસવારોની ઘમસાણ વચ્ચે, ઝૂલન્તા હાથીઓની વચ્ચે, સૌને નાળિયેર દેતો દેતો આવું છું હો મારી પિયરવંતી! એકના એક ભાવનાં મોજાં લોકજીવનના માનવ-સાગરની કેટલી કેટલી આઘેરી પાળે જઈ જઈને અથડાયાં છે, તે જોઈ જોઈને સાચાં લોકસમાજ પરત્વેનું, કલ્પનાઓ પરત્વેનું, રસ અને સૂરો પરત્વેનું એકતાલું અને એકસૂરીલું જીવન નજરે પડે છે. એક જ તાલે અનંત તરંગોને નચાવતો મહાસાગર કલ્પનાઓમાં ખડો થાય છે.

---

[1] વહુ. [2] હીંડોળો. [3] હીંડોળો. [4] કન્યા. [5] પિતાનું. [6] બાગ.

## પંજાબી લોકગીતો

આ સમાન સૂરોની શોધે ચડતાં પહેલાં આપણો પગ છેક પંજાબની ધરતી પર ઠરે છે. શ્રી સન્તરામ (બી.એ.) નામના એક બંધુએ 'પંજાબી ગીત' નામનાં કુલ 286 જેટલાં ભિન્ન ભિન્ન અવસરનાં પંજાબી ગ્રામ્ય ગીતોનો એક સંગ્રહ પોતાની ટીકા તથા અર્થો સહિત 1927માં પ્રગટ કરેલો છે. તેની અંદર ઊતરતાં સાનંદ સમજ પડે છે કે 'પંચસિંધુ'ના પ્રદેશ પરનો લોકસમાજ એના રીતરિવાજો, કાવ્યોદ્‌ગાર અને ભાષાપ્રયોગોને હિસાબે આટલે દૂર પડેલા ગુજરાત-સૌરાષ્ટ્રના લોકસમાજ સાથે કેટલું બલવાન સામ્ય ધરાવે છે. સૌરાષ્ટ્રમાં ઊતરી આવેલી અમુક જાતિઓએ પંજાબમાં પણ પોતાના મુકામ કંઈ વર્ષો સુધી કર્યાનું કહેવાય છે. અને સાહિત્ય તથા સંસ્કૃતિનાં આ બધાં સામ્ય-ચિહ્નો એટલાં આબાદ રીતે ઝલકે છે કે એ માન્યતાને મજબૂત પુષ્ટિ મળે છે. આપણે દૃષ્ટાંતો વડે તપાસીએ:

આપણાં લોકગીતોમાં માલણનું સ્થાન ઘણું માનવંતું છે. ફૂલો વિના લગ્ન મહેકે શાનાં? માલણ તો ઠરી મંગલ રસપાત્ર: એટલે જ એનો મહિમા –

*ગુજરાતથી માલણ આવી રે*
*સવા લાખની વાડી રોપાવી રે.*
*કોરે કરમલડી રોપાવો રે*
*વીણી ચૂંટીને છાબ ભરાવો રે!*
*લાવ્યે લાવ્યે માલણ! અમે લેશું રે*
*લાડકડાના પસ ભરી લેશું રે.*

એવાં ગીતોમાં ગવાયો છે. એ જ રીતે પંજાબી ગીતોમાં પણ ફૂલવાળી ફોરે છે:

*મૈં તૈનુ માલન આખેઆ નીં તુ બડેઓ સવેરે આ.*
*આઓ ની બડેઓ સવેરે આ!*
*બડેઓ સવેરે આય કે નીં બાઁગા દે બિચ ફેરા પા,*
*પાઓ ની, બડેઓ સવેરે આ!*

[હે માલણ, મેં તને કહ્યું છે કે તું વહેલી સવારે આવજે. આવીને બાગમાં ફરજે. રોપેરોપને પાણી પાજે.]

બીજા પંજાબી ગીતની અંદરની આ પંક્તિઓ:

*પૂછદી તાઁ પૂછદી નગર બહુટ્ટી વે,*
*કિસ રાજે દા કેહડા ઘર આઁ!*
*ઉચડી માડી રામ ઉસારી,*
*સિખર ઝલન્દા લાલ દીવા, વે આઁ!*

[નગરમાં જઈને માલણ પૂછે છે કે અમુક મહાશયનું ઘર કયું? (ઉત્તર મળે છે કે) રામની કૃપાથી બનેલી આ ઊંચી મેડી કે જેના શિખર ઉપર લાલ દીવો બળે છે.]

એ જ પંક્તિઓનો ભાવ ઝીલતી ગુર્જર પંક્તિઓ આ રહી –

છાબ ભરી ફૂલડે માળણ આવે
ઘર રે પૂછે રે વિવા ક્યાં હવા રે.
ઊંચલી ખડકી ને નવલાં કમાડ રે.
ગોખે જાળિયા મંદિર માળિયાં રે.

તે પછીનાં અન્ય પંજાબી ગીતમાં પણ માળીના મહિમા-સૂર બરોબર આપણા સૂરોને જ ઝીલતા જોવાય છે.

આપણે ત્યાં વરઘોડાનાં ગીત છે, તેમ પંજાબને પણ 'ઘોડિયાં' નામનાં વરઘોડા-ગીતો લાધ્યાં છે. આપણાં ગીતોમાં વરની બહેન ઓછી ઓછી થઈને ગાતી આલેખાઈ છે કે –

કેસરિયા! ચડો વરઘોડે;
ચડો વરઘોડે ને લાલ અંબોડે – કેસરિયા૦
મીઠડાં લઉં તારા માથાની મોળ્યે – કેસરિયા૦
ધન્ય તારી માતા મોડબંધી આવે – કેસરિયા૦
ધન્ય તારો દાદો ફૂલેકામાં મહાલે – કેસરિયા૦

અથવા કાઠી-ગીત –

વા'લો વીર વર ઘોડલડે ચડે ને હું તો જોઈ રહી છું;
વા'લા વીર! જોયાં તમારાં પિત્તળિયાં પલાણ રે
ભમરલો તો બહુ રમે!
વા'લા વીર વાઘા પે'રે ને હું તો જોઈ રહી છું;
કેસરિયા! જોઈ તમારી પાતળડી પરોંઠ રે. – ભમરલો૦

['ચૂંદડી']

આ ગીતોના સૂરો ને શબ્દો શું સોરઠિયાણીઓ પંજાબમાંથી લેતી આવી હશે! કાઠીઓ પંજાબ ઉપર થઈને સૌરાષ્ટ્રમાં ઊતર્યા એ માન્યતાને શું આથી સાક્ષી મળે છે! જુઓ, પંજાબી 'ઘોડિયાં'નું ગીતઃ

ઈક તેજન ઘોડી વે કેહડેંઆઁ દેસાં તે આની વે!

*

ઘોડી કૌન જો ચઢેઆ બે પહન કે કપડે સારે!
માઁ તેરી દેખ રહૌંસી બે, કૌન્ત જાની પુત્ત લાડા વે.

[આ તેજણ ઘોડી કયા દેશમાંથી આણી છે? ઘોડી પર વસ્ત્રાભૂષણ પહેરીને કોણ ચઢ્યું છે? પતિને જાનૈયો બનેલો તેમ જ દીકરાને ઘોડીએ ચડેલો દેખીને તારી માતા જોઈ રહી છે.]

બીબા વે તેરે સિર દા ચીરા, ચંદા વે કલગી લગે પ્યારી.
પૈણ બૂંદોં ભરે ક્યારી બીબા વે વર્ષા લગે પ્યારી.
બીબા વે તેરે હેઠલા ઘોડા ચંદા વે કાઠી લગે પ્યારી.

[હે વહાલા (વીર)! તારા માથાની કલગી બહુ સુંદર લાગે છે. બિન્દુઓ ઝરે છે, ક્યારી ભરાય છે, વર્ષા પ્યારી લાગે છે. તારો ઘોડો, એનું પલાણ વગેરે પ્યારાં લાગે છે.]

**એવા જ ભાવો ઝીલતાં આવાં ઘણાં 'ઘોડિયાં' નામક ગીતો જોવામાં આવે છે. જેવાં આપણે ત્યાં કન્યા વરને પત્ર લખતી હોવાના ભાવવાળાં ગીતો, તેવા છેક પંજાબમાં પણ પ્રચલિત છે –**

*બન્ની ને ભેજિયાં ચીરિયાં રજાદીને ભેજિયાં ચીરિયાં,*
*બન્ના, તૂં લટકેન્દડા આઓ બન્ના!*
*મેરા રાઓ રજાદી દા જીવે બન્ના! [1]*
*કિકરોંઆમાં બન્ની મેરીએ, લટકેન્દી ની બેસર બાલિયે,*
*છનકેન્દેની ચૂડે બાલિયે બન્ની [2]*
*મૈં તેરા સાહા સુધાયા, બન્ના!*
*મેરા રાઓ, રજાદી દા જીમેં બન્ના!*
*સાહા સુધાવે મેરા બાબલ, પીધે દે જાવે મેરા બાબલ,*
*તું લટકે સિરગસ્ત ચુવે, મુખ પાન ચંબેદડા આઓ બન્ના*
*મેરા રાઓ રજાદી દા જીવે બન્ના!*

[પંજાબી ગીત : 63]

[બનરીએ, રાયજાદીએ કાગળ મોકલ્યો કે હે વરરાજા! ખૂબ ચટક-મટક સાથે તું મારે ઘેર આવ.

હે લટકતા નકવેસરવાળી અને રણઝણતી ચૂડીવાળી! હું શી રીતે આવું?

હે બનરા! મેં તારું લગ્ન-મુહૂર્ત જોવરાવ્યું છે. તું મારો પતિ છે. તું આવ. મારા બાપ લગ્ન મુહૂર્ત જોવરાવે છે, જોષીને ઘેર જાય છે, શિર પર મુકુટ પહેરીને તું મોંમાં તાંબૂલ ચાવતો આવ!]

**ભાવ અને કલ્પના પરત્વે તો ઠીક, પરંતુ કેટલાંક પંજાબી ગીતો તો શબ્દશઃ આપણાં ગીતો સાથે મળી રહે છે. દૃષ્ટાંતઃ**

**1**

## સોરઠી

*ઊંચા ઊંચા રે દાદે ગઢડા ચણાવ્યા,*
*એથી ઊંચેરાં ગઢના કાંગરા રે.*
*કાંગરે ચડીને બેની ....બા જોશે,*
*કેટલેક આવે વરરાજિયા રે.*
*પાંચસે પાળા દાદા! છસેં છડિયાતા,*
*ઘોડાંની ઘૂમણ વરરાજિયા રે.*

### પંજાબી

કોઠે તાઁ ચઢકે બાબલ દેખન લાગી
કિતની કુ આઈ જનેત
આ હો-રે બાબલ કિતની કુ આઈ જનેત
હાથિયાં લખ એક આએ, ઘોડે ઓ લખ દો આએ,
આ હો રે લાલા! જાની માની લખ ચાર.

[કોઠે ચડી કન્યા જોવા લાગી કે કેટલીક જાન આવી! એક લાખ હાથી, બે લાખ ઘોડા, ચાર લાખ જાનૈયા આવ્યા છે.]

## 2

### સોરઠી

અમે રે ઘેરે સાજનિયાં ભલે આવ્યાં રે
સાજનિયાંને દાતણિયાં દેવરાવો રે!

### પંજાબી

હમ ઘરે સાજનડે આયે રામ
મનો પ્યારડે આયે રામ.

## 3

### સોરઠી

દાદા! અમે રે ગોરાં ને રાયવર શામળા!
એવો મનમાં લાગ્યો સંદેહ
રે રાયજાદી! રે સાહેબજાદી તે ચડિયાં મેડિયે.

**અથવા**

મેડીને મોલ બેઠાં મોંઘીબા બોલે
કાં રે દાદાજી! વર શામળો!

### પંજાબી

બાબલ! ઈક મિનું પચ્છોતોડા બડાઈ
મૈં આપ ગોરી વર સૌંલા ઈ!

[બાપુ, મને એક મોટો સંતાપ છે કે હું ગોરી ને વર શામળો કેમ!]

4. શબ્દશઃ સામ્ય ધરાવતા ગીતનું એક દૃષ્ટાંત તો આબાદ જડે છેઃ આપણે ગાઈએ છીએ કે –

*મરઘાનેણીનો વર ઊતર્યો વાડીએ રે;*
*હું તો શેને રે મશે જોવા જાઉં રે!*
*સંઘાડે ઉતાર્યો રા'નો ઢોલિયો રે!*
*હું તો હાથમાં લઉં ફૂલ-છાબડી રે*
*હું તો માળીડાની મશે જોવા જાઉં રે. – સંઘાડે૦*

એટલે કે મૃગનયની કન્યા અને વરને નીરખવા માટે સ્ત્રી જુદે જુદે વેશે જવાની કલ્પના કરે છેઃ એ જ ભાવ – બલ્કે એ જ શબ્દો પંજાબમાંઃ

*હાથ લમાઁ ફૂલ્લાં છાબડી, માલન હોકે જાગ ની*
*મેરા રામ લછમન આયા.*

[હાથમાં ફૂલછાબ લઈને માલણ વેશે જાઉં. મારા રામ-લક્ષ્મણ આવ્યા.]

5. આપણે 'વરણાં'નાં ગીત; તેઓને 'બરી'નાં ગીતઃ સરખે જ શબ્દે એ-નો એ ભાવ ગુંજે છે. આપણે ત્યાં લગ્ન સમયે ગવાય કે –

*બા'ર પધારો સોરંગ સુંદરી!*
*આંગણે અલબેલો ઊભા રહ્યા.*
*હું કેમ આવું શાણા હો લાડડા!*
*અમને અમારો દાદો દેખશે!*

એ ગીતને પણ શું આપણે પંચ સરિતાને તીરેથી આપણું પરમ ધન સમજીને લેતા આવ્યાં હશું? હા, જુઓ –

*બહાર આ રાની રાધિકે! કાન્હ લગની આઈયા*
*વે મૈં કિક્કુર આમાં મેરે કાનજી! મૈં તાઁ બાબે તે સરમૌની અઁ.*

[હે રાણી રાધિકે! તું બહાર આવ. તારો કાન લગ્ન કાજે આવ્યો છે. હું કેમ કરીને આવું મારા કાનજી! મને મારા પિતાની શરમ આવે છે.]

ઝીણવટથી જોવા બેસીએ તો આ સામ્યની અનેક રેખાઓ જડી રહે છે.

ગુજરાતમાં 'ખાયણાં' નામનાં જે ચાર-ચાર ચરણનાં મુક્તકો ગવાય છે (એનો નિબંધ આગળ આવશે) તેને અને પંજાબી ગીતોને કેવું સામ્ય છે તે આગળ જોશું.

આમ જોવાથી પણ ખાતરી થશે કે સોરઠી, પંજાબી અને ગુજરાતી પુત્રી-વિદાયના વિલાપ-સ્વરો એક જ ધરતીના કંઠમાંથી પ્રથમ પ્રભાતે ફૂટ્યા હશે, અને પછી પરિભ્રમણ કરતાં કરતાં નવનવી પૃથ્વીનાં રંગો અને સુવાસો સજતા ગયા હશે. પંજાબી લોકસાહિત્યની અંદર સવિશેષ ઊંડાણે જવાનું આ એક જબ્બર પ્રલોભન ઊભું થાય છે. જ્યાં જ્યાં આવું

મળતાવડાપણું જડે છે ત્યાં ત્યાં સેંકડો કોસનું સ્થૂલ અંતર ભેદાઈ જઈને સંસ્કૃતિની નિકટતા અનુભવાય છે.

## ભીલોનાં લગ્નગીતો

કેટલાંય વર્ષો પર મળેલી ભીલોનાં લગ્નગીતોની એક હસ્તપ્રત; લોકસાહિત્યનો બાકી રહેલો પ્રદેશ ફરી તપાસું છું, હસ્તપ્રતોનાં જીર્ણ પાનાં ઉખેળું છું, તેમાંથી આ ભીલ-ગીતોનાં પાનાં જડે છે. મોકલનાર ભાઈનું તો નામ પણ જડતું નથી.

*આવી રૂડી સરોવરની પાળે*
*નાળિયેરી લુમે ઝુમણે રે મારા રાજ;*
*કાચી નાળિયેરી શીદ વેડો રે*
*એ કઈ પેરે પાકશે મારા રાજ!*
*એને વેડનાર ચતુર સુજાણ*
*સુઘડદેનો સાયબો મારા રાજ!*

398.2
MEG
G: 78569

ઉપર ટાંકેલી પંક્તિઓનો મર્મ પકડી શકાય છે ને? કાચાં કે અધકચરાં ફળો ચૂંટવા સામેની આ ચેતવણીમાં ભીલ જેવી અભણ કોમનું સમાજશાસ્ત્ર બોલે છે.

પરણવું એટલે પરિપક્વ ફળને વેડવાની જુક્તિ. બાળ-લગ્નો અને બૂઢાં-લગ્નો તો બામણ-વાણિયામાં પેઠાં હશે સૌ પહેલા. પ્રકૃતિને ખોળે જીવન જીવનારો વનવાસી તો પોતાના ધંધામાંથી જ જીવનના મર્મો ભણે છે. કાચું ફળ ચૂંટાયા પછી કઈ રીતે પાકશે? સુઘડદે નામની કન્યાનો સાયબો તો ચતુર સુજાણ છે. એ અપક્વ વયની પત્નીનો વિકાસ નહિ રુંધી નાખે.

કાચું વેડાય તો કમબખ્તી થઈ જાય; અને કાચી વયે ઝાડને ફળ બેસે તે પણ વહેલાં વિનાશની નિશાની. એક ખેડૂતના બાગે બનેલો એક પ્રસંગ યાદ આવે છે: દાડમડીઓનું આખું વન દેખાડીને એ ખેડુ કહે કે આને અમે હમણાં પાણી નથી પાતા. કેમ, ભાઈ? તો કહે કે હજુ એની અવસ્થા નથી પાકી. જો આજથી ફળ બેસવા લાગે તો ફળની જાત સુધરે નહિ. અમે જાણીબૂજીને એને પાણી ન આપીએ.

આટલું બોલીને થોડી વાર એ શરમાઈ રહ્યો. પછી એનાથી ન રહેવાયું. મારી શરમ એણે જ તોડી. મારે હોઠે હતું તે એણે જ કહી નાખ્યું: "ઈ તો ભાઈ, આપણા માણસુંના જેવું જ આ ઝાડવાંનું."

ભીલોનું લગ્નગીત બીજું –

*પીપળાનું પાન બોલે ધડાધડ*
*કે વડલાનું પાન રે મૂંગું રે*
*છોકરાના બાપા બોલે ધડાધડ*
*કે છોરીના બાપા રે મૂંગા રે*

કન્યાના બાપને મુખે કેવડાની ફોરમ જેવું મીઠું મૌન: અને પીપળાનાં પાંદ પવનમાં ખડખડાટ કંઈ કમ કરે છે? વરના બાપનો બબડાટ અને કન્યાના પિતાનું મૌન, બેઉને વ્યક્ત કરવા ભીલો જેવી જાતિએ પાંદડાની ઉપમા શોધી:

*સોનીડાની ગલીઓમાં આવ બંધવા!*
*સોનીડાની બેટી તો ફૂલ ભરી પેટી*
*પેટી ઈંદોરા ખાય બંધવા!*

*સોનીડો જાગ્યો આખી રાત બંધવા!*
*ઝવેરભાઈના ટોડલાને કાજ બંધવા!*

સોનીની બેટીને ફૂલ ભરી પેટી કહી. પણ 'ઈંદોરા ખાય' એટલે યૌવનના હીંચોળા ખાય કે બીજું કંઈ? કે 'ઈંદોરા' એટલે ઉંદરડા? મને ઉંદરડા વધુ બંધબેસતું લાગે છે. કેમ કે સોનીને આખી રાત જાગવું પડે છે. બેટીરૂપી ફૂલપેટીને ઉંદર ખાય, એટલે શું યૌવનના વિકારો પ્રત્યે નિર્દેશ છે?

એવા જ બીજા ગીતમાં –

*સોનીડાની બેટી તો ફૂલભરી પેટી*
*હાથમાં રેશમી રૂમાલ બંધવા!*

સાદામાં સાદી ક્રિયાને પણ આ ગીતો ઉપમા વડે સુંદર બનાવી લેવાનું ભૂલતાં નથી –

*ચાંદો તો ફરે રે ઉતાવળો*
*ચાંદરણી તારે તે કાજ રે*
*લલ્લુભાઈ તો ફરે રે ઉતાવળો*
*દીકરો પરણાવાને કાજ રે.*

પરણાવવાની દોડાદોડ એક રીતે સાવ જ શુષ્ક વ્યાપાર છે, પણ સંસાર-જીવનની શુષ્કતા પર સાહિત્ય જાણે કે 'વારનીસ'નો એક હાથ મારી લે છે. આખી ક્રિયા હળવી ને રસભરી બની જાય છે –

*ચાંદો તો ફરે ઉતાવળો*
*ચાંદરણી તારે તે કાજ રે*

એ પંક્તિઓ કાયમને માટે યાદ રહી જશે.

ભીલોનાં કેટલાંય લગ્નગીતો સોરઠી લગ્નગીતોના જ જાણે કે છિન્નભિન્ન અવશેષો છે. પરંતુ અમુક ગીતો એમના પોતાના જ જીવનની પેદાશ છે. દાખલા તરીકે, આ ગીત મને બીજે ક્યાંય નથી મળ્યું –

મધ બેઠું રે ઝીણી કંબોઈની ડાળે
માદળિયું રે રળિયામણી
મધ પાડે રે છોડી, તારા ભાયા – માદળિયું રે૦
મધ ખાશે રે છોરી મારા રે ભાયા – માદળિયું રે૦
પડિયા ચાટે રે છોરી તારા ભાયા – માદળિયું રે૦

આ એક વિનોદ-ગીત છે. મધ પાવું એ આપણી કોમોની ક્રિયા નથી. ભીલો અને વાઘરીનો એ વ્યવસાય છે. કદાચ સોરઠના વાઘરીઓમાં એ ગીત હોય ખરું. છતાં પરિહાસના આ જ ભાવને સોરઠી લોકોએ જુદી રીતે નીચલા ગીતમાં પ્રગટ કર્યો છે. આંહીં કન્યા પતિનો પરિહાસ કરે છે –

કૂવામાં કારેલડી ને અવેડામાં વેલ્ય
કાના નાગરવેલ્ય, નાગરવેલ્ય.
એક કારેલું તોડય, એને ઝીણેરું સમાર – કાના૦

ઝીણેરું સમાર અને ધીમેથી વઘાર – કાના૦
જમશે મારો વીર અને પરણ્યો પાયા હેઠ – કાના૦

['રઢિયાળી રાત']

સંવનનનાં ગીતો જેમ સોરઠમાં છે તેમ જ ભીલોમાં છે. મારી પાસેની હસ્તપ્રતમાંથી એક નમૂનો જડે છે –

ગામ પાછળ વાડી કસુંબાની વાડી
એવી તો જમની ફૂલ લેવા આવી
ફૂલ લીધું ફળ લીધું વર જોયો નાનો
મોટો જોયે તો મારા મનોરભાઈને લીજો

[જમની નામની કન્યાએ ફળ-ફૂલ લેવાને બહાને આવીને વર પસંદ કરી લીધો. હે કન્યા! જો મોટી વયનો વર જોઈએ તો મારા મનોરભાઈને લેજે.]

સોરઠી લગ્ન-ગીતોમાં પ્રભાતિયાં હોય છે. પણ આ પ્રભાતગીત ભીલોનું જ હોવું જોઈએ એમ આપણે એકદમ કહી શકીએ, કારણ કે –

મરઘડિયું વા'ણું વાતાં સૂતાને જગાડે રે
મરઘડિયું લેરે લેરે ભાયાને જગાડે રે
ભાયાજી એક વાર સૂરત જાજો રે

'મરઘડિયું' એટલે મરઘો, કૂકડો. ભીલોનાં એ પાળેલાં પક્ષીઓ હોય છે. આપણાં સોરઠી ગીતોમાં તો કૂકડો એક અમંગલ ઠેકાણે જ આવે છે. એ છે આપણું મૃત્યુ-પ્રસંગનું રાજિયા-ગીત:

મરઘે એના દાદાને જગાડિયા
દાદાજીને છેલ્લા જુવાર રે
મરઘો બોલ્યો તે વેરણ રાતનો.

તે સિવાય ભીલ-ગીતોમાં –

ચાંદા અજવાળે મારું દલ
આછોદ જઈ આવ્યું
આછોદની હાંસડી વા'લી લાગી
મારું દલ હરખે ભરાયું.

એવાં શણગાર-ખરીદીની અતૃપ્ત રહેતી ગરીબ દિલની ઉત્કંઠાનાં ગીતો મીઠાં છે. એવું જ મીઠું વધાવાનું ગીત છેઃ

સખી પેલો વધાવો મારે આવિયો
મેં તો મોકલ્યો મારા દાદા દરબાર

રે ઈંદરવણીને મો'લે દીવા બળે

'ઈંદરવણી' એટલે કેવા વર્ણની? ઈંદ્રામણા ફળના રંગની?

આપણાં ગીત્તોમાં પુરુષ સગાં તો ઘોડાં ખેલવતાં જડે છે, પણ 'ઘોડા ખેલવતી' સ્ત્રીને જોવી હોય તો ભીલ-ગીતમાં જોઈ લ્યોઃ

ઝીણી લખજો વીરા મારા કંકોતરી
તે કંકોતરી જણોર ગામ મોકલો.

જણોર ગામની રાણી કંકુબેન આવશે
ઘોડલાં ખેલવતી કંકુબેન આવશે.

અને એની પછવાડે

ગધેડું ભૂંકવતો નાગજી જમાઈ આવશે.

પતિને ગધેડું ભૂંકાવતો અને પત્નીને 'ઘોડાં ખેલવતી' આવતી જોવી એ એક મૌલિક તમાશો છે!

ઘરેણાના શણગાર-કોડ તો ભીલોનાં ગીતોમાં પણ એ-ના એ જ છે છતાં –

બાજઠે બેસી રિસાવ્યા રે મારા નાના ઝવેરભાઈ,
બાજઠ ગિયો ખસી રે – મારા૦
જે રે જોયે તે માગો રે – મારા૦
ભાયો માગે એક જોડ કટારી – મારા૦
કટારી દેખી ભાયા મન વાસો રે – મારા૦
તેડાવો લુવારીનો બેટો રે – મારા૦
મારે માંડવે કટારી લઈ આવે રે – મારા૦

આ રીતે વસ્ત્રાભૂષણોની અંદર કટારીની પણ ગણતરી થાય છે. તે સોરઠી ગીતોને હિસાબે નવી અને લાક્ષણિક વાત છે.

તે સિવાય –

મારા હાથી દેખીને વેવાઈ બી ગયો
 મારી કેમ કરી રે'શે લાજ રે જગ લીલડી.
મારા લલ્લુભાઈએ સાનમાં સમજાવિયા
 તમારી ભલેરી રાખીશું લાજ રે જગ લીલડી.

એમાં મોટી જાન લઈ જવાનો ત્રાસ સૂચવાય છે. એ વિનોદની પાછળ જે ગરીબીની કરુણતા પડી છે તેનું આ લગ્નગીત હવે જોઈએ –

એ મારા ભાયા, હળદર ક્યાંથી લાવ્યો રે
ગાંધીના ઘરે વેવાઈ ઘરેણે મૂક્યા રે
વેવાઈ ઘરેણે મૂક્યા, વેવાઈ વ્યાજે ડૂલ્યા રે

હળદરને ખાતર જીવતાં જનોને પણ ઘરેણે મુકાવાની સ્થિતિ કેવી હશે? કન્યાની સાસર-વાસમાં સ્થિતિ કલ્પાઈ છે તે પણ આ રહી –

આજનો દા'ડો ખેલી ઓ કાઢો
મારી કન્યા બાઈ રે
કાલે તારી સાસુના ઘેર – મારી૦
સાસુનાં મનડાં મનાવીશ – મારી૦

એ કન્યાની પરવશ દશા દાખવતું ગીત. અને –

ઉતાવળ કરો વરના બાપા
કે નાંઘલિયો વર ઊભા રે
આપણે જવું વેગળે ગામ
કે ત્યાં લૂંટશે ખોખટિયા લોક રે.

ગીતમાં રસ્તે ચોર-લૂંટારાનો ભો ગવાયો છે.

## ક્રમ


નિવેદન . . . . . . . . 3
ચૂંદડીના રંગો : લગ્નનાં લોકગીતો [1] . . . . . . . . 7
['ચૂંદડી' ભાગ 1નો પ્રવેશક]
વિવિધતામાં એકતા : લગ્નનાં લોકગીતો [2] . . . . . . . . 25
['ચૂંદડી' ભાગ 2નો પ્રવેશક]
લોકગીતોની પ્રવાહિતા . . . . . . . . 34
['ચૂંદડી' ભાગ 2નો બીજો પ્રવેશક]
ગણેશ દુંદાળા . . . . . . . . 65


## ભાગ 1

### સ્વયંવર


1. ધરતીમાં બળ સરજ્યાં બે (ચાક વધાવવાનું) . . . . . . . . 67
2. કેણી કોરે ઊગેલા ભાણ (પ્રભાતિયું) . . . . . . . . 68
3. જી રે ઈંટ પડે . . . . . . . . 69
4. દૂધે તે ભરી રે તળાવડી (ભાયરાનું) . . . . . . . . 70
5. મારા ખેતરને શેઢડે (જાન જતી વેળા) . . . . . . . . 70
6. એક તે રાજ દ્વારમાં રમતાં (પ્રભાતિયું) . . . . . . . . 71
7. કન્યા દાદાજીને ખોળે બેઠાં (સાંજીમાં) . . . . . . . . 72
8. કુંવારી ચડી કે કમાડ (ભાળા નાખતી વખતે) . . . . . . . . 73
9. લાંબી તે લાંબી સરવરિયાની પાળ (ફુલેકા સમયે) . . . . . . . . 74
10. ગળિયા ગોળ વહેંચાય રે . . . . . . . . 74
મેં તો વાર્યા રે... ભાઈ લેરખડા


### શણગાર


11. ઘડીએ ઘડીએ લાડણ વહુ કાગળ મોકલે (માંડવા વખતે) . . . . . . . . 76
12. લાડડા! લાડડી છાના કાગળ મોકલે (લગ્ન લખતાં) . . . . . . . . 77
13. લગન બાજોઠી ને મોતીડે જડિયાં (ભાળા નાખતી વખતે) . . . . . . . . 78
14. લીલાં છાણની ગાર કરાવો રે (ભગ ભેળતી વખતે) . . . . . . . . 78
15. પાછલી પછીતે ચાંપલિયો શો મોર્યો . . . . . . . . 80
16. છાબ ભરી ફૂલડે માલણ આવે રે . . . . . . . . 81
17. ઘોડી અગન ગગન પગ માંડ (સાંજીનું ગીત) . . . . . . . . 81
18. માંડવડે રે કાંઈ ઢાળોને બાજોઠી (માંડવા સમયે) . . . . . . . . 82
19. લીલી-પીળી પાંખનો ભમરલો રે (માંડવા સમયે) . . . . . . . . 83
20. ડુંગર કોરીને નીસર્યો ભમરો (માંડવા સમયે) . . . . . . . . 84
21. પીળો પીળો રે વાનો મેં સુણ્યો (પીઠી સમયે) . . . . . . . . 87
22. પીઠી ચોળે રે પિતરાણી (પીઠી સમયે) . . . . . . . . 88

23. નાહો નાહોને કિયા ભાઈ રે (નાવણ સમયે) ........ 88
24. કાંઈ જાંબુવરણી કોયલડી રે (પીઠીનું) ........ 89
25. ઊંચો ચોરો ચંદન ચોવટો (પસ ભરાવતી વેળા) ........ 89
26. લીલુડો વાંસ ઢળુકડે ઢળિયો (પ્રભાતિયું) ........ 90
27. સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણશે (પ્રભાતિયું) ........ 91
28. આલા લીલુડા વાંસ વઢાવો રે (પ્રભાતિયું) ........ 91
29. સિંદૂરી વરણીના રે સૂરજ ઊગિયા (પ્રભાતિયું) ........ 92
30. મારે તે આંગણે આંબલો (પ્રભાતિયું) ........ 93
31. રાજ પેલડા પોરની નીંદરડી (પાપડ વણતાં) ........ 93
32. માલણ, વીણે જાવંતરીનાં ફૂલ રે (વરઘોડા વખતે) ........ 94
33. ઊઠો ને ભોળી વીછળોને ગોળી (પ્રભાતિયું) ........ 94
34. રોયણ વીયાણી રે (પ્રભાતિયું) ........ 96
35. ગુજરાતથી માલણ આવી રે ........ 96
36. માલણ, ગૂંથી લાવ ગુણિયલ ગજરો (ફુલેકા વખતે) ........ 97
37. જૂનેગઢથી તંબોળીડો (ચાક વધાવા જતાં) ........ 97
38. વણજારો આવ્યો (પ્રભાતિયું) ........ 98
39. મારી આંખલડી ભીંજાય રે (મામેરું) ........ 99
40. બાઈ રે સાવ રે સોનાનો સારો દીવડો (મામેરું) ........ 99
41. વીરા! ચાંદલિયો ઊગ્યો ને (મામેરું) ........ 100

## દર્શન

42. ગાગર ઉપર બેઠો લીલો હંસ રે (માળા નાખતી વેળા) ........ 101
43. તરવાર સરખી ઊજળી રે ઢોલા (જાન જતાં) ........ 102
44. ઝલ રે મગિયાનો ઝલ રે સિવડાવો (પસ વેળા) ........ 103
45. કુંવર ઘોડે ચડ્યા ને જગ જોવા મળ્યું (ફૂલેકા સમયે) ........ 103
46. કેસરિયા! ચડો વરઘોડે (વરઘોડે ચડતાં) ........ 104
47. ધૂંબ પડે રંગ મોલમાં રે (જાન જતી વેળા) ........ 104
48. કંકુડા ઊડ્યાં રે મોંઘાં મૂલનાં (જાન જતી વેળા) ........ 104
49. પાડગલે પગ દઈ ચડો રે વરરાજા (જાન ઊઘલતાં) ........ 105
50. હાલંતી માલંતી નીસરી (પોંખતી વખતે) ........ 106
51. મેઘવરણા વાઘા વરરાજા (જાનમાં) ........ 107
52. મોર, તારી સોનાની ચાંચ (જાનમાં) ........ 108
53. વર તો બહુ રે હોંશીલો (વરઘોડામાં) ........ 109
54. કિયે ગામ ગડ્યાં રે નિશાન (વરઘોડામાં) ........ 109
55. આવે આવે રે વાસુદેવનો નંદ (તોરણે આવતાં) ........ 110
56. નવેનગરથી ચોળ ચૂંદડી વાપરી (સામૈયા સમયે) ........ 111
57. ઊંચા ઊંચા રે દાદે ગઢ રે ચણાવ્યા (માળા નાખતાં) ........ 112
58. ઊંચા ઊંચા મોલ મારે ઘર રે (માળા નાખતાં) ........ 113
59. ફૂલડે છાયો મારો માંડવો (સામૈયા સમયે) ........ 113

60. કન્યા ચડ્યાં રે દાદાજીની મેડીએ (સામૈયા સમયે)........ 114
61. આંબલિયો, સખી, શીળો (માંડવા વખતે)........ 115

## મિલન

62. સીતાને તોરણ રામ પધાર્યા (પોંખતી વેળા)........ 116
63. બારે પધારો સોરંગ સુંદરી (પોંખતી વેળા)........ 117
64. મારા નખના પરવાળા જેવી ચૂંદડી........ 117
65. અમદાવાદી ચોળ ચૂંદડી વાપરી રે (પસ ભરાવતાં)........ 118
66. થાળી ઠમકી ને વરવહુના હાથ મળ્યા (ચોરી સમયે)........ 119
67. પે'લું તે મંગળ વરતીયું (હસ્તમેળાપ)........ 120
68. લાડો લાડી જમે રે કંસાર (કંસાર જમતી વેળા)........ 120
69. કણ કણ કાંકણિયાળી ચૂડી રે (જાન પાછી વળતાં)........ 121
70. સૂડલા કોયલડીને વીનવે રે........ 122
71. ચોરીમાં ચરકલડી રે બોલે (ચોરી વખતે)........ 122
72. આછેરું કંકુડું ઘોળ્યે રે લાડી (ચોરી વખતે)........ 123
73. મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં રે (પરણી ઊતર્યા બાદ)........ 124
74. દાદાને આંગણ આંબલો (કન્યા વળાવતાં)........ 124
75. લ્યોને રે બેની કચોળડાં (કન્યા વળાવતાં)........ 124
76. પરશાળેથી કેસર ઊડે (કન્યા વળાવતાં)........ 125
77. આ દશ્ય આ દશ્ય પીપળો (કન્યા વળાવતાં)........ 125
78. ઢોલીડા ધડૂક્યા, લાડી (કન્યા વળાવતાં)........ 126
79. વળી વળી દાદા પૂછે વાત (કન્યા વળાવતાં)........ 126
80. એક આવ્યો'તા પરદેશી પોપટો (કન્યા વળાવતાં)........ 127
81. મેં તો હરખે ચાંપલિયો રોપાવિયો (કન્યા વળાવતાં)........ 127
82. લીલુડા વાંસની વાંસળી (કન્યા વળાવતાં)........ 127
83. આજ મારે ભરિયાં સરોવર છલિયાં (જાન વળતાં)........ 128
84. વરલાડડા રે, તારે કાને કારેલાં (જાન વળતાં)........ 128
85. ત્રાંબાકુંડી છે નગર સોહામણી (જાન વળતાં)........ 129
86. લાડડી, તારા દેશમાં........ 129
87. સાંકલડી શેરી રે........ 130
88. મોલ પધારો રાજ (જાન વળતાં)........ 130

## જીવન

89. હાં હાં રે હમલી! (ઉકરડી ઉડાડતી વખતે)........ 131
90. હું સૂતી રે મારા રંગ રે મોલમાં (પ્રભાતિયું)........ 132
91. ગોખે તે બેઠી તે રાજવણ બોલે (ફુલેકામાં)........ 133
92. કિયા ભાઈની વાડીમાં........ 134
93. લાડડી ટેડલા જેવડી રે........ 135

94. સોનલા ઈંઢોણી ........ 135
95. શ્રી પરભાતને પો'ર (પ્રભાતિયું) ........ 136
96. શ્રી રામ! ધોળું નગર ધોળું ધોળકું (ગૃહ-શાંતિ કરવાનું) ........ 137

## ભાગ 2

### ચારણી ગીતો

1. શી શી રીતે રાખું? ........ 141
2. હરિનાં મીઠડાં ........ 142
3. ઉપમા ........ 143
4. જોવા દેજો! ........ 143
5. કેસરિયાંનાં તેડાં ........ 144
6. સાચી શોભા ........ 144

### કાઠી-રજપૂતનાં ગીતો

7. એ વર વરીએ! ........ 147
8. મનડાં મોહ્યાં ........ 147
9. મોહિની ........ 148
10. વા'લો કેવડો! ........ 149
11. વાદળડી રે વરસે ........ 149
12. ફૂલ-ભેટ ........ 149
13. વેલેરા પધારો ........ 150
14. રામરક્ષા ........ 151
15. સહુથી મીઠી! ........ 152
16. અતુલ ........ 153
17. જોઈ રહી ........ 153
18. વારી જાઉં ........ 153
19. ઊભલા રે'જો ........ 154
20. વેલીનો રખેવાળ ........ 154
21. કરની વસૂલાત ........ 155
22. કન્યાનું નિરીક્ષણ ........ 156
23. વર શામળો ........ 156
24. રૂપની લહેરો ........ 156
25. સ્વાગતની સામગ્રી ........ 157
26. પાંખણાં ........ 157
27. ડુંગર ડોલે ........ 158
28. પરણે ........ 158
29. ચંપાવરણીની ચિંતા ........ 158
30. હરણ ........ 159
31. શેણે લાગી વાર! ........ 159

32. હળવો હળવો હાલ્ય! . . . . 160
33. ક્યારે આવશે? . . . . 161
34. કાં રે દૂબળો! . . . . 161
35. સૂડલો ઝાલિયો . . . . 162
36. દોઢ્યે ડગલું . . . . 162
37. મરડ ઘણો . . . . 163
38. નીંદરડી આવે . . . . 163
39. લવિંગડાં લઈ લીધાં . . . . 164
40. દારૂડો ગઢો . . . . 164

## મિશ્ર ગીતો

41. પૂજ્યા હોય મોરાર . . . . 166
42. મારે આંગણિયે . . . . 167
43. પાણિયારી . . . . 167
44. માનવીનાં પરણેતર . . . . 168
45. ઝમરખ દીવડો . . . . 168
46. બાજોઠ . . . . 169
47. મંગલ રંગ . . . . 169
48. મોતીના દાણા . . . . 170
49. વીર વા'લા . . . . 170
50. મોસાળું . . . . 171
51. વીરને તેડાવીએ . . . . 171
52. વરરાજાની વાટ . . . . 172
53. જોવા જાઉં . . . . 173
54. મનડાં વાળો . . . . 173
55. રૂપ અને ગુણ . . . . 174
56. લાવે રે છોકરડા! . . . . 174
57. ચંપો રે ઘેર ગંભીર . . . . 175
58. માઝામાં રે'જો . . . . 175
59. સાસરગામનું દર્શન . . . . 176
60. વેલ્યે વળુંભ્યો કેવડો . . . . 177

## મારવાડી લગ્ન-ગીતો

61. માડીજાયો આવશે . . . . 178
62. સંતોખણ બેનડી . . . . 179
63. આવાંસાં હો રે! . . . . 179
64. રીતાં વાયો . . . . 180
65. સાચું સગપણ . . . . 181
66. હરિયા વનની કોયલડી . . . . 181

67. મારો દેશ . . . . . 182
68. તારે કારણે . . . . . 182
69. મારા દેશમાં . . . . . 183
70. પ્રેમની વાતો . . . . . 184
71. ચરકલી . . . . . 184
72. વનજી વાગાંમેં . . . . . 184
73. રંગના પ્યાલા . . . . . 185
74. કાંઈ લાયા રે? . . . . . 186
75. હસીને બોલો! . . . . . 186
76. પ્રેમ-ગોષ્ઠી . . . . . 187
77. કોણ કોણ પ્યારા? . . . . . 187
78. ઘરની કૂંચી . . . . . 188

## પારસી લગ્ન-ગીતો

79. સરસ્વત સ્વામીને વીનવું . . . . . 190
80. વરને સાસુ તે અર્ધવા નીસર્યાં . . . . . 195
81. જી રે! કુમારી કન્યાએ લખી મોકલ્યાં . . . . . 197
82. સાસુજી! એમ ના જાણતાં કે . . . . . 197

## ખાંયણાં

પ્રથમ પંક્તિ-સૂચિ . . . . . 206

# ચૂંદડી

## ભાગ 1

# ગણેશ દુંદાળા

હિન્દુ દેવમંડળમાં ગણપતિ કલ્યાણના અધિષ્ઠાતા છે; ભોળા અને ભદ્રિક છે. પેટનો ફાંદો મોટો, આહાર જબરો અને સૂંઢાળું હાથીનું માથું હોવાથી કૃષ્ણની જાનમાં એને બદસિકલ સમજી સાથે નહિ લીધા હોય. રસ્તે જાનને વાવાઝોડાં ને વરસાદનાં તોફાનો નડ્યાં ત્યારે ગણપતિને સહાયે લેવા પડ્યા. ત્યારથી હંમેશાં હરએક શુભ ક્રિયાનો આરંભ ગણેશની સ્થાપનાથી કરાય છે.

પરથમ ગણેશ બેસારો રે
          મારા ગણેશ દુંદાળા!
ગણેશ દુંદાળા ને મોટી ફાંદાળા!
ગણેશજી! વરદાન દેજો રે
          મારા ગણેશ દુંદાળા!

કૃષ્ણની જાને રૂડા ઘોડલા શણગારો
ઘોડલે પિત્તળિયાં પલાણ રે
          મારા ગણેશ દુંદાળા!

કૃષ્ણની જાને રૂડા હાથીડા શણગારો
હાથીડે લાલ અંબાડી રે
          મારા ગણેશ દુંદાળા!

કૃષ્ણની જાને રૂડા જાનૈયા શણગારો
જાનડીઓ લાલ ગુલાલ રે
          મારા ગણેશ દુંદાળા!

કૃષ્ણની જાને રૂડી વેલડિયું શણગારો
ધોરીડે[1] બબ્બે રાશું[2] રે

મારા ગણેશ દુંદાળા!

કૃષ્ણની જાને રૂડા ધોરીડા શણગારો
વેલડીએ દસ આંટા રે

મારા ગણેશ દુંદાળા!

વાવલિયા વાયા ને મેહુલા ધડૂક્યા
રણ રે વગડામાં રથ થંભ્યા રે

મારા ગણેશ દુંદાળા!

તૂટ્યા તળાવ[3] ને તૂટી પીંજણિયું[4]
ધોરીડે તૂટી બેવડ રાશું રે

મારા ગણેશ દુંદાળા!

ઊઠો ગણેશ ને ઊઠો પરમેશ
તમે આવ્યે રંગ રે'શે રે

મારા ગણેશ દુંદાળા!

અમે રે દુંદાળા ને અમે રે ફાંદાળા!
અમ આવ્યે તમે લાજો રે!

મારા ગણેશ દુંદાળા!

અમારે જોશે સવા મણનો રે લાડુ,
અમ આવ્યે વેવાઈ ભડકે રે!

મારા ગણેશ દુંદાળા!

વીવા અઘરણી[5] ને જગન[6] ને જનોઈ,
પરથમ ગણેશ બેસારું રે

મારા ગણેશ દુંદાળા!

---

[1] ધોરીડા: બળદ (સં૦ ધુરિન). [2] લગામ (સં૦ 'રશ્મિ' પરથી). [3-4] રથના ભાગો.
[5] સીમન્ત (સં૦ ગૃહિણી). [6] યજ્ઞ.

# 1
# સ્વયંવર

## 1

**સ**હુથી પહેલું લગ્નનું મહિમા-ગીત લઈએ; સરજનહારની સૃષ્ટિમાં મહિમા દાખવતી શક્તિઓના યશ વર્ણવતું આ ગીત છે. મેહુલા વરસાવી આભ પોતાની સહચરી ધરતીનાં અંગો પલાળે, અને પતિદેવની એ પ્રેમધારાઓ ઝીલી ધન-ધાન્ય વનસ્પતિને જન્મ દેતી ધરતી કેં કેં ગર્ભભારની વેદના ઝીલેઃ દ્યાવાપૃથિવ્યોની સ્નેહ-બેલડીવાળું એ શાસ્ત્રોમાં ગવાયેલું સ્તવન આંહીં લોકવાણીમાં સરલ બનીને ઊતર્યુંઃ

ધરતીમાં બળ સરજ્યાં બે જણાં[1]
એક ધરતી બીજો આભઃ વધાવો રે આવિયો.
આભે મેહુલા વરસાવિયા,
ધરતીએ ઝીલ્યા છે ભારઃ વધાવો રે આવિયો.

એ તો સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર ભવ્ય શક્તિ-યુગલઃ હવે સૃષ્ટિનાં પોતાનાં પોષાક અને સાહસપ્રેરક બે બળો ગણાવાય છેઃ

ધરતીમાં બળ સરજ્યાં બે જણાં,
એક ઘોડી બીજી ગાયઃ વધાવો રે આવિયો.
ગાયનો જાયો રે હળે જૂત્યો,
ઘોડીનો જાયો પરદેશઃ વધાવો રે આવિયો.

એ સર્જન, પોષણ, દેશપરદેશનાં સાહસ વગેરેની વચ્ચે માનવશક્તિ કોણે પેદા કરી? જગત્પિતાએ માનવીમાં સૌંદર્ય સીંચવા, અને કયાં કયાં સૌંદર્ય સીંચવા, કોને મોકલ્યાં?

ધરતીમાં બળ સરજ્યાં બે જણાં,
એક સાસુ બીજી માતઃ વધારો રે આવિયો.
માતાએ જનમ જ આપિયો,
સાસુએ આપ્યો ભરથારઃ વધાવો રે આવિયો.

[1] પાઠાન્તરઃ 'ધરતીમાં બલિહારી બે જણાં.'

કન્યા ને ભરથાર, બંનેને અવતરાવનાર વિધાતા કૃતાર્થ થયો. પણ પૂરી સફળતા હજુ બાકી છે. કન્યાને સાચી કુલવધૂ બનાવવા માટે બે સંસ્કારોની જરૂર: પ્રીતિભર્યાં પિતાનાં લાલનપાલન અને ગૌરવભર્યાં સસરાની કુલમરજાદ.

ધરતીમાં બળ સરજ્યાં બે જણાં,
એક સસરો બીજો બાપ: વધાવો રે આવિયો.
બાપે તે લાડ લડાવિયો,
સસરાએ આપી લાજ: વધાવો રે આવિયો.

એવું સૃજન-મહિમાનું સ્તોત્ર: લગ્નની પછવાડે ઊભેલી આભ–ધરતીની મંગલ જનન-ભાવના, અને પૃથ્વીને પોષવા તથા ઘૂમવાનો નિયંતાનો નિરધાર. વર–કન્યાના જીવન-મિલનની ઓથમાં આવા રૂડા સંકેતો ભર્યા છે. માનવ-દંપતીનું સ્થાન આભ–ધરતીની જોડાજોડ મુકાયેલું દીસે છે.

## 2

એટલું જ નથી, શું ફક્ત માનવી જ પરણે છે ? ના, પરણવું તો રહ્યું ઈશ્વર–પાર્વતીને પણ, કોઈ અગમનિગમના આવાસમાં એ પરમાત્મા બેલડી પણ પરણેતર ઊજવે છે: અગડંબગડં અને શોરબકોરની રીતે ઉતાવળે ઉકેલી લેવાની એ આપત્તિ નથી, પણ પાકા રંગનાં એ બંને પ્રેમીઓનાં તો મંગલ મુહૂર્તનાં વસ્ત્રો રંગવાને માટે ય સૂરજ ભાણના તેજોમય ઉદયને ટાણે આકાશમાં ખેતર ખેડાવવાનો અને કસુંબીનાં બીજ વાવવાનો સુંદર સાદ પાડે છે. તે વિના પ્રભુની પાઘડીનો અને પ્રભુ-પ્રિયાની ચૂંદડીનો ખરેખરો કસુંબલ રંગ ક્યાંથી ચડે ? તે વિના સાચો રસ શી રીતે મણાય ? (હરણાં તે સૂર્યની રાણી રન્નાદેનાં વાહન છે.)

કેણી કોર ઊગેલા ભાણ
કેણી કોર હરણાં હળ ખેડે !
ઊગમણા ઊગેલા ભાણ
આથમણા હરણાં હળ ખેડે.
હરણાં છોડી રે મેલ્ય,
બળદ જોડ્યે રે કલ્લોલિયા.
બળદે બેવડ રાશ,
ખેડુને માથે મોળિયાં.
ખેડી સઘળી રે સીમ,
વાવી હો લાલ કસુંબડી.
રંગો ઈશવરની મોળ્ય[1]
રંગો પારવતીની ચૂંદડી.

[1] પાઘડી: મોડ (મુગટ) પરથી

રંગી ઈશવરની મોળ્ય
રંગી પારવતીની ચૂંદડી.
બાંધો ઈશવર મોળ્ય !
ઓઢો પારવતીજી ચૂંદડી.

### 3

પરણતાં વર-વધૂનાં હૈયામાં હજુયે ત્રીજું એક ગીત સંભળાવીને આ સંસારનાં નિરનિરાળાં શોભા-તત્ત્વોની યાદ દેવરાવે છે. આ માનવી જીવનના શણગારમાં એના મનને વિહાર કરાવે છે. એ શણગારો સંસારી છે, બલકે ઘરબારી છે. એ બધી રસ-સામગ્રી ભવિષ્યની ગૃહનારીને પોતાના નવા થનારા ઘર પ્રતિ ખેંચાણો કરે છે:

જી રે ઈંટ પડે ને ઘર નીપજે
નીપજે નીપજે રે રૂડો મેડીનો મ્હેલ, વધાવો મેં સુણ્યો.[1]
[2]જી રે મેડીનું માંડણ[3] ઓરડો,
ઓરડાનું રે માંડણ રૂડી પરસાળ, વધાવો મેં સુણ્યો.
જી રે પરસાળનું માંડણ પારણું,
પારણાનું રે માંડણ રૂડો પુત્ર, વધાવો મેં સુણ્યો.
જી રે મેડીનું માંડણ ઢોલિયો,
ઢોલિયાનું રે માંડણ રૂડો કંથ, વધાવો મેં સુણ્યો.
જી રે પુરુષનું માંડણ પાઘડી
પાઘડીનું રે માંડણ રૂડું ફૂલ, વધાવો મેં સુણ્યો.
જી રે અસ્ત્રીનું માંડણ રૂડી કાંચળી,
કાંચળીનું રે માંડણ રૂડો હાર વધાવો મેં સુણ્યો.
હું તો વારી રે ...ભાઈની વાડીને
વાડીમાં નીપજે રૂડો કંકુનો છોડ, વધાવો મેં સુણ્યો.
જી રે કંકુ ઘોળે ને રસ નીપજે
ચાંદલો કરશે મારી બાળુડી બહેન, વધાવો મેં સુણ્યો.

---

[1] પાઠાન્તર: વધાવો મારે ઘેર આવિયો.
[2] પાઠાન્તર: જી રે ઓરડાનું માંડણ રૂડો દીવડો
દીવડાનું રે માંડણ રૂડી જ્યોત, વધાવો૦
[3] માંડણ (સંસ્કૃત મંડન પરથી): શોભા

## 4

જાણે મોતીજડ્યા હોય એવી ઝગમગતી, કોઈ દૂધ-શા મીઠા નીરના સરોવરની પાળે, કોઈ એક સુંદર જળાશયને તીરે, યુવાન–યુવતીનું પહેલું મિલન થતું કલ્પાય છે. ઈશ્વર અને પાર્વતીનો જ પરિશુદ્ધ ભાવ અખંડિત રાખીને અહીં વર-કન્યાના આચરણની સરસ મર્યાદા બંધાય છે. મળ્યાં, ઓચિંતો વિનોદ થયો, વૈશાખ માસની ભભકતી ઋતુમાં પરણવાના કોલ પણ દેવાયાઃ

દૂધે તે ભરી રે તળાવડી, મોતીડે બાંધી પાળ,
ઈશવર ધોવે ધોતિયાં! પારવતી પાણીની હાર.
હળવાં તે ધોજો, ઈશવર, ધોતિયાં! છંટાશે મારાં ચીર,
અમ ઘેર દાદોજી રિસાળવા, માતા મારી દેશે ગાળ.
નહિ તારો દાદોજી રિસાળવા, નહિ દેશે માતા તારી ગાળ,
આપણ બેય મળી પરણશું વૈશાખ મહિના માંય.

## 5

ફરી વાર પાછો જાણે ફૂલવાડીને શેઢે મળવાનો અવસર જડ્યો. વરે ફૂળઝાડની ઊંચી ડાળ નીચે નમાવી, કન્યાએ ફૂલો વીણીને છલકતી છાબ ભરી, અને ચતુર માલણે બન્ને માટે મોડિયો ને છોગું ગૂંથી બન્નેને ફૂલના સાજશણગાર કરાવ્યા. મનથી તો એ પુરુષને કન્યા વરી ચૂકી. અંતરમાં પ્રતિજ્ઞા પણ લેવાઈ કે પરણું તો એને જ પરણુંઃ નહિ તો અખંડ કૌમારનાં તપ આદરુંઃ

મારા ખેતરને શેઢડે[1] રાય કરમલડી રે
ફાલી છે લચકા લોળ રાય કરમલડી રે
વાળો ...ભાઈ ડાળખી! રાય કરમલડી રે
વીણો ...વહુ ફૂલડાં રાય કરમલડી રે
વીણીચૂંટીને ગોરીઓ છાબ ભરી રાય કરમલડી રે
તેનો ગૂંથે માલણ મોડિયો રાય કરમલડી રે
મોડિયો ...વહુને માથડે રાય કરમલડી રે
તેનો ગૂંથે માલણ છોગલો રાય કરમલડી રે
છોગલો દેખીને રાણી રવ ચડ્યાં રાય કરમલડી રે
પરણું ...ભાઈના મોભીને રાય કરમલડી રે
નીકર ઊભી તપ કરું રાય કરમલડી રે

---

[1] છેડે.

## 6

અંતરનો સંકલ્પ હવે તો પ્રગટ થયો. રોજ રોજ રાતીમાતી થઈને રમનારી હસમુખી દીકરીના અંગ ઉપર આજે પિતાએ દુર્બલતા દીઠી, આંખમાં આંસુ દીઠાં, પૂછપરછ થઈ. કન્યાએ ઉદાસીનું કારણ કહ્યું. હજુ સ્પષ્ટ નિર્દેશ કરીને નથી કહેતી કે પોતે કયો સ્વામી નક્કી કરી લીધો છે. એટલું મોઘમ જ કહે છે કે વરની પસંદગી કરવામાં, ઓ પિતા, આટલી વાતો ભૂલશો મા! બધી વાતે મધ્યમ કોટિનો જ પુરુષ મારે માટે ગોતી લેજો. શા માટે ઉત્કૃષ્ટ નહિ? કેમ કે એ તો કદાચ મારાથી સંતોષ ન પામે. એને તો પોતાની ઉચ્ચતાનું મિથ્યાભિમાન રહે.

એક તે રાજ દ્વારમાં રમતાં,
બેનીબા દાદે તે હસીને બોલાવિયાં;
કાં કાં રે દીકરી તમારી દેહ જ દૂબળી!
આખંડલી રે જળે ભરી!
નથી નથી રે દાદા મારી દેહ જ દૂબળી,
નથી રે આંખડલી જળે ભરી[1]!
એક ઊંચો તે વર નો જોશો રે દાદા,
ઊંચો તે નત્ય નેવાં[2] ભાંગશે!
એક નીચો તે વર નો જોશો રે દાદા,
નીચો તે નત્ય ઠેબે[3] આવશે!
એક ધોળો તે વર નો જોશો રે દાદા,
ધોળો તે આપ[4] વખાણશે!
એક કાળો તે વર નો જોશો રે દાદા,
કાળો તે કટંબ લજાવશે!
એક કડ્ય રે પાતળિયો ને મુખ રે શામળિયો
તે મારી સૈયરે વખાણિયો.
એક પાણી ભરતી તે પાણીઆરીએ વખાણ્યો,
ભલો રે વખાણ્યો મારી ભાભીએ.

સહિયરે વખાણ્યો, ભાભીએ વખાણ્યો, પનિહારીએ પસંદ કર્યો, પછી એ મૂરતિયામાં શી મોળપ રહી? એ ત્રણેયના જેવી રસિક તેમ જ વિવેકી દૃષ્ટિ બીજા કોની હોઈ શકે?

---

[1] પાઠાન્તરઃ 'આંખલડી રતને જડી.'

[2] ઘરનાં છાપરાં. [3] ઠોકરે. [4] પોતાને.

## 6

અંતરનો સંકલ્પ હવે તો પ્રગટ થયો. રોજ રોજ રાતીમાતી થઈને રમનારી હસમુખી દીકરીના અંગ ઉપર આજે પિતાએ દુર્બલતા દીઠી, આંખમાં આંસુ દીઠાં, પૂછપરછ થઈ. કન્યાએ ઉદાસીનું કારણ કહ્યું. હજુ સ્પષ્ટ નિર્દેશ કરીને નથી કહેતી કે પોતે કયો સ્વામી નક્કી કરી લીધો છે. એટલું મોઘમ જ કહે છે કે વરની પસંદગી કરવામાં, ઓ પિતા, આટલી વાતો ભૂલશો મા! બધી વાતે મધ્યમ કોટિનો જ પુરુષ મારે માટે ગોતી લેજો. શા માટે ઉત્કૃષ્ટ નહિ? કેમ કે એ તો કદાચ મારાથી સંતોષ ન પામે. એને તો પોતાની ઉચ્ચતાનું મિથ્યાભિમાન રહે.

એક તે રાજ દ્વારમાં રમતાં,
બેનીબા દાદે તે હસીને બોલાવિયાં;
કાં કાં રે દીકરી તમારી દેહ જ દૂબળી!
આખંડલી રે જળે ભરી!
નથી નથી રે દાદા મારી દેહ જ દૂબળી,
નથી રે આંખડલી જળે ભરી[1]!
એક ઊંચો તે વર નો જોશો રે દાદા,
ઊંચો તે નત્ય નેવાં[2] ભાંગશે!
એક નીચો તે વર નો જોશો રે દાદા,
નીચો તે નત્ય ઠેબે[3] આવશે!
એક ધોળો તે વર નો જોશો રે દાદા,
ધોળો તે આપ[4] વખાણશે!
એક કાળો તે વર નો જોશો રે દાદા,
કાળો તે કટંબ લજાવશે!
એક કડ્ય રે પાતળિયો ને મુખ રે શામળિયો
તે મારી સૈયરે વખાણિયો.
એક પાણી ભરતી તે પાણીઆરીએ વખાણ્યો,
ભલો રે વખાણ્યો મારી ભાભીએ.

સહિયરે વખાણ્યો, ભાભીએ વખાણ્યો, પનિહારીએ પસંદ કર્યો, પછી એ મૂરતિયામાં શી મોળપ રહી? એ ત્રણેયના જેવી રસિક તેમ જ વિવેકી દૃષ્ટિ બીજા કોની હોઈ શકે?

---

[1] પાઠાન્તરઃ 'આંખલડી રતને જડી.'

[2] ઘરનાં છાપરાં. [3] ઠોકરે. [4] પોતાને.

મર્મમાં દીકરીએ પિતાને સારી પેઠે પોતાના મનોભાવ સમજાવી નાખ્યા કે, હે પિતાજી! મારી મોહવશ આંખ તો કદાચ ભૂલ કરે, તેથી તો આ બીજાં આપ્તજનો કને મેં મારી પસંદગીની કસોટી કરાવી છે.

## 7

એથી જુદી કવિત્વભરી વાણીમાં તો પ્રશ્નોરા જ્ઞાતિની કુમારિકાએ સમજાવ્યું. એણે ગુણોનું ઝીણું વર્ણન કર્યું. પણ જગતની ઉત્તમ જોડલીઓ ગણી બતાવી: પતિ દેરા માયલો દેવ ને પોતે પૂતળી: પતિ વાડી માયલો મોરલો ને પોતે ઢળકતી ઢેલડી: પતિ અષાઢીલો મેઘ અને પોતે ઝબૂકતી વીજળી: પતિ ચંપાફૂલનો છોડ ને પોતે ચંપા-પુષ્પની પાંખડી:

કન્યા દાદાજીને ખોળે બેઠાં એમ ભણે રે,
દાદા! વર જોજો કાંઈ દેરા માયલો દેવ રે
કન્યા દેરાસર પૂતળી રે.
કન્યા કાકાજીના ખોળે બેઠાં એમ ભણે રે,
કાકા! વર જોજો કાંઈ વાડી માયલો મોર રે
કન્યા ઢળકતી ઢેલડી રે.
કન્યા મામાજીના ખોળે બેઠાં એમ ભણે રે,
મામા! વર જોજો કાંઈ અષાઢીલો મેઘ રે
કન્યા ઝબૂકણ વીજળી રે.
કન્યા વીરાજીને ખોળે બેઠાં એમ ભણે રે,
વીરા! વર જોજો કાંઈ ચાંપલિયાનો છોડ રે
કન્યા ચંપાસર પાંખડી રે.
દાદા! દરશણ લાગ્યો દેરા માયલો દેવ રે,
દરશામણ લાગી પૂતળી રે.
કાકા! ખેલણ લાગ્યો વાડી માયલો મોર રે,
ખેલામણ લાગી ઢેલડી રે.
મામા! વરસણ લાગ્યો અષાઢીલો મેઘ રે,
ઝબૂકણ લાગી વીજળી રે.
વીરા! સોરમ લાગ્યો ચાંપલિયાનો છોડ રે,
સોરંભે લાગી પાંખડી રે.

## 8

પછી જાણે કે વડીલોએ પુછાવ્યું: ઓ બહેન! તારું અંતર ક્યાંય ઠરેલું છે? તેં વર્ણવ્યા પ્રમાણેનો કોઈ વર ક્યાંયે દીઠો છે? અથવા તું જોઈ રાખીશ?

દીકરી પોતાનો કંથ પસંદ કરવાને મિષે ઓરડાને બારણે ચડી ઊભી ઊભી નિહાળે છે. એણે તો જાણી મૂક્યો હતો તે જ જોયો. એ 'વહેવારિયા' અર્થાત્ પ્રવીણ વરની વાતો ચલાવી: શામાં શામાં પ્રવીણ? રમતમાં પ્રવીણ: 'સ્પોર્ટ્સમૅન': અટપટી બજારમાંથી પણ

ગેડી વડે દડો કાઢી જાય! ભણતરમાં પ્રવીણ: સુંદર મરોડદાર અક્ષરો કાઢનારો. જમવામાં ચતુર; ગંદો, ગોબરો કે, અકરાંતિયો નહિ. પ્રિયદર્શી: સરોવરમાં સ્નાન કરતાં જેના માથાની સુંવાળી કાળી ચોટલી શોભી ઊઠેલી. અને લક્ષ્મીનાં લેખાં કરવામાં પ્રવીણ, વેપારી: એવો સુલક્ષણો સ્વામી મને પરણાવજો!

કુંવારી[1] ચડી રે કમાડ સુંદર વરને નીરખવા રે!
દાદા મોરા, એ વર પરણાવ, એ વર છે વેવારિયો રે!

ધીડી[2] મોરી, ક્યાં તમે દીઠા ને ક્યાં તમારાં મન મોહ્યાં રે!
રમતો'તો બવળી[3] બજાર, દડુલે મારાં મન મોહ્યાં રે!

કુંવારી ચડી રે કમાડ, સુંદર વરને નીરખવા રે
વીરા મોરા, એ વર જોજો, એ વર છે વેવારિયો રે

બેની મોરી, ક્યાં તમે દીઠા, ને ક્યાં તમારાં મન મોહ્યાં રે
ભણતો'તો ભટની નિશાળે, અક્ષરે મારાં મન મોહ્યાં રે

કુંવારી ચડી રે કમાડ, સુંદર વરને નીરખવા રે
કાકા મોરા, એ વર જોજો, એ વર છે વેવારિયો રે

ભત્રીજી મોરી, ક્યાં તમે દીઠા? ને ક્યાં તમારાં મન મોહ્યાં રે
જમતો'તો સોનાને થાળે, કોળીડે[4] મારાં મન મોહ્યાં રે

## 9

સરોવરની પાળેથી કૉલ આપીને ઘેર ગયેલા કુમારે પણ પિતાની પાસે જઈ રઢ લીધી કે પાળેથી જડેલા એ મનોહર મોતીની સાથે જ મારો સંબંધ જોડો! અને એ સાચા મોતીના તો લાખ-બે લાખ રૂપિયા ખર્ચવા પણ વરના દાદા તૈયાર થઈ ગયા.

---

[1] પ્રશ્નોરા-ગીત: આંહીં પાઠ ફરી ગયા:

સોય રંગ રમે રે કુંવારાં કન્યાજી એમ ભણે રે
દાદાજી મુજ પરણાવો, ઈ વર છે વેવારિયો રે
કહો દીકરી ક્યાં દીઠો, શેણે તારાં મન મોહ્યાં રે
રમતા'તા બંશરી બજાર દડુલે મારાં મન મોહ્યાં રે

*

જમતા'તા શાક ને દાળ, ચતુરાઈએ મારાં મન મોહ્યાં રે

*

ઝીલતા'તા સરોવરની પાળ, ચોટલે બાઈનાં મન મોહ્યાં રે

*

બેસતા'તા મેડીને મોલ, લક્ષ્મીના લેખાં કરે રે.

[2] દીકરી. [3] અટપટી.
[4] ભોજનને કોળિયે.

[1]લાંબી તે લાંબી સરોવરિયાની પાળ
આ-હે! એ રે પાળે રે મોતી નીપજે.

મોતી તે લાગ્યું .....ભાઈ વર હાથ,
આ–હે! ઘેરે રે આવીને ઝઘડો માંડિયો.
[2]દાદા તે મોરા, મુજને પરણાવ,
આ–હે! મુજને પરણ્યાની, દાદા, હોંશ ઘણી.
ખરચું તે ખરચું લાખ – બે લાખ,
આ-હે! [3]મોભીને પરણાવું ઘણી હોંશથી.

## 10

પછી બંનેનાં માવતરોએ વાતોચીતો ચલાવી હશે. અને પોતાનાં બેઉ બાળકોની અંગત પસંદગી પર માબાપની મંજૂરીની મહોર અંકાઈ ગઈ હશે. સગપણ વખતે મીઠો ગોળ વહેંચાયો હશે.

ગળિયા ગોળ વહેંચાય રે
દૂધમાં સાકર ભેળાય રે
આગળ હુતા બે ભાઈ રે
હવે થયા છે વેવાઈ રે
આગળ લડવડતા શેરીએ
હવે વળગ્યા છે વેલડીએ[4]

**અને વર–કન્યા બંનેની મોહકતાનાં અન્યોઅન્ય સંતોષનું વિનોદ-ગીત ગવાયું હશે કે,**

---

[1] હાલારી પાઠાન્તરઃ

લીલુડી તે ઘોડી પાતળિયો અસવાર
આ હે! ચૌદ રતનનો વીરને ચાબખો.
ઘોડી તે બાંધી આંબલિયાની ડાળ
આ હે! ચાબખડો વળગાડ્યો આંબા ડાળખી.

[2] પ્રશ્નોરા-ગીતઃ

પરણું તો કયા દેવની કુંવરી
નહિતર રહું કુંવારડો રી!

[3] મોભી : દીકરો (મકાનના છાપરાનો મુખ્ય આધાર જે મોભ, તેના જેવો કુટુંબનો આધાર)

[4] બંને વેવાઈઓ અગાઉ તો શેરીમાં લડાઈ કરતા હતા, હવે એ બેઉ એક જ વેલીનાં ફૂલ જેવા બન્યા.

મેં તો વાર્યાં રે ...ભાઈ લેરખડા!
તારા સસરાની શેરીએ રમવા ન જઈશ!
તારા કાનમાં કારેલાં[1] દેખશે!
તારા સસરાને રઢ લાગશે!
ઘર પૂછીને માગાં આવશે!
મેં તો વાર્યાં રે કંઈ બા લાડકડાં!
તારા સસરાની શેરીમાં રમવા ન જઈશ!
તારો જડાવ અંબોડો દેખશે!
તારી સાસુને રઢ લાગશે!
ઘર પૂછીને માગાં આવશે!

ત્યારથી માંડીને વર–કન્યાની મમતાને કેવી કેવી તરેહે પોષણ મળ્યાં, તેનો આધાર દેતી કશી પણ ઘટના ગીતોમાં ગવાયેલી નથી જડતી. જૂના સમાજના જે રીતરિવાજો આપણને હજુ પણ યાદ આવે છે, તે પરથી આપણને જાણ થાય છે કે એકબીજાં માવતરને ઘેર કોઈ કોઈ ઉત્સવ, અવસર અથવા પર્વ નિમિત્તે વર–કન્યા રમવા-જમવાનું નોતરું પામતાં. પ્રત્યક્ષ પ્રકટપણે મળવું અને ગોષ્ઠી કરવી, એ તો કુલમરજાદની મના હતી. પરંતુ ઓચિંતી દૃષ્ટોદૃષ્ટ તો મળતી; મૂંગી પ્રીતિ મજબૂત બનતી.

[1] કાનનાં ઘરેણાં.

# 2
# શણગાર

## 11

**એ**મ કરતાં લગ્નની કંકોતરી લખવાનો શુભ દિવસ આવી પહોંચ્યો. વ્યવહારની રીતિએ કન્યાના પિતાએ જ વેવાઈ પર સાદીસીધી કુંકુમપત્રિકા લખી કાઢી હશે. પરંતુ ગીત તો એમ ભાખે છે કે જાણે ખુદ કન્યાએ જ પોતાના રાયવરને – પોતાના સુંદર વરને 'ઘડીએ ઘડીએ' કાગળો લખ્યા કે 'વહેલો આવ! વહેલો આવ! મેં અધીરીએ આપણાં ઘડિયાં લગ્ન લેવરાવ્યાં છે. માટે વેલેરો આવ! વેળા વહી જશે!' (હજુ પણ ઘણે સ્થળે કંકોતરી તો કન્યાના જ નામથી વર પર લખવામાં આવે છે.)

ઘડીએ ઘડીએ લાડણ વહુ કાગળ મોકલે
રાયવર, વે'લેરો આવ!
સુંદર વર, વે'લેરો આવ!
તારાં ઘડિયાં લગન, રાયવર, વહી જશે.

જવાબમાં પણ એવું જ કલ્પાયું કે પુરુષ મોંઘો થાય છે.

હું તો પાતરાં[1]ને તોરણ નહિ પરણું[2]
ઘડીએ ન મોડો પરણીશ!
ઘડીએ ન વે'લો પરણીશ!
આ ને ઘડીએ નાળિયેરી તોરણ નીપજે. – ઘડીએ૦

હું એક ક્ષણ પણ વહેલો-મોડો નહિ પરણું, માટે હમણાં ને હમણાં જ નવાં કિંમતી સાધનો વસાવી લેજે! આવી શેખીના જવાબમાં કન્યા પરિહાસ કરે છે:

---

[1] પાંદડાં. [2] પાઠાન્તર, છબું (અડકું)

દીકરી દેતું'તું કોણ!
જમાઈ કે'તું'તું કોણ!
તું તો દિનનો ઉપવાસી
તું તો વગડાનો વાસી
તારા પગડા ગ્યા ઘાસી
તારાં ઘડિયાં લગન
રાયવર વહી જશે. – ઘડીએ૦

આટલી બધી બડાઈ શાનો કરે છે! તને કન્યા દેતું જ કોણ હતું! મારે સારુ આંટાફેરા ખાઈને તો તારા પગ પણ ઘસાઈ ગયા હતા. માટે ડાહ્યો થઈને જલદી જલદી આવી પહોંચ! નહિ તો લગ્નનો કાળ ચાલ્યો જશે.

હું તો લાકડાને બાજોઠ નહિ પરણું
ઘડીએ ન મોડો પરણીશ!
ઘડીએ ન વે'લો પરણીશ!
આ ને ઘડીએ રૂપાના બાજોઠ નીપજે. – ઘડીએ૦

હું તો કચરાની ચૉરી[1]એ નહિ પરણું
ઘડીએ ન મોડો પરણીશ!
ઘડીએ ન વેલો પરણીશ!
આ ને ઘડીએ ત્રાંબાની ચોરી નીપજે. – ઘડીએ૦

## 12

છાનાછાના કાગળો મોકલ્યા: તું જલદી આવ! તને બધી સગવડો કરી આપીશ.

લાડડા! લાડડી છાના કાગળ મોકલે,
વેવારિયા વર વે'લો આવ્ય!
રવળા મોઢાની રઢ્યું લાગશે.

લાડડી! હું કેમ આવું એકલો,
મારા હાથીડા હોય રે હજાર
રવળા મોઢાની રઢ્યું લાગશે.

તારા હાથીડા બંધાવું સામી ડેલીએ,
તારા ઘોડલા બંધાવું રે ઘોડહાર
રવળા મોઢાની રઢ્યું લાગશે.

[1] (સંસ્કૃત ચૉરી): લગ્નમંડપ નીચે રચવામાં આવેલો વાસણોના ચાર સ્થંભવાળો મંડપ.

તારા સાથીડાને ઉતારા ઓરડા
વરરાજાને મેડીના મોલ
　　　　　રવળા મોઢાની રઢ્યું લાગશે.

## 13

ફરી વાર સંદેશો જાય છે; 'વેગે વહેલો આવ' એવા આગ્રહ છૂટે છે. પણ માનતંગી વરરાજાને તો વળી નવનવા લાડ સૂઝે છે. ગોરા જાનૈયા રજે ભરાય, ગૌરવરણી જાનડીઓ શામળી પડી જાય, અને પોતાની માળાનાં ફૂલો કરમાય, એ વાતોના એને મીઠા ઉચાટ થાય છે.

લગન બાજોઠી ને મોતીડે જડિયાં
કુંવારી કન્યાએ કાગળ લખી રે મોકલિયા,
વેગે વેલો આવે ચોરાશીના જાયા!
હું કેમ આવું, દાસીની જાઈ!
આડા છે દરિયા ને પાણીડે ભરિયા
તે વચ્ચે વ્હાણ છિપાવો વરરાજા!
ચૈતર વૈશાખના તડકા રે પડશે
ધોરીબળદના પગ રે તળવાશે
ગોરા જાનૈયા રજે ભરાશે!
ગોરી જાનડીઓ શામળી થાશે
ભાઈ રે ...ભાઈનાં ફૂલડાં કરમાશે.

## 14

કન્યાના ગૃહ-મંદિરમાં હવે તો માનવ-મિલનના મંગલ ઉત્સવની કેવી કેવી ઝીણવટથી તૈયારી ચાલે છે! ઘરની સાફસૂફી અને શોભા આવા રમ્ય શબ્દે વર્ણવાય છે!

લીલાં છાણની ગાર કરાવો રે
ત્યાં કાંઈ કંકુના વાંટ્ય દેવરાવો રે
ત્યાં કાંઈ મોતીના ચૉક પુરાવો રે
ત્યાં કાંઈ ઘીના દીવા અજવાળો રે
ત્યાં કાંઈ સોનાના બાજોઠ ઢાળો રે
ત્યાં કાંઈ જોશીડાને તેડાવો રે
લાડકડાનાં લગન લખાવો રે

લગ્ન લખાયાં. અને કન્યાની માતાએ હોંશે હોંશે પિયરમાંથી પોતાનાં ભાઈ–ભોજાઈ તેડાવ્યાં:

મારે પગરણ આવિયું પે'લું રે
મેં તો મૈયર કે'વરાવ્યું વે'લું રે
મારે ઊગમણું આવ્યું ધાઈ રે
મેં તો તેડાવ્યાં ભાઈ ભોજાઈ રે
મારા વીરોજી આવ્યા સીમે રે
મારા હૈડલાં ટાઢાં હીમે રે
મારા વીરોજી આવ્યા ઝાંપે રે
દુશ્મનિયાનાં હૈડાં કાંપે રે
મારા વીરોજી આવ્યા શેરી રે
વજડાવો ને ઢોલ ભેરી રે
મારા વીરોજી આવ્યા ખડકી રે
વાગી વાગી ઘોડીલાની પડઘી[1] રે
મારા વીરોજી આવ્યા ડેલી રે
હું તો જોવાને થઈ છું ઘેલી રે
મારા વીરોજી આવ્યા ધાઈ રે
મેં તો ચરૂ ભરી સેવ ઓસાઈ રે
મેં તો ઢળક વાઢી ઘી રેડાઈ રે
મેં તો ખોબલે ખાંડ પિરસાઈ રે
મેં તો જમાડ્યાં ભાઈ ભોજાઈ રે
મારી નણદી તે રોષે ભરાઈ રે

કન્યાની માતા પોતાના વીરાની ઉપર ઓછી ઓછી થઈ જાય તે નણંદથી દીઠું જાતું નથી. ભરપૂર સહોદર-પ્રેમનાં ગાન વચ્ચેથી નણંદના રોષનો બસૂરો તાર બોલે છે. કવિ અત્યંત દયાર્દ્ર રીતે ટીખળ માણે છે! ભાઈ–બહેનનો અહીં આલેખ્યો ભાવ હૂબહૂ છે:

નણદલ, આવડો રોષ ન કીજે રે
મારું અંતર એથી સીજે[2] રે!
નણદલ, આવડું જાણ્યું ન બાઈ રે
ન તેડાવત ભાઈ ભોજાઈ રે!
નણદલ, આવડું ન જાણ્યું ન પે'લું રે
ન કે'વરાવત મૈયર વે'લું રે[3]

---

[1] ડાબલાના અવાજ.

[2] દાઝે. [3] પ્રશ્નોરા જ્ઞાતિનું ગીત છે.

## 15

પહેલવહેલા જ પગરણને કારણે ઓછી ઓછી થઈ જતી હર્ષઘેલી કન્યાની માતા અથવા વરની માતા અન્ય કયાં કયાં આત્મજનોને તેડાવીને આનંદ પામે છે ? જાણે એ બધાં સ્વજનોનું એક ઘટાદાર ચંપાવૃક્ષ બની જાય છે:

પાછલી પછીતે ચાંપલિયો શો માર્યો
થડ થોડે ને ડાળે અત ગણો રે.
પે'લી ડાળે છાયા મારા ઓરડા રે,
બીજી ડાળે રે છાઈ ઓસરી • રે.
ત્રીજી ડાળે છાયા મારા ચોક રે,
ચોથી ડાળે છાયો માંડવો રે.
કોણસ આવ્યે કરું શણગાર રે,
કોણસ આવ્યે બેસું ગોઠડી[1] રે!
કોણસ આવ્યે માંડું જાગિયા જાગ રે,
કોણસ આવ્યે રે મારાં ઘર વસે રે!
કોણસ આવ્યે ચોપાટો શી ડોલે રે,
કોણસ આવ્યે રે મારાં ગોત્રજ હસે રે!
કોણસ આવ્યે તોરણ લહેરે જાય રે,
કોણસ આવ્યે રે શેરી રણઝણે રે!
કોણસ આવ્યે માંડવ લહેરે જાય રે,
કોણસ આવ્યે મારાં દિલ હસે રે!

એના ખુલાસા પણ પોતે જ આપી રહી છે. સુસંબદ્ધ ખુલાસા:

સ્વામી આવ્યે કરું શણગાર રે
વીરોજી આવ્યે રે કરું ગોઠડી રે.
દીકરો આવ્યે માંડું જાગિયા જાગ રે,
વહુવારુ આવ્યે મારાં ઘર વસે રે.
નણદોઈ આવ્યે ચોપાટો શી ડોલે રે,
નણદી આવ્યે રે મારાં ગોત્રજ હસે.
જમાઈ આવ્યે તોરણ લહેરે જાય રે,
દીકરી આવ્યે તોરણ લહેરે જાય રે.
સાજન આવ્યે માંડવ લહેરે જાય રે,
કુટુંબ આવ્યે મારાં દિલ હસે રે.

[1] ગોષ્ઠી.

## 16

વરપક્ષને આંગણે પણ ઉલ્લાસ વર્તી રહ્યો છે. ત્યાં તો પ્રભાતે પ્રભાતે પુષ્પો મહેકે છે; મંગલમુખી માલણ આવે છે.

છાબ ભરી ફૂલડે માલણ આવે રે,
ઘર રે પૂછે રે વીવા ક્યાં હવા રે
ઊંચલી ખડકી ને નવલાં કમાડ રે,
ગોખે જાળિયાં મંદિર માળિયાં રે.

એવા સુશોભિત ઊંચા અને સુગંધમય ઘરમાં આજે પરણનાર કુમારને મુખ્ય ઝંખના તો પોતાની પરદેશણ બહેનની છે.

આવશે બેનડ બેની બાઈ, બેસશે માંડવા હેઠે રે
વરરાજાનાં નયણાં શણગારશે રે

એટલે માતાએ કંકોતરી લખવાની કલમ ને શાહી સુધ્ધાં નવી બનાવરાવી નિર્મળા અક્ષરો લખાવ્યા:

લીલુડી લેખણ વાપરી, મશ[1] મારવો ને માંહીં કપૂર રે
દોત[2] મગાવો દેશાવરી, અક્ષર લખશે મોટાં વહુના કંથ રે
અક્ષર લખજો નિર્મળા, વાંચી જોશે બેનીબાનો કંથ રે
વાંચીને વે'લા પધારજો, આપણે ઘેર છે વરધ ને વીવા રે
આવી શકો તો આવજો, નહિતર બેનીબાને મોકલજો રે
નહિ રે આવો તો રૂસણાં, આપણાં સગપણનો શો રે સ્વાદ રે

## 17

કંકોતરી લઈને મોટા ભાઈ ઘોડીએ ચડ્યા; એ ઘોડીની કેવી ચાલ!

ઘોડી અગન ગગન પગ માંડ, કે ચાલ ઉતાવળી રે
ઘોડી અજલે ચાલે ને મજલે ડગ ભરે,
ઘોડી જઈ ઊભી ....ગામને ચોક, વીવા આવ્યા ઢૂકડા.

જઈને બહેનીને જગાડ્યાં.

બેની! ઊઠો ...બા પાતળાં,
બેનડ! સોળ કરો શણગાર, વીવા આવ્યા ઢૂકડા.

પરંતુ બહેનને એકલાં એકલાં વિવાહના રંગ મહાલવા શે ગમે?

વીરા! હું કેમ આવું એકલી?
મારે ઈશવર સરખા ભરથાર, વીવા આવ્યા ઢૂકડા.

---

[1] શાહી બનાવવાનાં ત્રણ દ્રવ્યો: મશ, મરવો અને કપૂર. [2] દુવાત, ખડિયો

બહુ સારું, બહેન!

તારા ઇશવરને ચડવા ઘોડલાં
મારી બેનડને માફાળી વેલ્ય, વીવા આવ્યા ઢૂકડા.

**18**

બહેનનાં તેડાં તો બીજી બે-ત્રણ શૈલીએ વર્ણવાયાં છે. ઝૂલતો ને ડોલતો નવો ઢાળ માતાના મુખમાંથી રેલાય છે. બાજોઠી ઢળાવી, ચોમેર કંકાવટી મેલાવી, જોશી પાસે પુત્રીની કંકોતરી લખાવતી માતા ગાય છે; ઘણાં વર્ષે પહેલી જ વાર ભાઈ મોટો થઈને બહેનને સાસર-ગૃહે જાય છે. પરણ્યા પૂર્વે છેક જ નાની વયનો ભાઈ દીઠેલો તેથી બહેન ઓળખી શકતી નથી.

માંડવડે રે કાંઈ ઢાળોને બાજોઠી
કે ફરતી મેલોને કંકાવટી.

તેડાવો રે મારે જાણાપરના જોશી
કે આજે મારે લખવી છે કંકોતરી.

બંધાવો રે મારે ...ભાઈને છેડે
કે જાય બેન ...બા ઘરે નોતરે.

બેની રે તમે સૂતાં છો કે જાગો ?
તમારે મૈયર પગરણ આદર્યાં.

વીરા રે તમે કિયા શે'રથી આવ્યા
કે કિયે શે'ર તમારાં બેસણાં.

બેની રે હું તો ... શે'રથી આવ્યો
કે ... શે'ર અમારાં બેસણાં.

વીરા રે તમે કેસર કેરા બેટા
કે કઈ બાઈ માતા ઉદર વસ્યા!

બેની રે હું તો ... ભાઈનો બેટો
કે ... બાઈ માતા ઉદર વસ્યો.

બેની રે મારી ગરથલિયાની[1] ઘેલી
કે આંગણે આવ્યો રે વીર નો ઓળખ્યો!

---

[1] ગરથ = પૈસો.

વીરા રે મને છોરૂડે હરવાળી રે
વાછરું વાળતાં વીર નો ઓળખ્યો.

વીરા રે મેં તો ઘોડિયે ને પારણે દીઠા
કે રથઘોડલીએ વીર નો ઓળખ્યો.

વીરા રે મેં તો ઝબલે ને ટોપીએ દીઠા,
કે પાઘડી પોશાકે વીર નો ઓળખ્યો.

આગળ રે મારા ... ભાઈના ઘોડા
કે પડઘી વાગે ને ધરતી ધમધમે.

વચ્ચે રે મારે બેનડબાના માફા
કે ઈંડાં ઝળકે રે સોના તણાં[1]

વાંસે રે મારે જમાઈ કામઠિયો
કે કામઠ તાણે ને કોષો ખડખડે.[2]

**19**

માત્ર માનવી સાથે જ નહીં, પશુ, પક્ષી અને જીવજંતુમાંથી જે રૂપાળાં, રસાળાં અને ચતુર પ્રાણીઓ જડે, તેની સાથે પણ સંદેશો મોકલવાની સ્ફુરણાઓ થાય છે. ગુંજારવ કરતો રંગબેરંગી અને ફૂલોનો ભોગી ભમરો – તેને જ જાણે કે માતાએ રાતા ચૂડાવાળી સુહાગણ પુત્રી પર દૂત કરી મોકલ્યો:

લીલી પીળી પાંખનો ભમરલો રે
ભમિયો દેશ પરદેશ [2]
જાજે ભમરા નોતરે રે!
પે'લું તે નોતરું ...ગામ રે
જમાઈ ...ભાઈને ઘેર [2]

રાતે ચૂડે બેનીબા રે!
બેની મોરી વરધ વધાવ [2]

---

[1] પ્રશ્નોરા ગીત:
વચ્ચે રે મારે બેનડ બાઈની વેલ્યું
કે માફા ઝળકે મશરૂ તણા
વાંસે રે મારે ભટ્ટજી પૂરબિયા
કે કમર બાંધીને ખાસડ ખડખડે!

[2] બહેનના ભાઈએ પોતાના બનેવીનું વિનોદાત્મક ચિત્ર દોરી ટીખળ કરી લીધું છે.

મૈયર પગરણ આદર્યાં રે!
હું કેમ આવું એકલી રે
મારે ઈશવર ભરથાર [2]

ઈશવર ચાડણ[1] ઘોડલાં રે!
બાને માફાળી વેલ્ય [2]

માફા આવે મલપતા રે!
નેજા ડળકતા મેલ્ય [2]
ચંપાવરણી રજે ભરાય રે

## 20

તેડાંનું એક વધુ ગીત ગવાય છેઃ

ડુંગર કોરીને નીસર્યો ભમરો
જાજે રે ભમરા નોતરે
ગામ ન જાણું બેની નામ ન જાણું
કિયાં બા રાયાં ઘેર નોતરે.
ગામ ... ને ... નામ છે
... બા રાયાં ... ઘેર નોતરે
ઊઠોને બેની તમે પહેરો પટોળાં
તમારે મૈયર પગરણ આદર્યાં.

ઘોડવેલે બેસી બેની ...બા આવે
ખોળે તે બાવલ બેટડો.
હાથમાં ઝારી ... વહુ ઊભાં રિયાં
... વહુ નાખે બાને બેસણાં.

બેસો બેસોને મારી પરદેશણ નણદી
બેસીને વાત કરો ગોઠડી.

બેસીશ બેસીશ મારા વીરાની જોડ્યે
બેસીને વાત કરીશ ગોઠડી.

ઘરની ધણિયાણી તમે રાંધો ને ચીંધો
માડીની જાઈ જમવા બેસશે.

ઘરની ધણિયાણી તમે ચીર સાડી પે'રો
માડીની જાઈ પટોળાં પે'રશે.

---

[1] ચડવા.

ઘરની ધણિયાણી તમે ઓરડામાં મા'લો
માડીની જાઈ માંડવ મા'લશે.

વીવલિયા ખૂંદી બેની ઘેર પધારે
માડીનો જાયો તે વળામણે.

દીઠાં દીઠાં રે બેની ...નાં ઝાડવાં
અમને તે દેજો બેની શીખડી.

વાધજો વાધજો રે વીરા વડની વડવાઈઓ
પરવરજો પૂતર કેરે પારણે!

માડીના જાયા તને દઉં રે આશિષો
સાતે પુત્રે ચાલ્યે મલપતો.

ભાભીનો તો બહેન વિનોદ જ કરતી જાય છે –

વેવાણની જાઈ તુંને દઉં રે આશિષો
સાતે શોક્ય ચાલ્યે મલપતી[1]

મોખરે 'અગન ગગન પગ માંડતી' ને પડઘી ગજવતી વીરની ઘોડી: ને પાછળ મશરૂના માફાવાળી મલપતી આવતી વેલમાં બેનના ખોળામાં બાવલ-બેટડો સૂતો છે: વીરના હાથમાં ઢળકતો નેજો છે ને બેનની વેલડીના માફા ઉપર સોનાનાં ઈંડાં ઝળકારા મારે છે. સંધ્યા સમયની અથવા તો પ્રભાતની પીળી ચંપાવરણી ધૂળ એ માફાને, અને એ મશરૂના નેજાને ચોંટતી આવે છે. ધરતી ધમધમે છે. એ રીતે બેનીબાની સવારી એ મંગળ ગીતોથી ગાજતા મહિયર આંગણામાં આવી ઊભી રહી. ત્યાં તો મોટા ભાઈની વહુઓ ઝારીમાંથી નણંદને જળ પાય છે અને ચાકળા ઢાળે છે. બબ્બે ભોજાઈઓ તો બાની તહેનાતમાં ઊભી થઈ રહી છે. વિનવે છે કે 'બેસો', પણ બહેનને તો વીરાની સાથે બેસીને વાતો કરવાની આતુરતા છે. ભાઈએ પણ બહેનને ઉત્સવની અંદર દમામભર્યાં આસનો સોંપી દીધાં, બહેન તો બિચારી પરદેશણ: મોંઘેરું મહેમાન: એ કળોયણનું દિલ રખેને લગારે કોચવા, એની ચિંતા રહે છે. અને વળી બહેન તો પરણતા વીરાના લલાટ પર સિતારા ચોડી કંકુની પીળ્ય

[1] સરખાવો: પ્રશ્નોરા જ્ઞાતિનું ગીત :

સોનાની સાંજીને રૂપાના મોર વાસ્યા રે
ઊડ રે પાંખાળા સુડલા નોતરે
ગામ ન જાણું ને નામ ન જાણું રે
કેરસ ઘેર જાઉં રે સુડલા નોતરે
ઊઠો, ગોરાં બેનીબાઈ, કરો શણગાર રે
પે'રો પટોળાં ઓઢો ચૂંદડી રે
થાળ ભર્યો ફૂલડે છીપ ભરી શર ખંડે
વચમાં મેલો શ્રીફળ બીજોરડાં રે

કાઢી, રસીલા શણગાર કરશે. એનું ગળું તો માંડવો ગજાવશે.

બહેનો આવી, અન્ય સગાં પણ આવી ઊતર્યાં. અને હવે પીઠીનો આદર થયો. વરરાજા જરા શ્યામવરણા છે ખરા ને, એટલે એની ચામડીને ઉજાસ ચડાવવા, એના ઝીણામાં ઝીણા મેલ પણ ઉતારી નાખવા, અને એના દેહને સુગંધિત બનાવવા એને આખે અંગે પીઠી ચોળવામાં આવે છે. માતાએ મગ ભેળતી વખતે જ ગાયું કે,

મગ રે મનોરા પીઠડી દળાવો
હળદર ગાંઠિયો પીઠડી દળાવો

એ રીતે માતાએ મગની દાળ દળાવી, તેમાં હળદરનો લોટ મિલાવી, પાકો રંગ ઊપડે એવા તેલની તૈયારી કરી:

આદિતની કિરણે રે તમે નીંદરમાં પોઢો રે
વરરાજાને તેલ સંચારો, રન્નાદે જાગવો રે
સળિયો સોનાનો ઘડાવો કે લોચનિયાં ભરે રે
ઓ રે અસાવળના ઘાંચી તેલ પીલ્યે મધરાતે રે

ઓ ભાઈ આસાવળ ગામના ઘાંચી! અધરાતે કોઈનો ઓછાયો ન પડે તે વખતે તું આ પીઠીનાં તેલ પીલજે, હો! અને વળી –

માંહીં પીલ્યે ડમરો ને માંહીં પીલ્યે મચકંદ
એહ તેલ વરરાજાને શિરે સોહે રે

એવા સુવાસિત તેલમાં ચાર સુવાસણોએ આંબાનાં પાંદડાં બોળીને તેલ વરના માથા પર સીંચ્યું અને –

અડદ દળન્તી તે મગ દળું, મગે તે હોશે પીઠી
પીઠી પીઠી કરશે રે પિત્રાઈ, પગ ધોશે રે ભોજાઈ
મુખડાં નિહાળે રે માની જાઈ

મીઠડાં તે માતાજી લેશે
મૂલડાં તે દાદાજી દેશે

એમ ભોજાઈઓએ વરને શરીરે સોનાવરણી પીઠીનો લેપ મર્દન કરી નવરાવ્યો, માની જણી બહેને મુખ નિહાળ્યું, માતાજીએ મીઠડાં લીધાં, પિતાએ પીઠીનાં મૂલ મૂલાવ્યાં: વાટકે ઘોળીને પીઠી લાડકડાને ચોળી:

પીઠી પાવલાની પા શેર
પીઠી અરધાંની અધશેર
પીઠી રૂપૈયાની શેર

પીઠી આણી અમારે ઘેર
પીઠી વાટકડે ઘોળાય
પીઠી લાડકડાને ચોળાય

## 21

અને માતાએ તો મીઠડાં લઈને પીઠીભર્યાં પુત્રને આશિષ દીધી:

પીળો પીળો રે વાનો મેં સુણ્યો,
પીળો હળદરનો છોડ, સોય રે વાનો મેં નીરખિયો

ગોરા વરરાજા તમને પીઠડાં ચોળીશ,
જેમ રે સાજનિયાં સંતોખશે.

દુરિજન દુરિજન રે હૈડે ડાબલા પાય
દોખીઅડાં[1] રે દાઝી મરે

રાતો રાતો રે વાનો મેં સુણ્યો,
રાતો કંકુનો છોડ, સોય રે વાનો મેં નીરખિયો

ગોરા વરરાજા રે તમને ટીલડાં કરીશ,
જેમ રે સાજનિયાં સંતોખશે. – દુરિજન૰

લીલો લીલો રે વાનો મેં સુણ્યો,
લીલી નાગરવેલ, સોય રે વાનો મેં નીરખિયો

ગોરા વરરાજા રે તમારે મુખડે તંબુલ,
જેમ રે સાજનિયાં સંતોખશે. – દુરિજન૰

ભીનો ભીનો રે વાનો મેં સુણ્યો
ભીની કાજળ રેખ, સોય રે વાનો મેં નીરખિયો

ગોરા વરરાજા રે તમારાં નયણાં ભરીશ
જેમ રે સાજનિયાં સંતોખશે. – દુરિજન૰

કાકીઓએ ને ભાભીઓએ મળીને ગાતાં ગાતાં પ્રભાતે પીઠી ચોળી, ચંપકવરણું રૂડું શરીર બનાવ્યું, લાલ તિલક કર્યું, લીલી નાગરવેલનાં તાંબુલ મોંમાં દીધાં, ને કાજળ થકી નયનો આંજ્યાં: એમ ચાર-ચાર મંગળ રંગો વડે પુત્રનો દેહ ભભકી ઊઠ્યો.

## 22

એમાં વળી કોઈ ટીખળી ભોજાઈને યાદ આવી જાય છે કે વેવાઈને ઘેર તો કન્યા

---

[1] દુશ્મનો.

પણ સૌંદર્ય વધારવા માટે પીઠી ચોળાવતી હશે ! એટલે ભાભીએ પોતાના દેવરને વિશ્રિજના જાળવવા માટે વિનોદભરી દુવા દીધી:

પીઠી ચોળે પીઠી ચોળે પિતરાણી
હાથપગ ચોળે રે વરની ભાભી
મુખડાં નિહાળે રે વરની માતા!
પે'લી પીઠી ચડશે રે મારા જિયાવરને
ઊતરતી ચડશે રે પે'લી છોડીને!
પાકાં તેલ ચડશે મારા જિયાવરને
કાચાં તેલ ચડશે રે પે'લી છોડીને!
પડતી કેરી ખાશે રે મારા જિયાવર ને
ગોટલા તો ચૂસશે પે'લી છોડી રે!

## 23

આવા ખટમીઠા પરિહાસ વચ્ચે પીઠીનાં મર્દન પૂરાં થાય, ને પછી ખળખળતે જળે દેવરિયાના અંઘોળનો આદર થાય. ગવાયું છે કે જાણે આદિત્ય અને રન્નાદેનું (સૂર્ય અને એની પત્નીનું) યુગલ પોતે જ વીરોને સ્નાન કરાવવા ઊતરે છે. જાણે એને ગંગા–યમુનાના નીરનું નાવણ દેખાય છે.

નાહોને નાહોને કિયા ભાઈ રે
તમારા પાહોલા હેઠ ગંગા વસે રે
ત્યાં બેસી કિયો ભાઈ નાહિયા રે
ત્યાં તો આદિત રાંદલ આવશે રે

આદિત હાથ કચોળડાં રે
રાણી રાંદલ તેલ સંચારશે રે

નાહો નાહોને કિયા ભાઈ રે
તમારા પાહોલા હેઠ જમના વસે રે
ત્યાં બેસી કિયો ભાઈ નાહિયા રે
ત્યાં તો કિયો ભાઈ કેઈ વહુ આવશે રે

કિયા ભાઈ હાથ કચોળડાં રે
રાણી કેઈ વહુ તેલ સંચારશે રે

સૂર્ય–રન્નાદે સરીખી તમારીયે બેલડી બનો, તમારાં અંગનાં ઓજસ પણ એ જેવાં જ ઉઘાડો એવી મંગલ ભાવના આ વિધિ વાટે મહેકી ઊઠે છે. દેહનાં સૌંદર્ય ખીલવવાની ક્રિયામાં પણ વિશુદ્ધિ અને દેવત્વના જ મંગલ નાદ સંભળાય છે. અને નિર્દોષ પરિહાસનો એકાદ સૂર એ આખા વિધિના ગાંભીર્યમાં રૂપાળી ભાત પાડે છે.

## 24

ચારે સુવાસણોએ વરને સ્નાન કરાવ્યાં:

કાંઈ જાંબુવરણી કોયલડી રે
કાંઈ આંબા ડાળે બેઠી રે
કાંઈ અમૃત આંબો મોર્યો
આંબે ફૂલ ઘણાં રે
કાંઈ આજૂની રાતડિયે રે
કાંઈ મેહુલિયા નો વરસ્યા રે
કાંઈ વીજલડી નો ઝબકી રે
કાંઈ વાહોલિયા નો વાયા રે
કાંઈ આવડલાં ને આવડાં
ચીકલ શેણે થિયાં રે!
કાંઈ માડીના ને ....ભાઈ
કાંઈ વરધ નાવણ નાયા રે
કાંઈ પેલી ને સુવાસણ રે
કાંઈ ...ભાઈની માડી રે
કાં ...વહુ સુવાસણ
ચીકલ કરી વળ્યાં રે!

*

કાંઈ ચારે ને સુવાસણ
ચીકલ કરી વળ્યાં રે!

## 25

માથા પર તેલ સીંચી, પીઠીનું મર્દન કરી, નવરાવી, બાજોઠે બેસારી, નયનોમાં કાજળ આંજી, કપાળે ટીલું કરી, પછી વરના પસ (ખોબો) ભરાવાય છે; એટલે કે ભેટ અપાય છે. જાણે વરનાં ફુઈ ને ફુઆનું યુગલ અથવા ભાઈ–ભાભીનું જોડું પરસ્પર સંકેત કરે છે:

ઊંચો ચોરો ચંદન ચોવટો
રે નીચી ભમ્મરિયાળી ભાત
ગિરધરલાલ કેરી બાંધણી રે
ત્યાં ચડી કયા ભાઈ સાજન પોઢશે
રે કઈ વહુ ઢોળે છે વાય. – ગિરધરલાલ૦
અંગૂઠો મરડી પિયુ જગાડિયા
રે પિયુ તમે સૂતા છો કો જાગ.– ગિરધરલાલ૦

આપણે ઘેર ... ભાઈનો સોયરો
રે ઉઘડાવો સોનીડાનાં હાટ. – ગિરધરલાલ૰

સોનીડા! લાવ્યે રૂડાં ઝૂમણાં
રે તે તો મારે... ભાઈને કાજ. – ગિરધરલાલ૰

વીંઝણો ઢોળતી એ પત્નીએ કોઈ વૈશાખ માસના, લહેરીઓ લેતો પરોઢિયે પોઢેલા પતિને જગાડ્યા: જગાડ્યા, પણ કેવી રસમય રીતિએ? અંગૂઠો મરડીને. ઘઘલાવીને નહિ! અને તે જ વખતે સોનીડાનાં હાટ ઉઘડાવી ઝૂમણાં, દોસીડીનાં હાટ ઉઘડાવીને પામરી, સુતારનાં હાટ ઉઘડાવીને બાજોઠ, લુહારનાં હાટ ઉઘડાવીને દીવડો અને સુખિડયાનાં હાટ ઉઘડાવીને સુખડી કઢાવ્યાં; પરણનારના ખોબામાં પસ ભરાવ્યા.

સામા પક્ષમાં કન્યાને પણ એવાં જ ગીતો ગાઈ ગાઈ, એવી જ પીઠીનો લેપ ને સુગંધી તેલનું મર્દન કરી, આદિત્ય–રાંદલ અને ગંગા–યમુનાનાં સ્મરણો સાથે અંઘોળ કરાવી સગાંવહાલાંએ પસ ભરાવ્યાં.

**26**

દરમિયાન રોજ રોજ બંને ઘરો પ્રભાતિયાને મંગલ સૂરે ગૂંજતાં રહે છે. જાણે કે પ્રત્યેક પંક્તિએ મંગલ ભાવનાઓના ધૂપ દેવાઈ રહ્યા છે. ઘરમાં જાણે શબ્દો વડે દેવ-આરતીના ડંકા પડે છે. ઊગતા સૂર્યનાં તેજનાં રાંદલ-આદિત્યની પ્રેમલીલાનાં અને લગ્નજીવનના જે કાંઈ આદર્શો હોય તેનાં સ્તવનો વડે એક બાજુથી પ્રભાતને સ્વાગત દેવાય છે, ને બીજી બાજુ સૂતા સ્વજનોની નિદ્રા ઉડાડાય છે.

લીલુડો વાંસ ઢળુકડે ઢળિયો
ઇ રે વાંસલિયાનો વીંઝણો ઘડિયો
હરતો ને ફરતો હીરલે જડિયો!
માણું મોતી ને પાલી પરવાળે જડિયો
ઇ રે વીંઝલણો રાંદલ-વરસું જડિયો
ઊઠો, રાંદલના વર, સપનાં નિહાળો!
લ્યો રે લોટી ને સીંચો તુળસીનો ક્યારો!
જેમ જેમ તુળસી લેરડે 'જાય રે
તેમ રે રાંદલના વર નીંદરે ઘેરાય રે!
જેમ જેમ તુળસી ફાલે ને ફૂલે
તેમ રે રાંદલના વરને નીંદરડી ઊડે!

વર–કન્યાનું નામ લઈ ફરી ફરી ગવાય છે,

શી સુંદર કલ્પના કરી છે! મીઠે પરોઢિયે જાણે સૂર્યદેવને ઘેર રાંદલ રાણી પોતાના પોઢેલા પ્રભાકરને મોતીપરવાળે જડ્યો વીંઝણો ઢોળે છે. તુળસીની મંજરીઓ એના

આંગણામાં વાયુને હિલોળે હિલોળે ઝૂલી રહી છે અને એમાંથી છૂટતા શીળા વાયરા વડે આદિત્ય દેવ નીંદરે ઘેરાયા છે. ને તુળસી ઊઘડે છે તેમ તેમ સૂર્યની નીંદ ઊડે છે.

## 27

ત્યાં તો કેવડાની ફણશ સરખાં કિરણો કોળાવતો સૂરજ ઊગ્યો. અને એનું આગમન-સ્તોત્ર ઊપડ્યું:

સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણશે કે વાણલાં ભલે વાયાં રે!
સૂતા જાગો રે [1]વાસુદેવના નંદ કે વાણલાં ભલે વાયાં રે!
સૂતા જાગો રે સુભદ્રા બેનીના વીર કે વાણલાં૰
તમ જાગો રે જાગે સહુ દેવ કે વાણલાં૰
લેજો લેજો રે દાતણ ને ઝારી કે વાણલાં૰
બેસજો બેસજો રે તુલસીને ક્યારે કે વાણલાં૰
મુખ લૂજો રે પામરિયુંને છેડે કે વાણલાં૰
લેજો લેજો રે શરી રામનાં નામ કે વાણલાં૰

ને પછી કોઈ વિનોદ કરવાયોગ્ય સ્વજનને શી રીતે જગાડ્યા!

સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણશે કે વાણલાં૰
સૂતા જાગો રે [2]...બાઈના કંથ કે વાણલાં૰
લેજો લેજો રે કદકું ને કૂંડું કે વાણલાં૰
દાતણ કરજો રે મલ્લાંની મસીદે કે વાણલાં૰
મુખ લૂજો રે ધાબળિયુંને છેડે કે વાણલાં૰
લેજો લેજો રે અલ્લા બલ્લાનું નામ કે વાણલાં૰

## 28

એ વિનોદનું વહેણ જરા જાડું બને છે. લગ્ન પર આવેલા જૂના જમાઈરાજોને દાતણ લેવા મોકલ્યા કલ્પાય છે:

આલા લીલુડા વાંસ વઢાવો રે
તેની નાની શી ટોપલી ગુંથાવો રે
ટોપલી આપો બેની ...બા વર હાથ રે
ગોલો વેચીસાટીને ઘેર આવ્યો રે
ઓરડે ઊભાં બેનીબા લેખાં લે છે રે

ક્યાં ગયા હતા? બાપડો ખુલાસો કરે છે:

તમારા દાદાને ઘેર હતા વીવા રે
અરધી રાતનાં દળણાં દળાવ્યાં રે
પાછળી રાતનાં પાણીડાં ભરાવ્યાં રે

---

[1] પછીથી વરનાં પિતા તથા બહેનનું નામ લઈને ગવાય છે.
[2] વિનોદ કરવા લાયક જે પુરુષ હોય તેની વહુનું નામ મુકાય છે.

સૂરજ ઊગ્યો ને દાતણિયાં નખાવ્યાં રે
પોર દી ચડ્યો ને છોકરાં પખળાવ્યાં રે
અમને આવડલી વાર ત્યાં લાગી રે

**29**

લગ્ન મહાલવા આવેલી સ્ત્રીઓ આટલો પરિહાસ કર્યા વગર રહી શકતી નથી. પરંતુ એ ટીખળ લાંબું નથી ચાલતું. પ્રભાતનું સૌંદર્ય તેઓને વધારે આકર્ષે છે. સૂર્યોદયના ભવ્ય દર્શનમાંથી કેવી વાચા મળે છે! કેવી કલ્પના પ્રગટ થાય છે!

સિંદૂરી વરણીના રે સૂરજ ઊગિયા રે
ચાંપલિયાવરણી[1] કાંઈ ચાંદલિયે પ્રે[2] વાસી રે
વેલ્ય પરવાળડે [3]ચાંપલિયો મોરિયો રે
વેલ્ય વેડાવો ને કળિયું ચૂંટાવો રે
હાર ગુંથાવો ને રાણી રન્નાદેનો રે
રાણી રન્નાદે તમે હાર સોવરાવો રે
તમ પિયુડો લાલ છડે રમે રે
લાલ છડે રમે પાસલા ઢાળે રે
રતન કચોળડે દીવા બળે રે

સૂર્યોદય એટલે સિંદૂરવરણી ને ચંપાવરણી બંને પ્રભાના છંટકાવઃ આકાશની ફૂલવાડીમાં જાણે કિરણોરૂપી વેલડીઓના ફૂલખિલાવઃ રત્નકચોળે ઝળહળતા જાણે આદિત્ય-આવાસના દીવાઃ એ દીવાને અજવાળે જાણે રન્નાદે રાણીનો પિયુડો પાસા ઢાળી લાલ લાલ સોગઠે રમે છે. ને સપ્તરંગી પુષ્પો વીણીને પ્રિયતમા રાંદલ એ સ્વામીના ગળાનો હાર ગૂંથે છેઃ આવી કલ્પનાઓ એ ગાનાર સ્ત્રીમંડળની આંખોમાં રમી હશે.

**30**

પક્ષીએ પણ પોતાના મીઠા કિલકિલાટ વડે પોઢી ગયેલાંઓને જગાડવા આવે છે. લીલૂડા વનના પોપટજીએ ઘરઆંગણની આંબાડાળે બેસીને 'જાગો! જાગો!'ના ટૌકા ગજાવ્યા. પરણતી બહેનના ચારે વીર જુદે જુદે સ્થળે સૂતા હતા, તેને એક પછી એક મધુર રીતે ઉઠાડ્યા અને પછી વિવાહ પર આવેલા બીજા જમાઈઓને કાગા રાણાના કર્કશ સંગીત વડે ઉઠાડ્યાનો પરિહાસ થયોઃ

---

[1] ચંપાફૂલ જેવા રંગની. [2] પ્રે વાસવી = પ્રભાત પાડવું.

[3] ચંપો.

મારે તે આંગણે આંબલો
આંબલિયાનાં બોળેરાં[1] પાન – કે લીલુડા વનનો પોપટો
તિયાં બેસી પોપટ રાણો વાસિયા[2],
જગાડ્યા ચારે ય વીર – કે લીલુડા વનનો પોપટો
મેડિયું માયલા મોટાભાઈ જાગિયા,[3]
વહુ રે વહુ મોટી વહુના કંથ – કે લીલુડા વનનો પોપટો

ચારેએ તે જાગીને શું કર્યું?
રાખ્યો મારા માંડવડાનો રાગ – કે લીલુડા વનનો પોપટો
મારે તે આંગણ લીંબડો,
લીંબડિયાના પાંખેરાં[4] પાન – કે લીલુડા વનનો કાગડો
તિયાં બેસી કાગો રાણો વાસિયા
જગાડ્યા ચારે જમાઈ – કે લીલુડા વનનો કાગડો

## 31

તોયે જાણે કે ભાઈ નથી જાગ્યો. પ્રભાતના પહેલા પહોરની મીઠી નિદ્રામાં એની આંખો લહેરાઈ રહી છે. થાક્યો-પાક્યો એ પોઢ્યો છે. નાનાં વહુ જઈને કંથને કોકિલસ્વરે જગાડે છે:

રાજ પેલડા પોરની નીંદરડી,
નીંદર જાજે રે ... ભાઈની સેજ!
　　　નીંદરડી નેણાં ઘેરી રહી.
ગોરાં ... વહુ જગાડે જાગે નહિ,
પોઢ્યા જાગો રે ... બાઈના વીરા!
　　　નીંદરડી નેણાં ઘેર રહી.
તમે કાં, કંથ, પીધા કસુંબલા,
તમે આરોગી કાં તો લીલુડી ભાંગ!
　　　નીંદરડી નેણાં ઘેરી રહી.
અમે નથી રે પીધા કસુંબલા,
અમે આરોગી નથી લીલુડી ભાંગ;
　　　નીંદરડી નેણાં ઘેરી રહી.
અમે દરબારેથી મોડા આવિયા,
આપણે ઘેરે રે ... ભાઈના વીવા;
　　　નીંદરડી નેણાં ઘેરી રહી.

[1] બહોળાં. [2] બોલ્યા.

[3] પછી ઓરડા માયલા ભાઈ, ઓસરી માયલા ભાઈ, માંડવા માયલા ભાઈ – એમ ત્રણેય ભાઈઓને વિશે એ-ની એ પંક્તિઓ ગવાય છે. [4] પાંખાં, આછાં.

ત્યાં તો મંગલમુખી માલણ આવી.

**32**

માલણ વીણે જાવંતરીના ફૂલ રે
માળીડો ગૂંથે વીંઝણો રે.
માલણ પૂછે માળીડાને વાત રે
ક્યાં ભેટે જાશે વીંઝણો રે!
આપણા શે'માં કિયો ભાઈ દેશોત[1] રે
ક્યાં ભેટે જાશે વીંઝણો રે.
ત્યાં ભેટે જાશે વીંઝણો રે
ઠાકોર પોઢ્યા પિત્તળીએ પલંગ રે.
વહુ ... બા ઢોળે વીંઝણો રે.
સૂતા જાગો નણદલબાના વીર રે
માલણ ઊભી તપ ધરે રે.
માલણને આપો સોળે શણગાર રે
માલણ જાશે મલપતી રે.

મંગલ પ્રભાતનો એવો મહામૂલો વીંઝણો તો સાચે જ જે કોઈ મોટો દાતાર હોય, એને જ ભાગે જાય. બીજાં બધાં ટળવળતાં રહે. ફૂલની મહેનતનાં મોટાં મૂલ લઈને માલણ મલપતી ચાલે ચાલી ગઈ. તુલસીને ક્યારે દાતણ થયાં, પામરીએ મોં લુછાયાં ને રામનાં નામ લેવાયાં: પ્રભાતની મંગલ દશા એ રીતે પથરાઈ રહી.

**33**

સૂર્યનો ઉદય થયો. અને જાણે ઉગમણી દિશામાં કોઈ મંગલમય દેવતાનાં કંકુવરણાં પગલાં દેખાયાં. એ રીતે અંતરીક્ષમાં ચાલ્યાં આવતાં દેવયુગલ કોણ છે? એ તો છે લાશ[2] અને લક્ષ્મી: ઉદ્યમ અને સંપત્તિ: એ બંને શી વાતો કરે છે? પરસ્પર મસલત કરે છે કે આપણે કોને ઘેર જશું? કયા ઘરને આંગણે આપણે પગ મેલવા જેવી પુનિત ભૂમિ છે? ગીત ગાનારીઓ એ દેવબેલડીની વાતો પોતાનાં ગીતમાં ઉતારે છે:

ઊઠોને ભોળી, વીંછળોને ગોળી;
મહીડાં વલોવો ઝોટ્યું[3] તણાં રે.
મહીડાં વલોવશે મારી... ભાઈની માડી રે

---

[1] દેશપતિ: રાજા
[2] ઉદ્યમ (સં. લસ્ય પરથી). [3] ભેંસો.

પેરણ પટોળી ઓઢણ ચૂંદડી રે.
લાશ ભણે રે લખમી કિયા ભાઈ ઘેર જાશું રે
જે ભાઈ ઘેર પરભાતે પાણી ગળે.
લાશ ભણે રે લખમી કિયા ભાઈ ઘેર જાશું રે
જે ઘર સાસુ વહુ સુવાસણ.
લાશ ભણે રે લખમી કિયા ભાઈ ઘેર જાશું રે
જે ઘર બાપ દીકરો લેખાં કરે.
લાશ ભણે રે લખમી કિયા ભાઈ ઘેર જાશું રે
જે ઘેર પુતર કેરાં પારણાં.
લાશ ભણે રે લખમી કિયા ભાઈ ઘેર જાશું રે
જે ઘેર વરધ ઉતાવળી.
લાશ ભણે રે લખમી કિયા ભાઈ ઘેર જાશું રે
જે ઘેર સમી સાંજ દીવો બળે.
લાશ ભણે રે લખમી કિયા ભાઈ ઘેર જાશું રે
જે ઘેર સામી ભીંતે સાથિયા.
લાશ ભણે રે લખમી કિયા ભાઈ ઘેર જાશું રે
જે ઘેર પોપટ કેરાં પાંજરાં.

જેને ઘેર પ્રભાતમાં જ વહેલાં પાણી ગળાય, સમી સાંજના જ દીવા પ્રગટ થાય, ને પિતાપુત્ર સંપીજંપીને ચોપડા લખે, એવા ઉદ્યમશીલ ઘરમાં જ લક્ષ્મીના વાસા સંભવે: જેના ઘરમાં સાસુ-વહુ બંને સૌભાગ્યવતીઓ હોય, પારણે પુત્ર રમતો હોય, ભીંતે સાથિયાનાં મંગલ ચિહ્નો અંકાયાં હોય, ને પ્રભુનામ ભણતો રૂપાળો પોપટ પાંજરે બેઠો હોય, એ જ ઘર સુખી હોઈ શકે. લક્ષ્મી અને ઉદ્યમનાં એ જ મનમાન્યાં મુકામ છે. આવું મંગલ ગૃહજીવન પ્રભાતને પહોરે ગીતોમાં સરજીને ગાનારીઓ સહુ કુટુંબીજનોને જાગૃત કરે છે અને પ્રમાદ ઉડાડી ઉદ્યમમાં પ્રેરે છે.

## 34

ફરી પાછા અન્ય એક પ્રભાતિયામાં કુદરતી દશ્યની નવી કલ્પના ઉદ્ભવે છે:

રોયણ વિંયાણી રે તારલા ઉગિયા

*

ચંદ્ર-રાણી રોહિણીને પ્રસવ થયો ને તારલારૂપી બચ્ચાં અવતર્યાં! કલ્પના તો એટલી જ થંભી રહે છે અને આખું ગીત વિનોદની વાટિકાએ વહેવા લાગે છે:

રોયણ તિંયાણી રે તારલા ઉગિયા
જેમ મુખ સુણો રે ... ભાઈ દાતણ વિના
દાતણિયાં[1] તેડાવો રે વર બેનીબા તણા
દાતણિયાં[2] લઈ આવે રે ... જમાઈ માંડવે
દાતણિયાંને આલો રે દોઢ બદામ રોકડી
તેની રે ઘડાવો રે બેનીબાને ટોટડી[3]
ટોટડી પે'રીને રે બેન માંડવ માલશે!

એ રીતે વરરાજાના બનેવીને દાતણ, મર્દન માટે તેલ, નાહવા માટે પખાલ, મુખવાસ માટે તંબોલ વગેરે લાવવામાં આવે છે, અને એવા વિનોદની ઘાટી-પાતળી લહેરમાં પ્રભાતની પ્રવૃત્તિનો પ્રારંભ થાય છે.

**35**

બીજી એક માલણ તો છેક ગુજરાતથી આવી: એને હાથે તો મહામૂલી વાડી રોપાવી:

ગુજરાતથી માલણ આવી રે
સવા લાખની વાડી રોપાવો રે
કોરે કરમલડી[4] રોપાવો રે
વીણી ચૂંટીને છાબ ભરાવો રે
લાવ્યે લાવ્યે માલણ અમે લેશું રે
લાકડાના પસ[5] ભરી લેશું રે
એના પાહુલીએ[6] રસિયા હીરા રે
દ્રવ્ય ખરચે લાડકડાના વીરા રે
દ્રવ્ય ખરચે ને ખરચાવે રે
રૂડાં સાજનિયાં મેળાવે રે
એને પાહુલીએ જડિયા આંબા રે
દ્રવ્ય ખરચે લાડકડાના મામા રે
કુંવર ઘોડલે બેસીને વે'લા આવે રે
એથી ભોજાઈયું ફૂલડે વધાવે રે
એની માતાજી મોતીડે વધાવે રે
પાણી સાથે દૂધલડે નવરાવે રે

[1] દાતણ વેચનાર. [2] દાતણ. [3] ટોટી નામનું ઘરેણું. [4] કદંબડી = કદંબનું ઝાડ. [5] પસ = ખોબો. [6] પગ.

## 36

માલણે વરરાજાને માટે ગજરો બનાવ્યો:

માલણ, ગૂંથી લાવ ગુણિયલ ગજરો
તારા ગજરાનો માનીશ મુજરો. – માલણ૦

તારા ગજરાનું આપશું મૂલ રે
માંહીં ગૂંથજે ગુલાબનું ફૂલ રે
જે તું કહીશ તે કરશું કબૂલ. – માલણ૦

જેવી હોય તારી ચતુરાઈ રે
તેવી કરજે તેની સરસાઈ રે
કાંઈ બાકી ન રાખીશ, બાઈ. – માલણ૦

એવી કરજે કારીગરી એમાં રે
જુક્તિ હોય જોવા જેવી જેમાં રે
મોહ પામે મુનિવર તેમાં. – માલણ૦

વર લાડકડાને કાજે રે
એવો ગૂંથજે તું ગજરો આજે રે
જેવો છત્રપતિને છાજે. – માલણ૦

ગજરો મૂલ પામે મુલતાન રે
સારો સારો કહે સુલતાન રે
થાય ગુણીજન જોઈ ગુલતાન. – માલણ૦

તને આપીશ હીરાનો હાર રે
વળી સોળ સારા શણગાર રે
ઉપર હેમની મહોર હજાર. – માલણ૦

કવિતાની કિંમત ઉર આણે રે
એમ ગજરાનું મૂલ પ્રમાણે રે
દાખે[1] દલપત બીજું શું જાણે. – માલણ૦

## 37

ભાઈના લગ્ન સાંભળીને તો તંબોળી પણ જૂનાગઢથી આવી પહોંચ્યો કેમ કે સૌરાષ્ટ્રમાં નાગરવેલ ફક્ત જૂનાગઢ તાબે ચોરવાડ ગામમાં જ થાય છે.

જૂનેગઢથી તંબોળીડો ઊતર્યો
આવી ઊતર્યો અમારલે દેશ
ધનરા લાલ તંબોળીડો!

---

[1] કવિ દલપતરામનાં બે-ત્રણ લગ્નગીતો પ્રચલિત છે. સૂક્ષ્મ રસદષ્ટિથી તપાસનારને આવાં કવિ-ગીત તથા શુદ્ધ લોક-ગીત વચ્ચેનો તફાવત સમજાશે.

ઓરડે ઊભાં[1] ....વહુએ ઓળખ્યો
દાસી તંબોળીને ઓરેરો[2] તેડાવ.- ધનરા૦

દાસી લે રે ઘડો લે ઈંઢોણલી
મારી વાડીની વેલ્ય સિંચાવ.- ધનરા૦

સીંચે સીંચે વાડી માયલો કેવડો!
સીંચે સીંચે ગલાલીનો છોડ.- ધનરા૦

## 38

ભાતભાતનાં ધાન્યની તેમજ વસ્ત્રોની પોઠ્યો ભરીને દેશાવરથી વણજારો ને વણજારી આવી પહોંચ્યાંઃ વણજારી કેવી! અવળા અંબોડાવાળીઃ

વણજારો આવ્યો ને વણજારી લાવ્યો,
ભાઈ રે, વણજારીનો અવળો અંબોડો!

ભાઈ રે ...ભાઈ, મારે માંડવે પધારો,
માંડવે પધારીને પોઠ્યું મુલવાવો.

ભાઈ રે વણજારા, તારી શી શી રે પોઠ્યું,
ભાઈ રે ભાઈ, અમારી નવલખી પોઠ્યું.

પેલી તે પોઠમાં મગ રે મંડોળિયા,
મગ રે મંડોળિયાની પીઠી રે નીપજે.

બીજી તે પોઠમાં જાર જગોતરી,
જાર જગોતરીની ઘેંસવ નીપજે.

ત્રીજી તે પોઠમાં ચોળા ડોલરિયા,
ચોળા ડોલરિયાની વડી[3] રે નીપજે.

ચોથી તે પોઠમાં અડદ ઇંદોરિયા,
અડદ ઇંદોરિયાના પાપડ[4] નીપજે.

પાંચમી તે પોઠમાં ચોખા કમોદિયા,
ચોખા કમોદિયાનો ખેરો[5] રે નીપજે.

છઠી તે પોઠમાં ઘઉં રે ગોરડિયા,
ઘઉં રે ગોરડિયાનો પકવાન નીપજે.

સાતમી તે પોઠમાં કન્યા પાનેતર[6],
કન્યા-પાનેતર મારે ...બાને સોહે.

---

[1] ઘરની પ્રત્યેક વહુના નામ લઈને એનું એ ગીત ફરી ફરી ગવાય છે.

[2] નજીક [3-5] વડી, પાપડ, ખેરો એ ફરસાણ ચીજો છે.

[6] પરણતી કન્યાનું વસ્ત્ર.

આઠમી તે પોઠમાં સૂતર ઘરચોળું[1],
સૂતર ઘરચોળું મારે ...વહુને સોહે.
નવમી તે પોઠમાં વરરાજા મોળિયાં[2],
વરરાજા મોળિયાં ....જમાઈને સોહે.

## 39

મામેરાં ભરવાની વેળા થઈ છે. વર અથવા કન્યાની માતા વાટ જોઈ રહી છે કે પોતાના પિયરથી ભાઈ ક્યારે આવશે! જાણે ભાઈ આવશે એવું પ્રેરતી ચેષ્ટાઓ શરીરમાં થાય છે:

મારી આંખલડી ભીંજાય રે મારો નખ નમે રે
મારો ફરકે છે ડાબા પગનો લાંક રે
ઘેરે કોણ સાજનિયાં આવશે રે

મારે કિયા ભાઈ આવ્યા કિયા ભાઈ આવશે રે
હું તો જોઈ રહી છું ...ભાઈની વાટ રે
...ભાઈ આવ્યે રંગ રે'શે રે!

## 40

પરંતુ ઘણી ઘણી વાટ જોતાંયે ભાઈ ન આવ્યો. નણંદ મેણાં દેવા મંડી: બેન તો આકુળવ્યાકુળ થઈને ડેલી બહાર દોડે છે. દૂર દૂર રસ્તા ઉપર નજર કરે છે. શરીરે પરસેવો ઊતરે છે. ત્યાં તો કોઈએ વધામણી દીધી કે તમારો ભાઈ આવ્યો:

બાઈ રે સાવ રે સોનાનો સારો દીવડો
એને દીવડીએ રંગ રૂપાના મોર
સોહન દાંડીનો દીવડો
બાઈ રે દીવડો મેલાવો મોટે માંડવે રે
ત્યાં ચડી બેસજે મારો દેર ને જેઠ. – સોહન૦

નણદી મચકો કરીને બોલ્યાં રે
ભાભી! નો આવ્યો તારો લોભી વીર. – સોહન૦

આવાં મેણાં ખાતી સ્ત્રીની કેવી દશા આલેખી છે! કમખાની કસ છૂટી પડી છે. વાળનો અંબોડો વિખરાયેલો છે. અને મોંનાં તંબોળ-ટીપાં છેક છાતીએ ઊતર્યાં છે.

બાઈ રે કસું રે છૂટી ને વેણું મોકળી
મારે હૈડે રે કાંઈ ઊતર્યો તંબોળ. – સોહન૦

✳

---
[1] ઘરચોળું એ પરણતી કન્યાના પોશાક છે. [2] મોળિયું એટલે પાઘડી.

દેર વધામણી લાવે.......
ભાભી! આવ્યો રે તારો માડીજાયો વીર. – સોહન૦

બાઈ કસું રે બાંધી ને વેણું ઠાંસિયું
જી રે મારે હૈડે હરખ ન માય. – સોહન૦

## 41

### અરેરે વીરા! આટલું બધું મોડું કેમ થયું!

[1]વીરા! ચાંદલિયો ઊગ્યો ને હરણ્યું આથમી રે
વીરા! ક્યાં લગણ જોઉં તમારી વાટ રે
મામેરા-વેળા વહી જશે રે!

[2]બેની! પાટણ ગ્યો'તો પટોળાં વોરવા રે
બેની! પાટણમાં પડી'તી હડતાળ
અમદાવાદ ગ્યો'તો વોરવા રે!

વીરા! ચાંદલિયો ઊગ્યો ને હરણ્યું આથમી રે
વીરા! ક્યાં લગણ જોઉં તમારી વાટ રે
મામેરા-વેળા વહી જશે રે
બેની! ચીતળ ગ્યો'તો ચૂંદડી વોરવા રે
બેની! ચીતળમાં પડી'તી હડતાળ
અમદાવાદ ગ્યો'તો વોરવા રે

[1] ચંદ્રોદય વખતે જ મૃગશીર્ષ નક્ષત્રનો અસ્ત થાય તે બતાવે છે કે માસ વૈશાખ હશે.

[2] પાઠાન્તર:

બેની! દોશીડાને હાટે ઘોડો હલકિયો રે
બેની! ઘરચોળાં વસાવતાં લાગી વાર રે
મામેરા-વેળા હવે થાશે રે!
બેની! સોનીડાને હાટે ઘોડો હલકિયો રે!
બેની! ઝૂમલણાં વસાવતાં લાગી વાર રે
મામેરા-વેળા હવે થાશે રે!

## 3
# દર્શન

### 42

**પ**રણવા જવા માટેનો ગંભીર દિવસ પાસે ને પાસે આવતો જાય છે, તેમ તેમ વરરાજા જાણે કે પોતાના જીવનના એ ચાલ્યા આવતા અગમ્ય પલટા વિશે કંઈક નિગૂઢ વેદનાની, ચિંતાની ને પ્રીતિની લાગણીઓ અનુભવતો હશે. દાંપત્યના રસની એને ગમ નહિ પડતી હોય. એનું અંતઃકરણ થડક થડક થતું હશે. તેવા સમયમાં એને અંતરે હિંમત પૂરવી, સૌંદર્યનું સિંચન કરવું, મનોરમ કલ્પના માંહેથી એના મનને પસાર કરાવી મૂંઝવણો છોડાવી દેવી, એ જરૂરનું હતું. જે સરળતાથી દિવસ પીગળી જઈ રાત્રિના પ્રદેશમાં ઊતરી પડે છે. વચ્ચે રહેલી જબરદસ્ત અસંગતતા જે રીતે પોતાને કળાવા દીધા સિવાય દિન-રજનીનું ઓતપ્રોત મિલન સધાવી લે છે, તેવી જ કોઈ કોમળ પરિવર્તનની રીતિ વડે આ ગીતો આપણા તરુણ પતિરાજને જુગલ જીવનની નવી અજાણી દુનિયામાં, કંઈ જ આંચકો ખવરાવ્યા વિના ઉપાડી જાય છે. હંસરાજનું એ સંબોધન મીઠું ને અર્થભર્યું છે! નીરક્ષીરનો વિવેકી વરરાજ સાંભળે છેઃ

ગાગર ઉપર બેઠો લીલો હંસ રે
આ હંસ કેણે ઉડાડિયો રે?

કહો, હંસ રાણા! કિયાં તમારા વાસ રે
આ કિયાં તમારાં બેસણાં રે?

આંબા ડાળે હુવા અમારા વાસ રે!
આ સરોવર પાળે બેસણાં રે!

કહો, હંસ રાણા! કેમ જાશો પરદેશ રે
આ કેમ કરી દરિયો ડોળશો રે?

પાંખે ઊડી જાશું રે પરદેશ રે
આ ચાંચે દરિયો ડોળશું રે

ગાગર ઉપર બેઠો લીલો હંસ રે
આ હંસ કેણે ઉડાડિયો રે?

કહો[1] ...ભાઈ કિયાં તમારા વાસ રે
આ કિયાં તમારાં બેસણાં રે?

[2]... શહેરમાં હુવા અમારા વાસ રે
[3]...ભાઈ ઘેરે બેસણાં રે.

કહો ...ભાઈ, કેમ જાશો પરદેશ રે
આ કેમ કરી લાડડી લાવશો રે?

રૂપિયાની થેલીએ જાશું પરદેશ રે
આ ગરથે લાડડી લાવશું રે!

**43**

'ગરથે લાડડી લાવવી!' એ તો થઈ વૈશ્ય વરની વાત: પણ ક્ષત્રિય વરને કેવી સલાહ અપાય છે? એને તો બહેન સંજ્ઞા બતાવીને કહે છે કે, "હે ઢોલા જેવા બહાદુર અને પ્રેમી ભાઈ! તરવાર જેવી તેજસ્વી, નાગરવેલના પાન સરખી પાતળી, સોપારી જેવી બંકી અને તજ જેવી તીખી, વટવાળી પરણજો હો! તમે વીસરી ન જાઓ તે માટે નિશાનીઓ પણ સાથે જ આપી છે."

તરવાર સરખી ઊજળી રે ઢોલા!
તરવાર ભેટમાં બિરાજે રે વાલીડાવીરને.

એવી રે હોય તો પરણજો રે ઢોલા!
નીકર સારેરી પરણાવું રે વાલીડાવીરને.

પાન રે સરખી પાતળી રે ઢોલા!
પાન મુખમાં બિરાજે રે વાલીડા વીરને.

એવી રે હોય તો પરણજો રે ઢોલા!
નીકર સારેરી પરણાવું રે વાલીડાવીરને.

સોપારી સરખી વાંકડી રે ઢોલા!
સોપારી મુખમાં બિરાજે રે વાલીડા વીરને.
– એવી રે૰

તજ તે સરખી તીખલી રે ઢોલા!
તજ તે મુખમાં વિરાજે રે વાલીડાવીરને.
– એવી રે૰

(વગેરે વગેરે)

[1] વરનું નામ. [2] વરના વતનનું નામ. [3] વરના પિતાનું નામ.

## 44

એ લાડડીને લેવા જવા માટે શણગારની સજાવટો થવા લાગી. નવાં વસ્ત્રાભૂષણો પહેરતાં મન કેવી રીતે મલકાઈ ઊઠે, અંગો કેવા મદ વડે મરડાવા લાગે, તેનો હૂબહૂ ચિતાર જોઈએ:

ઝલ રે મગિયાનો ઝલ રે સીવડાવો
ઝલ રે સીવડાવો
દોરંગી વેતરાવો.
કેડ મરડીને પે'રો રે ...બાઈ
પે'રો રે ...બાઈ
વીરનાં મન મોશે.
વીર ...ભાઈ આની કોર જોશે!
ઓલી કોર જોશે!
લળી લળી મોઢા સામું જોશે!

## 45

વરરાજા શણગારો સજીને ફુલેકાં ફરવા માટે ઘોડે ચડ્યા: ઘોડેસવાર વીરો કેવો દીસ્યો? એને તો 'જોવા જગ મળ્યું': ગામ બધું જોવા હલક્યું:

કુંવર ઘોડે ચડ્યા ને જોવા જગ મળ્યું
મારી શેરીમાં હાટ નો માય,કુંવર ઘોડે ચડ્યા.
વીરા મેં રે દોશીડા તને વારિયો
રૂડી પામરીઉં લઈ આવ.– કુંવર ઘોડે ચડ્યા.
જી રે ...ભાઈ તે ...બેનને વીનવે
મારા લાલ ગુલાલને કાજ. – કુંવર ઘોડે ચડ્યા.

એ જ રીતે સોનીડાને વીનવ્યો: બેરખડા લઈ આવ; માળીડાને વીનવ્યો: વીંઝણલા લઈ આવ; આજ તો કશીયે ઊણપ ન રહેવી જોઈએ. વીરોજી આજે પોતાના જીવનસર્વસ્વને જોવા ચડે છે.

## 46

કેસરી વાઘા પહેરીને વર ફુલેકે ચડે છે. એની બહેન એનાં મીઠડાં લે છે. એની ભાગ્યવતી માતા માથે મોડિયો બાંધીને હાથમાં દીવડો લઈ ચાલી આવે છે. મામો મામેરું ભરી આવે છે.

કેસરિયા! ચડો વરઘોડે

ચડો વરઘોડે ને લાલ અંબોડે. – કેસરિયા૦
મીઠડાં લઉં તારા માથાની મોળ્યે. – કેસરિયા૦
ધન્ય તારો દાદોજી ફુલેકામાં મા'લે. – કેસરિયા૦
ધન્ય તારી માતા મોડબંધી આવે. – કેસરિયા૦
ધન્ય તારો વીરો સાજનિયાં તેડાવે. – કેસરિયા૦
ધન્ય તારો મામો મામેરાં લઈ આવે. – કેસરિયા૦

## 47

ફુલેકાં ફરી રહેવાયાં છે અને આજે તો જાન વિદાય થવાનો, પરણવા જવાનો, પરસ્પરનાં દર્શને પળવાનો પુનિત દિવસ આવી પહોંચ્યો છે. આજે તો –

[1]ધૂંબ પડે રંગમોલમાં રે
પડે રે નગારાંની ધ્રાંશ ભમર તારી જાનમાં રે!
દાદા વિના કેમ ચાલશે રે
દાદા ....ભાઈ હોય, ભમર તારી જાનમાં રે!

એ રીતે રંગમહેલમાં ઢોલની ધૂંબ પડી, નગારાં પર ઘાવ પડ્યા, જાન જોડાઈ. કુટુંબીઓ સાજન બનીને ચાલ્યાં. ફૂલડાંના ભોગી વર ભમર-રાજની જાનમાં ગવાતું આ ગીત ઢોલ પર દાંડી પડતી હોય તેવા સૂર કાઢીને ગવાય છે. કાકા, મામા, વીરા – સહુનાં નામ લઈને નવી કડીઓ રચાય છે.

## 48

પ્રશ્નોરી રસિકાઓ તો એથી પણ અધિક ઉલ્લાસની જમાવટ કરે છે:

કંકુડાં ઊડ્યાં રે મોંઘા મૂલનાં, ઊડે ઊડે અધમણ ગુલાલ
કેસરિયાની જાનમાં રે.
દાદા વિના કેમ ચાલશે રે, દાદા કિયા દેવ છે સાથ
વીરા, તારી જાનમાં રે.

ઢોલડિયા ઢળાવું તારા ચોકમાં રે, પડે રે નગારાંની ધ્રાંશ
વીરા, તારી જાનમાં રે.

કાકા વિના ક્યમ ચાલશે રે, કાકો કિયો દેવ છે સાથ
હોંશીલાની જાનમાં રે.

નોબત બેસારું તારા ચોકમાં રે, શરણાઈ સરવો છે સાદ
વીરા, તારી જાનમાં રે.

---
[1] પાઠાંતરઃ ભમર ઊડે રંગ મોલમાં રે.

મામા વિના કેમ ચાલશે રે, મામા કિયો દેવ છે સાથ
ડોલરિયાની જાનમાં રે.

પૂતળિયું નચાવું તારે માંડવે રે, નાચે ભવાયાની જોડ
ભમર, તારી જાનમાં રે.

વીરા વિના કેમ ચાલશે રે, વીરો ભાઈ છે સાથ
લેરખડાની જાનમાં રે.

વાજાં વગડાવું તારા ચોકમાં રે, હાથીડા રાજદુવાર
વીરા, તારી જાનમાં રે.

કેસરિયોઃ હોંશીલોઃ ડોલરિયોઃ ભમરિયોઃ લેરખડોઃ એવાં એવાં વિશેષણોથી ઉમળકાભરી બહેન પોતાના વિદાય થતા વીરને વધાવે છે. ચાંદરણાંના બદલાતા જતા રંગોની માફક પ્રત્યેક શબ્દ વરરાજાને નવે નવે રંગે આલેખી રહેલ છે.

## 49

પરંતુ એમ તો કુંવર શી રીતે ઘોડે ચડી શકે? હજુ એના શિર પર કંઈ કંઈ ઋણો રહ્યાં છે. સંસારનાં એ સૂક્ષ્મ કરજ ચૂકવ્યા વગર માનવજીવનની સફળતા કોઈ ન મેળવી શકે. એક પછી એક લેણદાર આવીને એનો છેડો ઝાલી રાખે છે.

પાડગલે રે પગ દઈ ચડો રે વરરાજા!
ગોત્રજ[1] છેડો સાહી રહ્યાં.

મેલો મેલો રે ગોત્રજ છેડા અમારા,
તમારા કર અમે આપશું.

જેણે નાનાં થકી મોટાં રે કીધાં,
તેના તે કર કેમ ભૂલશું!

પાડગલે પગ દઈ ચડો રે વરરાજા!
માતાજી છેડો સાહી રહ્યાં.

મેલો મેલો રે માતા છેડા અમારા,
તમારા કર અમે આપશું.

જેણે તે નવ માસ ભાર વેંઢાર્યો,
તેનાં તે ગુણ કેમ ભૂલશું!

[1] ગોત્રના આદિપુરુષની પ્રતિષ્ઠા દેવ લેખે થઈ હોય છે, અને જન્મતાં બાળકોનું જતન એ ગોત્રજ દેવ કરે છે.

પાડગલે પગ દઈ ચડો રે વરરાજા!
ફૈયર છેડો સાહી રહ્યાં.

મેલો મેલો રે ફૈયર છેડા અમારા,
તમારા કર અમે આપશું.

જેણે નાને થકી નામ પમાડ્યાં,
તેનાં તે ગુણ કેમ ભૂલશું!

પાડગલે પગ દઈ ચડો રે વરરાજા!
બેનડ છેડો સાહી રહ્યાં.

મેલો મેલો રે બેનડ છેડા અમારા,
તમારા કર અમે આપશું.

જેણે નાના રે પણમાં લાડ લડાવ્યાં,
તેનો તે ગુણ કેમ ભૂલશું!

એ રીતે સહુ કુટુંબીજનોનાં ઋણ સ્વીકારી, આભારભીને અંતરે પુત્ર પરણવા ચાલે, તો એને મદ ન ચડે, ખુમારી ન આવે, પારકી જણીના મોહમાં અંજાઈ જઈને અન્ય કુટુંબઋણો વીસરી ન જાય, એવા ઉચ્ચ સંકેતમાંથી જ આ ગીત સ્ફુરેલું હશે.

**50**

કેસરિયા કુંવરને પાદર સુધી વળાવવા માટે એક વિલક્ષણ ઢંગવાળું માનવી દોડ્યું જાય છે. હાથમાં સળગતો દીવડો છે. આનંદે છલકતી, ભાદરવાની ભેંસ સરીખી અને ઉતાવળે જેવું તેવું માથું ઓળી લેતાં જેના વાળ પર મોટી જૂ રહી ગઈ છે તે બિચારી પેલી ઘેલી જનેતાઃ વરની એ માતા પરિહાસનું પાત્ર બને છેઃ

હાલંતી માલંતી નીસરી
જાણે ભાદરવાની ભેંસ રે!
ઓળી ચોળીને માથાં ગૂંથિયાં
ટેકળો[1] ટળવળ્યો જાય રે!

માફામાં બેઠેલી બહેન પોતાના વીરના માથા પરથી લૂણ ઉતારે છેઃ એટલે કે ભાઈને કોઈ પ્રેત બલા ન સતાવે, ભાઈ ઉપર કોઈની ભારી નજર ન પડે, તેથી મીઠું ઉતારે છે. એક પિત્તળની ટબૂડીમાં મીઠાના ગાંગડા નાખી બહેન એ ટબૂડી ભાઈના શિર ઉપર બજાવે છે.

---

[1] ટેલો, જૂ.

મારી તે માના ...ભાઈ
　　તારા લૂણલાં ઉતારે છે ચાર
સીતા કુંતા રે દ્રૌપદી
　　ચોથી હરચંદની ઘરનાર

## 51

ઉઘલતી – વિદાય થતી – સાજન મંડળીની વચ્ચે વરરાજા શા શા રંગે શોભે છે!

મેઘવરણા વાઘા વરરાજા
　　કેસરભીનાં વરને છાંટણાં

મેઘલ રંગના વાઘા: લોકકવિને રંગ પારખવાની સાચી રસદષ્ટિ હતી. ઘનશ્યામ રંગ: રામ અને કૃષ્ણના દેહનો વર્ણ: તે પર કેસરનાં છાંટણાં: અને ખુલ્લાં અંગો તે બધાં પીઠી થકી ઉઘડેલાં, ચમકતાં ને સુંવાળાં સફેદ: પરણવા જતા એ વરને યાદ કરાવે છે કે તમને તો સાસરવાસી ગામને સીમાડેથી જ નિરનિરાળા રખેવાળો વધામણીની ભેટસોગાદો માગી માગી સતાવશે, તે વખતે તમે શું કરશો? એ ચોકીદારો આડા ફરશે તો 'લાખેણી લાડી' શી રીતે લાવશો? માટે તમામને 'રૂડી રીત' દેજો – સરપાવ દેજો! કેમ કે તમે રાજા છો:

મેઘવરણા વાઘા વરરાજા
　　કેસરભીનાં વરને છાંટણાં

સીમડીએ કેમ જાશો, વરરાજા
　　સીમડીએ ગોવાળીડો રાકશે.

ગોવાળીડાને રૂડી રીત જ દેજો
　　પછે રે મોટાનાં છોરું પરણશે
　　પછે રે લાખેણી લાડી લાવશે.

વાડીએ કેમ જાશો, વરરાજા
　　વાડીએ માળીડો* રોકશે.

સીમડીનો ગાયો ચારતો ગોવાળ: પાદરની ફૂલવાડીએ ફૂલો ઉઝેરતો માળી: બજારે રાજ કરતું મહાજન: અને માંડવે મંત્રોચ્ચાર કરતો પુરોહિત: એ બધાં તો ગામનાં આભૂષણો હતાં. સૌંદર્ય, સમૃદ્ધિ, સુગંધ, સત્તા અને શાસ્ત્ર વગેરેના સદા જાગ્રત પહેરેગીરો

---

* તે પછી કન્યાપક્ષને ઉદ્દેશીને આવો વિનોદ કરેલ છે:

　　તારી તે માની લાડડી, તારાં લૂણલાં ઉતારે કોણ રે,
　　ઊડણ ભૂંડણ ભૂકતી, જાણી શેઢાની શિયાળ રે.

* એ જ પ્રમાણે: ઝાંપલે ઢોલીડો, બજારે મહાજન, શેરીએ સાળો, માંડવે ગોર

હતા. એના લાગા તો સહર્ષ ચૂકવવામાં આવતા. એ વરરાજા – એટલે કે એ રાજરાજેન્દ્રને – પણ આ ગ્રામ્ય-જીવનના ચારપાંચ ચમરબંધીઓની ખંડણી ચૂકવવી જ પડતી.

## 52

પરંતુ એ ખંડણી મફતની ચૂકવવાની ન હોય. ચાર દહાડાનો એ ચક્રવર્તી વરરાજા જીવનનો એક દિગ્વિજય કરવા ચાલ્યો જાય છે, એટલે તેનાં સ્વાગત પણ સીમાડેથી જ શરૂ થવાં જોઈએ. વરરાજાની બહેનો, ચોપાસના સીમાડેથી ગજવતે ગળે, લાંબા મીઠા, શરણાઈ સરીખા સારંગસૂરે, સાસર ગામને સીમાડેથી જ સંદેશા મોકલવા માંડે છે. અને એ સંદેશ લઈ જનારો દૂત પણ દેવપંખી મોરલો જ બને છે:.

મોર, તારી સોનાની ચાંચ
મોર, તારી રૂપાની પાંખ
સોનાની ચાંચે રે મોરલો મોતી ચરવા જાય
મોર, જાજે ઊગમણે દેશ
મોર, જાજે આથમણે દેશ
વળતો જાજે રે વેવાયુંને માંડવે હો રાજ!
વેવાઈ મારા, સૂતો છે કે જાગ
વેવાઈ મારા, સૂતો છે કે જાગ
*...ભાઈ વરરાજે સીમડી ઘેરી, માણારાજ!
સીમડીએ કાંઈ ચમર ઢોળાવ
સીમડીએ કાંઈ ચમર ઢોળાવ
ચમરનો હોંશી વીરો મારો આવ્યો, માણારાજ. – મોર, તારી૦

વેવાઈ મારા, સૂતો હોય તો જાગ
વેવાઈ મારા, સૂતો હોય તો જાગ
*...ભાઈ વરરાજે ઝાંપલા ઘેર્યા, માણારાજ!
ઝાંપલીએ કાંઈ છાંટણાં છંટાવ
ઝાંપલીએ કાંઈ પાણીડાં છંટાવ
ઠડકુંનો હોંશી વીરો મારો આવે, માણારાજ. – મોર, તારી૦

વેવાઈ મારા, સૂતો હોય તો જાગ
વેવાઈ મારા, સૂતો હોય તો જાગ
*...ભાઈ વરરાજે શેરીઉં ઘેરી, માણારાજ. – મોર, તારી૦
શેરીએ કાંઈ ફૂલડાં પથરાવ
શેરીએ કાંઈ ફૂલડાં પથરાવ
સુગંધીનો હોંશી વીરો મારો આવે, માણારાજ. – મોર, તારી૦

*

* વરનું નામ.

તોરણે કાંઈ તંબોળ છંટાવ
તોરણે કાંઈ તંબોળ છંટાવ
તંબોળનો હોંશી વીરો મારો આવે, માણારાજ. – મોર, તારી૦

*

માંડવડે કાંઈ લાડકી પધરાવ
માંડવડે કાંઈ લાડકી પધરાવ
લાડકીનો હોંશી વીરો મારો આવે, માણારાજ. – મોર, તારી૦
ગોત્રીજે કાંઈ રમતું મંડાવ
ગોત્રીજે કાંઈ રમતું મંડાવ
રમતુંનો હોંશી વીરો મારો આવે, માણારાજ. – મોર, તારી૦

## 53

એ સમયે એની મૃગનયની બેઠી બેઠી વાટ જુએ છે:

વર તો બહુ રે હોંશીલો, વર બહુ રે ખંતીલો
એની મૃગનેની જુએ વાટ રે
નગારાં વાગે ધીમે ધીમે!
વર તો સોનીની શેરી વચ્ચે સાંચર્યો,
વરને ઊતરીયું વસાવતાં લાગી વાર રે
નગારાં વાગે ધીમે ધીમે!
વર તો માળીડાની શેરી વચ્ચે સાંચર્યો,
વરને ફૂલડાં વસાવતાં લાગી વાર રે
નગારાં વાગે ધીમે ધીમે!

## 54

આવતી જાનનાં ડંકાનિશાન ગગડ્યાં. ગામને પાદર તંબૂ તણાવા લાગ્યા:

કિયે ગામ ગડ્યાં રે નિશાન
કિયા ગામને પાદર, મોરી રાજવણ! તંબૂ તાણિયા રે
કિયા રાજ કેરી રે સીમ
કિયા ભાઈ વરરાજા, મોરી રાજવણ! ઘોડાં ખેલવે રે
કિયા ભાઈએ જોડી રે જાન,
કિયા રે વેવાઈનો, મોરી રાજવણ! લેલર માંડવો રે
કિયા ભાઈ કેરો રે મોર
કઈ વહુ સુવાસણ, મોરી રાજવણ! ઢળકતી ઢેલડી રે
મોરને માથે છે મોડ,
ઢેલડીને માથે, મોરી રાજવણ! નવરંગ ચૂંદડી રે

મલપતો આવે છે મોર
ઢળકતી આવી, મોરી રાજવણ! બીજી ઢેલડી રે

કઈ વેવાણ પોંખશે રે મોર
કઈ વહુ સુવાસણ, મોરી રાજવણ! પોંખે જોડલાં રે

દશે દિશાના પડદામાં થરેરાટી દેતા એ સૂરો વચ્ચે રૂમઝુમાટ કરતી જાન, ગામને પાદર વડલાની નીચે બરાબર દીવે વાટ્યો ચડી તે વખતે આવીને ઊભી થઈ રહી. એને દીવે બળતી મેડીએથી કોણ જાણે કેટલીયે પ્રીતિભરી મીટ માંડીને 'બાળા વરને જોઈ રહી!'

મારા જિયાવરની મેડીએ દીવા બળે,
ઓલ્યા વેવાઈને ઘોર અંધાર, બાળા વરને જોઈ રહી!

## 55

કોને જોઈ રહી? કોણ આવે છે એ? એની આંખોમાં આ અજવાળાં શાનાં છવાયાં? સુભગા! તારી જીવન-પૂર્ણિમાનો ચંદ્રમા આવે છે:

આવે આવે રે વાસુદેવનો નંદ
પૂનમ કેરો ચંદ
દીવા કેરી જ્યોત
વીવા' કેરી વરધ
કે વર આવ્યે અંજવાળાં રે!

તું મોકલ વેવાઈ વાટકડો,
તારે તોરણ આવે છે લાડકડો. – આવે આવે રે૦

તું મોકલ વેવાઈ સોપારી,
તારે તોરણે આવે છે વેપારી. – આવે આવે રે૦

તું મોકલ વેવાઈ હાથીડા,
બેસી આવે વરરાજાના સાથીડા.– આવે આવે રે૦

તું મોકલ વેવાઈ પાલખડી,
બેસી આવે વરરાજાની મા લખમી.– આવે આવે રે૦
તું મોકલ વેવાઈ વેલડિયું,
બેસી આવે વરરાજાની બેનડિયું
આવે આવે રે વાસુદેવનો નંદ
પૂનમ કેરો ચંદ
દીવા કેરી જ્યોત
વીવા' કેરી વરધ
કે વર આવ્યે અંજવાળાં રે!

## 56

જેને માટે ઊભી તપ કરતી હતી તેને આજે આવ્યો દેખી એકીટશે જોઈ રહી. એણે પણ પંદર દિવસ સુધી પ્રીતિભર્યાં પ્રભાતિયાં સાંભળ્યાં છે. પીઠીઓ ચોળાવી છે. માંગલિક તેલનાં મર્દન લીધાં છે. અંઘોળ કર્યા છે. અને એ ચંપકવરણા દેહ ઉપર કાકા, મામા ને વીરાજીએ પસ ભરાવેલી ચૂંદડી પહેરી લીધી છે: કેવી ભાતીગળ એ ચૂંદડી!

નવેનગરથી ચોળ ચૂંદડી વાપરી,
આવી રે અમારલે દેશ રે, વોરો[1] રે દાદા ચૂંદડી!

ચૂંદડિયુંને ચારે છેડે ઘૂઘરી.
વચમાં તે આળેખ્યા[2] ઝીણા મોર રે, વોરો રે દાદા ચૂંદડી!

સંકેલું તો ઘમકે રૂડી ઘૂઘરી
ઊખેળું ત્યાં ટૌકે ઝીણા મોર રે, વોરો રે દાદા ચૂંદડી!

અમદાવાદી ચોળ ચૂંદડી વાપરી,
આવી રે અમારલે દેશ રે, વોરો રે કાકા ચૂંદડી!

ચૂંદડિયુંને ચારે છેડે ઘૂઘરી,
વચમાં તે આળેખ્યા ઝીણા મોર રે, વોરો રે કાકા ચૂંદડી!

સંકેલું ત્યાં ઘમકે રૂડી ઘૂઘરી,
ઊખેળું ત્યાં જગમોહનની ભાત રે, વોરો રે કાકા ચૂંદડી!

સૂરત શે'રથી ચોળ ચૂંદડી વાપરી,
આવી રે અમારલે દેશ રે, વોરો રે મામા ચૂંદડી!

ચૂંદડિયું ચારે છેડે ઘૂઘરી;
વચમાં રે આળેખી પોપટવેલ રે, વોરો રે મામા ચૂંદડી!

સંકેલું ત્યાં ચમકે રૂડી ઘૂઘરી,
ઊખેળું ત્યાં પોપટ બોલે વેણ રે, વોરો રે મામા ચૂંદડી!

જૂનાગઢથી ચોળ ચૂંદડી વાપરી,
આવી રે અમારે દેશ રે, વોરો રે વીરા ચૂંદડી!

ચૂંદડિયુંને ચારે છેડે ઘૂઘરી,
વચમાં રે ચોખલિયાળી ભાત્ય રે, વોરો રે વીરા ચૂંદડી!

સંકેલું ત્યાં ઘમકે વાગે ઘૂઘરી,
ઊખેળું ત્યાં ટૌકે ઝીણા મોર રે, વોરો રે વીરા ચૂંદડી!

---

[1] ખરીદો. [2] આલેખ્યા, ચીતર્યા.

એવી ચૂંદડીએ ઓપતી કન્યા વરને જોઈ રહી; સંધ્યાના ખીલતા રંગો વચ્ચે રંગાતા એ મુખ સામે કન્યા જોઈ રહી. જેને જોવે આંખડીઓની તરસ કદાપિ ન છીપે, તેને એકીટસે જોઈ રહી. પાદરની લીલુડી વૃક્ષઘટા નીચે ઊભેલા કેસરિયા વરને જોઈ રહી. અને એ શ્યામવરણા જીવનસાથીની મુખમુદ્રામાં એણે પોતાના દેવાધિદેવનું દર્શન કર્યું. પિતાના ઊંચા ઊંચા ગઢને ગોખે ચઢીને જેમ પોતે જુએ છે, તેમ પોતાના વડીલો પણ વરને નિહાળવા ચડ્યા છે. પરંતુ એ જોનારી આંખો જુદેરી છે:

ઊંચા ઊંચા રે દાદે ગઢ રે ચણાવ્યા
ગઢ રે સરીખા ગોખ મેલિયા.
ગઢડે ચડીને બાઈને દાદાજીએ જોયું
કન્યાં ગોરાં ને રાયવર શામળા!

વરને શામળો ભાળીને પિતાને અફસોસ થયો. ત્યાં તો દીકરી બોલી ઊઠી:

એના ઓરતડા[1] મ કરશો દાદા!
દ્વારકામાં રણછોડરાય શામળા.
ઊંચા ઊંચા રે કાકે ગઢ રે ચણાવ્યા
ગઢ રે સરીખા ગોખ મેલિયા.
ગઢડે ચડીને બાઈને કાકેજીએ જોયું,
કન્યા ગોરાં ને રાયવર શામળા!
એના ઓરતડા મ કરશો કાકા
કાશીમાં વિશ્વનાથ છે શામળા.

પછી તો મામાએ પણ ગઢ ઉપર ચડીને નિહાળ્યું: એનેયે ઓરતા થયા: અરેરે! ભાણેજ ગોરી ને વર ભીને વાને! કન્યા કહે છે:

એના ઓરતડા મ કરશો મામા
નગરમાં નગેશ્વર બેઠા શામળા.

પોતાના વીરને પણ બહેનીએ ધીરજ દીધી કે

એના ઓરતડા મ કરશો વીરા
લક્ષ્મીજીના શ્રીકૃષ્ણ વર શામળા!

શામળો છો ને રહ્યો! પોતાનો તો મનનો માન્યો છે, તે દૂધભર્યાં સરોવરની મોતીડે બાંધી પાળે પાણી ગઈ હતી: તે દિવસે ધોતિયાં ધોતો, પાણીના છાંટા ઉડાડીને વૈશાખ માસે પરણવાનું વચન દેનારો, ભટ્ટની નિશાળે ભણતો, લેખણ લઈ લક્ષ્મીનાં લેખાં લખતો, દડુલિયે જેણે બેનીબાનાં મન મોહાવેલાં તે બવળી બજારનો ગેડીદડે રમનારો, 'કડ્ય રે

[1] ઓરતા = અફસોસ.

પાતળિયો ને મુખ રે શામળિયો' મળ્યો પછી કન્યાને તો એ પોતાના દેવાધિદેવ સરીખો શ્રીકૃષ્ણ સરીખો જ કાં ન લાગે! ઓ સ્વજનો! તમે કોઈ એના અફસોસ ન કરજો!

## 58

કન્યાના પિતાએ સામૈયાની તૈયારી કરવા માંડી છે. છતાં કન્યા તો હજુયે ગઢને કાંગરે ચડીને જોઈ જ રહી છે. સાજનિયા ઘોડેસવારોના જૂથને લીધે ઘોડાના ડાબલા ગાજી રહ્યા છે.

'ઊંચા ઊંચા મોલ મારે ઘર રે વીવાતા[1]
એથી ઊંચેરા ગઢના કાંગરા રે,

કાંગરે ચડીને બેની ...બા જોશે
કેટલેક આવે વરરાજિયા રે!

પાંચસે પાળા રે દાદા છસે છડિયાતા
ઘોડાની ઘુમણ વરરાજિયા રે

શાં શાં સામૈયાં દાદા વરના જાનૈયા
શાં શાં સામૈયાં વરરાજિયા રે

ઢેલ શરણાયું ધીડી[2] વરના જાનૈયા
નગારાની જોડ્ય વરરાજિયા રે.

શા શા ઉતારા દાદા વરના જાનૈયા
શા શા ઉતારા વરરાજિયા રે!

ઓરડા ઓસરી રે ધીડી વરના જાનૈયા
મેડીના મોલ વરરાજિયા રે.

## 59

સામૈયું સામે જાય છે, બળતે દીવડે ગીતો ગવાય છે. એ ગીત વાટે પણ જાણે કન્યા પોતે જ પિતાજીને વીનવે છે કે આ ફૂલડે છવાયેલા મારા માંડવા નીચે જલદી જોશીડા તેડાવોઃ સહુ કારીગરોને તેડાવોઃ હમણાં એ લાડકડો, હોંશીલો ને લેરખડો વર આવી પહોંચશે, કંઈ કંઈ ચીજોની રઢ લઈ બેસશેઃ

ફૂલડે છાયો મારો માંડવો,
મોતી વધાવું તારી જાન હો લાલ પછેડો ફૂલે ભર્યો!

[1] બીજો પાઠઃ ઊંચા ઊંચા રે દાદા! ગઢડા ચણાવો. [2] દીકરી.

કન્યા દાદાજીને વીનવે,
માંડવ જોશી તેડાવો હો લાલ પછેડો ફૂલે ભર્યો!

લાડકડો વર શેઆવ
લેશે લગનિયાંની રઢ્ય હો લાલ પછેડો ફૂલે ભર્યો!

એ જ પ્રમાણે એ ફૂલભર્યો લાલ પછેડો ઓઢીને વાટ જોતી રાજવણે કાકાને, મામાને અને વીરાને વીનવ્યા કે દોશીડો તેડાવો – હોંશીલો વર વાઘાની રઢ્ય લેશે: સોનીડાને તેડાવો – લેરખડો વર વેઢ વીંટીઓની રઢ્ય લેશે: માળીડાને તેડાવો – 'બહુ સજનો' વર ઓસરિયાની રઢ્ય લેશે: એ બધી ચિંતા જાણે કે 'ફૂલ ભર્યા લાલ પછેડા' વાળીને પોતાને જ થઈ રહી છે.

## 60

ધ્રૂસકતે ઢોલ-નગારે, ગુંજતી શરણાઈએ, ગાજતી બંદૂકે અને બળતી મશાલે જાન ગામની ભરી બજારે ધીરે પગલે ચાલી આવે છે. અને 'અગન ગગન પગ માંડતી' ઘોડી પર શોભતા કેસરભીના કંથને નજીકથી, વધુ ને વધુ નજીકથી જોઈ રહેલી એકલવાયી કન્યા મેડીને ગોખે બેસીને મનમાં મનમાં જાણે વડીલોને કંઈક કહી રહી છે: એ કહી રહી છે કે તમ સહુથી મારી દૃષ્ટિ ન્યારી છે. તમે એનાં રૂપ, તેજ કે લાડ જુઓ છો, પણ હું તો ફક્ત એક જ વાત જોઈ રહી છું:

કન્યા ચડ્યાં રે દાદાજીની મેડીએ
રાયવર આવ્યા દાદાજીની શેરીએ
દાદા, તમે રે જોયા વર રાજિયા
દાદા, અમે જોયા ચતુર સુજાણ, છત્રીસ વાજાં વાગિયાં.

કન્યા ચડ્યાં રે કાકાજીની મેડીએ
રાયવર આવ્યા કાકાજીની શેરીએ
કાકા, તમે રે જોયા વર લાડકા
કાકા, અમે જોયા ચતુર સુજાણ, છત્રીસ વાજાં વાગિયાં.

કન્યા ચડ્યાં રે મામાજીની મેડીએ
રાયવર આવ્યા મામાજીની શેરીએ
મામા, તમે રે જોયા વર રૂપલા
મામા, અમે જોયા ચતુર સુજાણ, છત્રીસ વાજાં વાગિયાં.

કન્યા ચડ્યાં રે વીરાજીની મેડીએ
રાયવર આવ્યા વીરાજીની ડેલીએ
વીરા, તમે રે જોયા વર હોંસીલા
વીરા, અમે જોયા ચતુર સુજાણ, છત્રીસ વાજાં વાગિયાં.

એની આંખોમાં તો માત્ર એક જ ગુણ વસ્યો છે: માત્ર ચતુર સુજાણપણું. એની પસંદગી નથી રાજરિદ્ધ પર ઊતરી કે નથી રૂપ ઉપર: વારે વારે, એક પછી એક ગીતમાંયે એ નિરનિરાળી રીતે કહ્યા કરે છે કે હું તો એની ચાતુરી પર મોહી છું, અન્ય કશા ઉપર નહિ. અને એ તો પતિરાજને જોતાં ધરાતી જ નથી. શેરીએ શેરીએ જઈને, છૂપી છૂપી, ઊંચી મેડીએથી નિહાળે છે: દૂરથી, નજીકથી, આજુબાજુથી દશેય દિશાએથી કોઈ ચિત્રકાર પોતાના ચિત્રની આકૃતિની જુદી જુદી છટા અને અવનવા મરોડ જેમ જોયા કરે, તેમ જ આ ચિત્રઘેલી કલાધરી એના સંગાથીનું સર્વાંગી સૌંદર્ય ધારી ધારીને નીરખી રહી છે.

## 61

વરરાજા પણ લાડકડીનાં દર્શનની ઉગ્ર ઉત્કંઠા લઈને આવેલ છે: જેવી રાવણહર્યા સીતાજીને મળવાની ઉત્કંઠા રામચંદ્રજીની હતી તેવી: શીતળ આંબાની છાંયડીમાં બેઠો બેઠો સ્વામી ઝંખે છે!

આંબલિયો, સખી, શીળો ને મોતીડે નિરમળો,
પાંદડે પોથીનો રંગ, ડાળખીએ દીવા બળે!

તેના થડે બેઠા સરી રામ, લંકા લંકા ઝંખી રિયા,
કોઈ અમને લંકા દેખાડો સીતાજી મેળવો!

કોણ તારું સગું ને સાગવી
કોણ તારો માડીજાયો વીર સીતાજીને મેળવે!

બળભદ્ર સગું ને સાગવી,
લખમણ મારો માડીજાયો વીર સીતાજીને મેળવે,

આંબલિયો, સખી, શીળો ને મોતીડે નિરમળો,
પાંદડે પોથીનો રંગ, ડાળખીએ દીવા બળે!

તેના થડે બેઠા ...ભાઈ, ... નગર ઝંખી રિયા;
કોઈ અમને ... નગર દેખાડો, લાડણ વહુને મેળવો!

કોણ તારું સગું ને સાગવી
કોણ તારો માડીજાયો વીર, લાડણ વહુને મેળવો!

.... મારું સગું ને સાગવી
... મારો માડીજાયો વીર, લાડણ વહુને મેળવો!

*

પ્રશ્નોરા-ગીતની ઉમેરણી (ઢાળ જુદો છે) :

કોણ તારાં નેણાં સમાર્યાં અંબોડો ફૂલે ભર્યો
અમારે છે કોયલ બેન, બેનડ વસે વનમાં રે
એણે મારાં નેણાં સમાર્યાં, અંબોડો ફૂલે ભર્યો!

## 4
# મિલન

---

### 62

**પ**રણતો પુરુષ કન્યાના પિયરને દ્વારે તોરણ છબવા આવે છે. દ્વાર પર આસોપાલવનાં પાંદડાંનાં લીલાં તોરણ ઝૂલે છે. પુરુષ 'હું આવ્યો છું' એ નિશાની રૂપે તોરણનું પાંદડું તોડે છે અને કન્યાની માતા એને પોંખે છે: પ્રોક્ષણ સિંચન કરે છે: પોંખે છે શી શી વસ્તુઓ વડે? રવાઈ, ત્રાક, ધોંસરા અને પીંડી વડે: જગતના જીવન-આધારની ચારેય પવિત્ર વસ્તુઓ: હે કુમાર! તારા ગૃહસંસારમાં પણ એ ચારેય સામગ્રીઓ – એ દૂધ, ઘી, ખાદીનાં વસ્ત્રો, ખેતીવાડીનું ધાન્ય, તે તને સાંપડજો! પરણનારને એની પવિત્રતા સ્મરાવવા આંહીં પણ સીતારામનું જ સંબોધન થાય છે:

સીતાને તોરણ રામ પધાર્યા
　　લેજે પનોતી પે'લું પોંખણું
પોંખતાં રે વરની ભ્રમર ફરકી
　　આંખલડી રતને જડી.

રવાઈએ એ વર પોંખો પનોતાં
　　રવાઈએ ગોળી સોહામણાંય

સીતાને તોરણ રામ પધાર્યા
　　લેજે પનોતી બીજું પોંખણું!

ધોંસરીએ એ વર પોંખો પનોતાં
　　ધોંસરીએ ધોરી સોહામણા.

સીતાને તોરણ રામ પધાર્યા
　　લેજે પનોતી ત્રીજું પોંખણું!

તરાકે એ વર પોંખો પનોતાં
　　તરાકે રેંટીડા સોહામણા.

સીતાને તોરણ રામ પધાર્યા
લેજે પનોતી ચોથું પોંખણું!
પીંડીએ એ વર પોંખો પનોતી
પીંડીએ હાથ સોહામણા.

પનોતી એટલે પુણ્યવતી સાસુજીએ વિશ્વનાં એ ચાર સર્વોત્તમ પુષ્પો વડે વધાવીને આશિષો છાંટી, અને પડદો રાખેલો તેની અંતરાલે આવીને કન્યાએ પોતાના મુખની તાંબુલની પિચકારી લગાવી. તાંબુલના રંગે પતિને જાણે કે સમસ્યા કરી કે હું આ આત્માના રાગ વડે તારું સ્વાગત કરું છું.

## 63

આંગણે ઊભો ઊભો અલબેલો જાણે એ સુરંગી સુંદરીને બહાર આવવા સાદ પાડે છે, પરંતુ પોતાના લાડકાને શાણપણનું સ્મરણ કરાવતી કન્યા વડીલોની મર્યાદા લોપવાની મીઠી ના કહે છે:

બારે પધારો સોરંગ સુંદરી!
આંગણે અલબેલો ઊભા રિયા
હું કેમ આવું, શાણા હો લાડડા!
અમને અમારો દાદો દેખશે.
તમારા દાદાને રીત જ દેશું,
પછી રે મોટાને માંડવ મ્હાલશું
પછી રે ધીંગાની ધેડી પરણશું!
પછી રે કુંવારી કન્યા પરણશું!

## 64

વરરાજાએ કન્યાને ઓઢવા માટે ચૂંદડી મોકલી. કન્યા એ ચૂંદડી ઓઢતાં અચકાય છે. એને ભય છે કે કદાચ આ નવી ચૂંદડી દેખીને સ્વજનો પૂછપરછ કરશે તો? ગુપ્ત રીતે મોકલેલી ચૂંદડી સહુના દેખતાં શી રીતે પહેરાય? વરરાજા કહાવે છે કે ઓ લાડી! હું ગુપ્ત ભેટ દેવા નથી આવ્યો, સહુ જાણે તેમ આવ્યો છું; માટે નિર્ભય બનીને પહેરો.

મારા નખના પરવાળા જેવી ચૂંદડી
મારી ચૂંદડીનો રંગ રાતો હો લાડડી
ઓઢોને, સાહેબજાદી, ચૂંદડી,
હું તો કેમ કરી ઓઢું રે, સાયબા, ચૂંદડી,
મારો દાદોજી દેખે માતાજી દેખે.
કેમ રે ઓઢું રે સોરંગ ચૂંદડી!

તમારા દાદાના તેડ્યા અમે આવશું,
તમારી માતાના મન મો'શે, હો લાડડી
ઓઢોને લાડકવાયી ચૂંદડી!

હું તો કેમ કરી ઓઢું રે, સાયબા, ચૂંદડી,
મારો વીરોજી દેખે ભાભીજી દેખે
કેમ રે ઓઢું સોરંગ ચૂંદડી!

તમારા વીરાનાં તેડ્યાં અમે આવશું
તમારી ભાભીના ગુણ ગાશું હો લાડડી
ઓઢોને, સાહેબજાદી, ચૂંદડી!

**65**

વરરરાજા માંડવા નીચે આવ્યા. અંદર કન્યા તો બપોરથી તૈયાર થઈને બેઠી છે. હાથની બંને હથેળીમાં ને પગની બંને પાનીઓમાં કંકુનાં ચોખંડાં ખાનાં પાડીને પ્રત્યેક ખાનામાં અક્કેક ચાંદલો આલેખ્યો છે. પોથી અને મજીઠ બંનેમાં રંગેલ બત્રીસયે દાંત કસુંબી ઝાંય પાડી રહ્યાં છે. લલાટે એક લમણાથી બીજા લમણા સુધી કંકુની પીળ આલેખી છે. પંદર દિવસના પીઠી-મર્દને ખીલી નીકળેલા એ સુગંધી દેહ ઉપર શ્વેત સુંદર, કોઈ સંસાર તપોવનની બાલ-જોગણને અરઘે તેવું સાદું પાનેતર પહેરાવવામાં આવ્યું અને તેલસીંચેલ મોકળી ઝૂલતી માથાની લટો પર શી રૂપાળી એ સ્વામીની દીધેલી નવરંગ ચૂંદડી ઓપે છે ! :

અમદાવાદી ચોળ ચૂંદડ વાપરી રે
વાપરી ...ગામને ચૉક
ઓઢોને, બેનડ, ચૂંદડી રે.

ચૂંદડીને ચારે છેડે ઘૂઘરી રે
ચૂંદડીને વચ્ચે મોતીનો ચૉક
લાડકડાં ...બેનને કાજ. – ઓઢોને૰

**66**

પ્રથમ માથા પર મોડિયોઃ મોડિયો એટલે મુગટઃ ને તે ઉપર ચોળ ચૂંદડીઃ એવા રાજ અને ત્યાગ બંનેના ભાવો જગવતા શણગાર સજીને કન્યા માંડવે આવી. ભરી મેદનીની વચ્ચે, પણ છતાં વસ્ત્રના અંતરપટ નીચે એટલે કે જગત બધાની સાક્ષીએ, છતાં લાજમરજાદ લોપ્યા વિના કન્યાનો હાથ વરના હાથમાં મેલાયોઃ

થાળી ઠમકી ને વરવહુના હાથ મળ્યા
ઢોલ ઢમક્યા ને વરવહુના હાથ મળ્યા
જાણે ઈશ્વર - પારવતી સાથ મળ્યા

આવી મંગલ શરૂઆત પછીથી આ ગીત પરિહાસમાં ઊતરી પડે છે. તેથી એક સૂરતી સંગ્રહમાં આવી નવી પંક્તિઓ ઊતરી છે:

ઢોલ ઢમક્યા રે વરવહુના હાથ મળ્યા
વાજાં વાગ્યાં રે વરવહુના હાથ મળ્યા.
હૈયાં હરખ્યાં રે વરવહુના હાથ મળ્યા.
પ્રેમે નીરખ્યાં રે વરવહુના હાથ મળ્યા.

જેમ નદીને નદીનો નાથ મળ્યા
એમ વર ને કન્યાના હાથ મળ્યા.
જેમ દૂધમાં સાકર જાય ભળી
એમ વર ને કન્યાની જોડ મળી.
જેમ ફૂલમાં હોય સુવાસ ભળી
એમ વર ને કન્યાની જોડ મળી.
જેમ શોભે છે લ્હેરો સાગરમાં
એમ વર ને કન્યા માયરામાં.
જેમ સારસ શોભે સજોડે કરી
તેમ વર ને કન્યાની જોડ ઠરી.
જેમ ઇંદ્ર - ઈંદ્રાણીની જોડ ધરી
તેમ વર ને કન્યાની જોડ ઠરી.

**67**

હસ્તમેળાપ વાટે પરસ્પર સ્નેહ-વિદ્યુતનો સંચાર થઈ રહ્યો. સામસામા કૉલ દેવાયા, પરંતુ દેવતાની સાક્ષી નોંધાયા વિના એ કૉલ અધૂરા જ તો. માટીનાં (અથવા ત્રાંબાં-પિત્તળનાં) માટલાંને ચાર સ્થંભાકારે ગોઠવી ચૉરી (સં૰ ચત્વારિ) રચાવી છે ત્યાં બંને જણાં ચાર મંગલફેરા ફરે છે: અને રંગોની પસંદગી વિશે વરરાજાની રસદષ્ટિ માપવા માટે જાણે કે કન્યા પ્રત્યેક મંગલ વર્તતી વેળા પ્રશ્ન કરે છે, પતિ એનો રમ્ય ઉત્તર આપે છે. રંગોની ભભક વડે કલ્પના ભરપૂર બને છે:

પે'લું તે મંગળ વરતીયું, સખી, સામો દિયો શ્રીરામ,
ઘરમાં તે લીલું શું વખાણીએ, ઉત્તર દિયો, વરરાજ!

લીલા તે પોપટ પાંજરે, લીલી તો નાગરવેલ,
લીલી તે ચૉરી ચોગણી, લીલા ચૉરીના થંભ!

બીજું તે મંગળ વરતિયું, સખી, સામો દિયો શ્રીરામ,
ઘરમાં તે પીળું શું વખાણીએ, ઉત્તર દિયો, વરરાજ!

પીળાં તે પીતાંબર ધોતિયાં, પીળી ચણાની દાળ
પીળા તે વરરાજાના વાંકડાં[2], પીળી કન્યાની ઝાલ[2]!

ત્રીજું તે મંગળ વરતીઉં, સખી સામો, દિયો શ્રીરામ
ઘરમાં તે રાતું શું વખાણીએ, ઉત્તર દિયો વરરાજ!

રાતા તે રંગત ચૂડલા, રાતા કન્યાના દાંત
રાતાં તે વરરાજાનાં મોળિયાં, રાતા કંકુના થાળ!

ચોથું તે મંગળ વરતીઉં, સખી, સામો દિયો શ્રીરામ
ઘરમાં તે ધોળું શું વખાણીએ, ઉત્તર દિયો, વરરાજ!

ધોળા તે ધમળા[3] વખાણીએ, ધોળા તે ભાર કપાસ,
ધોળાં તે ધોબી ધોવે ધોતિયાં, ધોળી બગલાની પાંખ!

પાંચમું તે મંગળ[4] વરતીઉં, સખી, સામો દિયો શ્રીરામ
ઘરમાં તે કાળું શું વખાણીએ, ઉત્તર દિયો, વરરાજ!

કાળા તે ગેમર હાથીડા, કાળી તે કાજળ રેખ
કાળાં તે કોયલડીનાં બચળાં, કાળા મેઘ મલાર!

## 68

એ રીતે ચાર મંગલ ફેરા ફરાય છે. અગ્નિમાં જવતલ હોમાય છે. કન્યાનાં પિયરિયાંને હાથે કન્યાદાન દેવાય છે, અને વરકન્યા એક જ થાળીમાં બેસી સામસામા કોળિયા ભરાવી કંસાર જમે છે: તે વખતે વરપક્ષની ગાનારીઓ પરિહાસનું ગીત ગાય છે:

લાડો – લાડી જમે રે કંસાર
લાડીની માડી ટળવળે રે

[1] ફેરા ફરતી વખતે આ પંક્તિઓ 'દૂધે તે ભરી તળાવડી' (ગીત 4)ના અનુસંધાનમાં કેટલેક સ્થળે ગવાય છે. રંગની આ રમત માટે સરખાવો: 'રઢિયાળી રાત' (ભાગ 2)નું ગીત 'રામ ને સીતા વાદ વદે.' [2] ઘરેણાંનાં નામ. [3] બળદ.
[4] મંગળ તો ચાર જ હોય છે!

દીકરી, મુંને આંગળી ચટાડ
કંસાર કેવો ગળ્યો લાગે રે
માડી, તું તો પરણી છે કે નહિ
રે કંસાર કેમ વીસરે રે

## 69

ગોત્રીજની સન્મુખ દૂધભરી થાળીની અંદર દંપતી કોડીની રમત રમે છે. એ બધી વિધિઓ પોતે જ કાવ્યભરી, ભાવનાભરી ને અર્થભરપૂર છે: પરંતુ કોણ જાણે શા કારણે એનું વર્ણન આલેખનારાં ગીતો આ સાહિત્યમાં જૂજજાજ જ મળી આવે છે. ફક્ત બંને પરણનારાંનાં આ સહભોજન, સહક્રીડા – જે કહો તે – એનું એક જ સાદું રમતિયાળ ચિત્ર મળે છે:

કણ કણ કાંકણિયાળી ચૂડી રે
લાડા પાસે લાડડી દીસે રૂડી રે
કહોને લાડી એવડાં તે તપ શાં કીધાં રે
ગઢડામાં[1] ગોપીનાથ પૂજવા ગ્યાં'તાં રે
તેને તપે ...ભાઈ સસરો પામ્યાં રે
કહોને લાડી એવડાં તે તપ શાં કીધાં રે
મૂળીમાં[2] માંડવરાય પૂજવા ગ્યાં'તાં રે
તેને તપે ...બાઈ સાસુ પામ્યાં રે

✳

વાંકાનેરમાં જડેશ્વર પૂજવા ગ્યાં'તાં રે

✳

પાલીતાણે આદીશ્વર પૂજવા ગ્યાં'તાં રે

એવાં એવાં તપોના પુણ્ય-સંચયને પરિણામે જ જાણે કે રૂડું સાસરું જડ્યું. લગ્ન એટલે જાણે કે તપોવન; એ મુજબ જુદાં જુદાં તમામ તીર્થધામો અને તીર્થદેવતાઓનાં નામો મૂકી આ ગીતની પંક્તિઓ પુનરાવર્તન પામતી જાય છે.

## 70

અને કેવી એ લગ્ન-રાત્રિ? કેવા માંડવા ને કેવાં માયરાં? કેવી કન્યા ને કેવાં પરણેતર? જાણે એ મીઠાશની વાતો તો પંખીડાંના માળામાં પણ પ્રભાતે ચાલી રહી છે: સૂડો રાણો

---

[1] ગઢડામાં સ્વામીનારાયણ સંપ્રદાયનું ગોપીનાથનું તીર્થધામ છે.

[2] મૂળી ગામમાં, ત્યાં નજીકના માંડવના ડુંગર પરથી માંડવરા કહેવાતા પરમારોના ઇષ્ટદેવ છે, જેની પ્રતિમા સોઢા પરમારો છેક પારકરથી સાથે લાવેલા.

વિસ્મય પામે છે કે એ કોયલ રાણી! આવી રમ્ય આંબાડાળ કરતાંયે વધુ રમણીય શું મળ્યું કે તમે ત્યાં રાત રોકાઈ ગયાં!

સૂડલા[1] કોયલડીને વીનવે રે
આવી રૂડી સરોવરની પાળ
આંબા કેરી ડાળ
મૂકીને કોયલ ક્યાં ગ્યાં'તાં રે!
શીળા રે ...ભાઈના માંડવા રે
તિયાં રૂડા માંડવા નખાય
રૂડાં ગીત ગવાય
જોવાને અમે ત્યાં ગ્યાં'તાં રે! – સૂડલા૦

શીળાં રે ...ભાઈનાં માયરાં રે
તિયાં રૂડી કન્યા પરણાય
રૂડા ફેરા ફરાય
જોવાને અમે ત્યાં ગ્યાં'તાં રે – સૂડલા૦

શીળા રે ...ભાઈના માંડવા રે
ઘોડીલા બાંધ્યાં છે બાર
હાથી ઝૂલે દરબાર
જોવાને અમે ત્યાં ગ્યાં'તાં રે! – સૂડલા૦

## 71

લગ્ન-રાત્રિના ઝાકમઝોળ ઉલ્લાસ વીતી જતાં હવે તો કન્યાને પોતાની આવતીકાલની વિદાયના ભણકારા લાગવા માંડ્યા છે. ગીતોનો આખો પ્રવાહ મીઠી કરુણતામાં ઢળે છે. પિતા પાસેથી વસ્ત્રાભૂષણની પહેરામણી માગતી પુત્રી ગમગીન સ્વરે ગાતી કલ્પાય છે:

ચૉરીમાં ચરકલડી રે બોલે
દાદાજી અરથ ઉકેલો[2]!
અમારા દાદાને હાથી ને ઘોડા
તે બાને સાસરે દેજો!
સંપત હોય તો દેજો, દાદા મોરા
હાથ જોડી ઊભા રે'જો!
હાથ જોડી ઊભા રે'જો, દાદા મોરા
જીભરીએ જશ લેજો!

---

[1] સૂડા-કોયલનું જોડલું શા માટે કલ્પાયું હશે? બીજા ગીતમાં ('કાળી કોયલ શબ્દે સોહામણી') પણ સૂડા-કોયલને વર-વધૂ બનાવ્યાં છે.

[2] 'અરજ સુણો રે! ગરથ ઉકેલો' એમ પણ ગવાય છે.

ચોરીમાં ચરકલડી રે બોલે
દાદાજી, અરથ ઉકેલો!
અમારા વીરાને નવલી રે ગાયો
તે બાને સાસરે દેજો!
સંપત હોય તો દેજો, વીરા મોરા
હાથ જોડી ઊભા રે'જો!
હાથ જોડી ઊભા રે'જો, વીરા મોરા
જીભડીએ જશ લેજો!

[એ જ પ્રમાણે 'અમારી માતાને ઘેર નવલી વેલડીઓ' મૂકી ગીત આગળ ચાલે છે.]

## 72

આખરે જેના પડઘા બોલતા હતા તે વિદાયનો દિવસ આવી પહોંચે છે. અને કન્યાને જૂની સ્નેહગાંઠો છોડી નવા સંબંધ બાંધવા શિખામણ આપનાર વરરાજા આ ગીતમાં બોલતો કલ્પાયો છે:

આછેરું કંકુડું ઘોળ્યે રે લાડી
આછેરી પીળ્ય કઢાવું!
તારા બાપનાં ઝૂંપડાં મેલ્ય રે લાડી
*... ભાઈના મ્હેલ દેખાડું!
તારી માતાનો ખોળલો મેલ્ય રે લાડી
*... વહુ તે સાસુ દેખાડું!
તારા વીરાનો કેડલો મેલ્ય રે લાડી
*... ભાઈ દેર દેખાડું!
તારી બેનીનો છેડલો મેલ્ય રે લાડી
*... બા નણદી દેખાડું!

એમ પિયર-સંસારનાં તમામ જૂનાં સ્નેહ-પાત્રોને બદલે નવાં આપ્તજનોની સૃષ્ટિનો મોહ લગાડવાના પ્રયત્નો ચાલવા લાગ્યા.

## 73

આછાં કંકુડાં ઘોળીને કન્યાએ કપાળ પર પીળ્ય તો કાઢી, બચકાં બાંધ્યાં, વેલડી દ્વારે આવીને ઊભી રહી; પણ કન્યાને જુદાઈની પળ અત્યંત વસમી લાગી છે. આછા ઘૂંઘટમાં એ આંસુ પાડે છે. લગ્નજીવનના તમામ લહાવાની મીઠાશ માવતરના ખોળા

* કન્યાનાં સસરા, સાસુ તથા દિયર નણંદનાં નામ.

છોડવાની છેલ્લી ઘડી આવતાં કડવી ઝેર બની જાય છે. અને પતિની મૂંઝવણ દાખવતું આ ગીત ગવાય છે:

મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં રે
મેં તો કાચનાં જડિયાં કમાડ રે, હો લાડડી!
હજી રે સમજ, મારી કોયલડી

મેં તો દાદા મારાને દુભવ્યા રે
તારા આછા ઘૂંઘટડાને કારણ, હો લાડડી!
હજી રે સમજ, મારી કોયલડી!

મેં તો કાકા મારાને કોચવ્યા રે
તારા નવલા ઘૂંઘટડાને કારણ, હો લાડડી!
હજી રે સમજ, મારી કોયલડી!

ઓ મારી કોયલ, હવે તો સમજ! મેં તારી સાથે પાણિગ્રહણ કરવામાં કેટલી જહેમત ઉઠાવી: મેં તારા આછા ઘૂંઘટડાને કારણ મારા પિતાનું, મામાનું – તમામ સ્વજનોનાં – દિલ કોચવ્યાં. સહુની પસંદગી વિરુદ્ધ હું તને પરણ્યો, ને તું હવે રડવા બેઠી છે!

## 74

પિતાના આંગણાનો ઘોરગંભીર વડલો તજવાની વેળા આવી પહોંચી. અને પંખિણી જેવી પુત્રી પિતાની ક્ષમા માગવા લાગી:

દાદાને આંગણ આંબલો, આંબલો ઘોર ગંભીર જો,
એક તે પાન મેં ચૂંટિયું, દાદા, ગાળ નો દેજો જો,
અમે રે લીલા વનની ચરકલડી, ઊડી જાશું પરદેશ જો.
આજ રે દાદાજીના દેશમાં, કાલે જાશું પરદેશ જો,
દાદાને વા'લા દીકરા, અમને દીધાં પરદેશ જો!

## 75

પિયરિયાં વીનવે છે કે ઓ બહેન! હવે અહીં પેટ ભરી ભરીને મનભાવતાં ભોજન જમી લો. પછી સાસરિયાંમાં તો તમારે વહુ તરીકે એઠાં-જૂઠાં ને વહેલાં–મોડાં જમવા પડશે, મિષ્ટાન્ન તો કોઈ વારપરબે જ મળશે! અને રમી-જમીને ગરીબ ઘરને સાસરે ચાલી જતી બહેન તો રડતાં રડતાં પણ સ્વજનોને આશિષો જ દે છે:

લ્યોને રે બેની કચોળડાં! જમોને વાર બે વાર રે
પછે રે જમશો રે સાસરે, જમશો ઉછીષ્ટ ભાત રે!

કૂર[1] જમશો દિવાળડી, રોટલી આદિતવાર રે
એક જમશો રે બપોરે કે બીજલું માઝમ રાત રે!
ધીડી[2] રે ચાલ્યાં સાસરે રે, રોઈ રોઈ ભરિયાં તળાવ રે
ટાબશડે મુખ લ્હોઈ રિયાં, સરોવર ધોયા છે પાય રે!
ધીડી રે ચાલ્યાં છે સાસરે, દાદો વળાવાને જાય રે
ઘણું રે જીવો રે મારા દાદાજી, માતા સુવાસણી હોય રે!
ધીડી રે ચાલ્યાં સાસરે, વીરો વળાવાને જાય રે
ઘણું રે જીવો રે મારા વીરાજી, ભાભી સુવાસણ હોય રે!

## 76

અને ઓ પિતાજી! હવે પાછા વળો. આવીને તમે કેટલેક સુધી આવી શકશો? તમે તો મને બહુ દૂર પરણાવી છે!

પરશાળેથી કેસર ઊડે,
ઘોડવેલ્યું[3] આવે રે ઉતાવળી.
ઘોડવેલ્યે બેસી બેનીબા ચાલ્યાં
દાદા તે ...ભાઈ વળામણે.
વળો વળો રે મારા સમરથ દાદા,
અમને દીધાં તમે વેગળાં!

## 77

વેલડી બોલી: પૈ સિંચાયાં: એટલે કે વેલડીના પૈડાં નીચે શ્રીફળ પીલવામાં આવ્યાં. અને સહુ સ્વજનો બહેનને વળાવવા ચાલ્યાં: પ્રત્યેકે કન્યાને કરુણ શિખામણો દીધી. પિતા પ્રબળ ઊર્મિનો માર્યો ડેલીએથી જ પાછો વળ્યો. અને છેલ્લે સીમડી સુધી વળાવવા જવાની હિંમત તો ફક્ત વીરાની જ ચાલી: વિદાય થતી બહેન વગડામાં પિતાના ખેતરની દિશા (દશ્ય)માં પણ મીટ માંડતી જાય છે.

આ દશ્ય આ દશ્ય પીપળો, આ દશ્ય દાદાનાં ખેતર,
ડેલી વળામણ બાનો દાદોજી, દીકરી, ડાયલાં થાજો!
હૈડે[4] તે જડજો સોના સાંકળા, મનડાં વાળીને રે'જો!
સસરાનો સરડક ઘૂમટો, સાસુને પાયે તે પડજો!
જેઠ દેખી ઝીણાં બોલજો, જેઠાણી વાદ ન વદજો!
નાનો દેરીડો લાડકો, એનાં હસ્યાં રે ખમજો!

[1] કંસાર. [2] દીકરી. [3] ઘોડાનો રથ.
[4] હૈડા ઉપર સાંકળ જડી લેજો, લાગણીઓને કાબૂમાં રાખજો.
અહીં પણ એની એ જ પંક્તિઓનું પુનરાવર્તન થાય છે.

નાની નણંદ જાશે સાસરે, એનાં માથડાં ગૂંથજો!
માથાં ગૂંથી સેંથા પૂરજો, બેનને સાસરે વળાવજો!

*

શેરી વળામણ બાની સૈયરું, બેની, ડાયલાં થાજો!

*

ઝાંપલાં વળામણ બાની માતાજી, બેની, ડાયલાં થાજો!

*

સીમડી વળામણ બાનો વીરોજી, બેની, ડાયલાં થાજો!

[પાઠાન્તર: ડુંગર ઉપર દેરડી, ઉપર સોનાનાં ઈંડાં
... તે ગામ બીવરામણું, બેનીબા કેમ કરી રે'શો!
હૈડાં તે જડશું સોના સાંકળે, મનડાં વાળીને રે'શું![1]]

**78**

સહુએ બહેનને સાસરિયાં સ્વજનો પ્રતિનું કર્તવ્ય પ્રબોધ્યું. રડતી પુત્રી: અને વેલની પાછળ દોડતી માતા: પતિ જાણે હરણ કરી જતો હોય એવા ઉલ્લાસથી કઠોર બને છે: અથવા તો વેદનાનો વહેલો અંત લાવવા માગે છે. કન્યા વીનવે છે કે થોડી વાર વેલ્ય થંભાવો, મારા પિતાને ફરી એક વાર મળી લઉં. ભાઈની રજા માગી લઉં: ના! ના!

ઢોલીડા ધડૂક્યા, લાડી, ચાલો આપણે ઘેર રે!
ઊભા રો' તો માગું મારા દાદાજીની શીખ રે!
હવે કેવી શીખ રે, લાડી, હવે કેવા બોલ રે!
પરણ્યાં એટલે પ્યારાં લાડી, ચાલો આપણે ઘેર રે!
ઊભા રો' તો માગું મારા વીરાજીની શીખ રે!

[પ્રત્યેક સ્વજનનું નામ લઈ એ-ની એ જ પંક્તિઓ ગવાય છે.]

**79**

એવા પોકાર કરતી કન્યાને ઉપાડી વેલડી વેગે ચડી અને કન્યાના પિતાએ ઘેર જઈ જોયું તો માંડવો નિસ્તેજ લાગ્યો:

વળી વળી દાદા પૂછે વાત
આજ માંડવ કેમ અણોહરો રે
દીવડો તો હતો બેનીબાને હાથ
મેલીને ચાલ્યાં સાસરે રે

[1] આ ગીત સૂરતી લગ્ન-ગીતાવળીનું છે.

## 80

પિતાના ઘરનો દીવો – ઘરનું તેજ – ચાલ્યું ગયું! જાણે કોઈ ધુતારો ધૂતી ગયો. પુત્રીની રમતિયાળ ઉંમર કલ્પી છે:

એક આવ્યો'તો પરદેશી પોપટો;
બેની રમતા'તાં માંડવ હેઠ: ધુતારો ધૂતી ગયો!
બેને મેલ્યાં ઢીંગલ મેલ્યાં પોતિયાં,
બેને મેલ્યાં સૈયરીઓનો સાથ: ધુતારો ધૂતી ગયો!

## 81

માતા અફસોસ કરી રહી છે કે મારી ચંપાકળી મેં અંતરનાં અમૃત પાઈને ઉછેરી, ને આજ તો એ પારકાને હાથે ચૂંટાઈ ગઈ: ત્યારે સામે વરની માતા પણ રમૂજી ફરિયાદ મૂકે છે કે મારા પુત્રને ય પારકી જણીએ વશ કરી લીધો.

'મેં તો હરખે ચાંપલિયો રોપાવિયો રે
મારો ઉછેરતાં ભવ જાય,
ફૂલડાં વેળાએ માળી લઈ ગયા રે!

મેં તો હરખે ને લાડવઈ[1] મોટાં કર્યાં રે;
મારો ઉછેરતાં ભવ જાય,
કામની વેળાએ જમાઈ લઈ ગયા રે!
મેં તો હરખે ને જિયાવર મોટા કર્યા રે;
મારો ઉછેરતાં ભવ જાય;
કમાઈ વેળાએ વહુએ વશ કર્યા રે!

## 82

એક પક્ષે અફસોસ, ને બીજે પક્ષે આનંદ: ઉલ્લાસભરી જાન ગામેગામના પાદરમાંથી ચાલી જાય છે:

લીલૂડા વાંસની વાંસળી મારે જાનમાં વાગતી જાય!
ગામને પટેલીએ પૂછિયું: આ ક્યાંનો રાજા જાય?
નથી રાજા નથી રાજવીર, મારે ....ભાઈ પરણીને જાય
– લીલૂડાં૦

ગામની પાણિયારીએ પૂછિયું: આ ક્યાંનો રાજા જાય!
નથી રાજા નથી રાજવીર, મારે ...ભાઈ પરણીને જાય
– લીલૂડાં૦

---

[1] લાડવેલી પુત્રી.

ગામને ગોવાળીડે પૂછિયું: આ ક્યાંનો રાજા જાય?
નથી રાજા નથી રાજવીર, મારે ...ભાઈ પરણીને જાય
– લીલૂડા૦

## 83

વરપક્ષને તો આજે આનંદનાં સરોવર છલક્યાં છે:

આજ મારે ભરિયાં સરોવર છલિયાં
રે આનંદભર્યા!
આજ મારે માડીના ...ભાઈ પરણ્યા
રે આનંદભર્યા!
આજ મારે પરણીને ...ભાઈ પધાર્યા
રે આનંદભર્યા!
આજ અમે લાખ ખરચીને લાડી લાવ્યા
રે આનંદભર્યા!
આજ અમે લાખેણી લાડડી જીત્યા
રે આનંદભર્યા!
આજ અમે ઇડરિયો ગઢ જીત્યા
રે આનંદભર્યા!
આજ અમે જાણ્યું, ...ભાઈ જૂઠા
રે આનંદભર્યા!
આજ ઈ તો બેલી પરણાવીને ઊઠ્યા
રે આનંદભર્યા!
આજે અમે ...ભાઈ હસતા દીઠા
રે આનંદભર્યા!
આજ અમે ...વેવાઈને રોતા દીઠા
રે આનંદભર્યા!
આજે મારે ભરિયાં સરોવર છલિયાં
રે આનંદભર્યા!

## 84

જાણે એ તો વિજય કરીને આવે છે:

વરલાડડા રે, તારે કાને કારેલાં
માથડે મુગટ મોતી જડ્યો રે વરલાડડા!

વરલાડડા રે, તારો દાદોજી પૂછે
સાસરિયે જઈને મોભી શું જીત્યા રે વરલાડડા!
જીત્યા જીત્યા રે મારા સસરાની બેટી
બીજું તો જીત્યા સાયર સાસરું રે વરલાડડા!

85

ત્રાંબાકુંડી તે નગર સોહામણી
માંહે ભરિયેલ ગવરીનાં ઘીય
સાહેબીનો આંબો મોરિયો
મારે કિયા ભાઈનાં વાજિંત્ર વાગિયાં
પેલા વેવાઈનાં પડિયાં નિશાન. – સાહેલીનો૦
મારે કિયા ભાઈને આંગણ આંબલો
મારે કિયા ભાઈને આવે શીળી છાંય.– સાહેલીનો૦
મારે કિયા ભાઈને મેડીએ દીવા બળે
પેલા વેવાઈને અંધારાં ઘોર. – સાહેલીનો૦

*

મારે કઈ વહુને ચીર ઉપર ચૂંદડી
કઈ વહુને રે મોતી જડ્યો મોડ. – સાહેલીનો૦

*

મારે કઈ વહુને કાંબી ઉપર કડલાં
કઈ વહુને ઘૂઘરીએ ઘમકાર. – સાહેલીનો૦

86

લાડડી, તારા દેશમાં સોનીડે માંડ્યાં હાટ
લાડડો વસાવે ઝૂમણાં રે
એની લાડડીને પે'રવા જોગ રે
ઓલ્યો મલારપરનો મોરલો રે
એને નીરજો નાગરવેલ!
અરધી તે નીરજો એળચી રે
એને અરધી નાગરવેલ!
લાડડી, તારા દેશમાં દોશીડે માંડ્યાં હાટ
લાડો વસાવે ચૂંદડી રે
એની લાડડીને પે'રવા જોગ રે

ઓલ્યા મલારપરનો મોરલો રે
એને નીરજો નાગરવેલ!
અરધી તે નીરજો એળચી રે
એને અરધી નાગરવેલ

## 87

સાંકલડી શેરી રે દીવડિયા શા બળે રે
દીવાને અજવાળે ઓરડા ચીતર્યા,
હું તમને પૂછું રે છેલછબીલા ...ભાઈ રે
આજનો વાસો રે વીરા ક્યાં રે વસિયા?
આજનો વાસો રે બેની દોશીડાને હાટે રે
ચૂંદડિયું મૂલવી રે લાડણ વહુ તણી રે. – સાંકલડી૦

[સોનીડાને હાટે – ઝૂમણાં
ચૂડીગરને હાટે – ચૂડલી
માળીડાને હાટે – મોડિયો ]

## 88

એવા વિજેતા 'રાજ'ને ઘરને નારીઓ મો'લમાં પધરામણી કરાવી રહી છે:

મોલ પધારો રાજ!
તમે ...ભાઈના મોભી, મોલ પધારો રાજ!
મોલ પધારો રાજ!
તમે સોનાની શરણાયે મોલ પધારો રાજ!
મોલ પધારો રાજ!
તમે ...ભાઈના વીરા મોલ પધારો રાજ!

## 5
# જીવન

---

### 89

દૃશ્ય આખું બદલાઈ ગયું છે. સૂર્યાસ્ત પછીની લગાર જેટલી અંધકારમયતા સમી જુદાઈની કરુણતા શમી ગઈ. આજે સાસરવાસી જીવનની રાત્રિ સહસ્ર તારલે ટંકાઈને શી રૂડી મૂંગી મધુરતામાં આ નવવધૂને લપેટી રહી છે! વિદાયની પીડા વિસારે પડી આંસુ લુછાયાં. પુત્રી મટીને પોતે પત્ની બની છે એવું ભાન ઊગ્યું. નવા ઘરનો દીવડો બનીને આવનારી કન્યા આદરમાન પામી. નવી વહુના માથા પર સહુએ આશીર્વાદ વરસાવ્યા. નાનાં દેર–નણંદ એની ડોકે બાઝી પડ્યાં. અને જીવનમાં જે એક જ વાર આવે છે – આવીને કાં સદાકાળ રહે ને કાં સદાને માટે ચાલી જાય – એવી એ મિલનની પહેલી રાત આવી પહોંચી. એનાં વર્ણનો ન હોય. એને શબ્દપ્રયોગો ન શોભે. એ દૃશ્ય દુનિયાને દેખાડવાનું ન હોય, એ ગોપનતા અતિ પવિત્ર, અતિ મંગલ છે. પાંચ-છ પંક્તિનું ધ્વનિકાવ્ય એને માટે લોકકવિએ ગનીમત માન્યું:

હાં હાં રે હમલી લીલી દાંડીનો ઝમરખ દીવડો
હાં હાં રે હમલી રમઝમ કરતાં ...વહુ આવ્યાં.

હાં હાં રે હમલી વગરતેડ્યાં ગોરી શીદ આવ્યાં?
હાં હાં રે હમલી આછી પછેડી ઓઢવા આવ્યાં.

હાં હાં રે હમલી પાતળિયા! પગ ચાંપવા આવ્યાં.
હાં હાં રે હમલી મોતૈયા લાડુ જમવાને આવ્યાં.

### 90

પતિ-પ્રેમની આછી પછેડીની સોડમાં પોઢી ગયાં. અને એ સુખનિદ્રામાં એણે કેવાં મધુર, કેવાં ગહન સ્વપ્નો દીઠાં! પતિ પોતે જ તેના અર્થો કરી આપે છે:

હું સૂતી રે મારા રંગ રે મોલમાં
સૂતાં તે સપનાં લાગિયાં જી રે!

ઊંડાં[1] ઝળહળ રે મેં તો સપનામાં દીઠાં
માનસરોવર ભર્યાં દીઠાં જી રે!

આંગણે હસ્તી રે મેં સપનામાં દીઠા
કુંભ કળશ ત્યાં ભર્યા દીઠા જી રે!

આંગણે આંબલો રે મેં તો સપનામાં દીઠો
જાય[2] જાવંત્રી ઢુંગે ઢુંગે[3] જી રે!

મોતીના ચોક રે મેં તો સપનામાં દીઠા
લીલી હરિયાળી ત્યાં બહુ ફળી જી રે!

મેડીએ દીવડો રે મેં તો સપનામાં દીઠો
કંકુ કેસર કેરાં છાંટણાં રે જી રે!

સૂતા જાગો રે મારી નણદીના વીરા
સપનાના અરથ ઉકેલજો જી રે!

ઊંડાં ઝળહળ રે, ગોરી, મૈયર તમારું
માનસરોવર તારું સાસરું જી રે!

આંગણે હસ્તી રે, ગોરી, વીરો તમારો
કુંભ કળશ તારાં કુળનાં જી રે![4]

આંગણે આંબલો રે, ગોરી, સસરો તમારો
જાય જાવંત્રી સાસુ તારી જી રે!

મોતીના ચોક રે ગોરી, કંથ તમારો
લીલી હરિયાળી નણંદ તમારી જી રે!

મેડીએ દીવડો રે, ગોરી, કુંવર તમારો
કંકુ કેસરિયાં વવારું તમારાં જી રે!

ઘણું જીવજો રે, મારી નણદીના વીરા,
સપનાના અરથ ભલા કર્યા જી રે!

---

[1] પાઠાન્તરઃ 'ઉંડણ જળકશી'. [2] જાયફળ [3] ઢગલેઢગલા. [4] આંહીં સુધી તો સ્વપ્નાંને પિયર તેમ જ સાસરું બેઉ સાથે ઘટાવાય છે, પણ તે પછી એ સંકલના તૂટે છે. મૂળ ગીત ખંડિત સ્વરૂપે રહ્યું દીસે છે,

અન્ય પુસ્તકમાં એક સ્વપ્નું વધુ બોલાય છે:

મેં તો જાણ્યું રે ઘર વચ્ચે ગહુંળી શી પૂરી
લીલુડાં તોરણ બંધાઈ રહ્યાં રે
ઘર વચ્ચે ગહુંળી તે ગોરી દીકરી તમારી
લીલુડાં તોરણ જમાઈ તારો રે

## 91

જેવા સુંદર સ્વપ્નાં, તેવા જ સુસંગત એના અર્થો: અજાણ્યા જીવનસાથીએ કંઈક એવી મીઠાશ એ સહચરીના અંતઃકરણમાં મેલી દીધી કે નિદ્રામાં આવાં રૂપાળાં સ્વપ્નાં મળ્યાં. અને સ્વામીએ એ સ્વપ્નસૃષ્ટિને બંને કુટુંબોનાં આત્મજનો વડે વસાવી દીધી. આંહીંથી જ આરંભાયેલી મમતા વળી પાછું નવું સ્વરૂપ ધારણ કરે છે. અજાણ્યા સંસારવનમાં આવી પડેલી સ્ત્રી સ્વામીને કહે છે કે હું તો માર્ગ ભૂલી છું. મને માર્ગ દેખાડો: તમે મારા ભોમિયા બનો: એમ કહેવાની સાથે તો આખીયે સાસરવેલ એને સુંદર સુંદર, ઉચ્ચ ઉપમાઓને યોગ્ય દેખાઈ આવે છે:

ગોખે તે બેઠી રાણી રાજવણ બોલે
મને મારગડો દેખાડો, રાજ બંદલા[1]!
હું તો મારગડાની ભૂલી, રાજ બંદલા!

અલબેલડા રે મારે ...ભાઈના દાદા,
જાણે ભરી સભાના રાજા રાજ બંદલા!
મને મારગડો દેખાડો, રાજ બંદલા!
હું તો મારગડાની ભૂલી, રાજ બંદલા!

અલબેલડા રે મારે ...ભાઈના વીરા,
જાણે હાર માયલા હીરા રાજ બંદલા!
મને મારગડો દેખાડો, રાજ બંદલા!
હું તો મારગડાની ભૂલી, રાજ બંદલા!

અલબેલડા રે મારે ...ભાઈના વીરા,
જાણે મેહુલિયાની હેલી રાજ બંદલા[2]!
મને...

---

[1] મૂળ રાજસ્થાની શબ્દ 'બનરો' છે.

[2] પ્રશ્નોરા-પાઠાન્તર:

અલબેલડા રે મારે ... ભાઈની બેન્યું
જાણે ધમધમતી તે વેલ્યું રાજ બંદલા!

અલબેલડા રે મારે ...ભાઈના મામા,
જાણે સરોવર પાળે આંબા રાજ બંદલા!

અલબેલડા રે મારે ...ભાઈના કાકા,
જાણે વીંટી માયલા આંકા[1] રાજ બંદલા!

અલબેલડા રે મારે ...ભાઈની માડી,
જાણે ફૂલડાં કેરી વાડી રાજ બંદલા!

આ ગીતમાં ... ટપકાંવાળા સ્થળે વહુના દિયરનું નામ મૂકવું જોઈએ, કે જેથી પતિનાં તમામ સગાંને ઉદ્દેશીને પત્ની ગાતી હોય તેવો અર્થ નીકળે. વાસ્તવિક એમ જ હોવું જોઈએ. પરંતુ અત્યારે ગાનારી સ્ત્રીઓ તો ત્યાં વરનું જ નામ લે છે, કેમ કે તેમને એ નામ બોલવાનો બાધ નથી હોતો.

## 92

કોઈ ટીખળી કવિએ આ ગ્રામ્ય વર-વહુના પ્રણય-સંસારનું આટલું વિનોદભર્યું ચિત્ર આલેખી નાખ્યું:

કિયા ભાઈની વાડીમાં અગરચંદણનું ઝાડ હોય રાયા!
કિયે તે સુતારે અગર ચંદણ વેરિયાં રે
કિયા ભાઈની મેડીમાં શેરડીઉં ચુસાય હો રાયા!
કયી વહુને કોણીએ રેગાડા ઊતરે રે.
કિયા ભાઈની મેડીમાં રમક ઝમક થાય હો રાયા!
કયી વહુને પગે ઝાંઝર ઝમઝમે રે.
કિયા ભાઈની મેડીમાં કુલેરું[2] ચોળાય હો રાયા!
કયી વહુના મોઢે તે માખિયું બણબણે રે.
કિયા ભાઈની મેડીમાં ઢીંકાપાટુ થાય હો રાયા!
કયી વહુને વાંસે સબોટા ઊઠિયા રે.

## 93

પતિ જાણે રમૂજ કરે છે કે, ઓ સ્ત્રી! તું આવડી મોટી થઈને પછી કેમ પરણી? તું આટલાં વર્ષો સુધી શું કરતી હતી? શું તને કોઈ સ્વીકારનાર મળતો નહોતો? ચતુર નારી કુનેહભર્યો જવાબ વાળે છે; જાણે પોતે આવાં મનગમતાં સાસરિયાં મેળવવા માટે રોજ રાતે પ્રભુને પ્રાર્થના કરતી હતી:

[1] પ્રશ્નોરા-ગીતમાં: 'જાણે કાચી કેળ આંકા'.

[2] કુલેર: ઘઉં અથવા બાજરાના લોટમાં ઘી તથા ગોળ મેળવીને કરેલું કાચું મિષ્ટાન્ન

લાડડી ટોડલા[1] જેવડી રે,
લાડડી આવડલાં તે વરસ તું ક્યાં રહી રે?
હું તો દીએ સૂતી ને રાતે જાગતી રે!
હું તો સસરોજી ...ભાઈ માગતી રે. – લાડડી૦
હું તો દીએ સૂતી ને રાતે જાગતી રે!
હું તો સાસુજી ...બાઈ માગતી રે. – લાડડી૦

**94**

જ્યાં અતિ સ્નેહ, ત્યાં અનિષ્ટની શંકા પણ સહેજ પડી જાય. નવવધૂના કાનમાં ભણકારા બોલ્યા કે તારો સ્વામી તો નવી વહુ પરણી લાવે છેઃ તું એને નથી ગમતી! હાંસીને સાચી સમજી વહુએ બહાર જતા સ્વામીનો છેડો ઝાલ્યોઃ સાચું કહો, ફરી પરણવું છે? અરે, એવું કોણે કહ્યું? પવને કહ્યું. પણ કહો સાચું, હું શીદને ન ગમી? મારામાં શી ઊણપ દીઠી?

સ્વામીએ મીઠી મજાક કરી, કલ્પી લેવાયેલાં અણગમાનાં ગમ્મતભર્યાં બહાનાં કાઢ્યાં! સ્નેહનો થોડો વિનોદ કરી લીધોઃ

સોના ઈંઢોણી રૂપા બેડલું રે પાલવ છોડજો!
પાણીડાં ગઈ'તી તળાવ
નવજાદી! નવ પાલવ છોડજો!

[અહીં કંઈક તૂટ્યું જણાય છે.]

કોણે કીધું ને કોણે સાંભળ્યું રે પાલવ છોડજો!
કોણે ઉડાડી છે વાત
નવજાદી! નવ પાલવ છોડજો!
ચાંદે કીધું ને સૂરજે સાંભળ્યું રે પાલવ છોડજો!
વાયે ઉડાડી છે વાત
નવજાદી! નવ પાલવ છોડજો!
તમારું તે મૈયર ગોરી વેગળું રે પાલવ છોડજો!
ઢૂંકડા[2] સાસરિયાની ખાંત
નવજાદી! નવ પાલવ છોડજો!
તમારો તે વીરો ગોરી એકલા રે પાલવ છોડજો!
સાત સાળાની છે ખાંત
નવજાદી! નવ પાલવ છોડજો!

[1] બારણાનાં બારસાખ ઉપરનું દીવા મૂકવાનું સ્થાન.
[2] નજીકના.

તમારા તે પૉંચા ગોરી શામળા રે પાલવ છોડજો!
ગોરા પૉંચાની છે ખાંત
નવજાદી! નવ પાલવ છોડજો!
તમારાં છોરુડાં ગોરી ગોબરાં રે પાલવ છોડજો!
ખોળે બેસાર્યાંની છે ખાંત
નવજાદી! નવ પાલવ છોડજો!

## 95

વિનોદના પ્રસંગો આવી આવીને જતા રહ્યા અને આખરે જાણે કે એક દિવસ કોઈ અપરાધનો અવસર ઊભો થયો; પ્રભાતે સાસુજીએ દાતણ માગ્યું, પણ મોહની કાગાનીંદરમાં ઘેરાયેલી આંખોવાળી અન્યમનસ્ક વહુએ ધ્યાન ન આપ્યું. બે વાર માગ્યું તો યે વહુ બેદરકાર રહી અને ચકોર સ્વામીએ 'મને મારગડો દેખાડો રાજ!' એ સૂચના અનુસાર આ કર્તવ્યભૂલી મોહવશ રાજવણને સાચી દિશા દેખાડવા સજા સંભળાવી:

શ્રી પરભાતને પોર
દેવકીજીએ* દાતણ માગિયાં.
માંગ્યાં માંગ્યાં વાર બે વાર
રૂખમણીએ* શબ્દ ન સાંભળ્યો[1]
હરિના હાથમાં શાન પચાસ
મેડીએથી શ્રીકૃષ્ણ* ઊતર્યા,
મારા નાનેરા બળભદ્ર* વીર!
ગંગાને કાંઠે ઘર કરો.

*

ત્યાં કાંઈ રાખોને રૂખમણી[1] નાર
માતા વચન કેમ લોપિયું?
સ્વામી! શો રે અમારલો વાંક
શે રે માટે અમને દૂર કરો!
ગોરી! તમે મારા હૈડાનો હાર
માતા વચન કેમ લોપિયું?

---

[1] સૂરતી લગ્ન-ગીતમાંથી બે વધુ પંક્તિઓ: મારા ગંગાજી સરખાં રે માત, તમારા મન તે કોણે દુભવ્યાં આપણા ઘરમાં રૂખમણી નાર, તેણે મારો શબ્દ ન સાંભળ્યો.

સ્વામી! શિયાળાના માસ
મશરૂનાં ગોદડાં મોકલાવજો!
સ્વામી! ઉનાળાના માસ
ફૂલના તે વીંઝણા મોકલાવજો!
સ્વામી! ચોમાસાના માસ
ચૂનાબંધ હવેલી ચણાવજો!
રાખીશ રાખીશ માસ છ માસ
છઠે તે માસે તેડાં મોકલું!

તું મને વહાલી છે, પણ તેં માતાનું વેણ ઉલ્લંઘ્યું તેનું પ્રાયશ્ચિત હું બતાવું છું. છ મહિને તો હું તને તેડાવી લઈશ. તું મૂંઝાતી નહિ. આપણ બંને સહદુઃખભાગી બનીને આ સજા સહી લેશું.

**96**

કર્તવ્યના પાઠ શીખીને બંને જણા સંસારી જીવનનો યજ્ઞ સંગાથે મળી રોજ રચ્યા કરે છે. ઉચ્ચ કે નીચ, એવા કોઈ ભેદ ગૃહકાર્યમાં એ દંપતીએ નથી રાખ્યા. ગોપ-જીવનમાં તો ચાહે તે ગૃહકાર્ય સદાય સરખી રીતે ગૌરવવંતું છે:

શ્રી રામ! ધોળું નગર ધોળું ધોળકું રે શોભા!
શ્રી રામ! ધોળી ધોળકિયાની વાત રે શોભા!
શ્રી રામ! વાવે તે તાળું રે ત્રાંબા તણા શોભા!
શ્રી રામ! મોતીડાવરણાં જળ ભર્યાં રે શોભા!
શ્રી રામ! વાવે તે કચરો કંકુ તણો રે શોભા!
શ્રી રામ! શીંદોરિયા તે શેવાળ રે શોભા!
શ્રી રામ! પગથિયે પગથિયે પૂતળી રે શોભા!
શ્રી રામ! રૂપા માછલીની હાર રે શોભા!
શ્રી રામ! સાવ રે સોનાનો બાજોઠિયો રે શોભા!
શ્રી રામ! ત્યાં બેસી શ્રી કૃષ્ણ ના'યા રે શોભા!
શ્રી રામ! નાહી ધોઈને ઊભા રિયા રે શોભા!
શ્રી રામ! ત્યાં આવ્યાં લક્ષ્મીજી નાર રે શોભા!
શ્રી રામ! શ્રી કૃષ્ણે* ખીલા ખોડિયા રે શોભા!

* આ નામોને બદલે, કૌશલ્યા, સીતા, રામચંદ્ર, લખમણ એ નામો પણ ગવાય છે.

શ્રી રામ! લક્ષ્મીજીએ* બાંધી ગાય રે શોભા!
શ્રી રામ! શ્રી કૃષ્ણે વાછરું વાળિયાં રે શોભા!
શ્રી રામ! લક્ષ્મીજીએ દોઈ ગાય રે શોભા!
શ્રી રામ! શ્રી કૃષ્ણે ગોરસ મેળિયાં[1] રે શોભા!
શ્રી રામ! લક્ષ્મીજીએ ઘૂમ્યાં મહી રે શોભા!
શ્રી રામ! શ્રી કૃષ્ણે માખણ ઉતાર્યાં રે શોભા!
શ્રી રામ! લક્ષ્મીજીએ તાવ્યાં ઘીય રે શોભા!
શ્રી રામ! શ્રી કૃષ્ણે જવતલ હોમિયા રે શોભા!
શ્રી રામ! ધુંવાડા ચડ્યા છે આકાશ રે શોભા!
શ્રી રામ! આ કુળ કેણે અજવાળિયાં રે શોભા!
શ્રી રામ! વાસુદેવનો મોભી શ્રી કૃષ્ણ રે શોભા!
શ્રી રામ! આ કુળ એણે અજવાળિયાં રે શોભા!

---

* પછી ફરી વાર ગાતાં દરેક સ્થળે પરણનાર વર-વહુનાં નામ મુકાય છે.

[1] જમાવ્યાં.

# ચૂંદડી

## ભાગ 2

# ચારણી ગીતો

## 1
## શી શી રીતે રાખું?

માતા અથવા બહેન પોતાના પરણનાર સ્વજનને 'ખમ્મા! ખમ્મા!' કહી ક્ષેમકુશળ વાંછે છે હે મારુ! (મારવાડના અસલ નિવાસી!) તું મૃગનયનીનો, દાડમસમ દાંતવાળીનો, મિતભાષિણીનો, અંતરે ભીનીનો, પિયર જેનું પરિપૂર્ણ છે ને મોસાળમાં જે મોંઘી છે તેનો પતિ છે. તને હું શી શી રીતે સાચવું? ડોકના માદળિયાની માફક, હૈયાના હાર માંહેલા હીરની માફક, ઉનાળાના શીતળ આંબાની માફક, ચોમાસાના પ્રિય પુષ્પ ચંપાની માફક અને શિયાળાની હૂંફાળી કામળીની માફક.

મારુ! તુંને ખમ્માજી ખમ્માજી કરી રાખું રે
મરઘાનેણીના સાયબાને
જાતીલાને[1] ખમ્મા હે માણારાજ! ઘણી ખમ્મા!

મારુ! તુંને હાર માયલો હીરો કરી રાખું રે
દાડમ-દંતીના[2] સાયબાને
બાપાભાને ખમ્મા હે માણારાજ! ઘણી ખમ્મા[3]!

મારુ! તુંને મનડાનું માદળિયું કરી રાખું રે
થોડાબોલીના[4] સાયબાને
ડોલરિયાને ખમ્મા હે માણારાજ! ઘણી ખમ્મા!

[1] ખાનદાન. [2] દાડમનાં બીજ જેવાં સુંદર દાંતવાળી. [3] ખમ્મા: ક્ષેમ. 'ખમ્મા' શબ્દ સ્ત્રીઓ પુરુષોને માટે ક્ષેમકુશળના આશીર્વાદ તરીકે યોજે છે.
[4] થોડાબોલી: મિતભાષી

મારુ! તુંને ઉનાળાનો આંબો કરી રાખું રે
અંતરભીનીના[1] સાયબાને
કેસરિયાને ખમ્મા હે માણારાજ[2]! ઘણી ખમ્મા!

મારું! તુંને ચોમાસાનો ચંપો કરી રાખું રે
પિયરપૂરીના[3] સાયબાને
નવશાજીને[4] ખમ્મા હે માણારાજ! ઘણી ખમ્મા!

મારુ! તુંને શિયાળાની શીરખ કરી રાખું રે
મોસાળમોંઘીનાં[5] સાયબાને
નેજાળાને[6] ખમ્મા હે માણારાજ! ઘણી ખમ્મા!

મારુ! તુંને ખમ્માજી ખમ્માજી કરી રાખું રે
મરઘાનેણીના સાયબાને
છોગાળાને ખમ્મા હે માણારાજ! ઘણી ખમ્મા!

## 2

## હરિનાં મીઠડાં

આ ગીત બ્રહ્માનંદનું રચેલું છે. ચારણો એને લગ્નગીત ગણી લલકારે છે. એમાં સંવનનના સૂર છે: સરોવર તીરે પરસ્પર દર્શન થયું: કન્યાએ દોટ દીધી: લજ્જા તજીને કંથનાં વારણાં લીધાં. ‘ચૂંદડી’ (ભાગ 1)ના ‘દૂધે ભરી તળાવડી’ અને ‘લાંબી લાંબી સરવરિયાની પાળ’ના ભાવવાળું ગીત છે:

ગઈ’તી ગઈ’તી ભરવાને નીર
કેસરિયે વાઘે[7] રે નટવર દીઠડા જી માણારાજ!

બેડું મેલ્યું સરવરિયાની પાળ
ઈંઢોણી વળગાડી આંબા કેરી ડાળખી જી માણારાજ!

દડવડી[8] દીધી મેં તો દોટ
લાજડલી[9] લોપીને લીધાં હરિનાં મીઠડાં જી માણારાજ!

શોભે શોભે બ્રહ્માનંદનો લાલ
છોગલિયાં[10] બિરાજે પંચરંગી પાઘમાં જી માણારાજ!

---

[1] અંતરભીની: અંતરની સુગંધે ભભકતી. [2] માણારાજ: કાઠી પુરુષોને સંબોધાતો માનસૂચક શબ્દ: ‘માણા’ નામના કોઈ પૂર્વજ પરથી. [3] પિયરપૂરી: જેને પિયરમાં પૂરું કુટુંબ છે તે. [4] નવશાજી: નવશાહ: વરરાજા. [5] મોસાળમોંઘી: જે પોતાના મામાને ઘેર અત્યંત લાડકવાયી છે તે. [6] નેજાળો=ધ્વજવાળો.
[7] વાઘો: કૃષ્ણ પહેરતા તેવો લાંબો, કમર સુધી કસકસતો અને કમરથી ગોઠણની નીચે સુધી ઘેરદાર ઝુલતો ડગલો. [8] દડતાં, પડતાં, ઠોકર ખાતાં ઉતાવળે. [9] લજ્જા. [10] છોગાં.

## 3

## ઉપમા

વરરાજે કન્યાના ગામને પાદર તંબૂ તાણ્યા એ વખતનું વર્ણનઃ પોતે કેવો દીસ્યો? રૂપ તો સૂર્ય સમઃ ભાષા તો મહેલના ભ્રમર સમીઃ ગતિ તો હંસલા ઘોડા જેવી.

આછી[1] રૂડી આંબલિયાની છાંય
બને ને મારુએ[2] ડેરા[3]તાણિયા જી માણારાજ!

નવશાજી રૂપ સરૂપ[4]
જાણે રે વ્રજવાસી સૂરજ ઊગિયો રે જી માણારાજ!

બાપાભાનો બોલેવો[5] સરૂપ
જાણે રે મોલુંમાં ભમરો ગૂંજિયો જી માણારાજ!

ડોલરિયાનો હાલેવો[6] સરૂપ
જાણે રે હંસોજી[7] હેમર હાલિયો જી માણારાજ!

## 4

## જોવા દેજો!

કન્યા પોતે જાણે કે વરરાજાનાં રૂપ જોઈ લેવા માગે છે. એ માગે છે કે 'મને જોવા દો, નીરખવા દો.' એના મસ્તક પર કલગી છે, મોતીડાં છે, મેવાડી પાઘ છે, ઉપર ફૂલોનો તૉરો ફરકે છે, વગેરે.

જોવા તે દેજો મુને નરખણ[8] દેજો, રાજ!
કલંગી[9]વાળો કાન એ વર જોવા દેજો, રાજ.
મોતીડાંવાળો માવ[10] એ વર જોવા દેજો, રાજ.

માથે મેવાડાહંદા[11] મોળિયાંવાળો[12] વર,
ફરહર લટકે ફૂલ એ વર જોવા દેજો, રાજ! – જોવા૦

બાંય બાજુ રે બંધ બેરખાવાળો વર,
દસ આંગળીએ વેઢ એ વર જોવા દેજો, રાજ! – જોવા૦

પગમાં રાઠોડીહંદી મોજડીવાળો વર,
ચાલે ચટકતી ચાલ્ય એ વર જોવા દેજો, રાજ! – જોવા૦

---

[1] અચ્છીઃ સારી (મારવાડી શબ્દ.). [2] વરરાજાએ ('બનો' અથવા 'વનો' એ મારવાડી શબ્દ છે.) [3] તંબુ.
[4] સુંદર. [5] બોલવું, [6] હાલવું. આ બંને શબ્દની રચના પણ ચારણી વ્યાકરણની છે. આંહીં 'બોલવાની ક્રિયા'
તરીકે વપરાયેલ છે. તે ઉપરાંત બોલવા માટે 'બોલેવા' (ઇન ઑર્ડર ટુ સ્પીક) કહેવાય છે. [7] હંસોજીઃ ઘોડો,
ઘોડાની સુંદર જાત છે. [8] નિરીક્ષણ (કરવા). [9] કલગી. [10] માવો (કૃષ્ણને સંબોધવામાં આવતું વિશેષણ).
[11] મેવાડનાંઃ 'હંદુ', 'હુંદુ', 'હુંદુ' વગેરે છઠ્ઠી વિભક્તિના પ્રત્યય તરીકે ચારણી સાહિત્યમાં વપરાય છે.
[12] પાઘડીવાળો.

## 5

## કેસરિયાંનાં તેડાં

વર કન્યાને પોતાની પાસે તેડાવે છે: કન્યા જુદાં જુદાં બહાનાં બતાવી વિલંબ કરે છે. વિનોદ પરસ્પરની પ્રેમોર્મિને બહલાવે છે.

લાડી! તમને કેસરિયો બોલાવે રે રંગભીની!
ઓરાં આવો મુજ પાસ.

પાળી[1] ચાલું તો મારા પહોલાં[2] દુખે
કેમ રે આવું વરરાજ!

મોકલાવું મારી અવલ હાથણિયું
બેસી આવો મુજ પાસ! – લાડી૰

અવલ હાથણિયુંની ઊંચી અંબાડી
તેથી ડરું વરરાજ!

મોકલાવું મારાં અવલ વછેરાં
બેસી આવો મુજ પાસ! – લાડી૰

અવલ વછેરાં તો નાચે ને ખૂંદે
તેથી ડરું વરરાજ!

મોકલાવું મારી અવલ વેલડિયું
બેસી આવો મુજ પાસ! – લાડી૰

અવલ વેલડિયુંનાં પૈ રે ધડુકે
તેથી ડરું વરરાજ! – લાડી૰

## 6

## સાચી શોભા

પુત્ર પરણે છે. તે સમયે જ વર-માતાનાં સાસુ–સસરો રિસાઈ ગયાં છે. માતા વિલાપ કરે છે: જેમ આંબાની શોભા એનાં નિકટનાં જાંબુ વગેરે ઝાડ વિના જતી રહે છે, જેમ સરોવર પોતાનાં હંસ બગલાં વગેરે પક્ષી વિના સૂનું લાગે છે, તેમ જ વરની મા પોતાનાં શ્વસુરોનાં રિસામણાંથી ઝાંખી પડી ગઈ છે.

---

[1] પગ વડે. [2] પગ.

[1]

તું કાં રે આંબલિયા અણોસરો[1]?
કે તારી વસમલી[2] ડાળ
કે તારી વસમલી ડાળ
કે તુંને પંખીડે દુવેગિયો[3]?
કે તુંને કોણે દીધી ગાળ?
નથી મને પંખીડે દુવેગિયો
નથી મને દીધેલી ગાળ.
મારાં આંસુ ને જાંબુ રોષ ચાલ્યાં
તે વિના શોભા નો પામીએ
એક સોઈં[4] તે આંબુ ને સોઈં તે જાંબુ
પાળ બાંધણ કેવડો.
વીરાને માંડવ બેની સોઈં
નગર બાંધણ રાજિયો.

[2]

તું કાં રે સરોવરિયા અણોસરો?
કે તારી વસમલી પાળ?
કે તુંને પંખીડે દુવેગિયો?
કે તુંને કોણે દીધી ગાળ?
નથી મને પંખીડે દુવેગિયો
નથી મને દીધેલી ગાળ.
મારાં હંસ ને બગલાં રોષ ચાલ્યાં
તે વિણ શોભા નો પામીએ.
એક સોઈં તે હંસ ને સોઈં તે બગલું
પાળ બાંધણ કેવડો
વીરાને માંડવ બેની સોઈં
નગર બાંધણ રાજિયો.

---
[1] નિસ્તેજ, ઉદાસ. [2] વસમીઃ દુર્ગમ. [3] દુભાવ્યો. [4] સોહે.

[ 3 ]

કે તું કાં રે ...બાઈ અણોસરી?
કે તારી વસમલી ચાલ?
કે તારે પિયુડે દુવેગિયાં?
કે તુંને દીધેલી ગાળ?
મારાં સાસુ ને સસરો રોષ ચાલ્યાં
તે વિણ શોભા નો પામીએ.
એક સોઈ તે સાસુ ને સોઈ તે સસરો
પાળ બાંધણ કેવડો.
વીરાને માંડવ બેની સોઈ
નગર બાંધણ રાજિયો.

# કાઠી–રજપૂતનાં ગીતો

## 7

## એ વર વરીએ!

[કન્યાની પસંદગી સૂચવતું ગીતઃ 'ચૂંદડી' (ભાગ 1)નાં ગીત 4-5-6ને મળતું]

કેસર તળાવડી[1] અમીરસ પાણી
છૂટે અંબોડે દાતણ કરો રે કેસરિયા

હાલતાં ને ચાલતાં ...વહુએ નીરખ્યા
દાદાજી! વરીએ તો એ વર વરીએ!

કડ્ય રે પાતળિયો મુખ રે શામળિયો
નાણાંનો બળિયો એ વર વરીએ!
ગરથે આગળિયો એ વર વરીએ!

કેસર તળાવડીમાં અમીરસ પાણી
છૂટે અંબોડે નાવણ કરો રે કેસરિયા!

હાલતાં ચાલતાં ...વહુએ નીરખ્યા
કાકાજી વરીએ તો એ વર વરીએ!

## 8

## મનડાં મોહ્યાં

[આંહીં પણ વર-કન્યાનો કોમળ પ્રીતિભાવ જાગ્રત કરવા માટે કુંજલડી, પોપટ, કોયલ વગેરેનાં રૂપકો લગાડાયાં છે. બધાં પક્ષીઓનાં તેમજ વરવહુનાં ખાસ લાક્ષણિક સુંદર તત્ત્વોનું સ્મરણ દેવાયું છે.]

---

[1] પાઠાન્તરઃ 'ચતુર તળાવડીમાં'

લાંબી ડોકે કુજડ રાણી!
અને તારાં મધદરિયે મનડાં મોહ્યાં રે કુજડ રાણી
લીલી પાંખે પોપટ રાણા!
અને તારાં પાંજરડે મનડાં મોહ્યાં રે પોપટ રાણા!
કાળી પાંખે કોયલ રાણી!
અને તારાં આંબલીએ મનડાં મોહ્યાં રે કોયલ રાણી!
રાતે ચૂડે મોંઘી વહુ રાણી!
અને તારાં ...ગામ મનડાં મોહ્યાં રે મોંઘી વહુ રાણી!
રાતે રેટે ...ભાઈ રાણા!
અને મારાં લાકડીએ મનડાં મોહ્યાં રે કેસરિયા રાણા!

## 9

## મોહિની

[પુરુષ જાણે કે દાતણ, નાવણ વગેરેને બહાને આવીને કન્યાને જોઈ જાય છે અને મુગ્ધ બને છે.]

રાજને આંગણિયે કરેણી રોપાવો રાજ
વાલો દાતણિયાંની મશે[1] ભલે આવ્યા રાજ!
ઈ તો કોટાળો ચોટાળીને મોહ્યા રાજ
ઇ–તો કેસરિયો મોંઘી વહુને મોહ્યા રાજ
હાંજિયલ મારૂઈ! પાનિયલ મારૂઈ!
રાજને આંગણિયે વાવડલી ગળાવો રાજ!
વાલો નાવણિયાંની મશે ભલે આવ્યા રાજ. – વાલો.
ઈ તો ડગલાળો કડલાળીને મોહ્યા રાજ
ઇ તો કેસરિયો ...વહુને મોહ્યા રાજ
હાંજિયલ મારૂઈ! પાનિયલ મારૂઈ!
રાજને આંગણિયે ભોજનિયાં મંગાવો રાજ!
વાલો ભોજનિયાંની મશે ભલે આવ્યા રાજ!
ઇ તો કોટાળો ચોટાળીને મોહ્યા રાજ
ઇ તો કેસરિયો ..વહુને મોહ્યા રાજ
હાંજિયલ મારૂઈ! પાનિયલ મારૂઈ!
રાજને આંગણિયે મુખવાસિયાં મંગાવો રાજ!
વા'લો મુખવાસિયાંની મશે ભલે આવ્યા રાજ!

[1] મિષે.

ઈ તો રેટાળો[1] ચૂડાળીને મોક્યા રાજ!
ઈ તો કેસરિયો ... વહુને મોક્યા રાજ!
ઝાંઝિયલ મારૂઈ! પાનિયલ મારૂઈ!

## 10

## વા'લો કેવડો!

[શોભા, સુગંધ, સુસ્વાદ વગેરેનું લગ્નાનુકૂલ વાતાવરણ સમજવા માટે.]

આંગણિયે વવરાવો નાગરવેલ્ય
આંગણિયે વવરાવો નાગરવેલ્ય
ટોડલિયે વવરાવો ઝણ્યનો કેવડો!
કિયા ભાઈને વાલેરો વેપાર
કિયા ભાઈને વાલેરો વેપાર
કયી વહુને વા'લો ઝણ્યનો કેવડો!

## 11

## વાદળડી રે વરસે

[સમૃદ્ધિ આપનારી વર્ષાનું ટૂંકું સરસ વર્ણન છે.]

વાદળડી રે વરસે મેરામણ રેલે છેલે
વાદળડીને વરસ્યે ઘઉંડા નીપજે.
મેરામણને રેલ્યે ઘઉંડા નીપજે.
આવડા તે ઘઉંને શું કરશો રે વાજસુરભા બાપુ!
લાડે કોડે ...ભા પરણાવશું
રંગે છંગે ...ભા પરણાવશું
વાદળડી રે વરસે મેરામણ રેલે છેલે.[2]

## 12

## ફૂલ-ભેટ

એક વાર જાજે રે માળણ માળવે રે
લાવ્યે ડોલરિયાનાં ફૂલ
તેનો ગૂંથ્યે રે માળણ ગજરો રે
ગજરો કેસરિયાને ભેટ
કેસરિયો રૂડો ને ગજરો શોભતો રે
જોજો કેસરિયાનાં રૂપ!

---

[1] રેટો (સોનેરી પાઘ) બાંધનાર.

[2] ચોખા નીપજે – કાકા મગડા નીપજે – મામા (એ રીતે એની એ કડી વારંવાર ગવાય છે.)

એક વાર જાજે રે માળણ માળવે રે
લાવ્યે ડોલરિયાનાં ફૂલ!

તેનો ગૂંથ્યે રે માળણ વીંઝણો રે
વીંઝણો[1] વવારૂને[2] ભેટ.

વવારૂ રૂડાં ને વીંઝણો શોભતો રે
જોજો વવારૂનાં રૂપ!

## 13

## વેલેરા પધારો

[કન્યા પોતાના વરને પરણવા તેડાવે છે. વરપક્ષના પ્રત્યેક સગાને સગવડો આપવા તત્પર થાય છે. આંહીં કન્યાની ઉત્સુકતા સૂચવાયેલ છે.]

[3]ઘૂઘરિયાળો ઝાંપલો વરરાજા!
રમતા આવો રે હું વારી જાઉં!
ડોલરિયા! વેલેરા પધારો માણારાજ!
કેસરિયા! ચોંપેથી[4] પધારો માણારાજ!

હું કેમ આવું એકલો
ઘરે દાદોજી રિસાણા રે હું વારી જાઉં!
તમારો દાદાને ચાડણ[5] ઘોડલાં
તમારી માડીને માફ઼ વેલ્યું રે હું વારી જાઉં!
વરરાજા! વેલેરા પધારો માણારાજ!
પાતળિયા! ચોંપેથી પધારો માણારાજ! – ઘુઘરિયાળો૰
તમારો દાદાને ચાડણ[6] ઘોડલાં
તમારી માડીને માફ઼ વેલ્યું રે હું વારી જાઉં!
વરરાજા! વેલેરા પધારો માણારાજ!
પાતળિયા! ચોંપેથી પધારો માણારાજ! – ઘુઘરિયાળો૰

---

[1] કાઠી જ્ઞાતિમાં મોડિયો પહેરવાની પ્રથા નથી, તેથી આ ગીતમાં 'વીંઝણો' મૂકાયો છે. આને જ મળતાં બીજી જ્ઞાતિઓનાં ગીતોમાં 'મોડિયો' બોલાય છે. (મોડિયો: મુગટ)

[2] વહુવારુ, વધૂ

[3] આમ પણ ગવાય છે:

કેસરાણી કાગળ મોકલે, તમે સૂતા સરદાર!
જાગો રે લાડી, સામા આવો રે!
હું કેમ આવું રે એકલો, મારો દાદોજી રિસાળુ રે
લાડકી તમે આવો ને!

[4] ચોંપેથી = ઝડપથી

[5] ચાડણ = ચડવા ('ચાડવું' એ ચારણી ક્રિયાપદ છે.)

## 14

## રામરક્ષા

[બહેન પોતાના પરણતા વીરને રામરક્ષાની આશિષો આપતી આપતી અનેક વિશેષણો વડે વિભૂષિત કરે છે.]

તંગલ ત્રોડાવાળો
ભારે બેડીવાળો
કેસરિયાને ઝાઝી ખમ્મા!
ડોલરિયાને રામ-રખ્યા!
જીવે જામજાદો!
જીવે મોતિયુંવાળો!
મારા વીરને રામ-રખ્યા!
સીંગલદીપ જાજો હો વરરાજા! હાથી કેરાં મૂલ ઘણાં!
મોંઘી વહુ તમારે ઓરડિયે કેસરિયાનાં મન ઘણાં!
રંગભીનાનાં દલ ઘણાં!
ફૂલ ફેંટાવાળો
રાતા રેંટાવાળો
કેસરિયાને ઝાઝી ખમ્મા!
અંતરિયાને રામ-રખ્યા![1]
તારી જાત વાલી
તારી બોલી મીઠી
ડોલરિયાને ઘણી ખમ્મા!
પાલખિયાને રામ-રખ્યા! – તંગલ૰
ઘોઘા શે'ર જાજો હો વરરાજા! ઘોડી કેરાં મૂલ ઘણાં!
મોંઘી વહુ તમારે ઓરડિયે કેસરિયાનાં મન ઘણાં!
બસરી [2]બાંધણવાળો!
ચોસરી ચોગઠવાળો!
વરરાજાને ઘણી ખમ્મા!
અલબેલાને રામ-રખ્યા!
તારી જાત વાલી
તારી બોલી મીઠી

[1] આ પછી એમ પણ ગવાય છે કે 'હાથીડાનો હોંસી જીવે મારો વા'લો!'

[2] બે સેર્યવાળી બાંધણી.

ડોલરિયાને ઘણી ખમ્મા!
પાલખિયાને રામ-રખ્યા!
નગર શે'ર જાજો હો વરરાજા! નુરમલિયાંનાં[3] મૂલ ઘણાં
મોંઘી વહુ તમારે ઓરડિયે કેસરિયાનાં મન ઘણાં.[4]

## 15

## સહુથી મીઠી!

[પીઠી ચોળતી વખતે ગવાય છે. કાઠી કોમ પરત્વે 'વેપાર'નો નિર્દેશ છે. પૂર્વે કદાચ લોકો પશુનો વેપાર કરતા હશે.]

લીલુડો સરિયો રે
પીળુડી પીઠીનો ભરિયો.

વેપારે ચડિયો રે
વીરો મારો વેપારે ચડિયો.

વેપારે ચડિયો રે
નાની વહુને ઓરડિયે ઊતરિયો.

નાની વહુના દાદા રે
મારા વીરને ઉતારા દેજો!

ઉતારા દેજો રે
દૂધ ને સાકર પાજો!

સાકર મીઠી રે
સાકર પેં શેરડી મીઠી.

શેરડી મીઠી રે
મારા વીરની બોલછા[5] મીઠી.

શેરડી મીઠી રે
મારે વીરે લાડડી દીઠી.

---

[3] રેશમી પટાવાળું ઘાઘરાનું કપડું.

[4] પછી

ચિતળ શે'ર જાજો, ચૂંદડિયુંનાં મૂલ ઘણાં
વાળાક શે'ર જાજો, વેલડિયુંનાં મૂલ ઘણાં.

– એ રીતે બોલીને એ-ની એ પંક્તિઓની પુનરુક્તિ થાય છે.

[5] બોલવાની ઢબ.

## 16

## અતુલ

વીર તો પાન સરીખા પાતળા
વીરની લવિંગ સરખી લાંક રે કેસરિયા વીર!
તમારે ને તોલે વીર કોઈ ના'વે.

વીર તો સીમડીએ[1] આવ્યા રે મલપતા
હરખ્યાં હરખ્યાં ગોવાળીડાનાં મન રે કેસરિયા વીર!
તમારે ને તોલે વીર કોઈ ના'વે.

## 17

## જોઈ રહી

વા'લો વીર વર ઘોડલડે ચડે ને હું તો જોઈ રહી છું;
વા'લા વીર! જોયાં તમારાં પિતળિયાં પલાણ રે
ભમરલો તો બહુ રમે!

વા'લો વીર વર વાઘા પે'રે ને હું તો જોઈ રહી છું;
કેસરિયા! જોઈ તમારી પાતળડી પરોંઠ[2] રે
ભમરલો તો બહુ રમે!

વા'લો વીર વર ફેંટા બાંધે ને હું તો જોઈ રહી છું
કેસરિયા! જોયાં તમારા છોગલડાનાં રૂપ રે
ભમરલો તો બહુ રમે!.

## 18

## વારી જાઉં

[વરને મોરનું અને કન્યાને ઢેલનું રૂપક આપ્યું છે. મોર-ઢેલનું જોડલું લગ્ન-સાહિત્યમાં વારંવાર આવે છે.]

મોરને કાને મુરકિયું[1] વારી જાઉં
ઢેલને નવસરો હાર સાજન! વારી જાઉં.
કયા ભા દાદાનો મોરલો હું વારી જાઉં!
કયા વેવાઈની ઢેલ્ય સાજન! વારી જાઉં.
રાણે વખાણ્યો મોરલો હું વારી જાઉં!

---

[1] ગોવાળીડાનાં મન સીમડીએ. એ રીતે, ઢોલીના મન ઝાંપલે, સૈયરોનાં મન શેરીએ, મહાજનિયાનાં મન બજાર, સાસુડાનાં મન તોરણે, વરલાડીનાં મન માયરે.

રાણીએ વખાણી ઢેલ્ય સાજન! વારી જાઉં
મોરલો ને હાલે મલપતો હું વારી જાઉં!
ઢેલડી હાલે ઘૂમાઘૂમ સાજન! વારી જાઉં.
વેવાણ પાંખે મોરલો હું વારી જાઉં!
.... બાઈ[1] પાંખે જોડ્ય સાજન! વારી જાઉં.

### 19

## ઊભલા રે'જો

[વસંત ઋતુનું સૂચન છે. કાચી કેરીની સુગંધ મીઠી હોય છે.]

આજ રે કાચી કેરીની સોરમ લ્યો રે!
કેસરિયા રાયવર ઊભલા રે'જો!

ઊભલા ને રો' તો આપડી વાડિયુંમાં રે'જો!
આજ રે બેનીબા અમને દાદાજીની હોંશું
દાદા કિયા ભાઈ આપડી જાનમાં બિરાજે
રાયવર ઊભલા રે'જો. – કેસરિયા૦
લવિંગે ને લેર્યાં રાયવર!
ફૂલડે ને ફોર્યાં રાયવર! ઊભલા રે'જો!

### 20

## વેલીનો રખેવાળ

[હે વીર વરરાજા! દારૂ પીને છાકટા ન બનજો. પણ અમીમય, ધીર, ગંભીર ને મસ્ત રહો તેટલા પ્રમાણમાં જ પીજો. વાડે વળગેલી વેલડીરૂપી પર-કન્યાને તમે આપણે આંગણે રોપીને જતનથી ઉછેરજો! યૌવનરૂપ વસંત ઋતુમાં જ્યારે એને સૌંદર્યનાં ફૂલડાં ખીલે ત્યારે એની સુવાસ લેજો!]

વીરા! તમે દારૂડો[2] પીઓ તો અમિયલ[3] રે'જો, માણારાજ!
અમર રે'જો, શીખું દેજો
વેલ્યું લાવજો રાજ!

વીરા! તમે સોનાની શરણાયે જોધપુર ડેરા દેજો, રાજ!
[4]ડેરા દેજો લેર્યું લેજો
માયા રાખજો, રાજ!
વીરા! તમે વાડ્યે વળગેલી વેલી આંગણે રોપો, માણારાજ!

---

[1] વરની માતાનું નામ.

[2] દારૂ. [3] અમીમય. [4] આંહીંથી શરૂ થતો પાઠ નવીન ઉમેરાયો લાગે છે.

આંગણ રોપો ને રખોપો
રાખો એનો, રાજ!
વીરા મારા! વસંતે વેલડીનાં ફૂલડાં ફૂલે, માણારાજ!
ફૂલડાં ફૂલે ભમર ભૂલે
કાચી કળીએ, રાજ!
વીરા! તમે ફૂલેલાં ફૂલડાંની સોરમ લેજો, માણારાજ!

## 21
## કરની વસૂલાત

[કન્યાના ગામમાં જતાં વરને અનેક ગ્રામરક્ષકોના કર ચૂકવવા પડતા હતા, પછી જ પરણી શકાતું. એ સમાજરક્ષકો કયા? ગોવાળ, પનિયારી, સૈયરો, મહાજન વગેરે.]

રાયાંનો વર સીમડીએ આવ્યા;
ગોવાળીડા માગે રીતડી રે, ઝીણા મારુજી[1]!
ગોવાળીડાની રીત ચૂકવજો રે, ઝીણા મારુજી!
મોટાને માંડવ મા'લજો રે, ઝીણા મારુજી!
લાખેણી લાડી લાવજો રે, ઝીણા મારુજી!
રાયાંનો વર સરોવરિયે આવ્યા;
પાણિયારી માગે રીતડી રે, ઝીણા મારુજી!
રાયાંનો વર શેરીએ આવ્યા;
સૈયરું માગે રીતડી રે, ઝીણા મારુજી!
રાયાંનો વર તોરણે આવ્યા;
સાસુજી માગે રીતડી રે, ઝીણા મારુજી!
રાયાંનો વર માયરે આવ્યા;
કન્યાજી માગે રીતડી રે, ઝીણા મારુજી!
રાયાંનો વર ચૉરીએ આવ્યા;
સાળોજી માગે રીતડી રે, ઝીણા મારુજી![2]

---
[1] 'ઝીણા મારુ': આ મૂળ મારવાડમાંથી ઉદ્ભવેલું સંબોધન છે.
[2] પ્રત્યેક કડીમાં પહેલી પંક્તિઓ બોલાય છે.

## 22

### કન્યાનું નિરીક્ષણ

આંબલિયા થડ રામેનાં[1] નામ
સીતાએ નાખ્યા ચાકળા
રામેવ! અમેહેં લંકાગઢ દેખાડો
સીતાજીને નરખવા.
નરખ્યાં છે નાકે ને નેણે
રૂપા કેરે આંગળે.
આંબલિયા થડ રામનાં નામ
...વહુ નાખ્યા ચાકળા.
વા'લા અમેહેં[2] ગામડિયું દેખાડો
મોંઘી વહુને નરખવા.
નરખ્યાં છે નાકે ને નેણે
રૂપા કેરે આંગળે.

## 23

### વર શામળો

[મેડી પરથી કન્યા વરને આવતો નીરખે છે. એને વર શ્યામવરણો દીસે છે. ચિંતાથી સ્વજનોને પૂછે છે કે 'આવું કજોડું શીદ કર્યું?' સ્વજનો સમજાવે છે કે 'બહેન! એ તો દૂરથી આવે છે, મોં પર રજ પડી છે, તેથી શ્યામ દીસે છે.']

મેડીને મો'લ બેઠાં મોંઘીબા બોલે
કાં રે દાદાજી[3] વર શામળો!
છેટેથી આવ્યો રજે ભરાણો
રજનો ભરાણો વર શામળો!

## 24

### રૂપની લહેરો

[પનિયારી માહેલી એક કન્યાનાં રૂપ દેખી વરને ઘેન ચડે છે. નિદ્રાની લહરી લહેરાય છે. કુટુંબીજનોની બહોળપ ઇષ્ટ ગણાતી.]

આઠ કૂવા રે નવ પાવઠા, એની પાણિયારે નહિ પાર
મોંઘીબાઈને રૂપ જમાઈ ઝીણાં ઝોલાં ખાય.

---

[1] રામનાં. 'રામેનાં' એ રૂપ કાઠી ભાષાનું લાક્ષણિક છે. [2] અમને.
[3] કાકાજી, મામાજી, વીરાજી વગેરેને સંબોધીને ગીત આગળ ચલાવે છે.

આઠ કાકા રે નવ કાકિયું, એને કટંબે નહિ પાર
… બાઈને રૂપે જમાઈ ઝીણાં ઝોલાં ખાય
આઠ મામા રે નવ મામિયું, એને મોસાળે નહિ પાર
… બાઈને રૂપે જમાઈ ઝીણાં ઝોલાં ખાય.

## 25

## સ્વાગતની સામગ્રી

['મોર તારી સોનાની પાંખ!' એ ગીતનો જ ભાવ આંહીં છે.]

મારા વેવાઈહીં[1] ભણજો[2], માણારાજ!
એને કે'જો, માણારાજ!
સીમડીએ શેલડિયું[3] વીરને જોશે, માણારાજ!
મારા વેવાઈહીં ભણજો, માણારાજ!
એને કે'જો, માણારાજ!
વાડીએ વનફળિયાં વીરને જોશે, માણારાજ!
મારા વેવાઈહીં ભણજો, માણારાજ!
એને કે'જો, માણારાજ!
ઝાંપલીએ જાંગીડાં[4] વીરને જોશે, માણારાજ!
મારા વેવાઈહીં ભણજો, માણારાજ!
એને કે'જો, માણારાજ!
તોરણિયે સાસુડી વીરને જોશે, માણારાજ!
મારા વેવાઈહીં ભણજો, માણારાજ!
એને કે'જો, માણારાજ!
અંતરની વાશેલ[5] વીરને જોશે, માણારાજ!

## 26

## પૉંખણાં

[સરખાવો: 'સીતાને તોરણ રામ પધાર્યા' ('ચૂંદડી' ભાગ 1)]

સોનાની સળીએ પૉંખ્યે રે બાઈ!
સોના સરીખો લાડડો છે જો.
રૂપાની સળીએ પૉંખ્યે રે બાઈ!
રૂપા સરીખો લાડડો છે જો.

---

[1] વેવાઈને. [2] કહેજો. [3] શેરડી.
[4] જોગીના ઢોલ. [5] અત્તરથી સુવાસિત કરેલી (કન્યા)

ધોંસરીએ ને પૉંખ્યે રે બાઈ
ધોંસરું તારે ખેડવા થાશે.– સોનાની૦
રવાઈએ ને પૉંખ્યે રે બાઈ!
રવાયો તારે ઘૂમવા થાશે.– સોનાની૦
તરાકડીએ ને પૉંખ્યે રે બાઈ!
તરાકડી તારે કાંતવા થાશે.– સોનાની૦
સાંબેલે ને પૉંખ્યે રે બાઈ!
સાંબેલું તારે ખાંડવા થાશે.– સોનાની૦

27

## ડુંગર ડોલે

[વરની તલવારના પટ્ટા પર ચોડેલી પાવલીઓ રણકે છે. અથવા વેલડીના પૈડામાં પરોવેલી પાંદડીઓના રૂમઝૂમાટ થાય છે.]

પાવલીએ રણકે રે ડુંગર ડોલે!
ઘુઘરિયાળાં ઘોડાં રે જમાઈ રાણાના. – પાવલીએ૦
માફાળિયું વેલ્યું મોંઘી બાઈયું. – પાવલીએ૦
આંખલડી રૂડી રે જમાઈ રાણાની. – પાવલીએ૦
પાસોંડલી[1] રૂડી રે મોંઘી બાઈની. – પાવલીએ૦

28

## પરણે

વાગ્યા વાગ્યા જાંગીના ઢોલ
શરણાયું વાગે રે સરવા સાદની
ઊડે ઊડે અબીલ ગુલાલ
દારૂડો ઊડે રે મોંઘા મૂલનો.
પરણે પરણે રા' ને ખેંગાર
કેસરિયો પરણે રે પૂરી પદમણી. – વાગ્યા૦

29

## ચંપાવરણીની ચિંતા

વીરનો દાદો એમ જ કે'
હાથીડા હલકારો, મેલો નેજા ઢળકતા
ચંપાવરણી રજે ભરાય!

[1] શરીરનાં બંને પાસાં.

વીરની માતા એમ જ કે'
માફા હલકારો, મેલો નેજા ઢળકતા
ચંપાવરણી રજે ભરાય!
વીરનો વીરો એમ જ કે'
ઘોડીલાં હલકારો, મેલો નેજા ઢળકતા
ચંપાવરણી રજે ભરાય!
વીરની ભોજાઈ એમ જ કે'
વેલડિયું હલકારો, મેલો નેજા ઢળકતા
ચંપાવરણી રજે ભરાય!

## 30

## હરણ

[કન્યાનાં હરણ કરવામાં આવતાં તેનું આમાં સૂચન છે.]

ઊંચી મેડી ને બાળા ઝમરખ દીવડો
ત્યાં રે કેસરિયાના ઢોલિયા ઢળાવો!
ઢોલિયે બેસીને વા'લો વેણુ વગાડે
વેણુ વગાડે ને દાદાજીને વીનવે.
દાદા. ..ભા દાદા ઓરેરા આવો,
... ગામડિયાંનો ગઢડો કેમ કરી લેશું!
ધમળા[1] ધોડાવશું રૂપૈયા રેલાવશું,
લાડડી સોતો ગઢી ચડી ચોટ લેશું.

## 31

## શેણે લાગી વાર!

સાંઢ્યું કોટે સાંકળાં, ધોરીડે ઘૂઘરમાળ,
લાડી પૂછે, લાડડા! આવલડી ને શેણે લાગી વાર!
ચીતળ ગ્યા'તા એકલા, ચૂંદડિયું મૂલવતાં લાગી વાર.[2]

---

[1] બળદ.

[2] આમ પણ ગવાય છે:

સો સો બંદૂકિયા સાબદા રે લાખે ઘોડે વીરની જાન.
લાડી પૂછે વરલાડડા! શિયો લાવ્યા શણગાર!
તાંત્ય લાવ્યા ટીબકી લાવશું, ચાંદલો વોરે વહુનો વીર.
કાંબી લાવ્યા ને કડલાં લાવશું, ઝરમર વોરે વહુનો વીર.
ચીર લાવ્યા ને ચૂંદડી લાવશું, ચૂડલો વોરે વહુનો વીર.

32

## હળવો હળવો હાલ્ય!

દૂધે ભરી તળાવડી, હો રાજ!
મોતીડે બાંધી પાળ
મણિયલ[1], હળવો હળવો હાલ્ય!

ચીતળ શે'રની બજારમાં હો રાજ!
રૂડી ચૂંદડિયું વેચાય
મણિયલ, હળવો હળવો હાલ્ય![2]

---

[1] મણિ સમાન. [2] આવા જ ભાવનાં જુદાં જુદાં ગીતો એકેક ઊર્મિ જોડી દઈને નીચેની ત્રણ રીતે પણ ગવાય છે:

### ચૂંદડીનો મહિમા

ઝીણાં ઝીણાં રે મોતીડાં હેમર હાથીડા!
એના સોનેરી પલાણ
હાથીડે બેસે રે મારે નાની વહુનો સાયબો
ઊતર્યા કસુંબીનો હાટ.
વોરો વોરો રે વાલીડા! નવરંગ ચૂંદડી
ચૂંદડી મારે મોંઘી વહુને કાજ.
ઓઢો ઓઢો રે મોંઘી વહુ નવરંગ ચૂંદડી
મહાલો કેસરિયાંનો મોલ. – ઝીણાં ઝીણાં રે૦

### આંખોનો નેહ

અણિયાળી આંખ્યોનો નેડો લાગ્યો માણારાજ!
વાંકડિયે નેણનો ભામો લાગ્યો માણારાજ!
લાડી પૂછે, વરલાડડા !
આવડલી તે શેણે લાગી વાર?
ચીતળ ગ્યા'તા અમે એકલા
ચૂંદડીયું વોરાવતાં લાગી વાર. – અણિયાળી૦

### નેણે નાગરવેલ

ચીતળ જાજો મોરી નગરીના ઢોલ
ચૂંદડી મારે મોંઘીબાઈને નેણે નાગરવેલ,
નગર જાજો મોરી નગરીના ઢોલે નુરમલિયા.
મારે મોંઘીબાઈને નેણે નાગરવેલ.
વાળાક ........ વેલડિયું – મારે૦
ડાઠે ........ ડાબલડા – મારે૦

... ભાઈ તે ચૂંદડી મૂલવે હો રાજ!
ઇ તો મારે વહુને કાજ
મણિયલ હળવો હળવો હાલ્ય!

## 33

## ક્યારે આવશે?

[ચંદ્રજ્યોત્સ્નાએ રંગાયેલી રાત્રિ જાણે અગરચંદન વડે લેપન કરેલી હોય તેવી કલ્પના છે. રાત્રિ માટે જેમ ચંદ્રની રાહ છે, તેમ વહુ માટે વરની રાહ છે, પણ એ તો યુદ્ધે ગયો છે. પ્રભાતે આવશે.]

અગર ચંદણની રાત
ચાંદા પૂનમની રાત
ચાંદલિયો કારે[1] રે ઊગશે!
તારોડિયો કારે ઊગશે!

નાની વહુ! તોરલો શામ
મોંઘી વહુ! તોરલો કંથ
કેસરિયો કારે રે આવશે!
નેજાળો કારે રે આવશે!

ગ્યા છે રજપૂતે સાથ
ગ્યા છે રાઠોડે સાથ
દિવડિયો ઊગ્યે રે આવશે
તારોડિયો ઊગ્યે રે આવશે.

## 34

## કાં રે દૂબળો

[શૃંગારનું ગીત છે: વહુ પોતાના કંથની દુર્બળતાનું કારણ રસભરી મર્યાદા વડે બતાવે છે.]

પોપટડી રે! તોરલો કંથ
કાં રે પોપટ દૂબળો?
દિ'વારે વનફળ વેડવા જાય
રાતે ને પોપટ પાંજરે!
હાથણલી રે! તોરલો કંથ
કાં રે હાથી દૂબળો?

[1] ક્યારે.

દિ'વારે રે દરબાર ઝૂલવા જાય
રાતે ને હાથી સાંકળે!
નાની વહુ રે! તોરલો કંથ
કાં રે કેસરિયો દૂબળો?
દિ'વારે ઘોડલાં ખેલવવા જાય
રાતે રમે સોગઠે!
સોગઠડે રમતેલા હાર્યા
તેણે દરબાર દૂબળા!

35

## સૂડલો ઝાલિયો

નાના ભાઈ કાંઈ ચડ્યા રે શિકાર
વનમાં જઈને રે સૂડલો ઝાલિયો રે માણારાજ!
નાની વહુ કાંઈ ધાન ન ખાય
શિયે ને અપરાધે સૂડલો ઝાલિયો રે માણારાજ!
આપણા બાગમાં એળચડીનાં ઝાડ[1]
લીલી ને એળચીએ ચાંચુ ચોડિયું રે માણારાજ!
– નાના ભાઈ૦

36

## દોઢ્યે ડગલું

[વિનોદ-ગીત છે. પૂર્વાર્ધ વરપક્ષવાળાં અને ઉત્તરાર્ધ કન્યાપક્ષવાળાં ગાય છે. 'સૂર્ય' કાઠીના ઇષ્ટદેવ હોવાથી એનું મુખ સૂરજને મળતું સૂચવાયું છે.]

મોતીએ જડી તારી મોજડી, તારાં હીરે જડ્યાં હથિયાર,
વર સોમલિયા[2] પોરે પગલું ભર્ય!
વર કેસરિયા, દોઢ્યે ડગલું[3] ભર્ય!
કાં રે વાલીડા અણોસરો! તારી સૂરજની અણસાર,
વર કેસરિયા, પોરે પગલું ભર્ય!
વર અંતરિયા, દોઢ્યે ડગલું ભર્ય!

---

[1] 'સોપારીનાં ઝાડ', 'નાળિયેરીનાં ઝાડ' વગેરે મૂકી એ જ પંક્તિઓ ગવાય છે.

[2] 'સોમલિયા', કાઠી પુરુષનું સંબોધન છે. તેઓના એક પૂર્વજના ઘરમાં સોમાવંતી નામે ચહુઆણની પુત્રી હતી. એ સ્ત્રીએ ગંગાજીને પ્રસન્ન કરી માળવામાં સોમલ નદી કાઢી, તે પરથી કાઠી સોમલિયા કહેવાયા.

[3] એક ડગલું પૂરું ભરવું અને પછી એક ડગલું અરધું ભરવું, એને 'દોઢ્યે ડગલું' ભરી ચાલવું કહેવાય છે.

કાં રે જમાઈડા અણોસરો! તારે હડમાનની અણસાર,
સાંઠિયોના સૂડતલ!
ઝીપટેના ઝૂડતલ'[1]
હળના ખેડુ, હળવો હળવો હાલ્ય!
કાં રે જમાઈડા અણોસરો! તારી અડદેની અણસાર,
સાંઠિયોના સૂડતલ!
ઝીપટેના ઝૂડતલ!
હળના ખેડુ, હળવો હળવો હાલ્ય!

37

## મરડ ઘણો

[વિનોદ-ગીત છે. હે વર! તું તો બહુ થોડે ખરચે પરણી ગયો. તું ગરીબ છે, છતાં આટલો ઠઠારો શાનો?]

તારે ઠાલો ને ઠઠારો તારે મરડ ઘણો!
તારે મરડ ઘણો ને તારે ઠરડ ઘણો!
મારી ...બાઈના વર! તારે મરડ ઘણો!
તારે મરડ ઘણો રે તારે ઠરડ ઘણો!
તું તો પાશેરામાં પરણ્યો, તારે મરડ ઘણો!
તું તો અધશેરામાં ઊઘલ્યો[2], તારે મરડ ઘણો!
તું તો માગેલા માણસે આવ્યો, તારે મરડ ઘણો!
તું તો માગેલ ઘોડે આવ્યો, તારે મરડ ઘણો!
તારે મરડ ઘણો રે તારે ઠરડ ઘણો!
મારી મોંઘીબાઈના વર! તારે મરડ ઘણો!

38

## નીંદરડી આવે

[વિનોદ-ગીત]

વર તો હાલે ચાલે ને વરને નીંદરડી આવે.
વરનો દાદોજી ચાલવા નો દિયે
બાજુડા વરને નીંદરડી આવે.
મેલો મેલો દાદાજી! છેડલો અમારો
અમારે જાવાં છે ફજેતિયાને તોરણ
બાજુડા વરને નીંદરડી આવે.

[1] સાંઠિયો ખોદનાર અને ઝીપટ ઝૂડનાર ખેડૂત.
[2] વિદાય થયો.

અમારે જાવાં છે ધુતારિયાને તોરણ
બાળુડા વરને નીંદરડી આવે.

વર તો હાલે ચાલે ને વરને નીંદરડી આવે
વરનાં માતાજી ચાલવા નો દિયે
બાળુડા વરને નીંદરડી આવે.

મેલો મેલો માતાજી! છેડલા અમારા,
મારે જાવાં છે ફજેતિયાને તોરણ
બાળુડા વરને નીંદરડી ના'વે.

## 39

## લવિંગડાં લઈ લીધાં

[વિનોદ-ગીત]

મેં તમને વાર્યા વીર
✳ ...ભાઈની સીમડીએ નો જાજો માણારાજ!
ગોવાળ ધુતારા વીર!
મારા વીરનાં લવિંગડાં[1] લઈ લીધાં માણારાજ!
મેં તમને વાર્યા વીર!
✳ ...ભાઈને સરવરિયે નો જાજો માણારાજ!
પનિયારી ધુતારી વીર!
મારા વીરનાં લવિંગડાં લઈ લીધાં માણારાજ!
સાસુડી ધુતારી વીર!
મારા વીરનાં લવિંગડાં લઈ લીધાં માણારાજ!

## 40

## દારૂડો ગઢો

ગોરાં ઠકરાણાં ઠમકથી બોલે
નહિ દારૂડો પ્રેમને તોલે રે!
દારૂડો ગૂઢો ને નાગરવેલ્ય.

તમે દારૂડાની ચલગત છોડો
પ્રીત પિયાલા ભરી ભરી પિયો રે – દારૂડો૰

અમારે ..ભાઈ કાંઈ કેળ્યુંમાંથી કેવડો
અમારે ...વહુ લટિયલ કેળ્ય રે – દારૂડો૰

✳ સસરાનું નામ. [1] કાનનું ઘરેણું.

તમે એક વાર શિરોહી જાજો,
તમે શિરોહીની સમશેરું લાવો રે'[1] – દારૂડો૦

તમે એક વાર રણમાં આવો રે
તમે રણ તરંગ લગાડી આવો રે
દારૂડો ગૂઢો ને નાગરવેલ્ય.

[1] 'ઘોઘા જાજો – ઘોડલાં લાવજો' વગેરે.

# મિશ્ર ગીતો

## 41
## પૂજ્યા હોય મોરાર

[પ્રભુ પૂજ્યા હોય તો આવાં આવાં સુખ સાંપડે: આંગણે પીપળો, ઘેરે ગાય, પેટે દીકરી અને દીકરા: આંહીં દીકરીની પ્રાપ્તિ કેટલી મંગલ અને સુખમય કહી છે! પુત્રી હોય તો જ જાણે કે સંગ્રહેલું દ્રવ્ય એને અર્પણ કરવાથી સાર્થક થાય. સ્ત્રીજન્મ પ્રતિનો આ ઉચ્ચ લોકાદર છે.]

પાટે તે ગણેશ બેસારીએ, મંગળ કરે નિરધાર;
સગાં કુટુંબી તેડીએ, જો પૂજ્યા હોય મોરાર.
જેને તે આંગણ પીપળો, તેનો ધન્ય અવતાર;
સાંજ-સવાર પૂજા કરે, જો પૂજ્યા હોય મોરાર.
જેને તે આંગણ ગાવડી, તેનો તે ધન્ય અવતાર;
સાંજે-સવારે દોહી વળે, જો પૂજ્યા હોય મોરાર.
જેને તે પેટે દીકરી, તેનો તે ધન્ય અવતાર;
સાંચ્યું સૂચ્યું[1] વાધરે, જો પૂજ્યા હોય મોરાર.
જેને તે પેટે દીકરા, તેનો તે ધન્ય અવતાર;
વવારૂ પાયે પડે, જો પૂજ્યા હોય મોરાર.
રાતો તે ચૂડો મારો રંગ ભર્યો, કોરો ને કમખો હાથ;
[2]ઘરચોળે ઘડ ભાંગીએ, જો પૂજ્યા હોય મોરાર.
કાઠા તે ઘઉંની રોટલી, માંહી ગળગળિયો કંસાર;
ભેગાં બેસી ભોજન કરે, જો પૂજ્યા હોય મોરાર.

[1] સંચિત ધન. [2] ઘરચોળું નામે મંગલ વસ્ત્ર માત્ર લગ્નાદિક અવસરે જ પહેરાય. તે સિવાય તો ઘડીબંધ સંકેલેલું પડ્યું જ રહે. એટલે જ 'ઘરચોળે ઘડ્ય ભાંગવી'નો લાક્ષણિક અર્થ 'લગ્નાદિક અવસર ઊજવવા' એવો થાય છે.

## 42

## મારે આંગણિયે

[આ ગીત અંત્યજોમાં પણ ગવાય છે. વિવાહ વખતે ઘરના આંગણામાં મંગળ રમણીયતા રેલતી કલ્પાય છે.]

મારે આંગણિયે તુળસીનો ક્યારો.
તુળસીને ક્યારે ઘીના દીવા બળે.
ઘીના દીવા બળે, જોવા દેવ મળે.
જોવા દેવ મળે, રૂડા રામ રમે.
રૂડા રામ રમે, સાચાં મોતી ઝરે.
સાચાં મોતી ઝરે, લીલા મોર ચરે.
લીલા મોર ચરે, ઢેલ્યું [1]ઢૂંગે વળે.
ઢેલ્યું ઢૂંગે વળે, ...ભાઈ[2]ને ગમે.
... ભાઈને ગમે, એનો મોભી[3] પરણે.
એનો મોભી પરણે એને હોંશ ઘણી.
એને હોંશ ઘણી એને ખાંત ઘણી.

## 43

## પાણિયારી

[પ્રથમ મિલનનું ગીતઃ 'દૂધે ભરી રે તલાવડી' જેવું]

સાંકડો સાંકડો પાણિયારાનો શેરો
ઢોલો ધોતિયાં ધોવાને રાયવર સાંચર્યો રે.
ધોજો ધોજો બગલડાની પાંખડી રે.
વીરને પ્રણવી છે... ગામની પદમણી રે.
વરના દાદા કિયા ભાઈ તમને વીનવું રે
દાદા! ખરચો ને લાખ બે લાખ
... ગામની પાણિયારી રઢડી લાગશે રે.

---

[1] ટોળે. [2] વરના પિતાનું નામ લેવાય. [3] પુત્ર.

## 44
## માનવીનાં પરણેતર

ઘોડલે ચડીને ગોવિંદજી રે આવ્યા
આવ્યા છે દ્વારકાના વાસી કરસનજી. – પાલખડી વરરાજા!
સુભદ્રાબાઈ પૂછે ઓરેરા પધારો
માનવી ને લોક એમ પરણે કરસનજી. – પાલખડી વરરાજા!
સુખડનો માંડવો ને આંબાનાં તોરણ
માનવી ને લોક એમ પરણે કરસનજી. – પાલખડી વરરાજા!
ત્રાંબાની થાળીને કંકુડે અંજવાળી
દાદોજી દિયે કન્યાદાન કરસનજી. – પાલખડી વરરાજા!

## 45
## ઝમરખ દીવડો

[દીવડો ઝમરખ કહેવાય છે. તેની પાછળ આવો ભાવ છે: દેવોએ ભેટ દીધેલાં હથિયારોને ગાળીને ઘડેલો એ દીવડો છે. આ લુહારોનું લાક્ષણિક ગીત છે.]

મારે આંગણ આવ્યા ફરશુરામજી
હા રે આવ્યા શંકર ને રણછોડ
મેં તો પ્રેમથી પૂજા કરી.

ફરશુરામે ફરશી આપી હેતથી
મા'દેવે તો આપ્યું ત્રિશૂળ
રણછોડરાયે ચક્કર આપિયું.

ત્રણેને ગાળીને કરી ઢાળકી
તેને પાટી ઘડે રે લુવાર
એ પાટીનો ઝમરખ દીવડો.

દીવડીએ કાંઈ માંડ્યા છે ગણેશ
મેં તો કોડે પગરણ આદર્યાં.

## 46

## બાજોઠ

[બાજોઠની મંગલતા પણ એ જ જાતની કલ્પાઈ છે. આંબો વવાયો. એને કૃષ્ણે, બળભદ્રે ને રુક્ષ્મણીએ ઉઝેર્યો: એમાંથી રામ, લક્ષ્મણ અને સીતાએ બાજોઠ સરજ્યો.]

મારે આંગણ નવરંગ આંબો મોરિયો
એ આંબલિયો કોણે રોપ્યો; કોણે પાયો?
કઈ રે રાણીજી રયાં રખોપલે[1]!
એ આંબલિયો કોને રોપ્યો, બળનો પાયો,
રાણી રૂખમાઈ રયાં રખોપલે!
આંબલિયાની આડીઅવળી ડાળખી
ડાળ્યે બેઠા ટૌકે ઝીણા મોર
મેં તો તેનો રે ઘડાયો બાઈ બજોઠિયો.
એ બાજોઠિયો કોણે ઘડિયો, કોણે જડિયો?
કઈ રે ચિતરાળીએ બાજોઠ ચીતર્યો?
એ બાજોઠિયો રામે ઘડિયો, લખમણે જડિયો,
સીતા ચિતરાળીએ બાજોઠ ચીતર્યો.
બાજોઠ કાંઈ માંડ્યા છે ગણેશ
મેં તો કોડે પગરણ આદર્યાં.

## 47

## મંગલ રંગ

દાદાજી તો ગ્યા'તા રે દુવારકાં
દુવારકાંથી લાવ્યા પારિજાત
એને આંગણિયામાં રોપિયો.

વસંતે ફાલેલાં રૂડાં ફૂલડાં,
તેના કાઢ્યા નવરંગી રંગ
તેમાં રંગી કન્યાની ચૂંદડી.

બીજી રંગી વરરાજા પાઘ
વરને વાઘે કેસર છાંટણાં.

[1] રખોપે, રક્ષણ કરવા.

## 48

## મોતીના દાણા

વનરા તે વનમાં તુળસી કુંવારાં;
તુળસીને પાણીડાં પાવ રે નાના ભાઈ રાણા!
મોતીના દાણા!

વેવાઈને માંડવે ઉતારા ઓરડા[1]
જઈને ઉતારા કરો રે નાના ભાઈ રાણા!
મોતીના દાણા!

વેવાઈને માંડવે કન્યા કુંવારી
જઈને હાથેવાળો મેળો રે નાના ભાઈ રાણા!
મોતીના દાણા!

## 49

## વીર વા'લા

[પિતાને, માતાને, ભાઈને, બહેનને વગેરેને વર કેવો વહાલો લાગે છે !]

સવા મણ સોનાનો છે દીવો રે
અધમણ રૂપાનું છે છોડું રે
ભાર કપાસની છે વાટ્યું રે
આછી આછી ઘાણીનાં છે તેલ રે
દીવો મેલ્યો રસિયા માંડવા હેઠ રે
દાદા વીનવજો કિયા ભાઈ રે
તમને કિયા ભાઈ કેવા વા'લા રે
જેવી મારી આંખલડીનાં તેજ રે
અમને ..ભાઈ એવા વા'લા રે
માતા વીનવજો કઈ બાઈ રે
તમને કિયા ભાઈ કેવા વા'લા રે
જેવો મારો હાથડિયાનો ચૂડો રે
અમને ...ભાઈ એવા વા'લા રે
*જેવો મારા હૈયા કેરો હાર રે
એવા ...ભાઈ અમને વા'લા રે
જેવી મારી લલાટની ટીલડી રે
એવા ...ભાઈ અમને વા'લા રે

---

[1] દાતણ દાડમીઃ નવાણ કૂંડિયુંઃ પોઢણ ઢોલિયા વગેરે

* જુદાં જુદાં સ્વજનો કહે છે.

## 50
# મોસાળું

[વરની અથવા કન્યાની માતા પોતાના ભાઈને કહેવરાવે છે કે 'મારા પ્રત્યેક સગાને ભેટ આપવાની આટલી ચીજો લઈને જ આવજે! નહિ તો ભલો થઈ આવીશ મા! કેમ કે મારા પર મેણાં વરસશે.' વરના મામા એ તમામ વિગતવારનું મોસાળું લઈને હાજર રહ્યા હતા. આ રીતે સ્ત્રીને પિયર-પક્ષ હંમેશાં દબાણમાં જ રહેતો.]

કોડે ને પગરણ આદર્યાં, હરખેસું માંડ્યા જાગ,
ઘરનો નાહોલિયો વીનવે, સાંભળો ગોરી, વાત!
મારું તે સઘળું કટંબ આવિયું, હવે તારાંને તેડાવ!
મારા બાંધવ ગ્યા છે માળવે, ભતરીજ નાનાં બાળ.
હાથે કાગળ રે મુખ વાંચિયા, શું જોશે મોસાળનો કાજ.
સસરાને લાવે વીરા! પાઘડી, સાસુને સાડલાની જોડ.
જેઠને લાવે વીરા! મોળિયાં, જેઠાણીને છાયલ ચીર.
દેરને લાવે વીરા! પાંભડી, દેરાણીને દખણીનાં ચીર.
નણંદીને લાવે વીરા! ચૂંદડી, નણદોઈને ભેરવ ઝૂલ્ય.
ધેડી[1]ને લાવે વીરા! ઢીંગલી, કુંવરિયાંને રાતી મોળ્ય.[2]
મારે ને લાવે વીરા! ઘરચોળડાં, બતરીશ ભમરીનો મોડ.
ઘરના સ્વામીને ઘોડો હંસલો, મોતીડે જડિયો પલાણ.
કટંબને લાવે વીરા! કાપડાં, પાડોશીને નાળિયેરની જોડ.
એટલી ને સંપત હોય તો આવજો! નહિ તો રે'જો તમારે ઘેર.
કિંયાં ગાજ્યો કિંયાં ગડગડ્યો, કિંયાં ઊતર્યો અષાઢીલો મેઘ!
આવ્યા મારે ...ભાઈના મામલા, અવસરે રાખ્યો રંગ.

## 51
# વીરને તેડાવીએ

[હે પતિ! ચાહે તેટલી જહેમત ઉઠાવીને પણ મારા વીરને તેડાવો.]

સ્વામી મારા! ચોખા મંગાવો ને કંકુડે પીળાવો,
નાત્યુંને નોતરાં અપાવીએ!
નાત્યુંનાં નોતરાં, કટંબને કંકોતરી
મોસાળિયા વીરને તેડાવીએ!
સ્વામી મારા! સસરોજી આવ્યા સાસુજી રે આવ્યાં
મારા મૈયરનું કોઈ ના'વિયું.

---
[1] (નણંદની) દીકરી. [2] પાઘડી

ગોરી મોરી! તારા મૈયર આડા ડુંગર ઘણેરા
તેની રે મસે કોઈ ના'વિયું.
સ્વામી મારા! ડુંગર કોરાવીને રસ્તા બંધાવો
મામેરિયા વીરને તેડાવીએ.
ગોરી મોરી! તારા મૈયર આડા વેરી ઘણેરા
તેની રે મસે કોઈ ના'વિયું.
સ્વામી મોરા! જેઠજી આવ્યા ને જેઠાણી આવ્યાં
મારા મૈયરનું કોઈ ના'વિયું.
ગોરી મોરી! તારા મૈયર આડા સમદર ઘણેરા
તેની મસે કોઈ ના'વિયું.
સ્વામી મોરા! સમદર સોસાવીને સડકું બંધાવો
મામેરિયા વીરને તેડાવીએ.

## 52

## વરરાજાની વાટ

[કન્યાની ઉત્સુકતાભરી વાટ જુએ છે.]

નાની બેન દાદાજીને વીનવે રે
મંડપ ઊંચેરા નાખો!
ઊંચી ચડું ને નીચી ઊતરું રે
જોવું વરરાજા વાટ.

જેઠે ઘોડે ને સસરા હાથીએ
દેર તેજી-પલાણ;
વરરાજા બેઠા પાલખી રે
આગળ ચામર ઢોળાય.
કોઈ કે' જૂનાગઢ ઊમટ્યો રે
કોઈ કે' હલક્યો હાલાર!

કોઈ કે' ચાંદો ને સૂરજ રવ ચડ્યા રે
કોઈ કે' ચંદ્રમાનાં તેજ.

નથી રે જૂનોગઢ ઊમટ્યો રે
નથી હલક્યો હાલાર.
કુંવરી પરણે ...ભાઈ તણી રે
એની આવે છે જાન.

## 53

## જોવા જાઉં

[મૃગનયની કન્યા પોતે પોતાના વરને પરણતાં પહેલાં જાણે જુદા જુદા વેશ કાઢીને જોઈ લેવા માગતી હોય એવો ભાવ ઊઠે છે.]

મરઘાનેણીનો વર ઊતર્યો વાડીએ રે
હું તો શેને રે મશે જોવા જાઉં રે!
સંઘાડે ઉતાર્યો રા'નો ઢોલિયો રે
હું તો હાથમાં તે લઉં લાલ લાકડી રે
હું તો ગોવાળીની મશે જોવા જાઉં રે. – સંઘાડે૦
હું તો હાથમાં તે લઉં ફૂલ-છાબડી રે
હું તો માળીડાની મશે જોવા જાઉં રે. – સંઘાડે૦
હું તો હાથમાં તે લઉં જળ-બેડલું રે
હું તો પાણીલાંની મશે જોવા જાઉં રે. – સંઘાડે૦
હું તો હાથમાં તે લઉં ઝમરખ દીવડો રે
હું તો પોંખનારીની મશે જોવા જાઉં રે. – સંઘાડે૦

## 54

## મનડાં વાળો

દાદે નો જોયો દેશ માળવો રે
નો જોઈ ઘેલી ગુજરાત રે, બેનીબા!
તમે રે ધોળાં ને રાયવર શામળા રે!
*...બેનના વર છે શામળા રે
તે દેખી મનડાં વાળો રે બેનીબા!
તમે રે ધોળાં ને રાયવર શામળા રે!

---

* જુદી જુદી બહેનોનાં નામ લેવાય છે.

## 55

# રૂપ અને ગુણ

[હે પુત્રી! વરના રૂપ સામે નહિ, પણ ગુણ સામે જોજો. રૂપ ને ગુણ બંને દેવ પાસે ગયેલાં, ત્યારે દેવે રૂપને તો દૂરથી જ નમસ્કાર કરી વિદાય દીધેલી; ગુણને જ પોતાની પાસે આસન દીધેલું.]

બેની ચડો રે ...બાઈ મેડીએ;
તમે જુઓ ને સાસરવેલ
રે રાયજાદી! રે સાહેબજાદી તે ચડિયાં મેડીએ.
રાયવર આવ્યા દાદાજીની ડેલીએ.
નજરે નિહાળી સાસરવેલ. – રે રાયજાદી૦
દાદા! અમે રે ગોરાં ને રાયવર શામળા!
એવો મનમાં લાગ્યો સંદેહ. – રે રાયજાદી૦
દીકરી! તેનો ન કરીએ ઓરતો,
તમે મનમાં કરો ને વિચાર. – રે રાયજાદી૦
દ્વારકામાં રણછોડરાય શામળા,
એ તો ગુણ તણો ભંડાર. – રે રાયજાદી૦
રૂપ ગુણ બે દેવ પાસે ગયાં,
દેવે રૂપને કર્યાં રે જુવાર. – રે રાયજાદી૦
દેવે ગુણને તે દીધાં બેસણાં;
એવો ગરવો ગુણિયલ વરરાય. – રે રાયજાદી૦

## 56

# લાવે રે છોકરડા!

[શણગારોની વિનોદભરી માગણી]

તારી ગઢડામાં ગાડી છોડ રે છોકરડા!

લાલ ધતૂરો વાપર્યો.[1]

મારાં બેન માગે તે લાવે રે છોકરડા! – લાલ૦
કાંબી કડલાં[2] રે લંગર લાવે રે છોકરડા! – લાલ૦
કાવલા ગુજરી ને બેરખાં[3] લાવે રે છોકરડા! – લાલ૦

---

[1] લાલ ધતૂરો વાપર્યો: તેં ધતૂરો પીને આંખો લાલ કરી લાગે છે.
[2] પગમાં પહેરવાનાં. [3] હાથમાં પહેરવાનાં.

તુલસી ઝરમર ને દોરો[1] લાવે રે છોકરડા! – લાલ૦
વાળી વળિયાં કોકરવાં[2] લાવે કે છોકરડા! – લાલ૦
નહિ તો પોળેથી પાછો વળે રે છોકરડા! – લાલ૦

57

## ચંપો ઘેર ગંભીર

મારા ચોક વચ્ચે રે ચંપો રોપિયો,
ચંપો થિયો છે રે કાંઈ ગંભીર
વધાવો જી રે મારે આવિયો.
હું તો વળી રે દાદાજીના દેશમાં,
એના દેશમાં રે ઝાઝાં આંબાનાં ઝાડ. – વધાવો૦

એક આંબો પાકે ને કેરી નીપજે,
રસ જમશે રે મારો માડીજાયો વીર. – વધાવો૦

મારા ચોક વચે રે ચંપો રોપિયો,
ચંપો થિયો છે રે કાંઈ ઘેર ગંભીર. – વધાવો૦

હું તો વળી રે સસરાજીના દેશમાં,
એમના દેશમાં રે ઝાઝાં ડાંગરનાં ઝાડ. – વધાવો૦

એક ડાંગર પાકે ને ચોખા નીપજે,
એ તો જમશે રે મારી નણદીનો વીર. – વધાવો૦

તે પછી ગીત ફટાણું બની જાય છે:

હું તો વળી રે વેવાઈના દેશમાં:
એમના દેશમાં રે ઝાઝાં મવડાનાં ઝાડ. – વધાવો૦

એક મવડું પાકે ને દારૂ નીપજે.
એ તો પીશે રે.. વેવાઈ તરજાત. – વધાવો૦

58

## માઝામાં રે'જો

[વરને પોતાની વિલાસ-મર્યાદા ન વળોટવા વીનવે છે. પહેલી પંક્તિ તો લોકગીતની છે, પણ બાકીનું ગીત આધુનિક રચના જણાય છે. ઘોઘા તરફના નાગરોમાં ગવાતું હોવાનું જણાય છે.]

---

[1] ડોકમાં પહેરવાનાં. [2] કાનમાં પહેરવાનાં (ઘરેણાં).

માઝામાં રે'જો, રાયવર, માઝામાં રે'જો!
આંબાની ડાળ્યે બેઠી કોયલ બોલે.
કાચી કેરીમાં રસ નો'યે, પરધાન રાયવર!
માઝામાં રે'જો!
ગુંજારવ કરતો આ ભમરો ભણે છે,
કાચી કળીમાં મધ નો'યે, પરધાન રાયવર!
માઝામાં રે'જો!
સૂરજ સાખસી એમ પૂરે છે,
ધરમ ધારીને તમે રે'જો! પરધાન રાયવર!
માઝામાં રે'જો!

## 59
## સાસરગામનું દર્શન

[જાન ઊઘલતી વેળા ગવાય છે.]

ગોરાં ...વહુ તે ભાઈને વીનવે,
તારા ગામની સીમડી દેખાડ, રાયજાદા રે!
લાલ છેડો લટકાં કરે.
તમે આઘેરાં તે ઓઢો ગોરી ઓઢણાં,
મારાં છોગલિયાંને છાંયે ચાલી આવ, રાયજાદી રે!
– લાલ૦
ઓલ્યે કેરડે તે ઝાઝાં કેરડાં,
ઓલ્યે લવિંગડે તે ઝાઝાં લવિંગ, રાયજાદી રે!
– લાલ૦
તારા ગામની બજાર દેખાડ, રાયજાદા રે
તારા ગામની શેરિયું દેખાડ, રાયજાદા રે!
– લાલ૦
આવી નદી ને નિર્મળી નીરખો નેહથી,
પરવત પિયરથી જાય, સાયર-સાસરવાસ, મારાં ગોરી રે!
– લાલ૦
આવી વાડીઓ તે રાયની રળિયામણી,
જુઓ આંબાડાળે વળગી નાગરવેલ, મારાં ગોરી રે!
– લાલ૦

ચંપો મોગરો ને કેવડો સોહામણો,
ગુંજે માલતી ને ફૂલે મકરંદ, મારાં ગોરી રે!
– લાલ૰

આવ્યું સરોવર તે આપણું સોનારિયું,
જુઓ કમળે કમળે ભમરા પામ્યા મોહ, મારાં ગોરી રે!
– લાલ૰

આવ્યો દરવાજો ને જુઓ ઘોઘા શે'રનો,
એની દોઢીઓની સાથે શોભા હોય, મારાં ગોરી રે!
– લાલ૰

આવ્યા હાટકેશ્વર દર્શન કરીએ હેતનાં;
જુઓ ઉમા–મહેશ્વરની મળી જોડ મારાં ગોરી રે!
લાલ છેડો લટકાં કરે.

## 60
## વેલ્યે વળુંભ્યો કેવડો

[આવું રસગીત કણબીઓમાં પણ ગવાય છે. ફૂલ-વેલની સાથે જેમ કેવડો જડાઈ ગયો હોય તેવી રીતે ગાઢ સ્નેહગાંઠથી વર–કન્યા પરસ્પર જડાઈ ગયાં હોવાનું સૂચન કરે છે.]

વાડીમાં રોપાવો રૂડો કેવડો!
આંગણે રોપાવો નાગરવેલ્ય
વેલ્યે વળુંભ્યો રૂડો કેવડો!

ફૂલ વિના ફોરે રૂડો કેવડો;
ફળ વિના ફાલી નાગરવેલ્ય. – વેલ્યે૰

કિયા ભાઈનો મોભી રૂડો કેવડો!
કિયા વેવાઈની નમણી નાગરવેલ્ય. – વેલ્યે૰

...ભાઈનો મોભી રૂડો કેવડો;
...વેવાઈની નમણી નાગરવેલ્ય. – વેલ્યે૰

# મારવાડી લગ્નગીતો

રાજપૂતાનાના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં ગવાતાં ગીતો, તેનાં શૈલી ને ભાષા જુદાં જુદાં હોય છે. ખુદ મારવાડની અંદર પણ જુદાં જુદાં ગીતો પ્રચલિત છે. આંહીં ઉતારેલાં છે તે બધાં પાલનપુરની પેલી મેર નજીકના મારવાડી પ્રદેશનાં મૂળ વતની અને અત્યારે બે પેઢીથી ભાવનગર ગામનાં નિવાસી કુંભાર કુટુંબોની બહેનો પાસેથી પ્રાપ્ત થયેલાં છે. આ કુટુંબોને લગ્નવ્યવહાર હજુ સુધી નિજ વતનની સાથે જ ચાલુ હોવાથી આ ગીતો ત્યાંનાં જ છે: છતાં લાંબા વસવાટને લીધે આંહીંના વાણીપ્રયોગોનો પાસ એમાં બેસી ગયો હોવાનું સંભવિત છે. આ મારવાડી કુંભારણ બહેનો એમનાં લગ્નગીતો, ઋતુગીતો, ગરબા વગેરે ઘણી મીઠી હલકે મસ્ત બનીને રાત્રિએ રાત્રિએ ગાય છે. ઘણાં ઘણાં ગીતોમાં સોરઠી ભાવોની આછી–ઘાટી છાયા તરવરે છે. સોરઠમાંની સંખ્યાબંધ જાતિઓ મૂળે મારવાડ તરફથી આવેલી હોઈ આ સંસ્કારોનું સામ્ય સમજવું સહેલું છે.

## 61
## માડીજાયો આવશે

[ મામેરાનું ગીત ]

આંગણે આંગણે આંબલિયો રોપાવું હો જેઠાણી!
હમણે માડીજાયો આવશે રે.

હું તો ઊંચી ચડું ને નીચી ઊતરું રે;
જોઉં મારો માડીજાયો વીર રે જેઠાણી!
હમણે માડી જાયો આવશે રે.
ઊંડા ઊંડા રણમાં ઊડે ખેહ[1] રે જેઠાણી!
હમણે માડીજાયો આવશે રે.

---
[1] રજ.

ઝબક્યાં ઝબક્યાં ધોરીડા[1]નાં શીંગ રે જેઠાણી!
ઝબક્યાં નાના ભાઈનાં મોળિયાં[2] રે!
ઝબક્યાં ઝબક્યાં વેલડિયા[3]નાં ઈંડાં રે જેઠાણી!
ઝબકી ભાભલડી ચૂંદડી!

## 62

## સંતોખણ બેનડી

[વરની માતા પોતાના વીરને મામેરું લઈને આવવા કહાવે છે: હે ભાઈ! તારે કીમતી મામેરું કરવું પડશે તેવી દિલચોરી ન રાખજે. મારે ઘેર અઢળક સાયબી છે. તું તારે માત્ર એક લીલું નાળિયેર લઈને આવજે! હું તો સંતોષી બહેન છું.]

વીરા! નીલુડું નાળિયેર લઈ આવ!
હું રે સંતોખણ બેનડી.
[4]ભાયા! ભલો તે ભેંસોનો લલકાર,
હું રે સંતોખણ બેનડી.
ભાયા! ભલેરી જોટડિયું[5] હંકાર,
હું રે સંતોખણ બેનડી.
ભાયા! ભલો છે સાંઢ્યાનો[6] લલકાર,
હું રે સંતોખણ બેનડી.

## 63

## આવાંસાં હો રે!

[વરની ઉક્તિ: હે મૃગનયની! હું આવું છું. ઘોડાની સવારી કરતો, ઝૂલતે હાથીડે અને શ્રીફળનાં દાન દેતો આવું છું.]

આવાંસાં મારી મરઘાનેણી!
આવાંસાં હો રે!
રે ઘોડાંરી ઘમસાણે
હાથી ઝલેતાં નાળેરાં દેતાં
આવાંસાં હો રે!
આવાંસાં મારી પિયરપૂરી!
આવાંસાં હો રે!

---

[1] બળદ. [2] પાઘડીઓ. [3] વેલડી. [4] ભાઈ. [5] ભેંસો. [6] સાંઢ્યોનો.

ચૂડલા સોયે તો સીરમિયા ભેળા લેજો રે!
આવાંસાં મારાં મરઘાનેણી!
આવાંસાં હો રે!
સાળુડા સોયે તો વાણીડા ભેળા લેજો રે. – આવાંસાં૦
ઘરણાં સોયે તો સોનીડા ભેળા લેજો રે. – આવાંસાં૦

## 64

## રીતાં લાયો

[વરરાજા કન્યાની છાબ માટે શી શી ચીજો લાવ્યો તેનું વર્ણન છે. સૈયરો મેડતિયા ભેડતા ગામના વાસી વર)ને જોવા નીકળી છે.]

ચાલો રે સૈરાં મોજ કેરાં!
મેડતિયો જોવા જાં.
એ ...સરદાર લાડલો!
કેડી કેડી રીતાં લાયો?

ચૂડલા રે લાયો રે જો બોત ઘણા
કાંકણિયારો[1] સેન અપાર.

એ ...સરદાર લાડલો!
એડી એડી રીતાં લાયો.
એ ઉમરાવ વનરો[2]!
એડી એડી રીતાં લાયો હાં. – ચાલો૦
છાબ ભરીને પંડલાં[3] રે લાયો
સાળુડારો સેન અપાર

એ ...સરદાર લાડલો!
એડી એડી રીતાં લાયો.
એ ઉમરાવ વનરો!
એડી એડી રીતાં લાયો હાં. – ચાલો૦[4]

---

[1] ચોટલાને છેડે ઊનનું ફૂમકું લટકે છે તે. [2] વર. [3] વરણું.
[4] પછી 'ઘરેણાં ને વાઢલિયારો સેન' વગેરે ગોઠવીને ગાવાનું.

## 65
# સાચું સગપણ

[વર કન્યાને મનાવે છે: હે રાણી! ચાલો, મારે દેશે કેરીઓ પાકી છે. કન્યા કહે છે કે મારાં માબાપ વિના મને શે ગમશે? વર સમજાવે છે કે સાચો સંબંધ તો માત્ર સ્ત્રી-પુરુષનો જ છે, બીજું બધું સગપણ મિથ્યા છે.]

ઝાલી રે રાણી! હાલો રે આપણે દેશ!
કે આંબા રે પાકા, રસ ઢળે.
સોઢા રે રાણા! મેં કેમ આવું થારે[1] દેશ!
કે બાવાજી[2] વોણું[3] રિયો નહિ ચાલે.
સોઢા રે રાણા! મેં કેમ આવું થારે દેશ!
કે માતા અમારા મન સમાં.
બાવોજી રે થારા આળ જંજાળ,
કે સાચો રે સગપણ દોય જણાં. – ઝાલી૦
બીજો રે સગપણ આળ જંજાળ,
કે સાચો રે સગપણ દોય જણાં – ઝાલી૦

[અન્ય સગાંનાં નામ લઈ એ-નું એ જ ગવાય છે.]

## 66
# હરિયા વનની કોયલડી

[વરનાં મનામણાં ચાલુ છે: હે લાડી! તારા સસરાએ તારે માટે હિંડોળો બાંધ્યો. હે મારી લીલા વનની કોયલ! તું હીંચકવા જલદી ચાલ! હવે તું તારાં માતાપિતાનો સ્નેહ છોડીને ચાલી આવ! સરખાવો: 'આછેરું કંકુડું ઘોળ્યે રે લાડી!']

વનડી[4]! થારે સસરેજી ડોલર[5] બાંધિયો,
વનડી! હીંડારે[6] ઉમાટે[7] વેલી આવ!
રે મારી હરિયા વનરી કોયલડી!
લાડી! આંબા પાકા ને કેરી રસ ઢળે;
લાડી! જામફળરો વડો રે સવાદ
રે મારી હરિયા વનરી કોયલડી!
લાડી! મેલો માતારી ચટુ[8] આંગળી;
લાડી! છોડો બાવાજીવાળો હેત.

---
[1] તારે. [2] બાપ. [3] વિહોણું. [4] કન્યા. [5] હિંડોળો (દોલ). [6] હિંડોળાને. [7] ઉમળકે. [8] સ્નેહભરી.

લાડી! રાખો સસરાજીવાળો પેત
રે મારી હરિયા વનરી કોયલડી!

[ અન્ય સગાંઓનાં નામો લઈ ગવાય છે. ]

## 67
## મારો દેશ

[ હે લાડી! તારે પગલે હું વાવ, કૂવા ગળાવું, તું મારે દેશ ચાલ! ]

પગે પગે વાવલડી ખોદાવું હો લાખેણી લાડી!
પગે પગે વાવલડી ખોદાવું હો રૂપાળી લાડી!
લઈ ચાલું મારે દેશ.
દેશલડો ડરિયામણો લાગે હો રૂપાળા લાડા!
દેશલડો ડરિયામણો લાગે હો રૂપાળા લાડા!
નહિ ચાલું થારે દેશ!
બાવાજીરી[1]અવળુ આવે હો લાખેણા લાડા!
નહિ ચાલું થારે દેશ.
અવળુ થારે ચૂડલે લખાવું હો લાખેણી લાડી!
અવળુ થારે ચૂડલે લખાવું હો લાખેણી લાડી!
લઈ ચાલું મારે દેશ.

## 68
## તારે કારણે

[હે લાડી, તારા જીવનને કારણે તો મેં પિતાનો પ્રેમ તજ્યો. હવે ચાલ મારી બાગોમાં! મારી બાગમાં ચંપો, મરવો ને કેવડા જેવાં ફૂલ છે. પિયુ! તારા છોગલામાં તો કેવળ ગલનાં ફૂલ છે! તું બીજાં ફૂલોની જૂઠી વાતો કરે છે.]

[2]મેં તો થારા જીવન વની! કારણિયે
મેં તો છોડ્યાં બાવાજીવાળાં હેત
હાલો ને વની વાગાંમેં

[1] 'નાતાજી', 'વીરાજી' વગેરે મૂકીને ગવાય છે.

[2] સરખાવો:

મેં તો દાદા મારાને દુભાવ્યા રે
તારા આછા ઘૂંઘટડાને કારણ હો લાડલી!
હજી રે સમજ મારી કોયલડી!
['ચૂંદડી (1), ગીત 73]

વાગાંમેં ચંપો ને મરવો કેવડો,
વાગાંમેં ચંપોલડીરા[1] ફૂલ
હાલો ને વની વાગાં મેં!

ગલરે ફૂલ વનાજી થારા છોગામેં,
ગલરો ફૂલ ભમરજી થારા પેસામેં[2]
હાલો ને વની વાગાંમેં

69

## મારા દેશમાં

[હે કન્યા! મારા દેશમાં લઈ જઈને હું તને સારી પેઠે સોનાનાં આભૂષણો પહેરાવી પીળી હળદર જેવી, રૂપાના અલંકારો સજાવી ધોળી સફેદ અને કંકુના શણગાર કરાવી લાલચોળ બનાવી દઈશ!]

ડુંગર ઉપર ડેરડી રે વની!
જણ[3] ઉપર દાડમ ધ્રાખ,
થારા દાદાને કહી દેજે રે વની!
લઈ હાલું મારડે દેશ.

બાળક વની! લઈ હાલું મારડે દેશ,
મારા તે દેશમાં રૂપું ઘણું રે વની!
કર દેશાં[4] ધોળી સફેદ!
બાળક વની! કર દેશાં ધોળી સફેદ!
ડુંગર ઉપર દેરડી રે વની!
જણ ઉપર દાડમ ધ્રાખ;
થારા વીરાને કહી દેજે રે વની!
લઈ હાલું રે મારડે દેશ.

મારે તે દેશમાં સોનું ઘણું રે વની!
કર દેશાં પીળી હળદ! – ડુંગર૦
થારા મામાને કહી દેજે રે વની!
લઈ હાલું રે મારડે દેશ.

મારા તે દેશમાં કંકુ ઘણું રે વની!
કર દેશાં લાલ લપેટ! – ડુંગર૦

[1] ચમેલી ફૂલ. [2] પાઘડીના પેચમાં. [3] જેના.
[4] કરી દઈશ.

## 70

## પ્રેમની વાતો

[હે લાડી! હું તારે માટે શણગાર લાવ્યો છું. મુખેથી બોલ તો ખરી! હે લાડડા! કેમ કરીને હું બોલું? મારા મોંમાં તાંબુલની પટ્ટી છે.]

ચૂડલા લાયો રે વની
કે મુંઢે[1] બોલ તો ખરી!
કે કી કર[2] બોલું હો વના!
કે મુંઢે પાનરી બીડી!
કે મુંઢે પાનરી બીડી
કે હીરા લાલસું જડી.
કે હીરા લાલસું જડી
કે મૂઠી મો'રસું ભરી
કે મૂઠી મો'રસું ભરી
કે બાતાં પ્રેમસું કરી!*

## 71

## ચરકલી

[પુત્રીની વિદાય વેળાનું ગીત. આપણા ગીત 'દાદાને આંગણે આંબલો' જેવું.]

બાઈના બાવા રે આંગણ આંબલો,
બાઈ રમતાં આંબલિયારી છાંય રે
નીલા વનરી ચકલી!
ભાવા[3]! દીધાં તે ધણ પાછાં નૈ આવે
ઈ તો ઊડી જાશે પર ઘેર રે
નીલા વનની ચરકલી!

[અન્ય સગાંનાં નામ મૂકીને એ-ની એ જ પંક્તિઓ ફરી ગવાય છે.]

## 72

## વનજી વાગાં મેં

[આ શૃંગાર-ગીત છે. વર બાગમાં આવ્યો છે. રૂપિયા આપીને નવવધૂને રીઝવવાની ગ્રામ્ય રીતિની આ ગીતમાં નોંધ છે. નવવધૂને લગ્નની પહેલી રાતે ઘૂમટો છોડાવવા વગેરે માટે રૂપિયા આપીને મનાવવાની રીત પ્રચલિત હતી – બલ્કે છે.]

---

[1] મોઢે. [2] કેમ કરીને. [3] ભાઈ.

✳ એ-ની એ પંક્તિએ જુદા જુદા અલંકારોનાં નામ લઈને ગવાય છે.

ચૂડલો પણ લાવજો વનાજી રાજ!
વનડી જોવે ચૂડલારી વાટ, વનજી વાગાંમેં.
ઓઢી પેરી ઊભાં સરાંથીએ વનાજી રાજ!
વનજી તાણે વનીરો હાથ, વનાજી વાગાંમેં.
હાથલડો મતી[1] તાણજો વનાજી રાજ!
રૂપિયા માગું સાડી સાત, વનજી વાગાંમેં.
ચાર દેશાં સોનલાં[2] વનાજી રાજ!
સાડા ત્રણરી કરો ઉધાર, વનજી વાગાંમેં.
ઉધાર બુધાર મેં નૈ કરાં, વનાજી રાજ!
પારકા જીવરો શો વશવાસ[3] વનજી વાગાંમેં.

## 73

## રંગના પ્યાલા

[આ પણ શૃંગાર-ગીત: સીરવણ (મણિયારા)ની વાદળ જેટલી ઊંચી દુકાને ચૂડલા ઉતરાવી, એ ચૂડલા પહેરીને કન્યા ઓરડે ઘૂમતી પોતાના પતિને મદ્યના પ્યાલા પિવરાવે છે. મારવાડી રજપૂતોનો રિવાજ.]

ઊંચેલા વાદળિયા ને સીરવિયારે હાટે
ચૂડલા સીરાવત[4] હાજર ઊભી બનલી.
ચૂડલા પેરીને વનલી ડેરે ડેરે ફરતી,
વનલી ડેરે ડેરે ફરતી,
કેસરિયાને ડોઢા પ્યાલા દેતી વનલી;
બાળુડાને રંગના પ્યાલા દેતી વનલી.
– ઊંચેલા૰*

## 74

## કાંઈ લાયા રે?

[કન્યા પૂછે છે, 'શું લાવ્યા?' વર કહે છે, 'તારે પહેરવાના અલંકાર'. કન્યા કહે: 'હે સ્વામી! ધીરે ધીરે બોલો. સાસુજી સાંભળશે તો મને ઠપકો દેશે.' વર કહે: 'સ્ત્રી! ઠપકો નહિ દેવરાવું. તને તો મારા શિર પર રાખીશ. તને દળવા નહિ દઉં. મજૂરી ચુકાવીને બીજા કોઈ પાસે દળાવીશ.']

કાંઈ લાયા રે વના? થે[5] કાંઈ લાયા રે?
કે થારી[6] રંગરી ડબીમેં વના થે કાંઈ લાયા રે?

---

[1] મા, નહિ. [2] એ નામનો સિક્કો. [3] વિશ્વાસ. [4] ઉતરાવતી. [5] તમે. [6] તારી.
✳ 'વાણીડારે હાટ સાળુડા' વગેરે મૂકી એ જ ગીત વારંવાર ગવાય છે.

ચૂડલા લાયા રે!

બાળક વની! ચૂડલા લાયા રે;

કે થારે પેરવારી[1] ચતરાઈ[2] કે વની! ચૂડલા લાયા રે!

ધીમા બોલો રે!

હરિયાળા[3] લાડા! ધીમા બોલો રે!

કે મારી સાસુડી સાંભળે ને નણદી દેશે મને ગાળ.

નહિ દેવરાવાં ગાળ!

હરિયાળી લાડી! નહિ દેવરાવાં ગાળ!

કે થાને છોગલા ઉપર રાખાં, થાને નહિ દેવરાવાં ગાળ!

મૂલ પીસાડું[4] રે

લાખેણી લાડી મૂલ દળાવું રે!

કે થાને છોગલા ઉપર રાખું, થાને નૈ દેવરાવાં ગાળ!

## 75

## હસીને બોલો!

[હે પતિ! તમે ચૂડલા વગેરે ઘડાવીને લાવ્યા, પણ મારી સાથે હસીને બોલશો તો જ હું ચૂડલા હોંશે હોંશે પહેરીશ. જો વઢીને બોલશો તો આભૂષણ પાછાં આપીશ.]

વનજી! સીરવિયારે હાટે

ઊભા પ્યારા લાગો સરદાર!

વનજી! ચૂડલા સીરાવો

વની રે ડેરે[5] આવો સરદાર!

વનજી! વાદળિયાં[6] મેલાંમેં

બાળક વની ઊભાં સરદાર!

છોટી લાડી ઊભાં સરદાર!

વનજી! હસીને બોલો તો

ચૂડલા સારા ઝીલાં સરદાર!

વનજી! વેરાજી[7] બોલો તો

ચૂડલા પાછા દેશાં સરદાર!

---

[1] પહેરવાની. [2] ચતુરાઈ. [3] લીલા. [4] પૈસા આપીને દાણા દળાવું.
[5] મહેલે. [6] વાદળ સમાં ઊંચાં. [7] બે+રાજીઃ નારાજીથી.

## 76

## પ્રેમ-ગોષ્ઠી

[શૃંગાર-ગીતઃ હે સ્ત્રી! મને તારા ઘૂંઘટની મોહિની લાગી. હે સ્વામી! મને તમારા છોગાની પ્રીતિ લાગી. હે સ્ત્રી! મને તારા દેહની ઉષ્માનો પસીનો વળ્યો. હે સ્વામી! તો તમારા છોગા વતી પવન ઢોળો!]

ચૂડલા લાયા વનાજી સીરમ[1] દેશના
લાવે ને પેરાવે બાળક વનીને.
લાવે ને પેરાવે છોટી લાડીને
બાળક વની મોલાંરે ઉપર લે ચડે.
મોલોંમેં ચંપો ને મરવો કેવડો.
ગલરાં[2] ફૂલ વનાજી થારાં છોગામેં!
ચત[3] લાગ્યો લાડલડી થારા ઘૂંઘટરો!
મને મોયો વનાજી થારા પેસાનો!
પરેહો[4] વળિયો વનીજી થારી[5] ગરમાઈનો
વાયરો ઢોળોં વનાજી મનમેં આવે તો!
વાયરોં ઢોળો ભમરજી મનમેં આવે તો!
વાયરો ઢોળો ભમરજી પીળાં પેસાંનો!

[ બીજા અલંકારોનાં નામ લઈને ગવાય છે. ]

## 77

## કોણ કોણ પ્યારા?

[આંબા અને લીંબુ લૂંબાઝૂંબ પાક્યાં છે. વર–વહુ બેઠાં છે. વર હેતથી વાત પૂછે છેઃ 'હે માલવણ! તને તારા પિયરમાં કોણ પ્યારું?' સ્ત્રી જવાબ આપે છેઃ 'હે સ્વામી! એક તો પ્યારા મારા પિતાઃ એથી સવાઈ પ્યારી મારી માતા.' આવો ઉત્તર સાંભળીને વર ખિજાય છે. પરણ્યા પછી સ્ત્રીને પિયરિયાં પર પ્યાર રહે એ એને ગમતું નથી. એ ધમકી આપે છે કે 'જૂઠી વાતઃ આવું બોલીશ તો હું ફરીથી પરણીશ. તને તજીશ.' સ્ત્રી પણ એટલા જ ગર્વથી કહે છે કે 'હે સ્વામી! એક નહિ પણ બે પરણજેઃ તારી ડરાવી ડરીને હું મારાં માવતરને નહિ વિસારું'. પછી પુરુષ પૂછે છે કે 'તને સાસરવાસમાં વહાલું કોણ?' સ્ત્રી કહે છે, 'સસરો ને સાસુ.' આ જવાબ વરને મીઠો લાગે છે!]

---

[1] સિંહલદ્વીપ. [2] ગલગોટાનાં ફૂલ. [3] ચિત્ત. [4] પસીનો. [5] દેહની ગરમી.

આંબા જી પાકા વનડી! નીંબુ[1] જી પાકાં,
લાગી લડાલડ લૂંબો, માલવણી!
નીંબુ બોરંગ[2] પાકાં.
વનડો તો પૂછે વનડી! હેતાંરી બાતાં[3],
લાડડો તો પૂછે લાડડી! હેતાંરી બાતાં,
થારે પિયરીએ કુણ કુણ પ્યારાં, માલવણી!
નીંબુ બોરંગ પાકાં.
મારે પિયરીએ મારો બાવોજી પ્યારા;
જણસું[4] સવાઈ મારી માતા, માલવણી!
નીંબુ બોરંગ પાકાં.
જૂઠ હે વનડી થેં તો જૂઠ જી બોલે!
ફેરે પરણી[5] હું દોહે-ચારે[6], માલવણી!
નીંબુ બોરંગ પાકાં.
એક પરણીતાં મારુજી! દો દો પરણીજો,
થારી ડરાઈ નહિ ડરું, માલવાણી!
નીંબુ બોરંગ પાકાં.
વનડો પૂછે વનડી! હેતાંરી બાતાં,
થારે સાસરીએ કુણ કુણ પ્યારાં, માલવણી!
નીંબુ બોરંગ પાકાં.
મારે સાસરીએ મારો સસરોજી પ્યારા,
જણસું સવાઈ મારી સાસુ, માલવણી!
નીંબુ બોરંગ પાકાં.
સાચી રે વનડી! થેં તો સાચો જી બોણે,
થારે ઘડાવું નવસર હાર, માલવણી!
નીંબુ બોરંગ પાકાં.

## 78
## ઘરની કૂંચી

[લાડી લાડાને પૂછે છે કે 'ઘરની ચાવી કોને સોંપી આવ્યા?' લાડો જૂઠેજૂઠું કહે છે કે 'ચાવી તો બાપુને દઈ આવ્યો છું.' વગેરે. લાડી ખીજે બળીને કહે છે કે 'એ બધાં તો ઘરને ફના કરી નાખશે! મારો જીવ ઊંચે ચડી જાય છે. તેં શીદ બીજાને ચાવી દીધી?' આખરે લાડો હસીને કહે છે કે 'ચાવી તો આ મારી કસે બાંધેલી છે!' સાંભળીને લાડીનો જીવ હેઠો બેસે છે! કેમ જાણે ઘર પોતાનું જ થઈ ગયું હોય! વિનોદ-ગીત છે.]

---
[1] લીંબુ. [2] બહુરંગી. [3] હેતની વાત. [4] જેનાથી. [5] પરણીશ. [6] બે-ચાર વાર.

રણક ઝણક ચાલી લાડી સીમે આવી બોલી રે,
રાયવર! કૂંચી કણજીરે[1] સુંપી!
લાડડા! કૂંચી કણજીરે સુંપી!
હેલીવાળા[2]! કૂંચી કણજીરે સુંપી!
કૂંચી તો મારા બાવાજીને સુંપી હો;
બાવોજી તારો અમલડે ઘર ઘાલે હોં[3];
હેલીવાળા! હવેં જીવડો દોરો[4]!
રણક ઝણક લાડી સરવર આવી બોલી રે,
રાયવર! કૂંચી કણજીરે સુંપી!
લાડકા! કૂંચી કણજીરે સુંપી!
હેલીવાળા! કૂંચી કણજીરે સુંપી!
કૂંચી તો મારાં માતાજીરે સુંપી
માતાજી થારાં રીવડીએ ઘર ઘાલે[5]!
રાયવર હવે જીવડો દોરો. - રણક૦
કૂંચી તો મારા કાકાજીરે સુંપી
કાકાજી થારા કરહલિયે ઘર ઘાલે[6]!
રાયવર હવે જીવડો દોરો. - રણક૦
કૂંચી તો મારા ભાઈજીરે સુંપી
ભાઈ તો થારા જુવારણે ઘર ઘાલે[7]!
રાયવર હવે જીવડો દોરો. - રણક૦
કૂંચી તો મારી વાઘાંરે કસ[8] બાંધી!
હેલીવાળા! હવે જીવડો સોરો[9]!

---

[1] કોને. [2] પાઘડીવાળા. [3] તારો બાપ તો અફીણમાં ઘર ફના કરી નાખશે. [4]. વિહ્વળ.
[5] તારી મા તો દીકરીએ (દીકરીને દઈ દેવામાં) ઉડાવી નાખશે. [6] તારો કાકો તો ઊંટમાં (ઊંટો લેવામાં) ફના કરી દેશે. કરહલો, કરલો, કરલિયો, એટલે ઊંટ. [7] જુદા થવામાં, મજિયારા વહેંચવામાં. [8] અંગરખાની કસે.
[9] શાંત.

# પારસી લગ્નગીતો

## 79

## સરસ્વત સ્વામીને વીનવું

[લગ્ન આડા પાંચ દિવસ રહે છે ત્યારે આ ગીત ગવાય છે. એમાં પરણતા પુત્રનો, છેક જન્મથી માંડીને લગ્ન સુધીનો ટૂંક ઇતિહાસ છે. પ્રથમ ગર્ભવાસના નવ મહિના ગવાય છે. પછી જન્મ, ઉત્તરોત્તર નાવણ, બાલ્યાવસ્થા, કિશોરાવસ્થામાં તોફાન, વિદ્યા-પ્રાપ્તિ, પોતાની પસંદગીનું પરણેતર વગેરે ભૂમિકાઓ વર્ણવાય છે.]

સરસ્વત સ્વામીને વીનવું, સાએલરી[1] રે,
એને ગણપત લાગવું પાયે, પતોરરી રે.

હું તમને પૂછું, મારાં પીરોજબાઈ સાએલરી રે.
કંઈ એ બારો[2] શી પેરે જાયો[3], પતોરરી રે.

પહેલો માસ અજાણ્યો જાય, સાએલરી રે,
કંઈ બીજો તે ફેર લ્હોરે જાયે[4] પતોરરી રે.

ત્રીજે માસ રે સાકર સેવી, સાએલરી રે,
કંઈ ચોથે તે સેવી દરાખ, પતોરરી રે.

પાંચમે માસે તે પચમાસિયાં, સાએલરી રે,
કંઈ છઠ્ઠો તે છઠ્ઠો આઈનો જાયો, પતોરરી રે.

સાતમે માસે રે સતમાસિયા, સાએલરી રે,
કંઈ આઠમો તે અણગમ્યો જાયે, પતોરરી રે.

નવમે માસે તે ખોળો ભર્યો[5], સાએલરી રે,
કંઈ દશમે તે બારો જાયો, પતોરરી રે.

---

[1] સાહેલડી. [2] પુત્ર (બાળો). [3] જન્મ પામ્યો. [4] સગર્ભા સ્ત્રીને ફેર (ચક્કર) ચડે છે તે.
[1] સીમન્ત વખતે ખોળામાં શ્રીફળ તેમજ બીજી કેટલીક વસ્તુઓ મૂકે છે તેને 'ખોળો ભર્યો' કહે છે.

ધરતી પર પગ દઈ જનમિયો, સાએલરી રે,
એનો સોનાં છરી નાર વધેરિયો[1], પતોરરી રે.
પાણી હતાં દૂધે અંગોળાવ્યો[2], સાએલરી રે,
કંઈ ચોખા હતા મોતીએ વધાવ્યો, પતોરરી રે.
ત્રણ દહાડાનો જળઉવો, સાએલરી રે,
એની માડીનાં દૂધ પિવાડ્યાં, પતોરરી રે.
પાંચ દહાડાનો જળઉવો, સાએલરી રે,
એની માંડીસે પાંચે[3] ન્હાનાં[4] ન્હાયો, પતોરરી રે.
સાત દહાડાનો જળઉવો, સાએલરી રે,
કંઈ એ જાયનાં નામ જોવાડો, પતોરરી રે!
તેડો રે જોષીનો બેટો, સાએલરી રે,
કંઈ એ જાયાનાં નામ જોવાડો, પતોરરી રે
લાવો રે દૂધનાં ત્રાંબડા, સાએલરી રે,
કંઈ જોષીનાં પગ ધોવાડો, પતોરરી રે.
લાવો રે કંકુના દાબડા, સાએલરી રે,
કંઈ જોષીના પગ પિળાવો, પતોરરી રે.
માંડો રે જોષીનાં બેસનાં[5] સાએલરી રે,
કંઈ ઘુંઘરીઆરો પાત[6], પતોરરી રે.
થાળ ભરો રે સગ મોતીએ, સાએલરી રે,
કાંઈ જોષીને આવતા વધાવો, પતોરરી રે.
જોષીએ ટીપનાં વાંચિયાં, સાએલરી રે,
એના નામ આવ્યો ફિરોજશા જાયો, પતોરરી રે.
દશ દહાડાનો જળઉવો, સાએલરી રે,
એની માડીસે દશે ન્હાનાં ન્હાયો, પતોરરી રે.
વીશ દહાડાનો જળઉવો, સાએલરી રે,
એની[7] માડીસે વીસ ન્હાનાં ન્હાયો, પતોરરી રે.
ચાલીશ દહાડાનો જળઉવો[8], સાએલરી રે,
એની માડીસે ચાલીસાં ન્હાનાં ન્હાયો, પતોરરી રે.
ત્રણ મહિનાનો જળઉવો, સાએલરી રે,
એના મમાવા[9]ની ખડકીએ સિધાવ્યો, પતોરરી રે.
પાંચ મહિનાનો જળઉવો, સાએલરી રે,
એના બપાવા[10]ને ઘેર સિધાવ્યો પતોરરી રે.
એના બપાઈ[11]એ મોતીએ વધાવ્યો, સાએલરી રે,
એનાં બપાઈએ જોરે જોરાવ્યા[12] પતોરરી રે.

---

[1] ડૂંટી સાથે ચોંટેલું નાળ કાપવામાં આવે છે. [2] નવરાવ્યો, [3] માતાની સાથે. [4] ન્હાણાં, નાવણ.
[5] બેસણાં, આસન. [6] ઘાટ. [7] નાવણ. [8] સુવાવડ સવા મહિનાની ગણાય છે. [9] માનો પિતા. [10] બાપનો બાપ
[11] બાપની મા, [12] ઝોળીએ. પોઢાડ્યો (ઝુલાવ્યો).

સાત મહિનાંનો જળઉવો, સાએલરી રે,
એના બાવાએ ખોળે રમાડ્યો, પતોરરી રે,
એક વરસનો જળઉવો, સાએલરી રે,
કંઈ શેરીએ રમવા સિધાવ્યા, પતોરરી રે.
સોનાં ગિલ્લી[1] રે રૂપાં દાડિયા, સાએલરી રે,
કંઈ શેરીએ રમવા સિધાવ્યો, પતોરરી રે.
પડોશણની ભાંગી ચાતરી[2], સાએલરી રે,
માળીનો બેરીઓ[3] મોગરો, પતોરરી રે.
પાણિયારીનાં બેડલાં ફોડિયાં, સાએલરી રે,
કંઈ લોકોની લાવ્યો રાવ, પતોરરી રે.
બાઈ રે પીરોજબાઈ તારો બેટડો, સાએલરી રે,
કંઈ આડન[4] કરતાને વાર, પતોતરી રે.
કંઈએ મારા ને બાવાજીનો લાડ, સાએલરી રે,
કંઈ એ મારા ને મમાવાનો લાડ, પતોરરી રે.
સાત વરસનો જળઉવો, સાએલરી રે,
કંઈ નિસાળે ભણવા સિધાવ્યો, પતોરરી રે.
સુના પાતી[5] રે રૂપા ખડિયો, સાએલરી રે,
કંઈ લેખાં લેખે હજાર, પતોતરી રે.
લગી ભણી ઘેરે આવિયા, સાએલરી રે,
બાવાજીને કીધી રે સલામ, પતોરરી રે.
કંઈ બપાઈને લાગો રે પાય, સાએલરી રે,
કંઈ માતાજીને લાગો રે પાય, પતોરરી રે.
મારો ફિરોજશાહ તો વીનવે રે બાવાને, સાએલરી રે,
બાવા મોરા મુજને પરણાવો, પતોરરી રે.
કંહોઈને પરણાવું[6] રે મારા દીકરા, સાએલરી રે,
મને ઘડીયે ન લાગે વાર, પતોરરી રે.
ફિરોજશાહ તો લીલરા[7] શોધવા સિધાવ્યા, સાએલરી રે,
કંઈ કન્યા ઘરે માત નહોતાં, પતોરરી રે.
વરનાં માડી વનવારે[8] ધુતાં[9], સાએલરી રે,
કંઈ વરના બાવા વેપારે ધુતા, પતોરરી રે.
લીલરી શોધી ઘેરે આવિયા, સાએલરી રે,
બાવા મોરા મુજને પરણાવો, પતોરરી રે.

---

[1] મોઈ. [2] તકલી. [3] ભાંગ્યો, વેડિયો. [4] આડાઈ, મસ્તી. [5] સોનાની પાટી.
[6] તારા લાયક કોઈક કન્યા મળે તો પરણાવું. [7] કન્યા. [8] વ્યવસાય. [9] રોકાણાં.

લાખ બે લાખના વરના વાઘા, સાએલરી રે,
સવા લાખની વરની પાંમરી, પતોરરી રે.
અરધા લાખની વરની પાઘડી, સાએલરી રે,
કંઈ લાખ બે લાખના વરના દેવાજા[1], પતોરરી રે.
ઘુંઘરિયાના વરના કનડોરા[2], સાએલરી રે,
માંડરિયારા[3] વરના બેરખા, પતોરરી રે.
અરધા લાખનાં વરનાં વેઢિયાં, સાએલરી રે,
કંઈ લાખ બે લાખના વરના ઘોડુલા, પતોરરી રે.
કંઈ સવાઘ પહેરો રે વરરાય, સાએલરી રે,
કંઈ પામરી ઓઢો વરરાય, પતોરરી રે.
કંઈ પાઘડી બાંધો રે વરરાય, સાએલરી રે,
કંઈ ઘુંઘરિયાં પહેરો રે વરરાય, પતોરરી રે.
કંઈ માંડરિયા બાંધો રે વરરાય, સાએલરી રે,
કંઈ વેઢિયાં પહેરો વરરાય, પતોરરી રે.
તીલી ચલાનાં[4] તેલે ભર્યાં, સાએલરી રે,
કંઈ મરદાન[5] કરો રે વરરાય, પતોરરી રે.
તાંબાકુંતી જળે ભરી, સાએલરી રે,
કંઈ અંગોળ કરો વરરાય, પતોરરી રે.
આંબોલા[6] વરખની કાંસકી, સાએલરી રે,
એને લૂછો રે નવરંગ ચીર, પતોરરી રે.
વરનાં ભાભી લૂંછન દેવો[7], સાએલરી રે,
કંઈ લૂંછને લૂંછી વર સંચરિયા, પતોરરી રે.
વરનાં બ્હેની સવાઘ દેવો, સાએલરી રે,
કંઈ સવાઘા પહેરી વર સંચરિયા, પતોરરી રે.
વરનાં માડી પાંમરી દેવો, સાએલરી રે,
કંઈ પાંમરી પહેરી વર સંચરિયા, પતોરરી રે.
વરના ફુઈ પાઘડી દેવો, સાએલરી રે,
કાંઈ પાઘડી પહેરી રે વર સંચરિયા, પતોરરી રે.
વરના મામા કનડોરા દેવો, સાએલરી રે,
કંઈ કનડોરા પહેરી વર સંચારિયા, પતોરરી રે.
વરના વીરા વેઢિયાં દેવો, સાએલરી રે,
કંઈ વેઢિયા પહેરી વર સંચરિયા, પતોરરી રે.

---

[1] પહેરવાનું એક પ્રકારનું વસ્ત્ર. [2] કંદોરા. [3] માદળિયાવાળા.
[4] તેલનાં ચલાણાં. [5] મર્દન. [6] આંબાનું વૃક્ષ. [7] ઘો.

વરના મામા માંડરિયા દેવો, સાએલરી રે.
કંઈ માંડરિયાં પહેરી વર સંચરિયા, પતોરરી રે.
વરના સસરા ઘોડુલા દેવો, સાએલરી રે,
કંઈ ઘોડલે બેસી વર સંચરિયા, પતોરરી રે.
વરના મામાજી મોસાળાં દેવો, સાએલરી રે,
કંઈ મોસાળાં લઈ વર સંચરિયા, પતોરરી રે.
વરનાં સાસુ સવાઘા દેવો, સાએલરી રે,
કંઈ સવાઘા પહેરી વર સંચરિયા, પતોરરી રે.
વરનાં સાળી ફૂલ ગજરા દેવો, સાએલરી રે,
કંઈ ફૂલગજરા પહેરી વર સંચારિયા, પતોરરી રે.
ફિરોજશાએ સાળાને પુછિયાં, સાએલરી રે,
[1]સાળા! હરણ શો કરે રે પોકાર, પતોરરી રે.
આજે મારી બ્હેનું પરણે છે, સાએલરી રે,
તેની ભલી ભલી હોય રે જમણવાર, પતોરરી રે.
ફિરોજશાએ પારે ઘોડો ખેલાવ્યો, સાએલરી રે,
જઈ ઊભા ગરવી ગુજરાત, પતોરરી રે.
જરબાઈ તો રડે ને રિસાય[2], સાએલરી રે,
હું તો જાવું યે ફિરોજશાની સાથ, પતોરરી રે.
જરબાઈને બાવા વીનવે, સાએલરી રે,
તને શેર સોનાનો શણગાર, પતોરરી રે.[3]
તારો મણ મોતીનો હાર, સાએલરી રે,
તારા મોટેરા આવાસ, પતોરરી રે.
મોટેરા આવાસ મારી ઝૂંપડીએ, સાએલરી રે,
શેર સોનું રે મારી સુખડી, પતોરરી રે.
તારા મણ મોતી કરું રે ખેરાત, સાએલરી રે,
હું તો જાઉં મારા પતિની સાથ, પતોરરી રે.

---

[1] પોતાનાં લગ્નને નિમિત્તે ઘણાં હરણને હણવામાં આવશે, એ ન સહેવાયાથી વર ચાલ્યો જતો હોય એવો જીવદયાનો ધ્વનિ આંહીં લાગે છે. બરાબર આવી જ રીતની નેમનાથ-રાજુલની કથા જૈનોમાં પ્રચલિત છે.
[2] ઝૂર. [3] પુત્રીને વર પાછળ જતી અટકાવવા માટે પિતા ઘણી લાલચો આપે છે, પરંતુ પુત્રી નથી લલચાતી.

ગાયને ચરાવતા ભાઈ ગોવાળા, સાએલરી રે,
કંઈ ક્યાંયે મારા પતિને દીઠો, પતોરરી રે.

હું શું ને જાણું રે બાઈ બ્હેનડી, સાએલરી રે,
તારો પતિ તે કેવો રે હોય, પતોરરી રે.

કાળો ઘોડો રે કજકાબરો, સાએલરી રે,
તેની સોનેરી હોય રે સલામ, પતોરરી રે,

તેની રૂપેરી હોય રે લગામ, સાએલરી રે,
તે પર મારો પાતળિયો અસવાર, પતોરરી રે.

ચીર ફાડી રે કીંધા હોડિયાં, સાએલરી રે,[1]
કંઈ કાંચળીનાં કીધાં રે હલેસાં, પતોરરી રે.

જઈ ઊભા ફિરોજશાહની પાસ, પતોરરી રે.

## 80

## વરને સાસુ તે અર્ઘવા નીસર્યાં

[વર તોરણે આવે છે ત્યારે કન્યાની માતા ઉંબરની અંદર ઊભાં રહી જમાઈના માથા પરથી શ્રીફળ, સોપારી, ખારેક વગેરે વસ્તુઓ ઓવારે છે, તે વખતનું ગીત]

વરને સાસુ તે અર્ઘવા[1] નીસર્યાં,
મસ્તકે તે બાંધ્યા મોડ રે.
વર આવ્યો તે જરબાઈ[2] તારો,
માંગે ઉતારા ને ઠાર રે.
ઉતારા આપો બાગના,
મન હસે તે વરના બાપનાં.
ઉતારા આપો વાડીના,
મન હસે તે વરનાં માડીનાં.
ઉતારા આપો મહેલના,
મન હસે તે વરની બહેનનાં.
ઉતારા આપો આંબાના,
મન હસે તે વરના મામાનાં.

---

[1] વનમાં ચાલતાં વસ્ત્રો ચિરાયાં હશે તેનો અહીં કાવ્યમય રીતે ઉલ્લેખ છે.
[2] અર્ઘ્ય દેવા. [3] પરણતી કન્યાનું નામ.

આપો આપો તે નગર ગામ રે,
આપો તે બહોળાં રાન રે.

આપો તે આંબા આંબળી[1]
આપો આપો ચૌરાશી ચૌતરાં.[2]

નહિ લેવું[3] તે નગર ગામ રે!
નહિ લેવું તે બહોળાં રાન રે!

નહિ લેવું તે આંબા આમળી!
નહિ લેવું ચોર્યાશી ચૌતરાં!

બેટી લેવું રૂસ્તમજીઆ બાપની,
મારાં જીવિયાં પરમાણ રે.

બહેની લેવું જહાંગીરજીઆ બાપની
મારાં પરણિયાં પરમાણ રે.

બેટી લેવું રૂસ્તમજીઆ બાપની
મારાં જીવિયાં પરમાણ રે.

એ ઘેર તે ચોરી[4] સરાવીએ
એ ઘેર તે એરવદ[5] બોલાવીએ.

હાથોમેં હાથ મિલાવીએ[6]
ચાવલની ઉરે છાંટ રે.[7]

મારી પાવોલે ચોરી નવરંગી
ત્યાં તો રમે છે ઢેલ્ય ને મોર રે,

ઢોલી વગાડે છે ઢોલ રે
સરનાઈના શબદ સોહામણા.

ગાયન[8]નાં ગળાં મોકળાં
ગાયે લગનનાં ગીત રે.

[1] આંબલી. [2] ચૌટાં. [3] નહિ લઉં. [4] અસલ સંસ્કૃત 'ચત્વારિ' પરથી સ્થંભવાળું લગ્નનું સ્થળ, ચોરી. [5] પારસીઓના પુરોહિત, [6] હસ્તમિલાપ (હાથેવાળ)ની ક્રિયા. [7] ગુજરાતી હિંદુઓમાં ઈંડિયા પીંડિયાં ઉરાડે છે તે રીતેઃ રાંધેલા ચોખા ઉડાડવાની ક્રિયા અન્ય દેશોમાં પણ કરવામાં આવે છે, એ સંબંધે 'મૅરેજ-કસ્ટમ્સ ઇન મૅની લૅન્ડ્ઝ' નામના પુસ્તકમાં લખે છે કે, "The throwing of rice, wheat and other seeds was clearly symbolic of fertility and expressive of the hope that the bride in time be a happy mother of children. Abundance may be a secondary meaning." [8] ગાયણ, ગાવાવાળીઃ પારસી કોમમાં ખાસ ગાનારી સ્ત્રીઓ વર્ગ હોય. રજપૂતો વગેરેમાં 'લંઘા'ની જાત ખાસ ગાનાર હોય છે.

## 81

## જી રે! કુમારી કન્યાએ લખી મોકલ્યાં

જી રે! કુમારી કન્યાએ લખી મોકલ્યાં;
લખશેરી વર વહેલો ચાલ! છતરવીને લાડ કરો.

જી રે! હું કેમ આવું રે લાડી એકલો,
મને બાવા વીનવતાં લાગે વારો રે, છતરવીને લાડ કરે.

તારા બાપુજીને બંધાવીશ પાઘડી
તારી માડીને પોપટીઆરો ચીર રે, છતરવીને લાડ કરે.

જી રે! લાખેણી લાડીએ લખ્યાં મોકલ્યાં.
વહેવારિયા વર, વહેલો ચાલ! છતરવીને લાડ કરે.

જી રે! હું કેમ આવું રે લાડી એકલો,
મને કાકા વીનવતાં લાગે વારો રે, છતરવીને લાડ કરે.

તારા કાકાને પહેરાવીશ પામરી,
તારી કાકીને પટોળાંની જોડ રે, છતરવીને લાડ કરે.

## 82

## સાસુજી! એમ ના જાણતાં કે

[લગ્ન સમાપ્ત થયા પછી ગવાય છે. એમાં દીકરીઓ પ્રત્યે સાસરવાસમાં થતા વર્તાવનો ધ્વનિ છે.]

સાસુજી! એમ ના જાણતાં કે વહુ મોટી રે,
અમે એને દહીંએ ને દૂધે પોષી રે!
સાસુજી! હૈયાં તે કરજો ભોળાં રે,
જરબાઈને ના પીરસતાં થોડા રે!
સાસુજી! હૈયાં તે કરજો ઘાઢાં રે!
જરબાઈને ના પીરસતાં ત્હાંઢાં રે!
સાસુજી! ચમટે તમે નખે તોડતાં રે[1]
ચમટે તો ચમચમશે ને રોશે રે.
જરબાઈ તો બાવાજીની[2] વાટ જોશે રે!

[1] સાસુઓ વહુને ચોંટિયા0 ભરતી હશે! [2] બાપની.

## સરખાવો: પંજાબી લગ્નગીત

સુનેયો, સુનેયો, નમેઓ કુડમો, અર્જ બંદી સુનિયો બે!
જે એસીં દિત્તે ફટે-પુરાને, રેસમ કરકે જાણેઓ બે!
જે સાડી બીબી મંદા બોલો, અંદર બડ સમઝાયો બે!
જે અસીં દિત્તી ગોલી બાંદી, રાની કરકે જાણેઓ બે!
જે સાડી બીબી ઘેઉ રૂઢાવે, પાની કરકે જાણેઓ બે!
જે સાડી બીબી મોટા કત્તે, રેશમ કરકે જાણેઓ બે!
સુન ઓએ લાડેલા, બે મુહારેઆ, માઁદી ગાલી ન દેમી બે!

['પંજાબી ગીત': 144]

**અર્થ:** હે અમારા નવા સંબંધીઓ, મારી દીનની વિનંતિ સાંભળો! જો મેં દાયજામાં ફાટલ ને જૂનાં કપડાં દીધાં હોય તોપણ તમે એને રેશમી સમજીને સ્વીકારી લેજો! જો મારી દીકરી કાંઈ સારુંમીઠું બોલે તોપણ એને એકાન્તમાં લઈ જઈને સમજાવજો. અમે તો તમને ગોલી દાસી કરીને દીધી છે, તોપણ તમે એનો રાણી ગણીને સત્કાર કરજો. જો મારી દીકરી ઘી ઢોળે તો એને પાણી ગણી માનજો. મારી દીકરી જાડું સૂતર કાંતે તોપણ તમે એને રેશમના ઝીણા તાર કરી માનજો. હે ઉચ્છૃંખલ જમાઈ! વહુને કદી સામી ગાળ ન દઈશ.

# ખાંયણાં

**ખાં**યણાં એટલે મૂળ તો ધાન ખાંડતાં ખાંડતાં ખાંડણિયા પર બેસીને ગાવાનાં ત્રણ-ત્રણ નાજુક પંક્તિઓનાં જોડકણાં. સાંબેલાને ધબકારે ધબકારે 'ખાંયણાં' તાલ પુરાવે. પરંતુ પછી તો કોણ જાણે ક્યારે એ ધાન ખાંડવાની ક્રિયા સાથેનો એનો સંબંધ છૂટી ગયો અને એ લગ્નગીતો બની રહ્યાં.

અમદાવાદ અથવા સૂરતમાં લગ્નને અવસરે કાયસ્થ કોમની બહેનો સામસામા પક્ષમાં વહેંચાઈ જઈને આ 'ખાંયણાં' સામસામાં ગાતી, બલ્કે શીઘ્ર રચના રચતી હોવાનું કહેવામાં આવે છે. તે ઉપરાંત આડે દિવસે દરરોજ સાંજરે પણ એ બ્રહ્મક્ષત્રિય કોમની નાની કન્યાઓ હીંચોળે હીંચતી ખાંયણાં ગાય છેઃ સૌરાષ્ટ્રના મેળાઓમાં ગોવાળિયા કે અન્ય દુહાગીરો કાનમાં આંગળી નાખી, હાથમાં ફૂમકિયાળી છડી હલાવી, ડાંગ પર ટેકવેલા દેહને ઝુલાવતા ઝુલાવતા જેમ બબ્બે પંક્તિના દોહા-સોરઠા ગાય છે તે રીતે. સરજાયાં તો લગ્ન-અવસરને આધારે, પણ લગ્નના ઉલ્લાસ એમાં આછા આછા નહિ જેવા ગવાયા છે. મુખ્યત્વે ગવાયા છે સંતાપના સ્વરો.

ખાંયણાંનો ઢાળ જ કરુણતાથી ભરેલો છે. વિનોદની ઊર્મિઓનું વહન કરવા જેવું એનું બંધારણ જ નથી. એના પ્રધાન સૂરો ઊંડા વિલાપના છે. એમાં દીકરી પોતાનાં દુઃખો રડે છેઃ કન્યાવિક્રયનાં, કજોડાંના, સાસરવાસમાં થતી કનડગતોનાં, પિયર સાથેના વિજોગનાં, શોક્યનાં વગેરે દુઃખો! પરંતુ એ દુઃખોની વ્યક્ત કરતી વાણી તો સ્વજન સ્નેહથી ભીની ભીની. વિવાહિત જીવનમાં દુઃખો પરનાં એ આક્રંદને 'ખાંયણાં' કોઈ વિલક્ષણ રીતે કરુણાર્દ્ર મીઠાશથી પલાળી મૂકે છે.

અક્કેક ખાંયણું એટલે અક્કેક કલ્પના, અક્કેક અણીશુદ્ધ ચિત્ર, અક્કેક કાવ્ય, અક્કેક આંસુઃ બંધારણે કરી સરલ સીધાં, ધ્વનિકાવ્યની

રચનાને અનુકૂળ, ઢાળ પરત્વે કોમળ, સ્મરણશક્તિને હળવાં ફૂલ સમાં, એવાં વિશિષ્ટ લક્ષણે કરી વિભૂષિત છે.

આ 'ખાંયણાં'નો એક નાનો-શો છતાં સર્વદિશીય, વૈવિધ્યશોભત સંગ્રહ સૂરતવાળા ભાઈ શ્રી ઈશ્વરલાલ વીમાવાળાએ તાજેતરમાં પ્રગટ કર્યો છે. તેમાંથી તેમના સૌજન્ય થકી અત્રે થોડા નમૂના ઉતારેલા છે.

**83**

કાળી તે કોયલ આંબલિયામાં રમતી,
બાપાજી ભેળી જમતી
કે બહેની નાનડી.
આકાશે અર્પ્યાં ને ધરતી માએ ઝીલ્યાં,
માએ ને બાપે ઉછેર્યાં
કે પરને સોંપવા!
મારી તે માએ જત્ન કરીને જાળવી,
રત્ન કરીને રાખી
કે પરને સોંપવા!
મારા તે બાપે તાપી કિનારા જોયા,
જોયાં ન જોયાં
જમાઈનાં ઝૂંપડાં.
મારા તે બાપે વહાણે ચડી વર જોયા,
મૂરખ વરને મોહ્યા
મૂળાપણી વેચતા.
મારા તે બાપે પરદેશ દીકરી દીધી
ફરી ખબર ન લીધી
મૂઈ કે જીવતી.
મારા તે બાપે ત્રાજૂડીમાં તોળી[1]
ભર્યા કુટુંબમાં બોળી
કે દાદા! દીકરી.
બાપાજી બાપા, મેં શાં કરિયાં પાપ!
ભર્યે ને ભાદરવે
વળાવી સાસરે.
બાપાજી! આંબો થડ જોઈને રોપાવજો
ઘર જોઈને પરણાવજો
કે દાદા! દીકરી.
મારા તે બાપે એક જ દીકરી હોજો!

[1] કન્યાવિક્રય કર્યો, મને વેચી.

સારા વરને જોજો!

કે ચિંતા ઊગરે.

સાસરે જાતાં સામે મળ્યાં બે તાડ
માતપિતાનાં લાડ

મને કેમ વીસરે!

ઓ પેલી, ઓ પેલી કયા ગામની ટેકરી
પાણી ભરે કૂવે એકલી

કે કઈ બહેન સાસરે!

*સાંજ પડે આથમે રવિનું તેજ!
માડી કેરું હેત

કે મુજને સાંભરે.

ઘડો ફૂટે ને રઝળે જેવી ઠીકરી,
મા વિણ રઝળે દીકરી

કે આ સંસારમાં.

માડી રે માડી! મોકલની તું આણાં
હોળી દિવાળીનાં ટાણાં

કે મારે વહી ગયાં.

માડી રે માડી! ન જોઈએ મને સાડી,
જનમની ઓશિયાળી

કે હું તારા દૂધની.

શેર દળું ને શેરીએ જઈ આવું,
માડીને કહેવરાવું

કે આણાં મોકલે.

આજે સખી મારી આંખલડી નથી ઠરતી,
માની જણી નથી મળતી

કે બેસું ગોઠડી.

આજે સખી મારી આંખલડીનો હીરો
આવે માડીજાયો વીરો

તો માંડું ગોઠડી.

દીકરી મરજો ને બાપજી! વધાઈ લેજો!

વીરાજી કહેજો
કે પનોતી ઊતરી.

... બહેન પરણે ને મોર ચિતરના માંડવા,
અખંડ ઉજાગરા
કે એના ભાઈના.

વાડા પછવાડી શિવજીનું દેહરું,
પૂજા કરવાને તેડું
કે મારા ભાઈને.

આજે મેં રાંધ્યાં ખીર ચૂર રે થોડાં,
વીરાજીનાં ઘોડાં
પરસાળે હણહણે.

આઘેથી દેખું દૂર દૂર ને ડગલે,
પરમેશ્વરને પગલે
કે વીરાને ઓળખ્યા.

આવતા દેખું લીલી ને લાકડીએ,
કસુંબી પાઘડીએ
વીરાજીને ઓળખ્યા.

મારા તે ભાઈને રેવંતો છે ઘોડો,
જડિત્ર અંબોડો
કે મારી બહેનનો.

દેવને વહાલા ઘીના દીવાનાં કોડિયાં,
મુજને વહાલાં ઘોડિયાં
કે બચુભાઈનાં.

લીલુડો પોપટ કચેરીમાં ઊડતો,
બાપાજી જોડે જમતો
બચુભાઈ સાંજરે.

મારા તે ભાઈ સૂરત શે'રના મહેતા,

સિંદૂર ભરિયા સેંથા
કે મારી ભાભીના.

વીરાની ઘોડી ખાય મોતીના દાણા,
નિત્યે કરતી આણાં
કે ચંદનબહેનનાં.

હોળી દિવાળીને દહાડા રહ્યા છે થોડા
વીરાએ જોડ્યા ઘોડા
કે બહેની તેડવા.

ખાંડણિયાં ખાંડતાં ખખડે હાથની ચૂડી
મહિયરીએથી મૂડી
વીરાજી મોકલે.

ભાઈ જમે ને ભાભી તો ડોકાવે.
રખે ને નણદી આવે
કે મારે બારણે.

નહિ આવું ભાભી તારે બારણે,
કોણ ઝુલાવશે પારણે
કે કીકાભાઈને!

ભાઈ છે ભોળા ને ભાભી આવી છે ધુતારી,
હૈયેથી ઉતારી
વીરાએ બેનડી.

ઓ પેલો ઓ પેલો હોડીવાળો આવ્યો,
ભાભીજીને લઈ ચાલ્યો
કે ભાઈ એકલા!

ખાંયણાં'ની માફક પંજાબી લોકસાહિત્યમાં 'ઝૂલે કે ગીત' [ઝૂલા-(હિંડોળા)નાં ગીતો]નો વિભાગ છે. ખાસ કરીને વર્ષાઋતુમાં હીંચકે હીંચકતી હીંચકતી પંજાબી લલનાઓ – નાનીમોટી સર્વ – આવાં કરુણરસે ભરપૂર ગીતો ગાય છે. એમાં પણ પ્રધાન સૂર સાસરવાસી જીવનના સંતાપના તેમજ સ્વજન-વિયોગના જ હોય છે. દૃષ્ટાંત તરીકે, પોતાને શહેરને બદલે ગામડાંમાં પરણાવી તેનું કલ્પાંત પણ પંજાબી કન્યાએ 'ઝૂલે કે ગીત'માં

હીંચકે હીંચકતાં ગાયું:

હોર ધીઆઁ દિતિયાઁ શહેરી નગરીં
મેં ક્યૂઁ દિતડી ચન્દરે પહાડ?
હથ મેરે રમ્બડી, મોંઢે તંગડી
ઘા ખુતેન્દડી ટિલ્લે દે હેઠ.
હત્થીં છાલે પૈ ગએ, પૈરીં કંડે ચુબ ગએ
હુન ચેતે આમદા બાબલ તોરા દેશ.

[ 'પંજાબી ગીત' : 187 ]

**અર્થ:** અન્ય દીકરીઓને શહેર નગરમાં અને મને કાં દીધી પહાડી દેશમાં? મારા હાથમાં દાતરડું અને ખભા ઉપર રાંઢવું છે. હું ઘાસ ખોદી રહી છું. મારા હાથમાં છાલાં પડી ગયાં છે. પગમાં કાંટા વાગ્યા છે. હે બાપુ! મને તમારો દેશ યાદ આવે છે.

પુત્રીને દૂર સાસરે પરણાવ્યાનો પોકાર ઘણા પ્રાંતોનાં ગીતોમાં આવે છે. દૃષ્ટાંત:

**1. સૌરાષ્ટ્રી ગીતોમાં:**

વળો વળો રે મારા સમરથ દાદા!
તમે દીધાં અમને વેગળાં.

[ 'ચૂંદડી' ભાગ 1, ગીત 76]

દાદાને વા'લા દીકરા, અમને દીધાં પરદેશ જો!

['ચૂંદડી' ભાગ 1, ગીત 74 ]

**2. પંજાબી ગીતમાં:**

સરવર કૂંજે દિએ, જાભૈંણે તેરા વાસ કયું દૂરે?
મેરા વાસ પૂંછેંદડેઆ ભાઈયા! બાબે દિતડી દૂરે.
બુરિયાઁ દિદા સઁધુરિયાં દંદા, પોતી ન દિન્દડા દૂરે?

['પંજાબી ગીત' : 150 ]

**અર્થ:** સરોવર પર જતી હે કુંજડી! બહેન! તારો વાસ કેમ દૂર છે? મારો વાસ પૂછનાર હે ભાઈ! મને મારા બાપે દૂર દીધી. ભેંસો દીધી હોત, ગાયો દીધી હોત, પણ એક પુત્રીને દૂર ન દીધી હોત!

અથવા, બીજું પંજાબી ગીત:

બાબે દી મૈં લાડલી,
મૈ'નૂ દાદી દિતડા દૂર વે, લખદાતી દિતડા દૂર!

**અર્થ:** હું મારા પિતાની લાડલી હતી, પણ પિતાએ મને દૂર દીધી. રે! લાખોનું

દાન કરનાર પિતાએ મને દૂર દીધી.

માતાને તો પંજાબી દીકરી પણ એ જ ભાવે સંભારી રહી છે: પુત્રી સાસરવાસમાં છે; સસરાનું ગામ ઘણું દૂર, નદીને સામે કિનારે છે, ઘણા દિવસથી માવતરને મળાયું નથી. પુત્રી પુકારી રહી છે:

મેંહદી નૂં પાદે માઅં સુક્કાણી,
મઁહદી દા રંગની ઉદાસ. સાવન ગાઈએ,
સુન બે બાબત મેરેઆ, દમ્માઁ દેઆ લોભિયા,
ધીઆઁ કચ દિતિયાઁ નદિયોં પાર, સાવન ગાઈએ,
ઉરલેકંઢે મૈં ખડી, પરલે મેરી માઁ,
ડિગ ડિગ પૈંદા અખિયાઁ દા નીર, સાવન ગાઈએ.

['પંજાબી ગીત': 171]

**અર્થ:** હે મા! મેંદીને સુકાવા માટે નાખી દેજે. એનો રંગ ફિકો પડી ગયો છે. હે મારા ધનના લોભી બાપ! દીકરીને કાં નદી પાર દીધી? નદીના આ કાંઠે હું ઊભી છું ને પેલે પાર મારી મા ઊભી છે. નેત્રમાંથી નીર દડ દડ પડે છે.

## પ્રથમ પંક્તિ-સૂચિ


અગર ચંદણની રાત........
અણિયાળી આંખ્યોનો નેડો લાગ્યો માણારાજ ! ........ 161
અમદાવાદી ચોળ ચૂંદડી વાપરી રે ........ 160
આ દશ્ય આ દશ્ય પીપળો, આ દશ્ય દાદાનાં ખેતર ........ 118
આછી રૂડી આંબલિયાની છાંય........ 125
આછેરું કંકુડું ઘોળ્યે રે લાડી ........ 143
આજ મારે ભરિયાં સરોવર છલિયાં........ 123
આજ રે કાચી કેરીની સોરમ લ્યો રે ! ........ 128
આઠ કૂવા રે નવ પાવઠા, એની પાણીયારે નહિ પાર........ 154
આલા લીલુડા વાંસ વઢાવો રે ........ 156
આવાંસાં મારી મરઘાનેણી !........ 91
આવે આવે રે વાસુદેવનો નંદ ........ 179
આંગણિયે વવરાવો નાગરવેલ્ય ........ 110
આંગણે આંગણે આંબલિયો રોપાવું હો જેઠાણી ! ........ 149
આંબલિયા થડ રામનાં નામ ........ 178
આંબલિયો સખી, શાળો ને મોતીડે નિરમળો ........ 156
આંબા જી પાકા વનડી ! નીંબુ જી પાકાં ........ 115
ઊઠો ને ભોળી, વીછળો ને ગોળી ........ 188
ઊંચા ઊંચા મોલ મારે ઘર વીવાતા ........ 94
ઊંચા ઊંચા રે દાદે ગઢ રે ચણાવ્યા........ 113
ઊંચી મેડી ને બાળા ઝરખમ દીવડો........ 112
ઊંચેલા વાદળિયા ને સારવિયારે હાટે ........ 159
ઊંચો ચોરો ચંદન ચોવટો ........ 185
એક આવ્યો'તો પરદેશી પોપટો ........ 89
એક તે રાજદ્વારમાં રમતાં ........ 127
એક વાર જાજે રે માળણ માળવે રે ........ 71
કણ કણ કાંકણિયાળી ચૂડી રે ........ 149
કન્યા ચડ્યાં રે દાદાજીની મેડીએ ........ 121
કન્યા દાદાજીને ખોળે બેઠાં એમ ભણે રે........ 114
કંકુડાં ઊડ્યાં રે મોંઘા મૂલનાં, ઊડે ઊડે અધમણ ગુલાલ ........ 72
કાંઈ જાંબુવરણી કોયલડી રે........ 104
કાંઈ લાયા રે વના ? થે કાંઈ લાયા રે ?........ 89
કિયા ભાઈની વાડીમાં અગરચંદણનું ઝાડ હોય રાયા ! ........ 185
કિયે ગામ ગડ્યાં રે નિશાન........ 134
કુંવર ઘોડે ચડ્યા ને જોવા જગ મળ્યું........ 109
કુંવારી ચડી રે કમાડ સુંદર વરને નીરખવા રે !........ 73

કેણી કોર ઊગેલા ભાણ ..................... 68
કેસર તળાવડીમાં અમીરસ પાણી ..................... 147
કેસરિયા ! ચડો વરઘોડે ..................... 104
કોડે ને પગરણ આદર્યાં, હરખેસું માંડ્યા જાગ ..................... 171
ગઈ'તી ગઈ'તી ભરવાને નીર ..................... 142
ગળિયા ગોળ વહેંચાય રે ..................... 74
ગાગર ઉપર બેઠો લીલો હંસ રે..................... 101
ગુજરાતથી માલણ આવી રે..................... 96
ગોખે તે બેઠી રાજવણ બોલે..................... 133
ગોરાં ઠકરણાં ઠમકથી બોલે ..................... 164
ગોરાં ....વહુ તે ભાઈને વીનવે..................... 176
ઘડીએ ઘડીએ લાડણ વહુ કાગળ મોકલે..................... 76
ઘૂઘરિયાળો ઝાંપલો વરરાજા ..................... 150
ઘોડલે ચડીને ગોવિંદજી રે આવ્યા ..................... 168
ઘોડી, અગન ગગન પગ માંડ, કે ચાલ ઉતાવળી રે ..................... 81
ચાલો રે સૈરાં મોજ કેરાં !..................... 180
ચીતળ જાજો મોરી નગરીના ઢોલ..................... 160
ચૂડલા લાયા વનાજી સીરમ દેશના..................... 187
ચૂડલા લાયો રે વની ..................... 184
ચૂડલો પણ લાવજો વનાજી રાજ !..................... 184
ચૉરીમાં ચરકલડી રે બોલે..................... 122
છાબ ભરી ફૂલડે માલણ આવે રે..................... 81
જી રે ઇંટ પડે ને ઘર નીપજે..................... 69
જી રે ! કુમારી કન્યાએ લખી મોકલ્યાં ..................... 197
જૂનેગઢથી તંબોળીડો ઊતર્યો ..................... 97
જોવા તે દેજો મુને નરખણ દેજો રાજ !..................... 143
ઝલ રે મણિયાનો ઝલ રે સીવડાવો ..................... 103
ઝાલી રે રાણી ! હાલો રે આપણે દેશ !..................... 181
ઝીણાં ઝીણાં રે મોતીડાં હેમર હાથીડા !..................... 160
ડુંગર ઉપર ડેરડી રે વની !..................... 183
ડુંગર કોરીને નીસર્યો ભમરો ..................... 84
ઢોલીડા ધડૂક્યા, લાડી, ચાલો આપણે ઘેર રે !..................... 126
તરવાર સરખી ઊજળી રે ઢોલા !..................... 101
તંગલ ત્રોડાવાળો..................... 151
તારી ગઢડામાં ગાડી છોડ રે છોકરડા !..................... 174
તારે ઢાલો ને ઠઠારો તારે મરડ ઘણો !..................... 163
તું કાં રે આંબલિયા અણોસરો ?..................... 145
તું કાં રે ...બાઈ અણોસરી ?..................... 146

તું કાં રે સરોવરિયા અણોસરો ? ....................
ત્રાંબાકુંડી તે નગર સોહામણી .................... 145
થાળી ઠમકી ને વરવહુના હાથ મળ્યા .................... 129
દાદાજી તો ગ્યાં'તા રે દુવારકાં.................... 119
દાદાને આંગણ આંબલો, આંબલો ઘોર ગંભીર જો .................... 169
દાદે નો જોયો દેશ માળવો રે .................... 124
દૂધે તે ભરી તળાવડી, માતીડે બાંધી પાળ .................... 173
દૂધે ભરી તળાવડી, હો રાજ .................... 70
ધરતીમાં બળ સરજ્યાં બે જણાં.................... 160
ધૂંબ પડે રંગમોલમાં રે .................... 67
નવેનગરથી ચોળ ચૂંદડી વાપરી .................... 104
નાના ભાઈ કાંઈ પડ્યા રે શિકાર.................... 111
નાની બેન દાદાજીને વીનવે રે .................... 162
નાહો નાહોને કિયા ભાઈ રે.................... 172
પગે પગે વાવલડી ખોદવું હો લાખેણી લાડી !.................... 88
પરથમ ગણેશ બેસારો રે .................... 182
પરશાળેથી કેસર ઊડે.................... 65
પાછલી પછીતે ચાંપલિયો શો માર્યો .................... 125
પાટે તે ગણેશ બેસારીએ મંગળ કરે નિરધાર.................... 80
પાડગલે રે પગ દઈ ચડો રે વરરાજા !.................... 166
પાવલીએ રણકે રે ડુંગર ડોલે !.................... 105
પીઠી ચોળે પીઠી ચોળે પિતરાણી .................... 158
પીળો પીળો રો વાનો મેં સુણ્યો .................... 88
પે'લું તે મંગળ વરતીયું, સખી સામો દિયો શ્રીરામ .................... 87
પોપટડી રે ! તોરલો કંથ.................... 120
ફૂલડે છાયો મારો માંડવો .................... 161
બાઈના બાવા રે આંગણ આંબલો .................... 113
બાઈ રે સાવ રે સોનાનો સારો દીવડો .................... 184
બારે પધારો સોરંગ સુંદરી !.................... 99
બેની ચડો રે ....બાઈ મેડીએ.................... 117
મરઘાનેણીનો વર ઉતર્યો વાડીએ રે .................... 174
માઝામાં રે'જો, રાયવર, માઝામાં રે'જો !.................... 173
મારા ખેતરને શેઢડે, રાય કરમલડી રે.................... 175
મારા ચોક વચ્ચે રે ચંપો રોપિયો .................... 70
મારા નખના પરવાળા જેવી ચૂંદડી .................... 175
મારા વેવાઈહીં ભણજો, માણારાજ .................... 117
મારી આંખલડી ભીંજાય રે મારો નખ નમે રે .................... 157
મારુ ! તુંને ખમ્માજી ખમ્માજી કરી રાખું રે.................... 99 141

મારે આંગણ આવ્યા ફરશુરામજી ....................
મારે આંગણ નવરંગ આંબો મોરિયો .................... 168
મારે આંગણિયે તુળસીનો ક્યારો .................... 169
મારે તે આંગણે આંબલો .................... 167
માલણ, ગૂંથી લાવ ગુણિયલ ગજરો .................... 93
માલણ વીણે જાવંતરીનાં ફૂલ રે .................... 97
માંડવડે રે કાંઈ ઢાળો ને બાજોઠી .................... 94
મેઘવરણા વાઘા વરરાજા .................... 82
મેડીને મો'લ બેઠાં મોંઘીબા બોલે .................... 107
મેં તમને વાર્યા વીર .................... 156
મેં તો થારા જીવન વની ! કારણિયે .................... 164
મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં રે .................... 182
મેં તો વાર્યા રે... ભાઈ લેખરડા ! .................... 124
મેં તો હરખે ચાંપલિયો રોપાવિયો રે .................... 74
મોતીએ જડી રે તારી મોજડી, તારાં હીરે જડ્યાં હથિયાર .................... 127
મોર, તારી સોનાની ચાંચ .................... 162
મોરને કાને મુરકિયું વારી જાઉં .................... 108
મોલ પધારો રાજ ! .................... 153
રણક ઝણક ચાલી લાડી સીમે આવી બોલી રે .................... 130
રાજ પેલડા પોરની નીંદરડી .................... 188
રાજને આંગણિયે કરેણી રોપાવો રાજ .................... 93
રાયાંનો વર સીમડીએ આવ્યા .................... 148
રોયલ વિંયાણી રે તારલા ઉગિયા .................... 155
લગન બાજોઠી ને મોતીડે જડિયાં .................... 96
લાડડા ! લાડડી છાના કાગળ મોકલે .................... 78
લાડડી ટોડલા જેવડી રે .................... 77
લાડડી તારા દેશમાં સોનીડે માંડ્યાં હાટ .................... 135
લાડી ! તમને કેસરીયો બોલાવે રે રંગભીની ! .................... 129
લાડો-લાડી જમે રે કંસાર .................... 144
લાંબી ડોકે કુંજડ રાણી ! .................... 120
લાંબી તે લાંબી સરોવરિયાની પાળ .................... 148
લીલાં છાણની ગાર કરાવો રે .................... 74
લીલી-પીળી પાંખનો ભમરલો રે .................... 78
લીલુડા વાંસની વાંસળી મારે જાનમાં વાગતી જાય ! .................... 83
લીલુડો વાંસ ઢળુકડે ઢળિયો .................... 127
લીલુડો સરિયો રે .................... 90
લ્યો ને બેની કચોળડાં ! જમોને વાર બે વાર રે .................... 152
વણજારો આવ્યો ને વણજારી લાવ્યો .................... 124
.................... 98

વનડી ! થારે સસરેજી ડોલર બાંધિયો ........................
વનરાં તે વનમાં તુળસી કુંવારાં .................. 181
વર તે બહુ રે હોંશીલો વર બહુ રે ખંતીલો ........ 170
વર તો હાલે ચાલે ને વરને નીંદરડી આવે........... 109
વરને સાસુ તે અર્ઘવા નીસર્યાં .................... 163
વરલાડડા રે તારે કાને કારેલાં ..................... 195
વળી વળી દાદા પૂછે વાત ......................... 128
વાગ્યા વાગ્યા જાંગીના ઢોલ ........................ 126
વાડીમાં રોપાવો રૂડો કેવડો !....................... 158
વાદળડી રે વરસે મેરામણ રેલે છેલે .............. 177
વા'લો વીર વરઘોડલડે ચડે ને હું તો જોઈ રહી છું ....... 149
વીર તો પાન સરીખા પાતળા ........................ 153
વીરનો દાદો એમ જ કે'............................. 153
વીરા ! ચાંદલિયો ઊગ્યો ને હરણ્યું આથમી રે........ 158
વીરા ! તમે દારૂડો પીઓ તો અણિયલ રે'જો માણારાજ ! ..... 100
વીરા ! નીલુડું નાળિયેર લઈ આવ ! .................. 154
શ્રી પરભાતને પોર.................................. 179
શ્રી રામ ! ધોળું નગર ધોળું ધોળકું રે શોભા ! ......... 136
સરસ્વત સ્વામીને વીનવું, સાએલરી રે.................. 137
સવા ત્રણ સોનાનો છે દીવો રે ......................... 190
સાસુજી ! એમ ના જાણતાં કે વહુ મોટી રે.............. 170
સાંકડો સાંકડો પાણિયારાનો શેરો........................ 197
સાંકલડી શેરી રે દીવડિયા શા બળે રે .................. 167
સાંઢ્યું કોટે સાંકળાં, ધોરીડે ઘૂઘરમાળ.................. 130
સિંદૂરી વરણીના રે સૂરજ ઊગિયા રે .................. 159
સીતાને તોરણ રામ પધાર્યા........................... 92
સુનેયો, સુનેયો, નમેઓ કુડમો, અર્જ બંદી સુનેયો બે !........ 116
સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફણશે કે વાણલાં ભલે વાયાં રે........ 198
સૂડલા કોયલડીને વીનવે રે ............................ 91
સોનલા ઈંઢોણી રૂપા બેડલું રે પાલવ છોડજો !.............. 122
સોનાની સળીએ પોંખ્યે રે બાઈ ! ...................... 135
સ્વામી મારા ! ચોખા મંગાવો ને કંકુડે પીળાવો ............ 157
હાલંતી માલંતી નીસરી ................................ 171
હાં હાં રે હમલી લીલી દાંડીનો ઝમરખ દીવડો ............ 106
હું સૂતી રે મારા રંગ રે મોલમાં........................ 131
હોર ધીઆઁ દતિયાઁ શહેરી નગરીં ........................ 132
204